



# પ.પૂ.બાપજી સંગે દિવ્યાનુભૂતિ

**ગુરુવર્ય પ.પૂ.બાપજીના જીવન પ્રેરક પ્રસંગો...**



પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)


સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૭૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સન ૧૯૮૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ SMVS સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૮૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૭૫ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૫૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



૧

# પ.પૂ.બાપજી સંગે દિવ્યાનુભૂતિ

## ગુરુવર્ય પ.પૂ.બાપજીના જીવન પ્રેરક પ્રસંગો...


**રજૂકર્તા :**
શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**લેખનકાર્ય :**
સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક :**
સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

**સંસ્થાપક :**
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. બાપજી)

**પ્રેરણા :**
પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (પ.પૂ. સ્વામીશ્રી)

**આવૃત્તિ :** પ્રથમ, જુલાઈ-૨૦૧૭

**પ્રત :** ૧૨,૦૦૦ નંગ

**મૂલ્ય :** ₹ ૩૫/- ▪ **સેવા મૂલ્ય :** ₹ ૨૦/-

**(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)**

# વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીનો દિવ્ય સંદેશ

॥ શ્રીજી આશા ॥

શુભ સંદેશ - આશીર્વાદ ---

વ્હાલા ભૂલકાં - બાળકો . . . .

અનંત જીવોના કલ્યાણ અર્થે આ ધરા પર પધારેલા સર્વોપરિ શ્રીજીમહારાજને જેમ છે તેમ ઓળખાવનાર શ્રીજીમહારાજે અપાર કૃપા કરી વચનામૃતના ઉપદેશ દ્વારા દિવ્ય આશીર્વાદ સમાન કહ્યું છે કે,

“આ જીવને જ્યારે ભગવાનના સંતનો યોગ અનુભવાય છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભગત (ભૂલકું) થાય છે.”

આ દિવ્ય આશીર્વાદ તુલ્ય શ્રીજીમહારાજે આપેલા દિવ્ય વચનામૃતો દ્વારા આત્યંતિક કલ્યાણની દીવાદાંડી અદ્વિતીય બની રહી છે.

શ્રીજીમહારાજના આશીર્વચન તુલ્ય શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રીએ ‘અમારાં ભૂલકાં, અમારાં હૃદય’ ને આશીર્વાદ સમાન ‘અમારાં હૃદય’ એટલે જ વ્હાલા ભૂલકાંઓ બાળકોની ભાવનાઓ અને સમગ્ર ધનશ્યામ સંપ્રદાયની આશા પૂરી કરીને આ કારણ સત્સંગને આપ્યા.

‘ભણવામાં પાછો નહીં’ અને ‘ગાડીમાં હોય કોઈ’ એવા આ દિવ્ય વચનામૃતનું પ્રાગટ્ય શ્રીજીમહારાજે પોતાની અજોડ-ભગવાન-સર્વોપરિ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન અર્થે જ કરાવ્યું હોય ! એટલે જ કારણ સત્સંગ એ-ભૂલકાં કે આશ્રિત-બાળ ભક્તો વિના ભૂલકાંઓ વચનામૃતના પઠનથી શાસ્ત્રોને અનુસરીને ગુરુ પરંપરાને અનુસરીને સમજણ દૃઢ કરી રહ્યા છે. ભૂલકાંઓ સાથે કોઈ વિચારપૂર્વક - તત્ત્વજ્ઞાને આ

[illegible] ગયા..

[illegible] ૧૯[illegible]
[illegible] છે કે, '[illegible] છે, [illegible] છે! [illegible], [illegible]' [illegible]...
[illegible] છે, [illegible] કરાઈ છે.

[illegible], '[illegible]' [illegible] જ છે, [illegible] રહ્યા છે.

[illegible] કર્યું કે, '[illegible] 'ઈ' [illegible]

ઔષધના પ્રયોગો, આચાર્ય મુનિઓની શોધ કે જેનું
સંપૂર્ણ વર્ણવતું ઔષધગ્રંથ શાલિગ્રામનિઘંટુ છે એટલે
એને ભારતીય આયુર્વેદ છે. જેટલાઓમાં રાજાનું રાજ્ય
એટલાઓમાં શાસ્ત્રનું રાજ્ય'.

શાલિગ્રામનિઘંટુ વળી ગ.વ.જી. પરમ વનસ્પતિઓનાં વર્ણનો
કર્યું છે જે-

આયુર્વેદનો જેમ જેમ ઊંડો અભ્યાસ કરતો ગયો તેમ તેમ
એની અદ્ભુત વૃદ્ધિ પામતી જાય ને અનુભૂતિ થી આયુર્વેદ
તેની જે અનુભૂતિ હિમાલયના ઔષધો તો પાછો જુદાં જેવો કાળ
હોય તે વિચારવા થાય એનો આયુર્વેદનો વિચાર
કરવાપણાંનો ઠીક પડે તો ગાળી તેવો વિચારવા હોય
તોય પૂરા અનુભવી કરવા થાય એનો આયુર્વેદ વિશે શ્રદ્ધા
બેઠેલાઓનું પડે તો પછી તો દૃષ્ટિ-બેઠેલી થાય.....

વળી, આપણા જ વાત ગઢડા પ્ર.પ્ર.ના ૩૩ માં મહા
શાલિગ્રામનિઘંટુ વર્ણવે, શ્રીજી મહારાજની કેવા રૂડા ગુણ
અવતારનું કારણ છે કે, આયુર્વેદનો વિદ્ય કે વિશેષ
બુદ્ધિ, જ્ઞાન છે તે ઘણો ઠીક પડી સહિત થાય છે એનો જે
આયુર્વેદનો વિશે ઠીક પડે તે ઠીકઠાકપણાવાળી બુદ્ધિ
હોય રહી જાય છે....

વનસ્પતિઓ, આપણા વિદ્યાગુરુના સંતો લોકોને
ઘણા ઉપયોગી વિદ્યા-સાધનોમાંથી થયા છે એનો લાભ પૂરો
ન.પૂ. ભગવાનની કૃપાનું આશીર્વાદનું સ્વરૂપ છે એની પ્રતીતિ
થઈ છે એનો લાભ છે. એનો વિચાર કરવા ગ્રંથ પુસ્તકરૂપે
પ્રગટ થઈ રહીએ છીએ... એનું વિશ્વમાં પ્રકાશન-પ્રચાર
કરી, શ્રીજીના જ્ઞાન વિશે ઘણા આપણી ભક્તિને ઉપકાર થાય એ
અર્થ...


લિ. સાધુ સ્વરૂપદાસજીના
જય સ્વામિનારાયણ.

# દિવ્યાતિદિવ્ય મૂર્તિ
# પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



શ્રી સર્વોપરી રૂપ સદ્‌ગુરુ ગુરું, સર્વાવતારી સદા ।
સાકારાકૃતિકં ઘનસ્વરૂપ કા, નંદં ચ શુદ્ધં સદા ॥
સર્વં કારણ કારણં વર..મહા, રાજા ધિરાજં પ્રભું ।
જન્માજન્મ નિયામકં સકલજ્ઞં, વંદે સદા સ્વામિનં ॥

# શ્રીજીસંકલ્પમૂર્તિ
# જીવનપ્રાણ અબજીબાપાશ્રી



હે બાપા, સુખમૂર્તિદાતા શ્રીહરિતણા, તેજોમય પ્યારા તમે,
અગણિત ગુણ અપાર આપ મહિમા, કહો કેમ જાણી શકીએ અમે;
અતિ ઉત્તમ નવીન દિવ્ય સુખડાં, સ્હેજે કૃપાળુ અપાવજો,
રસબસ ઓતપ્રોત શ્રીજીરૂપ કરી, મુજ દેહભાવ ટળાવજો.

# દિવ્ય કારણ સત્સંગની
# અમીરપેટી



દિવ્ય સ્વરૂપ શ્રી સદ્‌ગુરુ, છો કારણ સત્સંગમાંય;
સંકલ્પ સ્વરૂપ શ્રીજીતણા, આશિષે સ્થિતિ થાય.
સ્વામી ગોપાળાનંદ નિર્ગુણજી, શ્રીજી સમ સામર્થ કહું,
ઈશ્વર વૃંદાવન મુનિ સહ, સહુને ચરણે શીશ નમું.

## વચનામૃતના અનુભવી ગ્રંથ પ્રણેતા સત્પુરુષ
## પ.પૂ.અ.મુ.સદ્‌ગુરુ શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (પ.પૂ. બાપજી)



દ્વિતીય નમન ગુરુદેવને, જે છે સંકલ્પ શ્રીજીના જ;
સર્વે ક્રિયાઓ જેમની, કરનારા મહારાજ.
જેમાં શ્રીજીના જ છે, દિવ્ય કલ્યાણકારી ગુણ;
જીવમાંથી શિવ કરવા, અન્ય પરોપકારી કોણ.

## પ્રસ્તાવના

જીવાત્માનો આત્યંતિક મોક્ષ થવો સહેલો છે. પરંતુ આત્યંતિક મોક્ષ કરનારા સત્પુરુષ મળવા અતિ અઘરા છે. આપણી ઉપર શ્રીજીમહારાજની અકારણ કૃપા વરસી છે કે સમર્થ સત્પુરુષ જ ગુરુ તરીકે મળ્યા છે.

હવે એમને વિષે જેટલો દિવ્યભાવ કેળવાય તેટલા જ સુખી રહેવાય. એમના સ્વરૂપને જેટલું દિવ્ય સમજાય તેટલી જ તેમની સર્વે ક્રિયાઓ દિવ્ય ભાસે. દિવ્યભાવે નિહાળેલી ક્રિયા, પ્રસંગોનું મનન-ચિંતન આપણને મહારાજના સંબંધથી ભર્યા કરી દે છે. માટે મળેલા દિવ્યપુરુષના મહિમાઆકારે અખંડ રાચતા થઈએ.

આપણને મળેલા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આપણા સૌની ઉપર અનંતાનંત ઉપકાર છે. એમના ઋણમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે : એમનો અધિકાધિક મહિમા સમજી તેમને વિષે દિવ્યભાવ દૃઢ કરવો. એ માટે જરૂર છે મોટાપુરુષના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાંનિધ્યમાં રહી તેમના જીવનમાંથી જોતાં, લેતાં, લખતાં, ગાતાં શીખવું. આપણા સૌના જીવનમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિશેષ મહિમા દૃઢ કરવા તથા અખંડ મહિમાસભર થવા એમના જીવનના દિવ્ય પ્રસંગોનું મનન-ચિંતન કરવું તે અદ્‌ભુત ઉપાય છે.

આ દિવ્ય પ્રસંગોના સરળ પ્રવાહ દ્વારા હજારો મુમુક્ષુઓને આધ્યાત્મિક યાત્રાએ ચાલવાનું દિશા દર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમનાં દિવ્ય જીવનથી આપેલ છે. શાશ્વત, સરળ અને અનુભવપૂર્ણ આ દિશાદર્શન પણ મુમુક્ષુઓ માટે દીવાદાંડીરૂપ બની જાય તેવું અદ્‌ભુત છે.

સમગ્ર સમાજ મહિમાસભર થાય તે માટે મહિમાસભર સંતો-ભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં રહી અનુભવેલ તથા અન્ય થકી સાંભળેલ એવા કલ્યાણકારી ગુણોના દિવ્ય પ્રસંગોને સંકલન કરી તથા તેઓની વિવિધતમ છબીઓ સાથે આ પુસ્તક રૂપે રજૂ કરેલ છે.

તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રાગટ્યથી વર્તમાન સુધીના પ્રસંગોને ક્રમશઃ રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આજ સુધી એકમાત્ર શ્રીજીમહારાજનો જ મહિમા ગાયો છે અને સૌને એક શ્રીજીમહારાજનો જ મહિમા ગાવાનું કહે છે. આ પુસ્તક પ્રકાશન કરવામાં પણ તેઓની પ્રસન્નતા ન હોવા છતાં સર્વે સંતો-ભક્તોની ખૂબ પ્રાર્થના અને આગ્રહપૂર્વકની વિનંતી હતી કારણ કે આપણા સૌ માટે તો તેઓ જીવનપ્રાણ છે. તથા સૌના માટે દિવ્ય કલ્યાણકારી ગુણો મેળવવાનો પ્રેરણાસ્રોત છે.

જેથી અનંત જીવો એમના જીવનમાંથી પ્રેરણા પામી દિવ્યજીવન બનાવે તથા મળેલા સત્પુરુષને વિષે મહિમાઆકારે થાય એવા એકમાત્ર ઉમદા હેતુથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ૮૫મા પ્રાગટ્ય વર્ષે આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

જેને વાંચી મુમુક્ષુને દિવ્યજીવન જીવવાની પ્રેરણા તથા સત્પુરુષનું આપણા ઉપર કેટલું ઋણ છે તે જાણી તથા આપણા માટે કેટલા દાખડા છે એ જાણી જરૂર અહોભાવ આકારે થવાશે એવી અમોને ખાતરી છે.

શ્રીજીમહારાજ, બાપાશ્રી અને અમીરપેઢીના સમર્થ સદ્‌ગુરુશ્રીઓને પ્રાર્થના કે સર્વે સંતો-હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીને ખૂબ રાજી કરી કલ્યાણકારી ગુણોના વારસદાર બની શકીએ એવી દયા કરો.

- સાહિત્ય લેખન વિભાગ


## અનુક્રમણિકા


૧. આધા તુમ્હારા... આધા હમારા ૦૧
૨. અસાધારણ પ્રતિભા ૦૬
૩. નિષ્ઠા એક નાથની બીજું કાંઈ ન જોઈએ ૧૧
૪. હું તો અનંતને મૂર્તિ વહેંચવા આવ્યો છું ૧૭
૫. ગુરુમહિમાનું મૂર્તિમંત સ્વરૂપ ૨૧
૬. મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી ૨૫
૭. આજ્ઞા એટલે આજ્ઞા ૨૯
૮. સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે ૩૩
૯. અદ્‌ભુત વ્યક્તિત્વ ૩૬
૧૦. જેના નિર્માની હોય ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ? ૩૮
૧૧. ત્યાગે તીખા તમતમા રસના ભોગવિલાસ ૪૧
૧૨. અષ્ટ પ્રકારે અબળા કેરો ત્યાગ કરે તે ત્યાગી ૪૪
૧૩. વણવિચારે વાતું રે નીકળે એના અંતરથી ૪૯
૧૪. મનના ભીડાની પરાકાષ્ઠામાંય શ્રદ્ધા ૫૨
૧૫. નિશાન સ્વરૂપે ફરકાવ્યો ભગવો ઝંડો ૫૬
૧૬. મંદિર માટે જમીન તો ૧૫૦૦ વાર જ લેવી છે ૫૮
૧૭. દુર્ભેદ કષ્ટો વેઠી અજોડ ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કર્યું ૬૧
૧૮. બાપાશ્રી સારુ તો મૂંડાવ્યું છે ૬૫
૧૯. અપૂર્વ ખુમારીથી શોભતું એ દિવ્ય સ્વરૂપ ૬૮
૨૦. નારદ ઐસી સાચે સંતન કી રીતિ ૭૨
૨૧. પોતે દુઃખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે ૭૬
૨૨. હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે ૭૮
૨૩. વાત્સલ્યમૂર્તિ સત્પુરુષ ૮૧

૨૪. અંતર્યામીપણાથી દર્શાવી મહારાજ અને મુક્તની એકતા ___ ૯૧
૨૫. સર્વશ્રેષ્ઠ સાધુની ભેટ આપજો... એ સંકલ્પ થયો સાકાર ___ ૯૭
૨૬. સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત ___ ૧૦૫
૨૭. શ્રીજીસંમત સિદ્ધાંતો માટે સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા ___ ૧૦૮
૨૮. માન–અપમાને સમચિત્ત રે ___ ૧૧૧
૨૯. માન–અપમાન મેં એકતા, સુખ–દુઃખ મેં સમભાવ ___ ૧૧૩
૩૦. જીવનું ફદલ કરે કલ્યાણ ___ ૧૧૬
૩૧. ઠાકોરજીના ધર્માદાનું નુકસાન ન થવું જોઈએ ___ ૧૨૧
૩૨. સેવાથી શોભી સાધુતા ___ ૧૨૪
૩૩. સિદ્ધાંતની પ્રચંડ ખુમારી ___ ૧૨૭
૩૪. સો સો જનનીના હેત લાજે ___ ૧૨૯
૩૫. અજાત શત્રુતા ___ ૧૩૩
૩૬. સત્પુરુષ છે અંતર્યામી, જીવોનાં અંતરનું જાણે રે ___ ૧૩૭
૩૭. સાદગાઈનું સાક્ષાત્ સ્વરૂપ ___ ૧૪૧
૩૮. દુઃખ ટાળી સુખિયા કર્યાં ___ ૧૪૫
૩૯. વિદેશયાત્રા દ્વારા કૃપાવર્ષા ___ ૧૪૮
૪૦. શ્રીજી સંકલ્પ તો તેને રે કહીએ, જે પ્રગટની પ્રાપ્તિ કરાવે રે ___ ૧૫૩
૪૧. દિવ્યજીવનના પ્રેરણામૂર્તિ ___ ૧૫૭
૪૨. પંચમહાલના બેલી ___ ૧૬૧
૪૩. કથાવાર્તા એ તો ચારો છે ___ ૧૬૬
૪૪. ગુરુ મળ્યા છે ગુણવાળા, મળ્યા જી મુને ___ ૧૭૩


પરિશિષ્ટ :

પરિશિષ્ટ ૧ : પ્રકરણની વિષયવાર સૂચિ ___ ૧૭૭
પરિશિષ્ટ ૨ : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ ___ ૧૭૯



1







"આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુએ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય." (વર.- ૧૯)

– શ્રીજીમહારાજ

# ૧

# આધા તુમ્હારા... આધા હમારા...

પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ ભરતખંડમાં કેવળ કૃપા કરી, અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા દર્શન આપ્યાં.

તેમના સંકલ્પથી પ્રાગટ્ય થયું જીવનપ્રાણ અબજીબાપાશ્રીનું.

બાપાશ્રીએ કારણ સત્સંગના સમાજને બળિયો રાખવા ગુજરાત, કાઠિયાવાડ, ઝાલાવાડ, સોરઠ આદિ દેશોમાં ગામોગામ વિચરણ કરી, અનેક સ્થાવર તીર્થો કર્યાં. ઉપરાંત ત્યાંના પવિત્ર તથા આજ્ઞાપરાયણ ભક્તોના મનોરથો-સંકલ્પો પૂર્ણ કરી, સૌને સુખિયા કર્યા.

સંવત ૧૯૭૯(ઈ.સ. ૧૯૨૩)ના મહા સુદ દસમને રોજ મૂળીનો શતવાર્ષિક પાટોત્સવ પૂર્ણ કરી, બાપાશ્રી મણિપુરા પધાર્યા ને ત્યાં મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

ત્યાંથી બાપાશ્રી જોશીપુરા, કલ્યાણપુરા, ધરમપુર, વિશતપુરા, કડી થઈ અમદાવાદ પધાર્યા.

અમદાવાદમાં બાપાશ્રીના અતિ કૃપાપાત્ર એવા બળદેવભાઈ શેઠનો આગ્રહ, પ્રેમ અને ભક્તિભાવ જોઈ બાપાશ્રીએ તેમની મિલમાં ઉતારો કર્યો.

બળદેવભાઈ શેઠની મોટરગાડીમાં બેસી બાપાશ્રી દરરોજ સવારે સરસપુર મંદિરે દર્શન કરવા પધારતા.

જ્યારે જ્યારે મંદિરમાં બાપાશ્રીનું આગમન થતું ત્યારે ત્યારે સંતો-ભક્તોને આનંદ આનંદ થઈ જતો. સંતો-ભક્તોના આગ્રહને વશ થઈ બાપાશ્રી મંદિરમાં બિરાજી સૌને કથાવાર્તાનો લાભ આપી સુખિયા કરતા.

બાપાશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં સમૈયા થઈ જતા અને દર્શનાર્થી મુમુક્ષુઓની ભીડ જામતી. બાપાશ્રી અમદાવાદ પધાર્યાના સમાચાર મળતાં અમદાવાદની ચારેબાજુના દેશમાંથી હરિભક્તો દર્શને ઊમટતા.

એક દિવસ નળકંઠાથી વાસણ ગામના શામજીભાઈ તથા દેવશીભાઈ આદિક પ્રેમી ભક્તો બાપાશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવ્યા હતા.

તેઓએ દર્શન-સમાગમનો લાભ લઈ બાપાશ્રીને વિનય વચને પ્રાર્થના કરતાં કહ્યું, "હે બાપા ! આપ કૃપા કરી અમારા ગામમાં દર્શન દેવા પધારો તો સારું. ઘણા જીવો આપનાં દર્શન-સમાગમનો લાભ લેવા વાટ જોઈ રહ્યા છે માટે આપ કૃપા કરી પધારો; સૌને સુખિયા કરો અને નળકંઠો પાવન કરો."

નળકંઠાના આ પ્રેમી ભક્તોનો નિર્દોષભાવ જોઈ બાપાશ્રી રાજી થઈ બોલ્યા, "અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ માટે તમારી પ્રાર્થના સ્વીકારી અમે તમારા ગામમાં જરૂરાજરૂર પધારીશું..."

બાપાશ્રી સરસપુરથી કુજાડ, બાકરોલ, સુરત, વડોદરા વિચરણ કરી પ્રેમી ભક્તોને આપેલા વચન મુજબ નળકંઠામાં પધાર્યા.

બાપાશ્રી તથા મોટા મોટા સંતો બળદેવભાઈ શેઠની ગાડીમાં બેસી નળકંઠામાં દેવ ધોલેરા, નાનોદરા, કેસરડી, ઝાંપ, વનાળિયા, મેટાળ, ઉપરદળ, રેથળ આદિ ગામોમાં થઈ વાંસવા ગામે પધાર્યા. ત્યાં સૌ પ્રેમી હરિભક્તોએ બાપાશ્રીનું સામૈયું કર્યું.[૧]

જીવનપ્રાણ બાપાશ્રીએ પણ રાજી થકા પોતાના દિવ્ય હસ્તે આ વાંસવા ગામે બાઈઓના મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. જે પ્રસંગનો સાક્ષીરૂપ ઉલ્લેખ અબજીબાપાશ્રીની વાતો : ભાગ-૧ની ૨૧૩મી વાતમાં આવે છે. સૌ હરિભક્તો પણ બાપાશ્રી પધાર્યા હતા તેના આનંદમાં નાચવા અને કૂદવા લાગ્યા. અને જોતજોતામાં તો આનંદોત્સવનું વાતાવરણ ઊભું થઈ ગયું.

---

૧ : સંવત ૧૯૭૯ના મહા સુદ ૧૩ના રોજ 'બાપાશ્રી પાટડીમાં પધાર્યાનો ઈતિહાસ', વાંસવાની વાતો : પૃષ્ઠ ૧૦૮-૧૦૯ પર આ ઉલ્લેખ આપ્યો છે.

વાંસવા મૂર્તિપ્રતિષ્ઠા કર્યા પછી પ.ભ. જેઠાભાઈ ઠક્કરની પ્રાર્થના સાંભળી બાપાશ્રી સંત-હરિભક્તો સહિત વાસણ ગામે પધાર્યા. બાપાશ્રી પધાર્યાના સમાચાર સાંભળતાં આખું ગામ આનંદના હિલોળે ચડ્યું હતું. ઢોલ, ત્રાંસા વગાડતા અને કીર્તનની રમઝટ બોલાવતા સૌએ બાપાશ્રીને વધાવ્યા હતા.

બાપાશ્રી જેઠાભાઈના ઘરે પધાર્યા. જેઠાભાઈએ ચંદન તથા પુષ્પહારથી પૂજન કરી બાપાશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "બાપા, આપ અમારા સૌ પર સદાય રાજી રહેજો અને મહારાજની ભેળા આપ સદાય અહીં બિરાજજો. વળી, આપ અહીં પધાર્યા છો તો અમ સૌ સેવકોને થોડી વાર લાભ આપી સુખિયા કરો."

બાપાશ્રી જેઠાભાઈના નિર્દોષભાવને જોઈ ખૂબ રાજી થયા અને તેમની પ્રાર્થના સ્વીકારી થોડી વાર લાભ આપ્યો.

બાપાશ્રીને વાંસવા ગામના લાલજીભાઈએ પ્રાર્થના કરી કે, "હે બાપા ! જેઠાભાઈ બહુ ભલા અને નિર્દોષ ભક્ત છે. શ્રીજીમહારાજનો અને આપનો રાજીપો છે એટલે જેઠાભાઈ સુખી તો છે પરંતુ જેઠાભાઈને એકેય સેવક (દીકરો) નથી. માટે એમને મુક્ત સમો દીકરો પ્રાપ્ત થાય એવી દયા કરો..."

પ્રાર્થના સાંભળતાં જ બાપાશ્રી બોલ્યા જે, "શું કહો છો ? જેઠાભાઈને એકેય દીકરો નથી ? જેઠાભાઈ, જાવ તમારે ઘેર એક નહિ પરંતુ બે બે દીકરા થશે; પરંતુ અમારી એક શરત છે."

ત્યારે અધીરા બનેલા જેઠાભાઈએ પૂછ્યું, "શું બાપા ?"

બાપાશ્રી બોલ્યા જે, "બે દીકરા થશે, પરંતુ આધા તુમ્હારા અને આધા હમારા."

બાપાશ્રીએ શ્રીજીસંમત સિદ્ધાંતો, અજોડ ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિને જેમ છે તેમ સમજાવવા અથાક દાખડો કર્યો હતો. પરંતુ હવે સમય હતો તે સિદ્ધાંતોનો વિશ્વવ્યાપી શંખ ફૂંકવાનો અને જ્ઞાન સિદ્ધાંતોને ચિરંજીવ બનાવવાનો. તેના નિમિત્તના પૂર્વાપર આયોજન રૂપે આજે જીવનપ્રાણ બાપાશ્રી વાસણની ધન્ય ધરા પર અઢળક વરસ્યા. એ ક્ષણ દિવ્યપુરુષના પ્રાગટ્યના આશીર્વાદની આ સુવર્ણ ઘડી બની રહી.

જેઠાભાઈની નિષ્કામભક્તિ અને ધર્મપરાયણ જીવન જોઈ બાપાશ્રીએ અંતરના રાજીપાનો કળશ જેઠાભાઈ ઉપર ઢોળ્યો અને શ્રીજીસંમત સિદ્ધાંતો યાવદ્ચંદ્રદિવાકરૌ જીવંત રાખવા આશીર્વાદ આપી દીધા.

પછી બાપાશ્રીએ જેઠાભાઈને અંગૂઠા વડે ભાલમાં કુમકુમનો ચાંદલો કરી પ્રસાદીનું શ્રીફળ આપ્યું. બાપાશ્રીએ આપેલ પ્રસાદીભૂત શ્રીફળ ૪૫ વર્ષ સુધી એવું ને એવું જ તાજું રહ્યું હતું !!

જીવનપ્રાણ બાપાશ્રીના આશીર્વચન 'આધા તુમ્હારા' મુજબ પ્રથમ મોટા ભાઈ રતિભાઈનો જન્મ થયો. ત્યારબાદ થોડા સમય પછી સત્સંગ વિચરણ કરતાં ફરી વાર જીવનપ્રાણ બાપાશ્રી વાસણ પધાર્યા હતા.

એ વખતે ફરી બાપાશ્રીએ જેઠાભાઈને આપેલ આશીર્વાદ વિષે અગમવાણી ઉચ્ચારતાં કહ્યું હતું, "જેઠાભાઈને ઘરે દેવ સમાન મુક્ત પધારશે; માટે તેનું નામ 'દેવુ' રાખજો. તે દિગંતમાં સ્વામિનારાયણ ભગવાનના ડંકા વગાડશે."[૧]

જીવનપ્રાણ અબજીબાપાશ્રીના 'આધા હમારા' આશીર્વાદ માતા ધોળીબા તથા પિતા જેઠાભાઈના અંતરમનમાં અકલ્પનીય આનંદ રૂપે ઘોળાતા હતા. એ આશીર્વાદના અવતરણની દિવ્ય ઘડીને વધાવવા શું કરવું એ એમને સમજાતું નહોતું. ત્યાં તો એ દિવ્ય ઘડી આવી પહોંચી...

બાપાશ્રીના આશીર્વાદ મુજબ સંવત ૧૯૮૯ ફાગણ વદ એકમ (તા. ૧૩-૩-૧૯૩૩)ના ધુળેટીના મંગલકારી દિને મુક્ત સમાન ધોળીબા થકી 'આધા હમારા' મુજબ મુક્તરાજ દેવુભાઈનું પ્રાગટ્ય થયું.

આ પ્રાગટ્ય અવસર કેવળ જેઠાભાઈના પરિવાર માટે જ નહિ પરંતુ સમગ્ર વાસણ ગામ, એથી આગળ સમગ્ર વિશ્વ માટે પણ દિવ્ય અવસર મનાઈ ગયો. જે પરિવારમાં આવા દિવ્યપુરુષનું પ્રાગટ્ય હોય તે પરિવાર પર શ્રીજીમહારાજ તથા અબજીબાપાશ્રીની કેવી કૃપા હોય તે કેમ વર્ણવી શકાય !

જે પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિમાં તલ્લીન છે તેવા મુક્ત શ્રીજીમહારાજના સંકલ્પથી આ લોકમાં પ્રગટ થતાં ઠક્કર કુળ પવિત્ર થયું. તેમની માતા ધોળીબા કૃતાર્થ થયાં અને સમગ્ર પૃથ્વી કૃપાવંત બની. આ દિવ્ય શિશુનું પ્રાગટ્ય ધરા પર ભગવાન સ્વામિનારાયણના અદ્વિતીય-અનાદિ સિદ્ધાંતોના પ્રચાર-પ્રસારના પ્રતીક સમું હતું.

અનંત મુમુક્ષુઓના હૃદય-સિંહાસને બિરાજમાન થવા આ ધરા પર આ બાળમુક્તનું જાણે પ્રાગટ્ય ન થયું હોય ! એ એમનાં દર્શનથી સૌને જણાતું હતું. તેમના મુખારવિંદ પર સદાય દિવ્ય હાસ્ય મુક્ત ઝરણાની પેઠે વહેતું. શ્રીહરિની

૧ : આ વાતની દસ્તાવેજી નોંધ ગુરુવર્ય પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમનાં મોટા બેન (નબુબેન) પાસેથી મળેલ છે.

મૂર્તિમાં કિલ્લોલ કરતા બાળમુક્ત સૌ કોઈ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

જીવનપ્રાણ અબજીબાપાશ્રીના આશીર્વાદરૂપ આ બાળમુક્ત ભગવાન સ્વામિનારાયણના સંકલ્પથી પ્રગટ થયા છે તે સૌને જણાતું હતું. જેથી પરિવારજનોના આનંદનો અવધિ ન રહ્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયની નૂતન ક્રાંતિ સર્જનાર આર્ષદ્રષ્ટા, વિરલ વિભૂતિ અને સંકલ્પરૂપ મુક્તરાજ દેવુભાઈનું પ્રાગટ્ય થતાં ઘરમાં ચોમેર દિવ્યતા અને પ્રકાશ પથરાઈ ગયાં. વાસણની ધન્ય ધરા આનંદથી પુલકિત થઈ ગઈ.

સૌને આજના વાતાવરણમાં આહ્‌લાદનો અનુભવ થયો. પૃથ્વી પર આજે દિવ્ય મુક્તનું પ્રાગટ્ય થયું હતું તેથી સર્વત્ર આનંદમંગળ વર્તી રહ્યાં હતાં. જેમ શ્રીજીમહારાજનું પ્રાગટ્ય મૂળ અવિદ્યાનો અને અજ્ઞાનનો નાશ કરવા માટે હતું તેમ આ બાળમુક્તનું પ્રાગટ્ય પણ આ જ હેતુથી હતું. તેથી સૌના અંતરમાં અહોહોભાવ વર્તતો હતો.

માતા ધોળીબા તથા પિતા જેઠાભાઈ બાળમુક્તના પ્રાગટ્યની ક્ષણે નિરંતર અબજીબાપાશ્રીની આશીર્વર્ષાની હેલીમાં નિમગ્ન બન્યાં હતાં. તેઓ અબજીબાપાશ્રીને દિવ્યભાવે વંદી રહ્યાં હતાં. ત્યારે તેમણે અબજીબાપાશ્રીએ અગાઉથી કરેલ નામાભિધાનને અનુસરતા આ દિવ્ય બાળમુક્તનું નામ ‘દેવુભાઈ’ જ રાખ્યું.

જેમનું પ્રાગટ્ય સુખદાયક હોય તો એ દિવ્ય સ્વરૂપની બાલ્યાવસ્થા ને કિશોરાવસ્થા કેવી દિવ્ય હશે ! તો જે હેતુથી પધાર્યા હતા તે હેતુ માટેની એ દિવ્યપુરુષની જીવનગાથા સુખકર હોય જ એ નિર્વિવાદ વાત છે.

શ્રીજીમહારાજ અને અબજીબાપાશ્રીના સંકલ્પે પોતાના સનાતન સિદ્ધાંતો અને કારણ સત્સંગનો વારસો જાળવી રાખવા તથા તેને અનંતાનંત બ્રહ્માંડોમાં પ્રસરાવવા પોતાના સંકલ્પ સમા દેવુભાઈની ભેટ અમોને આપી એ માટે સૌપ્રથમ શ્રીજીમહારાજ અને અબજીબાપાશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨

# અસાધારણ પ્રતિભા

દેવુભાઈ બાળપણથી જ પોતાની અસાધારણ પ્રતિભાનાં દર્શન કરાવતા.

બાળપણમાં તોફાન અને ચંચળતા બાળકોમાં સહજ હોય છે. પરંતુ દેવુભાઈ તેનાથી તદ્દન પર હતા. તેઓ ખૂબ જ શાંત ને સૌમ્ય હતા. તેઓ સદા મૌન જ સેવતા. જેમ જળથી ભરેલો કુંભ ધીર-ગંભીર ને શાંત હોય તેમ આ બાળમુક્ત ભગવાનથી ભરેલા મુક્ત સમાન સૌને જણાતા, અનુભવાતા.

એમની બાલ્યાવસ્થાથી દીસતી અદ્વિતીય અસાધારણતા તેમની ભાવિ ભવ્યતા - દિવ્યતાનાં એંધાણ આપતી હતી.

સંવત ૧૯૯૪ (ઈ.સ. ૧૯૩૮)માં દેવુભાઈએ વાસણ ગામની ધૂળીશાળામાં પ્રવેશ લીધો. ગામની ભાગોળે ને વૃક્ષ તળે બ્રાહ્મણ માસ્તર દેવુભાઈ અને અન્ય વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા.

દેવુભાઈએ વિદ્યાભ્યાસનો પ્રારંભ બાળપોથીથી કર્યો. બાળપોથીના શિક્ષણમાં માસ્તરે દેવુભાઈને પ્રથમ દિને આંક શિખવાડ્યા; બીજા દિને કક્કો શિખવાડ્યો; ત્રીજા દિને ઘડિયા ને ચોથા દિને બારાક્ષરી શિખવાડી. માસ્તરની શીખવવાની ગતિ સાથે દેવુભાઈ પણ પૂરા ઉત્સાહ ને ખંતથી એક જ વખતમાં શીખી જતા.

આથી માસ્તર પણ દેવુભાઈની પ્રતિભાથી અંજાયા હતા.

દેવુભાઈ નિશાળેથી ઘરે આવતાં આવતાં માસ્તરે શિખવાડેલ પાઠ એક વાર યાદ કરી લેતા. પછી તેઓ જ્યારે મિત્રો સાથે રમવા જાય ત્યારે પણ એમની શીખવાની તાલાવેલી સહેજે સહેજે જણાઈ આવતી.

"મને ઘડિયા આવડી ગયા છે... તું બારાક્ષરીની એક લીટી શીખ્યો છે તે મને શિખવાડ ને ! હું તને ઘડિયા શિખવાડું." આમ કહી દેવુભાઈએ મિત્રને એકસાથે એકા અને અગિયારાના બધા ઘડિયા શિખવાડી દીધા. પછી તરત જ બોલ્યા : "હવે ભાઈ, તું મને બારાક્ષરી શિખવાડ ને !"

મિત્ર બારાક્ષરીની પ્રથમ લાઈન શિખવાડતાં બોલ્યો, "ક... કા... કિ... કી... કુ... કૂ... કે... કૈ... કો... કૌ... કં... કઃ..."

ત્યાં તો તેઓ બીજી લાઈન જાતે જ શીખી ગયા અને મિત્રને કહ્યું, "અરે, બારાક્ષરીમાં નવું શું છે ? બધી લાઈનમાં એકસરખું જ આવે છે... ઓહોહો, આમાં વળી શું શીખવાનું !"

આમ, એક જ વારમાં તેઓ આખી બારાક્ષરી શીખી ગયા.

પાંચમા દિવસે તેઓ નિશાળે ગયા. માસ્તરે કહ્યું, "ચલો, આજે આપણે બારાક્ષરી શીખીશું." ત્યાં તો દેવુભાઈએ 'ક' થી 'જ્ઞ' સુધી આખી બારાક્ષરી લખીને માસ્તરને બતાવી ને માસ્તરની અનુમતિ લઈ, એકસાથે કડકડાટ બારાક્ષરી બોલવા લાગ્યા.

દેવુભાઈના સહપાઠી બાળમિત્રોને હજુ કક્કો બોલવામાં પણ મૂંઝવણ થતી તો બારાક્ષરી ક્યાંથી આવડે ? દેવુભાઈની સહપાઠી બાળમિત્રોથી કંઈક અસાધારણ તેજસ્વિતા ને મેધા જોઈ માસ્તર દિગ્મૂઢ બની રહ્યા. અને તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા : "નક્કી આ દેવજી (દેવુભાઈ) મોટો થઈ મહાન બનશે. આ કોઈ સામાન્ય બાળક જેવો તો નથી જ... આ તો અસાધારણ બાળક છે..."

બે ચોપડી સુધી દેવુભાઈએ બાળપોથીનું જ્ઞાન લીધું. પછી તેમણે ભણવાનું છોડી દીધું. કોઈકે પૂછ્યું, "ભાઈ, ભણવાનું કેમ છોડ્યું ?" તો તેમણે કહ્યું, "વાંચતાં અને લખતાં મને કડકડાટ આવડી ગયું એટલે ભણતર પૂરું થયું કહેવાય, માટે છોડી દીધું."

એ પછી તો દેવુભાઈ પોતાની મેળે મોટા મોટા ધર્મગ્રંથોનું વાંચન કરવા લાગ્યા. તેમને ધર્મગ્રંથો વાંચતા જુએ એટલે વડવાઓ એમને પૂછે,

"દેવુભાઈ, વાંચતાં આવડી ગયું ?"

"આમાં બધા કક્કા-બારાક્ષરીના જ શબ્દો છે. એમાં શું ન આવડે ?"

તેઓને વિદ્યાનું મૂળ જે બ્રહ્મવિદ્યા તે તો પૂર્વેથી જ સિદ્ધ હતી. તેથી આ જ અવસ્થાથી એ ધર્મગ્રંથોનાં ગૂઢાર્થભર્યાં રહસ્યો પણ તેઓને હસ્તગત હતાં. વળી તેને સરળતાથી અને સમજી શકાય એવી પોતાની ભાષાથી અન્યને રસપાન કરાવતા હતા. 'વચનામૃત' તથા મોટા સંતોના હસ્તે લખાયેલ ખરડાઓની લિપિ પણ જાતે ઉકેલતા થયા હતા. એમની આ અસાધારણ પ્રતિભા ગામ આખાને અચરજ પમાડતી હતી. તેથી સૌને તેમના પ્રતિ વિશેષ આકર્ષણ રહેતું.

દેવુભાઈના અસાધારણ વ્યક્તિત્વથી સુજ્ઞજનોને એમની પરભાવની સ્થિતિની અનુભૂતિ સહેજે સહેજે થતી.

"દેવુભાઈ, આ ગ્રંથોમાં તમે શું સમજો છો ?"

"મને બધું જ સમજાય છે."

"અમે ગ્રંથો ખૂબ વાંચ્યા પણ અમને જાતે કંઈ જ સમજાતું નથી."

"અરે, એમાં શું અઘરું છે ? લાવો તમને શું સમજાતું નથી ?"

પછી દેવુભાઈ એ ગ્રંથોનું વાંચન કરી એનાં રહસ્યો ગ્રામજનોને સમજાવતા.

રહસ્યો પામી ગ્રામજનો ગદ્ગદ થઈ જતા :

"દેવુભાઈ, હારું અમારાં આટલાં વર્ષ પાણીમાં ગ્યાં હોં ! તમે નાના છો તોય મારું હારું ઘણું સમજો છો ને અમને તો એની છાંટેય નથી... ગંધેય નથી..."

"તમે બે ચોપડી ભણ્યા છો એવું કોણ કહે છે ? તમે તો પૂર્વેથી જ ભણીને આવ્યા છો ! તમે ભારે અર્થ સાવ ચપટી વગાડતામાં સમજાવી દો છો...!!"

આમ, ગ્રામજનો દેવુભાઈની અસાધારણ પ્રતિભા વિષે વારી જતા.

●●●

દેવુભાઈ સ્વભાવે નિર્મળ અને આનંદી. પણ જગ-વ્યવહારસંબંધી રજોગુણી પ્રવૃત્તિ એમને જરાય ન રુચતી. તેઓને એક વાર નાના બહેનને લગ્ન બાદ પ્રથમ વખત તેડવા માટે ડરણ ગામે નછૂટકે જવાનું થયું. વળી, આ પ્રસંગ સાથે ત્યાં વેવાઈ પક્ષે કોઈના લગ્નનો પ્રસંગ પણ હતો. દેવુભાઈ આ બે પ્રસંગોનો સમન્વય થતાં મૂંઝાયા. એમને આ બિલકુલ ન ગમ્યું. તેથી તેઓ ત્યાં ગયા ખરા પણ અન્ય કોઈ સંબંધીના ઘરે એકાંત ઓરડામાં ઉતારો કરી લીધો.

અહીં તેઓ સ્વામિનારાયણ ભગવાનનું ભજન અને ધ્યાન કરવા લાગ્યા. એમને તો ભગવાન ભજવામાં અખંડ સુખ જણાતું હતું. આ લોકના રંગરાગથી

અનાસક્ત એવા દેવુભાઈ પ્રભુભજનમાં એટલા બધા રત થઈ ગયા કે બહાર ચાલી રહેલ લગ્નપ્રસંગ પણ વીસરી ગયા.

આ તે કેવી વિભૂતિ ! બાળહૃદયની ઊર્મિઓને તેઓએ જગ પરત્વે ન રાખતાં કેવળ પ્રભુ પરત્વે જ ઉન્મત્ત રાખી.

લગ્નપ્રસંગ હજુ ચાલી રહ્યો હતો. એમાં અઘટિત બિના બની. જેનાં લગ્ન હતાં તેમના પરિવારના જ એક ૧૦ વર્ષના દીકરા રસિકને થોડા દિવસથી તાવ આવતો હતો. તેને અચાનક આંચકી ચડી અને ધબકારા બંધ થતાં નાડી બંધ થઈ ગઈ. દેહને ત્યાગી ધામમાં જતો રહ્યો. વિવાહનું બારમું થઈ ગયું. લગનિયાઓના જીવ તાળવે ચોંટી ગયા. રડારોળ ચાલુ થઈ ગઈ. લગ્નગીતની જગ્યાએ મરસિયા ગવાવા માંડ્યા. સૌના મનમાં એક જ પ્રશ્ન હતો : “હવે શું કરવું ?”

દેવુભાઈ તો ઓરડામાં પ્રભુભજનમાં તન્મય હતા. એવામાં કોઈક બોલ્યું, “અરે સાંભળો, દેવુભાઈ અહીં આવ્યા છે. એમને બોલાવો. એ બહુ મોટા મુક્ત છે.”

લગનિયાઓ એમને શોધવા લાગ્યા. દેવુભાઈ મળ્યા. કોઈકે એમને આખી વાત કહી સંભળાવી.

લગ્નના યજમાનશ્રીએ દેવુભાઈને પ્રાર્થના કરી : “આપ સ્વામિનારાયણ ભગવાનના મુક્ત છો. ગમે તેમ કરી મારા દીકરાને જીવંત કરો.”

ત્યાં દેવુભાઈ બોલ્યા, “કોઈ ચિંતા ન કરશો... મહારાજના પ્રૌઢપ્રતાપી ‘સ્વામિનારાયણ મહામંત્ર’ની ધૂન કરો... મહારાજ તથા બાપાશ્રી જરૂર ભેળા ભળશે...” અને તેઓ બાળક પાસે ગયા.

ત્યાં તો કેટલાક ઊંટવૈદું જાણનારા કહેવા લાગ્યા, “નેતરની સોટી રસિકને પાવ તો સારું થઈ જશે.” તો વળી કેટલાક કહેતા, “શું ગયેલા હોય તે પાછા આવે ?” આવી ચર્ચા ચાલતી હતી. તેમાં દેવુભાઈ બોલ્યા : “નેતરની સોટી શું કરે ? મહારાજ જ સર્વે કર્તા છે.”

દેવુભાઈની ભગવાન સ્વામિનારાયણ પરત્વેની નિષ્ઠાને લીધે સૌને વિશ્વાસ આવ્યો. તેથી સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરવા લાગ્યા.

ઘનશ્યામ મહારાજની મૂર્તિને જળ ધરાવી જળ પ્રસાદીનું કર્યું ને તેમાં બાપાશ્રીની ચરણરજ[૧] ઉમેરી મૃત્યુ પામેલા દીકરાના મુખમાં ચમચી વડે પ્રસાદીનું જળ મૂક્યું.

---

૧ : દેવુભાઈને બાપાશ્રી વિષે અપાર મહિમા હતો તેથી તેઓ બાપાશ્રીની પ્રસાદીની ચરણરજની ગોટી કાયમ સાથે રાખતા.

દેવુભાઈએ પણ મહારાજ અને બાપાશ્રીને ખૂબ પ્રાર્થના કરી, “મહારાજ ! આપના ભક્તો આવા પ્રસંગે દુઃખી થાય એ ઠીક નહિ, ભેળા ભળો ને સૌને આનંદ વર્તે એવું કરો... હે બાપા, મંગળ કરો...”

ધૂન થોડી વાર ચાલી હશે ત્યાં મૃત થયેલ બાળક સળવળ્યો. એ મહારાજની દયાથી બેઠો થયો અને બે-ત્રણ ઘર દૂર રહેતાં પ્રજાપતિ ડોશીમાને મહારાજ ધામમાં લઈ ગયા.

આવો ચૈતન્યનો અદલોબદલો તો સ્વયં મહારાજના ધામમાંથી પધારેલ દિવ્ય મુક્તરાજ કરી શકે ને !

આ વાતની કોઈને ખબર ન હતી. પણ દેવુભાઈએ સૌને જણાવી, “આ ભાઈનું આયુષ્ય નહોતું છતાં મહારાજે તેને રાખ્યો અને અહીંથી બે-ત્રણ ઘર દૂર રહેતાં ડોશીમાનું આયુષ્ય હતું તોપણ મહારાજ એમને તેડી ગયા. આમ મહારાજે અને બાપાશ્રીએ આ ભાઈ પર દયા કરી.”

મુક્તરાજ દેવુભાઈની વાત સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. સૌ કોઈ વિચારી રહ્યા : “દેવુભાઈ ખરા મુક્ત છે. સ્વામિનારાયણ ભગવાન એમના દ્વારા વિશેષ પ્રતાપ જણાવે છે.”

આ સામર્થ્ય-દર્શનથી સૌ દેવુભાઈ તરફ ભક્તિભર્યા આદરભાવથી નીરખી રહ્યા.

• • •

દેવુભાઈ કિશોરાવસ્થાએ પહોંચ્યા. તેમનું જીવન ધીર-ગંભીર અને ખૂબ મર્યાદી હતું. સદાય પ્રભુ ભજનભક્તિમાં મસ્ત રહેતા. એક ઘડી પણ વ્યર્થ ન બગાડતા.

ગામના ચોરે બેસી ટોળટપ્પા કરવા કે ગામગપાટા મારવા તે તેમની જીવન રોજનીશી બહારનું હતું. આ અવસ્થાએ એક પગે ઊભા રહીને તપ કરતા અને એકટાણાં-ઉપવાસ કરતા એવો એમનો વૈરાગ. બધેથી ઉદાસ રહેતા. ગામમાં આવેલ ભજનમંડળી-પારાયણમાં પ્રથમ રહીને ભક્તિ સમાધિમાં તલ્લીન થઈ જતા ને સૌને તલ્લીન કરતા. એમના મધુર સ્વરે ગવાતા ભજનોનું સૌને ભિન્ન જ આકર્ષણ થતું. સૌ કોઈ પોતાનું અસ્તિત્વ ભૂલી જતા. પરમાત્માના સુખનો અનુભવ કરતા.

એમાં પણ સદ્. મુનિસ્વામીના યોગે સોનામાં સુગંધ ભળે તેમ તેમનું જીવન વધુ ને વધુ ધર્મપરાયણ બન્યું હતું.

"જેનો બાળકપણાથી જ એવો સ્વભાવ હોય જે કોઈની છાયામાં તો દબાય જ નહિ, અને એ જ્યાં બેઠો હોય ત્યાં કોણેય હાંસી-મશ્કરી થાય નહિ, અને તેને કોણેય હળવું વેણ પણ કહેવાય નહીં." - ગઢડા મધ્ય પ્રકરણના ૧૫મા વચનામૃત મુજબ દેવુભાઈનો બાળપણાથી મુક્ત તરીકે પ્રભાવ આબાલવૃદ્ધ પર સવિશેષ જણાતો.

તેઓ ગામમાં જે માર્ગ પરથી કે શેરીમાંથી પસાર થાય એટલે ત્યાંના સ્થાનિક ગ્રામજનોનું વર્તન ને વ્યવહાર બદલાઈ જાય. મશ્કરી બંધ થઈ જાય. અને એટલો સમય જાણે આખો પરિવેશ દેવુભાઈના ભારથી મર્યાદી બની જતો. એમની મુક્ત તરીકેની ગરિમાને છતી કરતો.

આજે પણ એમના બાળપણના સખા આ ક્ષણને યાદ કરતાં કહેતા હોય છે : "દેવુભાઈનો પ્રભાવ બીકનો માર્યો નહોતો પણ એમના શ્રેષ્ઠતમ ભક્તજીવનનો જ હતો. જે પ્રભાવે અમને એમની દિવ્યતાનો જ અનુભવ કરાવ્યો છે..."

એક દિવસ દેવુભાઈ ગામના ચોરા પાસેથી નીચી દૃષ્ટિએ માળા કરતા પસાર થયા. ચોરે ચાલતી અલક-મલકની પંચાત અચાનક એકદમ બંધ થઈ ગઈ. ક્ષણ-બે ક્ષણમાં ચારે તરફ નીરવ શાંતિ છવાઈ ગઈ.

પંચાતમાં એક કોઈ સદ્‌ગૃહસ્થ બાપા દેવુભાઈને આદર આપતા બે હાથ જોડી વિનય વચને બોલ્યા : "દેવુભાઈ, અહીં બેસો અને અમને ભગવાનની વાતું કરો." વડીલના આગ્રહથી દેવુભાઈ બધાની વચ્ચે જઈ બેઠા.

ગ્રામપંચાત કરતા ભાભાઓને પ્રથમ મનુષ્યજન્મને સાર્થક કરવાની વાત સમજાવતાં દેવુભાઈએ કહ્યું, "આ જીવ ચોરાશી લાખ યોનિમાં ભટકે છે ત્યારે એક વાર મનુષ્યનો દેહ મળે છે. તે શા માટે ? તો ગામગપાટા, ટોળટપ્પા કે વિષય ભોગવવા માટે નથી. ભગવાનની ભજનભક્તિ કરી આત્માનું કલ્યાણ કરવા માટે છે. માણસનો અવતાર મળ્યો છે. માટે ભગવાન ભજી લો; નહિ તો જમડા મારી મારીને તોડી નાખશે. ક્યાંય લખચોરાશીમાં ભટકવું પડશે."

દેવુભાઈનાં મર્મ વચન ભાભાઓના હૃદયમાં સોંસરાં ઊતરતાં હતાં. એટલે દેવુભાઈ ભગવદ્‌વાત કરવામાં વધુ ખીલ્યા.

તેઓ આટલી વાત કરી આગળ સાંખ્યની વાત કરવા માંડ્યા, "સંસાર આખો સ્વાર્થથી ભરેલો છે. દેહનાં સગાંસંબંધી, પૈસા-સંપત્તિ બધું નાશવંત છે. એક દિવસ બધું ધૂળ ભેગું ધૂળ થઈ જવાનું છે. આપણા દેહની પણ રાખ થઈ જવાની

છે. તો જેની રાખ થવાની છે તેમાં વળી રાગ શું કરવો ? કંઈ જોડે આવશે નહીં. એકમાત્ર જેટલી ભગવાનની ભજનભક્તિ કરી હશે તેટલી જ સાથે આવશે. માટે હવે આ ઉંમરે ભગવાન ભજી લો અને જીવનું કલ્યાણ કરી લો.''

ચોરામાં ગામના કેટલાક મોટા વડીલો પણ બેઠા હતા. તેમની શેહ-શરમ રાખ્યા વિના દેવુભાઈએ નીડરતાથી ઉપદેશાત્મક વાતો કરી જે સૌ વડીલના હૃદયને સ્પર્શી ગઈ. સૌના અંતરમાં શાંતિ થઈ ગઈ.

જ્યારે દેવુભાઈની વર્તનશીલ હૃદયસ્પર્શી વાણીથી કેટલાય વડીલો બાકીનું જીવિતવ્ય ભગવાન ભજવામાં વિતાવવાનું નક્કી કરતા બોલ્યા : ''દેવુભાઈ, તમે અમને અમારી છેલ્લી અવસ્થાએ સાચો માર્ગ બતાવ્યો. આ ચોરે આવી અમે નરી ચોવટ જ કરી છે. આખું જીવન અહીં પૂરું કર્યું છે. પણ આજથી આ ચોવટું બંધ. બસ, ભગવાન ભજી લેવા છે... છેલ્લી વેળાનું ભાથું બાંધી લેવું જ છે...''

દેવુભાઈની આવી અસાધારણ પ્રતિભાથી કેટલાયના જીવનપરિવર્તન થતા.

તેઓ આજુબાજુના ગામમાં ગયા હોય તો ત્યાં પણ રજપૂત ગરાસિયાઓ તેમની અસાધારણ પ્રતિભાથી ખેંચાઈ દેવુભાઈને વાતો કરવાનો આગ્રહ કરતા. અને દેવુભાઈ પણ વ્યવહારિક કોઈ કામ હોય તો તેને ભગવદ્‌વાતું માટે ગૌણ કરી દેતા. પછી તો દેવુભાઈની વાતુંનો ખજાનો ખૂલતો.

સૌ કોઈ એમની ઉપદેશાત્મક વાતોમાં ડૂબી જતા ને સહર્ષ બોલી ઊઠતા : ''દેવુભાઈ, કલ્યાણ કરી જ લેવું છે...''

અસાધારણ પ્રતિભાથી અનેકને આકર્ષણ પમાડનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# 3

# નિષ્ઠા એક નાથની બીજું કાંઈ ન જોઈએ

"સર્વોપરી ભગવાન મળ્યા અને એમની ઓળખાણ થયા પછી આ માથું બીજાને કેમ નમે ? બીજાનાં ગાણાં આ મુખે કરીને કેમ ગવાય ?" બસ એક જ વાત,

"નિષ્ઠા એક નાથની (ભગવાન સ્વામિનારાયણની), બીજું કાંઈ ન જોઈએ." દેવુભાઈની આવી અકબંધ નિષ્ઠાની ધાક આખા વાસણ ગામમાં સૌને જણાતી.

આખું ગામ જાણતું હતું, "દેવુભાઈને જે ભગવાન સ્વામિનારાયણની નિષ્ઠા છે તેમાંથી ગમે તેવો શાસ્ત્રી કે પંડિત આવે તોપણ તેમને ડગમગાવી શકે તેમ નથી."

"કોના ભગવાન સર્વોપરી...?"

"મારા સ્વામિનારાયણ ભગવાન એકમાત્ર સર્વોપરી ભગવાન છે."

"અરે, તારા ભગવાન શાના સર્વોપરી ગણાય ? એ તો હમણાં પ્રગટ્યા છે... મારા ભગવાન જ સર્વોપરી છે."

"બાવાજી, તમે ભૂલો છો. મારા સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે 'સર્વોપરી' પોતાને કહ્યા છે અને પોતે સર્વોપરી કાર્યો પણ કર્યાં છે. તમારા ભગવાને આવું કંઈ કર્યું છે ? તમારા ભગવાનનું એક સર્વોપરી કાર્ય તો જણાવો."

રામજી મંદિરના ઈશ્વર બાવાજી દેવુભાઈના પ્રશ્નોથી એકદમ ડઘાઈ ગયા. તેથી કંઈ બોલ્યા જ નહીં.

સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાને લઈને મૂઢમતિ એવા બાવાજીને દેવુભાઈ ભારે પડ્યા. પછી બાવાજી દેવુભાઈની કેવી રીતે ટક્કર ઝીલી શકે ?

છતાં પોતાના વર્ષો જૂના વર્ચસ્વને બચાવવા બાવાજીએ દેવુભાઈ સાથે અતાર્કિક ને અપ્રમાણિત વાતોનાં પ્રમાણ આપવાનાં ચાલુ રાખ્યાં.

ચર્ચા આગળ ચાલી એટલામાં ગામના કેટલાય વડીલો ભેગા થઈ ગયા.

"બાવાજી, કાલે સવારે આ મંદિરની બાજુમાં મંદિરથી પણ ઊંચો લીમડો છે. તેની ટોચ ઉપર ચડી બંને નીચે કૂદકો મારશું. જેના ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી હશે તેની તે રક્ષા કરશે."

સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠાથી ઊભરાતા દેવુભાઈએ કરેલી સિંહગર્જનાથી બાવાજી અને ગામના વડીલો પણ અવાચક બની ગયા. 'સર્વોપરી કોણ ?'ના શબ્દોથી ગુંજતું પરિવેશ અચાનક દેવુભાઈના નિષ્ઠાવાચક શબ્દોથી નીરવ શાંતિમાં ફેરવાઈ ગયું.

"ભલે ત્યારે, કાલે ફેંસલો થઈ જાય... જોઈ લઈએ..." આમ, ગામલોકોની વચ્ચે પોતાની આબરૂ રાખવા બાવાજી અહંકારમાં આવી બોલ્યા. પરંતુ માંહી બાવાજીને ફફડાટ પેસી ગયો.

તેઓ વિચારે ચડી ગયા : "જો હું ઉપરથી નીચે પડીશ તો મારું શું થશે ? મારાં એકેય હાડકાં સાજાં નહિ રહે. દેવુભાઈ તો નિષ્ઠાવાળો છે પણ મારી તો..." બાવાજી પોતાની ભગવાન પરત્વેની નિષ્ઠા જાણતા હતા તેથી તેમના મોતિયા મરી ગયા.

આમ, ગામ આખું બાવાજીના પક્ષમાં હતું તેથી સૌ કોઈ દેવુભાઈ પર હસતા હતા અને અંદરોઅંદર વાતો કરતા હતા.

"એ તો કાલે સવારે દેવુને ખબર પડશે. એનાં હાડકાં ભાંગી જશે ત્યારે..."

"બાવાજી જૂના છે અને ભક્તયે ખરા ! દેવુની નિષ્ઠા સાચી પણ શરત મૂકી ઉતાવળ કરી દીધી... પણ કાલ ખબર પડે !"

શ્રીજીમહારાજના સર્વોપરીપણામાં તેઓને કોઈ સંદેહ નહોતો તેથી તેઓ નિર્ભય અને સ્થિતપ્રજ્ઞ હતા.

બીજા દિવસની સવાર પડી. તમાશાને તેડું ન હોય એમ ગામ આખું રામજી મંદિર પાસે ભેગું થયું. "આજે કાં તો દેવુભાઈ નહિ ને કાં તો બાવાજી નહીં. બેમાંથી એક જ બચશે." આમ બધા ભેગા મળી વાતો કરતા હતા.

દેવુભાઈ તો સવારે તૈયાર થઈ ગયા હતા પણ બાવાજીનો ક્યાંય પત્તો નહોતો. બધાએ બાવાજીને મંદિરમાં શોધ્યા પણ તેઓ મળે નહીં.

ત્યાં તો કોઈકે કહ્યું, "બાવાજી તો રાતોરાત પોતાનો વર્ષો જૂનો મઠ (આશ્રમ), વર્ષો જૂનું મંદિર અને ઠાકોરજીની સેવા, વર્ષો જૂનું ગામ અને ચેલાઓને બીકના માર્યા ત્યાં પડતાં મૂકીને ક્યાંય ચાલ્યા ગયા છે."

બાવાજી દેવુભાઈની નિષ્ઠા સામે ટકી શક્યા નહિ એટલે કહેવાય ન રહ્યા ને પલાયન થઈ ગયા. ગામલોકોએ ગામ આખામાં બાવાજીને ખૂબ શોધ્યા પણ ન મળ્યા.

"દેવુભાઈ સાચા ને એમના ભગવાનેય સાચા. પણ બાવો તો ઠગારો હતો. વાહ ! દેવુભાઈ, વાહ !"

"દેવુભાઈ તો બાવા કરતાં નાનો છે પણ ભક્તિમાં એના કરતાંય મોટો નીકળ્યો."

"નાનો નાનો પણ આ તો રાઈનો દાણો નીસર્યો."

આમ, ગામલોકોને સહેજે દેવુભાઈની સ્વામિનારાયણ ભગવાન પરત્વે સર્વોપરીપણાની અડગ નિષ્ઠાનાં દર્શન થતાં સૌએ એમને વધાવી લીધા.

●●●

"ભૂદેવ, અમે પરોક્ષના દેવની પૂજા નહિ કરીએ. અમે તો કેવળ સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરીશું." ગુરુવર્ય પ.પૂ. બાપજીના આ શબ્દોએ મણિપુરા ગામના અઢીસો ગ્રામજનોને આશ્ચર્યચકિત કરી દીધા. પ્રસંગ એમ છે.

કાંતિભાઈ જાદવભાઈ પટેલ બોરના ઉદ્‌ઘાટનના પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીને મણિપુરા ગામે તેડી લાવ્યા. તેઓના પિતાજી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટેરા હરિભક્ત અને ગામમાં પણ આગેવાન હતા. એટલે એમના બોર ઉદ્‌ઘાટનમાં અઢીસો ગ્રામજનો ભેગા થયા હતા. બોર ઉદ્‌ઘાટન માટે એમણે મંગલ પૂજાવિધિનો પ્રસંગ રાખ્યો હતો. મંગલ વિધિનો પ્રારંભ થવાનો હતો ને ગુરુવર્ય પ.પૂ. બાપજી ત્યાં પધાર્યા. તેઓએ ગામના ભૂદેવને બોલાવી મંગલ પૂજાવિધિની તમામ સામગ્રીઓ તૈયાર રાખી હતી. પૂજાવિધિ માટે પરોક્ષના દેવને પધરાવવામાં આવ્યા હતા. એટલે ભૂદેવ બોલ્યા, "લો, સ્વામી, પૂજાનો પ્રારંભ દેવના પૂજનથી કરો."

"ભૂદેવ, અમે પરોક્ષના દેવની પૂજા નહિ કરીએ. અમે તો સ્વામિનારાયણ ભગવાનની જ પૂજા કરીશું."

"શું તમે આપણાં શાસ્ત્રોને નથી માનતા ?"

“ના, અમે શાસ્ત્રથી પર છીએ.”

“સ્વામી, હું વેદ, પુરાણ તથા ભાગવત આદિ શાસ્ત્રો ભણ્યો છું અને એમાં જે વિધિ જણાવ્યો છે તે પ્રમાણે પૂજા કરાવું છું.”

“તમે પરોક્ષનાં શાસ્ત્રો ભણ્યાં છો પણ અમે તો વચનામૃત ભણ્યા છીએ. એમાં જે વિધિ જણાવ્યો છે તેમ અમે કરીશું.” ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વાર્તાલાપ સાંભળી કાંતિભાઈ, ગ્રામજનો તથા સત્સંગના અગ્રણીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. સૌના આશ્ચર્યનું કારણ એક જ હતું : “અરે આ સાધુ જબરી નિષ્ઠાવાળા છે. અત્યાર સુધી અમારે ત્યાં કેટલાય સાધુઓ આવા બોરના ઉદ્‌ઘાટનમાં કે કોઈક પ્રસંગે આવ્યા હશે પણ કોઈએ આવી નિષ્ઠા દેખાડી જ નથી. અરે છે નાના સાધુ પણ એમની નિષ્ઠા ભારે છે.”


આ પ્રસંગમાં સમાજના પ્રતિષ્ઠિતો, ગામના અગ્રગણ્યો તથા સત્સંગના મોટેરા બધા આવ્યા હતા. તે બધાયને આવી નિષ્ઠાની અડગતા રાખવામાં કેવું લાગશે એનો કોઈ જ વિચાર તેઓએ ન કર્યો. તેઓને કોઈની મોબત નહિ, શેહ-શરમ નહીં. તેઓએ બસ, એક મહારાજ સામે જ દૃષ્ટિ રાખી. આ જોઈને સર્વે પણ આભા જ બની ગયા. એટલામાં ભૂદેવ બોલ્યા, “સ્વામી, તમે પૂજા ન કરો પણ હું તો પૂજા કરું ને !” આમ કહી જ્યાં ભૂદેવ પરોક્ષ દેવની પૂજા કરવા જાય ત્યાં તો તે દેવ અદૃશ્ય થઈ ગયા. “અરે, દેવ ક્યાં ગયા ? દેખાતા નથી ?” એમ કહી તેઓ તે મૂર્તિ શોધવા લાગ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “ભૂદેવ, અમે અહીં જ્યાં સુધી છીએ ત્યાં સુધી તમારા દેવ તમને મળશે નહીં. સ્વામિનારાયણ ભગવાનની પૂજા કર્યા પછી જ તમારા દેવ આવશે.” બધાને એટલું નક્કી થઈ ગયું કે, “મહારાજે આ સ્વામીની નિષ્ઠાનો પરચો પૂર્યો છે.” ભૂદેવને તથા ગ્રામજનોને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂજાવિધિ માટે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ આપી. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મહારાજની ખૂબ પ્રગટભાવે-દિવ્યભાવે પૂજાવિધિ કરી. જ્યાં પૂજાવિધિ પૂર્ણ થઈ, ગુરુવર્ય પ.પૂ. બાપજી ઊભા થયા ત્યાં બાજુના ખેતરમાંથી દેવની મૂર્તિ મળી.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીની કોઈ પણ પ્રસંગે નિષ્ઠા અતિ અડગ રહી છે.

આજે એ દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રતાપે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી સ્વરૂપની સમગ્ર સમાજને ઓળખાણ થઈ છે. એ જ આપણા સૌ ઉપર તેમનો બહુ મોટો ઉપકાર છે. માટે અડગ નિષ્ઠાવાન ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







અનંતકોટિ બ્રહ્માંડો મૂર્તિમાં આવીને વિરામ કરે ત્યારે અમારો આરો આવે.

– જીવનપ્રાણ અબજીબાપાશ્રી

# ૪

# હું તો અનંતને મૂર્તિ વહેંચવા આવ્યો છું

દેવુભાઈની પરભાવની સ્થિતિ સમૃદ્ધ હતી. પણ એમના પિતાશ્રીનો આર્થિક વ્યવહાર દુર્બળ હતો. તેથી તેમને કિશોર અવસ્થાથી જ આ લોકનાં વ્યવહારિક કાર્યો નછૂટકે કરવા પડતાં. તેમાં એમની મુદ્દલ રુચિ નહીં. પોતે તો પરભાવનું સ્વરૂપ હોવા છતાં અલૌકિકપણું ઢાંકી વ્યવહાર કરતા.

દેવુભાઈના પિતાશ્રીને વાંસવા અને વાસણ એમ બે ગામમાં કરિયાણાની દુકાનો હતી. આર્થિક સંકડામણ રહેતી હોવાથી પિતાશ્રી જેઠાભાઈ દેવુભાઈને વાંસવા દુકાને બેસવા આગ્રહ કરતા. દેવુભાઈ કમને દુકાને તો બેસતા પરંતુ તેમની વૃત્તિ શ્રીજીમહારાજ તરફ આકર્ષાયેલી રહેતી.

તેઓ ઘરે હોય તો એકાંત માટે તેમના ઘરના મેડા ઉપર નાની ઓરડી જેવું હતું તેમાં ધ્યાન કરવા જતા રહેતા.

તેઓનો વિચાર બહુ સ્પષ્ટ હતો. તેઓ સંપ્રદાયમાં એક નૂતન ક્રાંતિના સર્જક હતા ને એના વિચારોમાં બાળપણથી જ રહેતા હતા એટલે વારે વારે મંદિરે જતા રહેતા.

તેઓ રોજ સવારે ઊઠી વાંસવા મંદિરમાં ઠાકોરજીને જગાડવાની, મંગળા

આરતી કરવાની સેવા કરતા. મંદિરની નાની-મોટી સેવા કરીને પાછા સૌને કથાવાર્તાનો લાભ આપતા. પછી તેઓ દુકાને બેસતા.

દેવુભાઈ દુકાને બેસતા તેમ છતાં ‘વચનામૃત’ આદિક ગ્રંથોના વાંચનમાં અને ભજનભક્તિમાં જ નિમગ્ન રહેતા. વેપાર કરવામાં રુચિ ન જણાવે. તેથી તેઓ અવારનવાર દુકાને તાળું મારી મંદિરે જતા રહેતા.

પિતા જેઠાભાઈ તથા ઘરના અન્ય સભ્યોને આ વાતની ખબર પડતાં દેવુભાઈને વારંવાર ઠપકો આપતા. પરંતુ તેઓના ઠપકાના પ્રત્યુત્તર રૂપે દેવુભાઈનો ઉત્તર બહુ સચોટ રહેતો.

**“હું આ તમારું પાવરી તેલ, ઘી ને ગોળ વેચવા નથી આવ્યો. હું તો મૂર્તિનો વેપારી છું અને અનંતને મૂર્તિ વહેંચવા આવ્યો છું.”** દેવુભાઈ આવી માર્મિક અર્થસભર શબ્દ શ્રેણીમાં પોતાના મૂલગામી સંકલ્પનો અણસાર પરિવારજનોને આપી દેતા.

દેવુભાઈના મુખે સંસારની ઉદાસીનતાના શબ્દો સાંભળી માતા ધોળીબા ચિંતિત થઈ જતાં. એમનું હૃદય આંતર રુદન કરતું.

તેઓ મનમાં ને મનમાં સમસમી રહેતા : “મારો દેવુ સોઝો (ઉત્તમ, ગુણિયલ) છે. તેણે કે’દિ પેટ ભરીને જમાડ્યું નથી. કોઈની પાસે કંઈ માગે તેવો નથી. અહીંથી એ ગમે ત્યાં જાય પછી એનું શું થશે ? એને એના પંડની કોઈ પ્રકારે ખેવના જ નથી. નર્યો તપ જ કર્યા કરે છે. તે કદી ઘરમાં બહુ રહેતો નથી. આખો દહાડો મંદિરમાં રહે છે. તેણે મને કોઈ રાવ (ફરિયાદ) કરી નથી. ગમે તેમ ચલાવી લે. કોઈ દિવસ રસોઈ ટાઢી-ઊની હોય, તીખી-મોળી હોય તોય કંઈ ન કહે. ઘરમાં પણ જતિની જેમ જ રહે છે. એને મારે વિષે હેત એટલે ક્યારેક મને બોલાવે. મેં એને સારામાં તો ક્યારેક ઢોકળા ને પૂડલા સિવાય કંઈ જમાડ્યું જ નથી. વળી, એય મારા આગ્રહને લઈ મને રાજી રાખવા જમે. બાકી એને તો સ્વાદ જ ક્યાં હતો... એણે ભગવાનમાં સ્વાદ માન્યો હતો. એને તો ભક્તિ જ એનો શ્વાસ...” આવા વિચારે ચડતાં ધોળીબાને દેવુભાઈની બહુ ચિંતા થતી હતી.

તેથી તેમને ચેન ન પડતું. વળી કેટલીક વાર તો તેઓ એકાંતમાં પોક મૂકીને રડી પડતાં.

પરંતુ સાથે સાથે ધોળીબા દેવુભાઈના સ્પષ્ટ હેતુને જાણતાં હતાં કે, “તેઓ

અસાધારણ બાળક છે. મહારાજના ધામમાંથી પધારેલા મોટા મુક્ત છે. માટે અમે ગમે તેટલા પ્રયત્ન કરીશું તોપણ દેવુભાઈ મારા રોક્યા રોકાવાના જ નથી. એ તો સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના વેપારને અર્થે જ આવ્યા છે, એમના અર્થે જ એમનું જીવન છે.”

પરંતુ એક માતૃહૃદયને લીધે તેઓ દેવુભાઈને ક્યારેક કહેતાં કે, “તમે ગૃહત્યાગ કરો તો મારા દેહાંતગમન બાદ કરજો પણ તે પહેલાં ન કરતા.”

ત્યારે દેવુભાઈ પણ ધોળીબા પાસે હૈયું ખોલી દીનભાવે કહેતા કે, “બા, આપ ક્યારે ધામમાં જાઓ અને ક્યારે હું ગૃહત્યાગ કરીશ ? એમાં તો ઘણો સમય વીતી જાય. માટે મને જવા દ્યો. બા, મને રજા દ્યો… અમને બાપાશ્રીએ જે સંકલ્પો પૂરા કરવા અહીં મોકલ્યા છે તે સંકલ્પોને ક્યાં સુધી અમે લંબાવ્યા કરશું ?”

આટલું સાંભળી ધોળીબાનો હૃદયબંધ છૂટી જતો; તેઓ ખૂબ રડતાં. પરંતુ બીજી તરફ દેવુભાઈનો સંકલ્પ પ્રબળ હતો એટલે તેઓ કોઈના રોકાયા રોકાય તેવા ક્યાં હતા !

એક સિદ્ધમુક્ત હોય એમ આ વિરલ સ્વરૂપ હવે ઘણુંખરું અંતર્મુખ રહેવા લાગ્યા. પરિવાર સંગે રહેવા છતાં જેમને ક્યારેય પારિવારિક સ્પૃહા સ્પર્શી નહોતી એ દેવુભાઈ હવે બાપાશ્રીની સંકલ્પ સેવામાં હોમાવા તત્પરતાથી તક શોધી રહ્યા હતા.

આ જ અરસામાં સંવત ૨૦૦૮માં (ઈ.સ. ૧૯૫૨માં) જીવનપ્રાણ અબજીબાપાશ્રીના અત્યંત કૃપાપાત્ર અને વારસદાર એવા મહાસમર્થ સિદ્ધમુક્ત સદ્. મુનિસ્વામી (કેશવપ્રિયદાસજી સ્વામી)નો દેવુભાઈને ભેટો થયો. જાણે ‘પ્રથમની પ્રીત હતી ને પ્રથમ મેળાપ થયો, દીપક જે પ્રેમ તણો અચાનક પ્રગટાઈ ગયો’ એ અનુસાર પ્રથમ મિલાપમાં જ દેવુભાઈને સદ્. મુનિસ્વામીનું અનન્ય-અપ્રતિમ ઘેલું લાગ્યું.

સદ્. મુનિસ્વામીનું સંપૂર્ણ આંતરમુખી જીવન, ઠરેલપણું અને સાધુતાના સોળે શણગારથી શોભતી સૌમ્ય મૂર્તિનાં દર્શન થતાં દેવુભાઈને અસાધારણ પ્રીતિ બંધાઈ ગઈ. અવરભાવમાં સદ્. મુનિસ્વામી દેવુભાઈ કરતાં ઉંમરમાં ૫૩ વર્ષ મોટા હોવા છતાં અવરભાવની ઉંમરનો ભેદ આડરૂપ થતો નહોતો.

સદ્. મુનિસ્વામી અવારનવાર નળકંઠા પધારતા ત્યારે તેઓ બધું ગૌણ કરી

સ્વામીના સાંનિધ્યમાં રહેવા તથા જોગ-સમાગમ માટે પહોંચી જતા. તેઓ સદ્. મુનિસ્વામીના સંગમાં રહેવા સંતમંડળની પ્રેમપૂર્વક તનતોડ સેવા કરવા મંડી પડતા. એમની સેવા-ભક્તિની અતૂટ શ્રદ્ધાથી સદ્. મુનિસ્વામી તેમના પર પ્રસન્ન થતા. અને આ પ્રસન્નતાથી દેવુભાઈનું હૃદય અતિ વૈરાગ્યથી વિભૂષિત બન્યું.

'ક્યારે ઘર છોડું' અને 'મહારાજ અને બાપાશ્રીના સંકલ્પમાં ભળું' એ વિચારથી એમને ક્યાંય ચેન પડતું નહીં. જાણે મહારાજ-બાપા વારંવાર સાદ કરી રહ્યા હતા : "દેવુભાઈ ! હવે વખત થઈ ચૂક્યો છે..."

ત્યાગ-વૈરાગ્યની ખાંડાધારે ચાલવાના એ મનોરથ જલદી પૂર્ણ કરવા દેવુભાઈ હવે તત્પર બન્યા. આથી પરિવાર-વ્યવહારનાં બંધનોથી દેવુભાઈ અકળાઈ જતાં એ પળ આવી પહોંચી.

નવ પ્રભાતના દિનકર (સૂર્ય)ની કૂણી તાજગી સર્વત્ર પ્રસરે તે પહેલાં જ વાસણ ગામમાં એક અસાધારણ ઘટના ઘટી ગઈ.

રાત્રિના બે વાગ્યે ઘરના કોઈ જ સભ્યોને જાણ કર્યા વિના દેવુભાઈએ અનંતને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ વહેંચવા ગૃહત્યાગ કર્યો.

દેવુભાઈ જે માટે પધાર્યા હતા તે માટે માબાપ-પરિવારને મૂકી ત્યાગાશ્રમ સ્વીકાર્યો. આ મંગળ ઘડી હતી સંવત ૨૦૧૨ની (ઈ.સ. ૧૯૫૬ની). ૨૩ વર્ષની યુવાન વયે ત્યાગાશ્રમ સ્વીકારી સદ્. ગોપાળાનંદ સ્વામીના વારસદાર અ.મુ. સદ્. શ્રી મુક્તજીવન સ્વામીબાપાને અને ત્યારપછી સદ્. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીને દીક્ષાગુરુ અને અ.મુ. સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીને (સદ્. મુનિસ્વામીને) જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી 'સાધુ દેવનંદનદાસજી' એવું નામ ધારણ કર્યું.

મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણે એવા દિવ્ય સત્પુરુષની આપણને ભેટ આપી છે કે જેમની પાસે એક જ વેપાર છે : 'મૂર્તિ... મૂર્તિ... મૂર્તિ...' અને આજે આપણે સૌ જોઈ રહ્યા છીએ કે એ દિવ્યપુરુષનો મહારાજ ઓળખાવવાનો, મહારાજના સ્વરૂપને જીવમાં પધરાવવાનો કેટલો બધો આગ્રહ છે ! એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૫

## ગુરુમહિમાનું મૂર્તિમંત સ્વરૂપ

ગુરુવર્ય પ.પૂ. બાપજી ત્યાગાશ્રમ બાદ કડી મંદિરે બિરાજતા. ખાખરિયાના હરિભક્તોને કથાવાર્તાથી ખૂબ સુખિયા કરતા. અંતરમાં સદ્. મુનિસ્વામીનાં દર્શનની ઈચ્છા રહેતી, પરંતુ શિખરબદ્ધ મંદિરમાં ઠાકોરજીની સેવા તેમજ અધિક જવાબદારીના કારણે દર્શને ન જઈ શકે.

એક દિવસ ખાખરિયાના હરિભક્તો સદ્. મુનિસ્વામીનાં દર્શન-સમાગમનો લાભ લેવા પાટડી જતા હતા. ગુરુમહિમાથી ઓતપ્રોત એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તોને વિનંતી કરી કે, “સદ્. મુનિસ્વામીનાં મારા વતી દર્શન કરી દંડવત સહિત જય સ્વામિનારાયણ કહેજો.” હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યા મુજબ ‘જય સ્વામિનારાયણ’ પાઠવ્યા.

સદ્. મુનિસ્વામીએ અતિ સ્નેહે પોતાના વ્હાલા શિષ્યને જય સ્વામિનારાયણ કહ્યા તથા પત્ર સ્વરૂપે સાદા કાગળમાં એક ચિઠ્ઠી લખી કે,

**“તમને મહારાજની મૂર્તિમાં રાખ્યા છે. તમને ખૂબ ખૂબ સુખિયા કરીશું. તમે પણ હરિભક્તોને ખૂબ સુખિયા કરજો.”**

હરિભક્તોએ કડી આવી ગુરુવર્ય પ.પૂ. બાપજીને સદ્. મુનિસ્વામીની આ

પ્રસાદીરૂપ ચિઠ્ઠી પત્ર રૂપે આપી.

તેને વાંચતાંની સાથે તેઓને અદ્‌ભુત અવર્ણનીય દિવ્યતાનો અહેસાસ થયો. તેમના પ્રત્યે અતિશે આકર્ષણ થયું, ખેંચાણ થયું, રહેવાય નહિ એવી મળવાની-દર્શનની તત્પરતા જાગી.

“ઓહોહો ! સ્વામીએ પ્રસાદીની ચિઠ્ઠી મોકલી !!!” આટલું કહેતાંની સાથે તેઓએ ચિઠ્ઠીનાં દંડવત-દર્શન કર્યાં. પછી ચિઠ્ઠી હૃદય સરસી ચાંપી ઘણીયે વાર સુધી અહોભાવમાં ડૂબેલા રહ્યા.

સદ્. મુનિસ્વામી થકી મળેલ આશીર્વર્ષા સમી આ ચિઠ્ઠી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂજામાં ૩૫ વર્ષ સુધી સાચવી.

• • •

સંવત ૨૦૧૮માં સદ્. મુનિસ્વામી પ્રત્યેનો અપાર મહિમા તેમને તેમની પાસે ખેંચી ગયો. સદ્. મુનિસ્વામીને જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી તેમની પાસે જ સેવામાં રહેવાની ઈચ્છા જણાવી.

ત્યારે સદ્. મુનિસ્વામીએ કહ્યું, “સ્વામી, અમારી પાસે જે કાંઈ શાસ્ત્રો, આસન, ઓરડી હતું તે બધું તો આ સાધુને વહેંચી દીધું છે. હવે અમારી પાસે તમને આપવા જેવું બીજું કાંઈ નથી.”

ગુરુમહિમાનું મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી શું આ લોકના પદાર્થની ઈચ્છા રાખે ?

તેમણે સદ્. મુનિસ્વામીને દીનભાવે પ્રાર્થના કરી કે, “બાપા, મારે બીજું તો કાંઈ જ જોઈતું નથી. આપ રાજી થઈ મને આપના જ્ઞાનનો તથા સિદ્ધાંતનો વારસો આપો. આપના જેવા દિવ્ય કલ્યાણકારી ગુણોનો વારસો જોઈએ છે... એ મને આપો. દયાળુ, બસ મારી તો આ એક જ અરજ છે...”

સદ્. મુનિસ્વામી પોતાના જ્ઞાનનો તથા સિદ્ધાંતનો વારસો આપવા યોગ્ય શિષ્યને શોધતા હતા; મહારાજના સંકલ્પોનું પૂર્વાપર આયોજન જ ન હોય તેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ વારસો પામ્યાની જ યાચના કરતા હતા. તેથી તેઓ અતિશય રાજી થઈ ગયા.

સદ્. મુનિસ્વામી ગુરુવર્ય પ.પૂ. બાપજીના મસ્તક ઉપર બે હસ્ત મૂકી, પોતાના ખરા જ્ઞાનનો તથા સિદ્ધાંતનો વારસો આપતા બોલ્યા, “સ્વામી, મહારાજ અને બાપાના સર્વોપરી સિદ્ધાંતોના પ્રચાર માટે આપણો જન્મ છે. એ સિદ્ધાંતનો

વારસો તો તમે લઈને જ આવ્યા છો, આપવાની જરૂર નથી. માટે અમે ન હોઈએ ત્યારે બાપાશ્રીના હેતવાળા સમગ્ર સમાજને સુખિયા કરજો. મહારાજ-બાપાનો એમાં ખૂબ જ રાજીપો છે.''

કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતના ખરા વારસદાર ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સાધુતાસભર દિવ્યજીવન જીવીને ગુરુનું શિષ્યત્વ અદકેરું શોભાવ્યું છે ને શોભાવી રહ્યા છે.

●●●

''સદ્. મુનિસ્વામી જેવું ભવ્ય અને પ્રચંડ સ્વરૂપ આ બ્રહ્માંડમાં જ્યાં સુધી બિરાજે છે ત્યાં સુધી મારે તો તેમનો લાભ લઈ જ લેવો છે. અને અનંત મુમુક્ષુને પણ લાભ લેવડાવવો છે.''

આવો અહોભાવ સદ્. મુનિસ્વામી વિષે ગુરુવર્ય પ.પૂ. બાપજીને નિરંતર વર્તતો. બસ, ગુરુનું મુખ્યપણું, તેમનો જ મહિમા સૌને થાય તેમ જ વર્તતા.

''દેવસ્વામી, વર્તમાન ધરાવો ને !''

''અલ્યા, વર્તમાન તો મોટા સંત ધરાવે... આપણા ગુરુ મુનિસ્વામી અત્યારે પાટડી બિરાજે છે... ત્યાં તમે જજો... અને મુનિસ્વામી પાસે જ વર્તમાન ધરાવજો... સ્વામી બહુ મોટા છે... સમર્થ પાર્ટી છે... સદ્. મુનિસ્વામી ૧૧૦% સંકલ્પ સ્વરૂપ છે. તેના માટે હું આખા બ્રહ્માંડના સમ ખાઉં. તમારું પૂરું થઈ જશે... છેલ્લો જન્મ થઈ જશે... માટે હવે રાહ ન જોશો...''

તેઓ મોટા મંદિરે બિરાજતા હોવા છતાં નવા મુમુક્ષુને વર્તમાન ધરાવવા સદ્. મુનિસ્વામી પાસે પાટડી મોકલતા. પોતે સમર્થ સ્વરૂપ હોવા છતાં ગુરુ મુનિસ્વામી આગળ દાસત્વભાવ જ દાખવતા.

''દેવસ્વામી, 'બીડીઓ' છૂટતી નથી... 'ચા' છૂટતી નથી... સ્વામી, સ્વભાવો ટળતા નથી, દોષો પીડે છે...'' આવી કેટલીય પ્રાર્થનાઓ લઈ ભક્તો આવે ત્યારે એ દિવ્યપુરુષ સમર્થ હોવા છતાં તે ભક્તોને સદ્. મુનિસ્વામી પાસે મોકલતા : ''તમે સ્વામી પાસે જાવ... સ્વામીનાં દર્શને બધું ટળી જશે, બળી જશે ને ગોત્યું હાથ નહિ આવે માટે પાટડી જાવ... સ્વામી દયાળુ છે, દયા કરશે...''

●●●

''આ બધી મુનિબાપાની લીલી વાડી છે. તે શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મુનિસ્વામીનો જ પ્રતાપ છે.''

“મુનિબાવો એટલે મુનિબાવો. મારે મુનિસ્વામી સાથે મા-દીકરા જેવું હેત. મેં એમના જેટલો મહિમા કોઈનોય ગાયો નથી. મને વેવલાવેડા કરતા નથી આવડતા કે મોટા ન હોય તોય ગાણાં ગાઉં, પણ કોઈ મારું માથું કાપી નાખે તોપણ મુનિસ્વામીનો મહિમા ગાયા વિના ન રહું.”

“મુનિબાપાને તો સ્વયં બાપાએ પ્રમાણ કર્યા છે. સ્વામીની વાત બહુ અલૌકિક, બહુ જુદી. સાધુતાની મૂર્તિ, દિવ્ય કલ્યાણકારી ગુણોનો ભંડાર. હજારો સંતો બેઠા હોય પણ તેમાં મુનિસ્વામીનો પ્રભાવ બહુ પડે. આખી સભાના સંકલ્પ બંધ થઈ જાય. બધા સંતો સ્વામી આગળ ઝાંખા પડી જાય. મોટા મોટા લીમડાવાળા હરિપ્રસાદસ્વામી જેવા સંતો પણ સ્વામીના ખોળામાં માથું નાખી આશીર્વાદ માગતા.”

સભા, ઉત્સવ, સમૈયા કે મોટા મહોત્સવો હોય ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખેથી સદ્. મુનિસ્વામી વિષેનો ઉપરોક્ત મહિમા અસ્ખલિત વહ્યા જ કરતો હોય છે.

“મુનિસ્વામી... મુનિસ્વામી... મુનિસ્વામી” શબ્દ બોલતાં બોલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનું મુખારવિંદ ગદ્ગદિત થઈ જાય. એમનાં નેત્રો અશ્રુભીનાં બની જાય. એમના હસ્ત મસ્ત બની વાયુ વીંધતા થઈ જાય ને રોમેરોમમાં ગુરુમહિમાનો સિંધુ ઊલટી જાય... જાણે ચકોરને ચંદ્ર મળ્યો હોય અને એને કેટલો આનંદ હોય !!!

ગુરુમહિમામાં અપરંપાર રાચી ગુરુનો મહિમા સમજવાની શ્રેષ્ઠ રીત શીખવનાર અનંતના પ્રેરણામૂર્તિ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૬

# મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી

સદ્. મુનિસ્વામીનું સાંનિધ્ય એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે તો જાણે 'ઘી અને ગોળનાં ગાડાં.' સુખ, સુખ અને સુખનો ધોધ. આનંદનાં વધામણાં... સદ્. મુનિસ્વામી પધાર્યાની ભાળ; જાણે એમના હૈયે અમૃતની હેલી...

ગુરુવર્ય પ.પૂ. બાપજી એ સ્વાનુભવ વર્ણવતાં ઘણી વાર કહેતા હોય છે કે,

"મહારાજે મને સદ્. મુનિસ્વામીને વિષે કદી મનુષ્યભાવનો સંકલ્પ ઊઠવા જ દીધો નથી. સ્વામીને નિરંતર દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિએ જ નિહાળ્યા છે. સ્વામીનું બોલવું; એમનું ચાલવું; એમનું જમાડવું; એમની વાતું કરવી-સાંભળવી આ બધી જ ક્રિયામાં મને બહુ સુખ આવતું. અને એમાંય સ્વામીની ધોળી ધોળી દાઢી...

આહાહા... શું એ દાઢી !! એ દાઢીનાં દર્શન કરતાં આંખો કદી તૃપ્ત જ ન થાય... કારણ, એ દાઢીમાં પણ મને દિવ્યતાનાં દર્શન થતાં.

વળી સ્વામી જ્યારે જમાડતા હોય અને 'રોટલી' શબ્દનો ઉચ્ચાર 'રોઈટલી' બોલે ત્યારે તો બહુ સુખ આવતું.

સ્વામી જ્યારે પોઢ્યા હોય ત્યારે પણ એમના સાંનિધ્યમાંથી મને દૂર જવાની

ઈચ્છા જ ન થાય. બસ, એ દિવ્ય મૂર્તિને નિહાળ્યા જ કરું... નિહાળ્યા જ કરું... એવી અતૃપ્તિ મને સદાય રહ્યા કરતી.''

•••

સદ્. મુનિસ્વામી પ્રત્યેના દિવ્યભાવનાં દર્શનની વાત ઘણી વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે, **“અનંતકોટિ બ્રહ્માંડો આવીને સદ્. મુનિસ્વામીને હાથ જોડીને પ્રાર્થના કરે કે, ‘સ્વામી ! અમારું પૂરું કરો’ તો એક સેકન્ડમાં આ દિવ્યપુરુષ અનંતને મૂર્તિના સુખમાં મૂકી દે.”**

એક વખત કોઈ હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું કે, ‘‘આપને સદ્. મુનિસ્વામીનો કેવો મહિમા છે ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું કે, ‘‘હું આસને અને પૂજામાં બીજા સદ્ગુરુની એક એક મૂર્તિ રાખું છું, પરંતુ સદ્. મુનિસ્વામીની બે મૂર્તિ રાખું છું એવો મને સ્વામીનો મહિમા છે.'' અર્થાત્ બાપાશ્રીએ વાતોમાં જણાવ્યા મુજબ ‘સર્વેને મોટા સમજવા પરંતુ જેના થકી આપણને સુખ મળતું હોય તેમને અતિ મોટા સમજવા.’ એ બાપાશ્રીનો અભિપ્રાય ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં સ્પષ્ટ દર્શન થાય છે.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી ગુરુના મહિમાથી અહોનિશ છલકાય છે.

•••

જ્યારે સદ્. મુનિસ્વામી પાટડી બિરાજતા ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીનો લાભ લેવા વર્ષમાં ત્રણ મહિના બળદિયા ને પાટડી જતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી અવારનવાર જણાવતા હોય છે કે, ‘‘સદ્. મુનિસ્વામી શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ હતા એમ હું નિરુત્થાનપણે સમજું છું. કેમ જે સ્વયં મહારાજે મને સદ્. મુનિસ્વામીના પરભાવનો-દિવ્યતાનો અનુભવ કરાવ્યો હતો. માટે સદ્. મુનિબાપા સંકલ્પ સ્વરૂપ હતા એવો મેં અનુભવ કરેલો. એટલે જ એમને વિષે મને અપ્રતિમ પ્રીતિ ને દિવ્યભાવ રહેતો અને આજે પણ છે.''

આથી જ સદ્. મુનિસ્વામીના અવરભાવના સ્વરૂપમાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી સદા અલૌકિક પરભાવનો મહિમા સમજતા અને જોગમાં આવનાર સૌને સમજાવતા.

•••

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અંતરે વહેતું સદ્. મુનિસ્વામી પ્રત્યેના અપાર-અગાધ

મહિમાનું ઝરણું પ્રેરણા પીયૂષ પૂરાં પાડી, અનંત મુમુક્ષુઓની તૃષાને છિપાવતું હતું.

**'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ'** અર્થાત્ 'સારા કામમાં સો વિઘ્ન' તેમ મહિમાની વાતો કરવા અને સાંભળવા જેવા શુભ કાર્યમાં પણ ઘણાં વિઘ્નો હોય છે. તેમ તેઓને પણ સદ્. મુનિસ્વામીનો મહિમા સમજવામાં ને ગાવામાં ઘણાં વિઘ્નો હતાં.

એક વખત કોઈએ સદ્. મુનિસ્વામીને ફરિયાદ કરતાં કહ્યું કે, "સ્વામી, આ દેવસ્વામી તમારો અને બાપાશ્રીનો મહિમા બહુ ગાય છે. માટે એમને તમે ના પાડો."

ત્યારે સદ્. મુનિસ્વામીએ ટૂંકા અને સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપતાં કહ્યું કે, "ભલે ને ગાય... એમાં ખોટું શું છે ? જેના જીવમાં હોય તે ગાય."

એટલું કહ્યા બાદ સદ્. મુનિસ્વામીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આજ્ઞા કરતાં કહ્યું કે, "મહારાજ અને મોટાનો મહિમા ખૂબ કહેવો. એના માટે તો આપણો જન્મ છે. એમાં પાછી પાની કરવી જ નહીં."

ફરિયાદ કરવા આવેલા બધા અવાચક થઈ મનોમન વિચારી રહ્યા : "અલ્યા, આ શું થયું ? સ્વામી તો દેવસ્વામીને ના પાડવાને બદલે ઉપરથી વધુ માથે ચડાવે છે."

સદ્. મુનિસ્વામીના દિવ્ય પ્રભાવથી કોઈ બોલી ન શક્યા. તેમને આ દીઠું ન ગમ્યું. પણ હવે તે શું કરે ?

પણ સદ્ગુરુશ્રીનાં વચન સાંભળી ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો જાણે 'ભાવતું ભોજન વૈદે દવામાં બતાવ્યું' એવું બન્યું. તેમને તો ગુરુમહિમા ગાવાનો આનંદ ઊભરાતો હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એ દિવસથી અદ્યાપિ મહારાજ અને મોટાનો અલૌકિક મહિમા કહેવામાં સોંપો પડવા દીધો નથી.

ગુરુને માત્ર ગુરુ નહિ, સત્પુરુષ સમજી એક શિષ્ય તરીકે દિવ્યભાવે કઈ રીતે સેવાય...? જેથી દિવ્ય સમજતાં સમજતાં એમના જેવા દિવ્ય થઈ જવાય. એમના સર્વે ગુણો બેઠા આવી જાય એવી અદ્ભુત રીત વર્તીને શીખવનાર આ દિવ્ય સત્પુરુષના ચરણોમાં કોટિ કોટિ વંદના...

અનંત જીવોને શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા અને ગુરુ મુનિબાપાનો મહિમા સમજાવતા ગુરુવર્ય પ.પૂ. બાપજી



# ૭

# આજ્ઞા એટલે આજ્ઞા

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે મોટેરા સંતો કહેતા હોય છે, ''બાપજી એટલે આજ્ઞાપાલનની સાક્ષાત્ મૂર્તિ. આજ્ઞાપાલનમાં અજોડ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીનો જોટો આ સંપ્રદાયમાં જોવા નહિ મળે.''

ગઢડા છેલ્લાના ૩૮મા વચનામૃતના શબ્દો 'ભગવાનનું અલ્પ વચન હોય તેમાં પણ ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય.' એ વ્હાલા બાપજીના જીવનમાં તાદશ્ય દેખાય અને એટલે જ તો, ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે આજ્ઞાનો પર્યાય...

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યારે મોટા મંદિરે બિરાજતા ત્યારે તેઓ સત્સંગ સેવા અર્થે વિચરણમાં પધારતા. તે સમયે ભક્તો ધર્માદો કે ધોતિયાં આપતા તો તેઓ જેવા મોટા મંદિર પરત પધારે એટલે સાથે રાખેલ હરિભક્તને મોટા મંદિરના કોઠારમાં લઈ જઈ પાસે ઊભા રહી હિસાબ અપાવતા.

તો વળી, તેઓને આસને કોઈ ભેટ કે પદાર્થો આપતા તેનો હિસાબ પણ તેઓ તરત જ કોઠારીને જઈ આપી આવતા; પણ ક્યારેય મહારાજે કરેલી આજ્ઞામાં જરાય છૂટછાટ લીધી નહોતી.

આથી તે સમયના પ્રવર્તમાન કોઠારી તથા આચાર્ય મહારાજશ્રી સંતો સમક્ષ કહેતા, “આપણે ત્યાં સાધુ તો ઘણા છે. પરંતુ એ બધામાં આ એક દેવસ્વામી એવા છે કે જે ક્યારેય કોઈ પદાર્થ, ધોતિયાં કે ભેટ કદીયે પોતાના આસને રાખતા નથી. બધું જ કોઠારમાં જમા કરાવી દે છે. તેઓ તો શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ નિઃસ્નેહી વર્તમાનની આજ્ઞા ખૂબ અણીશુદ્ધ સ્વરૂપે ખબડદાર થઈને પાળે છે.”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ‘શિક્ષાપત્રી’, ‘ધર્મામૃત’, ‘નિષ્કામશુદ્ધિ’ અને ‘વેદરસ’ આદિ ગ્રંથોમાં શ્રીજીમહારાજે વર્ણવેલ પંચવર્તમાનની આજ્ઞાઓને શિર સાટે પાળી છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરમાં બિરાજી સૌને સુખિયા કરતા હતા. તે વખતે સાથે રહેનાર સંતો-હરિભક્તો કાયમ ભવિષ્યની ચિંતા કરાવી પૈસા રાખવા આગ્રહ કરતા.

એટલું જ નહિ પરંતુ એક વખત મંદિરના મોટેરા સંતે બોલાવી ભવિષ્યની ચિંતા કરાવતાં કહ્યું હતું કે, “દેવસ્વામી, અત્યારે આ કળિયુગ છે. ભવિષ્યમાં કોઈ એવા શિષ્ય સેવા કરનાર ન હોય અને સાજા-માંદા થાવ તો તે વખતે દવા માટે પૈસાની જરૂર પડશે તે દી’ શું કરશો ? પાસે પૈસા હશે તો કો’ક સેવા કરશે; નહિ તો કોઈ સામુંય નહિ જુએ. માટે છાનામાના નિયમ નિયમ કર્યા વગર પૈસા રાખવા માંડો; અમે પણ બધા રાખીએ જ છીએ.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોટેરા સંતને જવાબ આપતાં કહ્યું કે, **“મેં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન માટે મૂંડાવ્યું છે અને એમની ચૂંદડી ઓઢી છે. માટે મારું શું થશે એની ચિંતા શા સારુ કરું ? પૈસાનો વિશ્વાસ અને અનંતકોટિ બ્રહ્માંડના ધણીનો વિશ્વાસ નહીં ?** હું મહારાજ અને બાપાનો બચ્ચો છું. સિંહ સો લાંઘણેય ખડ ન ખાય તેમ ગમે તેવા સંજોગ આવશે તોપણ શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞામાં ફેર નહિ પડે. મારા માટે આજ્ઞા એટલે આજ્ઞા. માટે એ તો નહિ જ બને. મેં જેની ચૂંદડી ઓઢી છે એ જ મારા રક્ષણહાર છે માટે મને શ્રીજીમહારાજ પર સંપૂર્ણ ભરોસો છે કે એ સમયે સાચવી જ લેશે. ચિંતા બધી એ જ રાખશે. પૈસાનો આશરો લેવો આ તો વળી કેવી સમજણ ? આ તો કેવી તમારી સલાહ !”

ખીચડીમાં નાખવા હળદર નહિ, જોડ્યમાં કોઈ સાધુ નહિ અને એ સમયે

નર્યો આપત્કાળ તોય એ દિવ્યપુરુષે અલ્પ આજ્ઞાને મહત્ આજ્ઞા સમજી ટકોરાબંધ પાળી છે.

•••

મોટા મંદિરે બિરાજતા એ દિવસોમાં એ દિવ્યપુરુષે અવરભાવમાં ટાઈફૉઈડના મંદવાડની લીલા ગ્રહણ કરી હતી. ત્યારે તેઓના આસને આવનાર ગણ્યાગાંઠ્યા બે-ચાર હરિભક્તો હતા. આવા અસહ્ય મંદવાડમાં તેઓને એકલપંડે ચોકડીએ સ્નાન કરવા જવાનું થાય ત્યારે કોઈ સંત સાથે નહીં.

એક બાજુ ચક્કર આવતાં તો બીજી બાજુ અસહ્ય ધખધખતો તાવ. કોઈ રસોઈ બનાવી આપનાર નહિ, તેથી ત્રણ-ત્રણ દિનના સળંગ ઉપવાસ થયેલા. છતાં કોઈ હરિભક્તને જાણ પણ ન થવા દીધી. પણ એવામાં એક હરિભક્તને ખબર પડવાથી તેઓ વૈદને બોલાવી લાવ્યા.

વૈદ ગુરુવર્ય પ.પૂ. બાપજીની નાડી તપાસી બોલ્યા કે, "સ્વામી, ટાઈફૉઈડ થઈ ગયો છે માટે તમારે અનાજ તો નહિ જ જમાય. તમારે ફક્ત પ્રવાહી અથવા દૂધ-ફ્રૂટ લેવાશે."

આસનની સ્થિતિ જોઈ થોડી વાર પછી તેઓ બોલ્યા કે, "પણ સ્વામી, આપને અહીં દૂધ-ફ્રૂટ કોણ લાવી આપશે ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજી કશું જ બોલ્યા નહીં. કેવળ મૌન ધારણ કરી રાખ્યું. ત્યારે વૈદરાજ આખી પરિસ્થિતિને સમજી ગયા ને બોલ્યા, "લો સ્વામી, આ દસ રૂપિયા રાખો. આપને જ્યારે દૂધ-ફ્રૂટની જરૂર જણાય ત્યારે મગાવી લેજો."

આમ કહી તેઓ દસ રૂપિયા આપવા જાય છે ત્યાં તેમને અટકાવતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "વૈદજી, અમારે સંતોને પૈસા કે રૂપિયાને અડાય પણ નહિ તો રખાય તો કેમ ? એમાં મહારાજે આપેલ અમારું નિર્લોભી વર્તમાન લોપાય."

વૈદરાજે કહ્યું, "સ્વામી, આપના માટે અત્યારે આ આપત્કાળ કહેવાય ને ! એમાં તો છૂટછાટ લેવાય."

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "ભાઈ, શાનો આપત્કાળ ? અમને તો શ્રીજીમહારાજ રાખે તેમ રહેવાનું ને દેખાડે તે જોવાનું. બધું અમારા શ્રીજીમહારાજની મરજીથી થાય છે. પણ અમે અમારા નિયમ-ધર્મમાં જરાય છૂટછાટ નહિ લઈએ. આપ રાજી રહેજો ને જો આપે અમારી સેવા કરવી હોય તો

આ રીતે ન કરશો. આપ અમને દૂધ-ફ્રૂટ આપી જજો ને દર્શનનો અને સમાગમનો લાભ લઈને જજો.''

આવા અતિ ગંભીર મંદવાડ ને અતિ દુષ્કર પરિસ્થિતિમાં પણ એ દિવ્યપુરુષની નિયમ-ધર્મની દૃઢતા જોઈ વૈદરાજ તો આભા જ બની રહ્યા. ત્યારબાદ તેઓ દરરોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવતા ને દૂધ-ફ્રૂટ લાવતા તથા સમાગમનો લાભ લઈને જતા.

● ● ●


એકાદશીનો દિવસ હતો. ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અવરભાવનું સ્વાસ્થ્ય આજે નાદુરસ્ત હતું. શરીરે ખૂબ તાવ અને કળતર હતી. ડૉક્ટરની સલાહ મુજબ આરામની સખત જરૂર હતી.





માટે સંતોએ પ્રાર્થના કરી, ''બાપા ! આપને આરામની જરૂર છે માટે આપ આરામ કરો તો સારું.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''સંતો, આજે એકાદશી છે. મહારાજની આજ્ઞા છે માટે દિવસની નિદ્રાનો અતિશે યત્ને કરીને ત્યાગ કરવો જોઈએ. માટે અત્યારે આરામ ન જ કરાય.''

સંતોએ ખૂબ વિનંતી, પ્રાર્થના કરી છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી એકના બે ન જ થયા.

આવા અનેક આજ્ઞાપાલનની અડગતા માટેના દિવ્ય પ્રસંગોની એક અસ્ખલિત શૃંખલા કંડારી શકાય એમ છે. અને એ શૃંખલાની પ્રત્યેક કડીએ કડીએ અંતરમાંથી એક જ નિનાદ ઝળીહળી ઊઠે છે : 'ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે આજ્ઞામાં અડગતાની મૂર્તિ', 'ટેકની મૂર્તિ' અને 'શ્રીહરિનાં વચન ઝીલતી સાક્ષાત્ સાંગોપાંગ અદ્વિતીય વચનની મૂર્તિ...' ત્યારે આવા આજ્ઞાપાલનના વાગીશ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...



પ.પૂ.બાપજીની અણનમ સાધુતા અને સિદ્ધાંતનિષ્ઠાને
સંપ્રદાયના મોટા માંધાતા પણ આંબી શકે તેમ નથી.

**– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી**

# ૮

# સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે

"આ સ્વામી કોણ છે ? જુઓને, કેટલા ભગવદ્ પરાયણ છે ! છેલ્લા દોઢ કલાકથી હું જોઉં છું; તેઓ એકાગ્રતાથી ઘનશ્યામ મહાપ્રભુની પ્રદક્ષિણા કરી રહ્યા છે."

"અરે, એ તો દેવસ્વામી છે..."

"ભાઈ, આ સ્વામી મોટા લાગે છે ! જ્યારે જ્યારે હું મોટા મંદિરે આવું છું ત્યારે ત્યારે મેં તેમને ઘનશ્યામ મહારાજમાં પ્રેમભાવથી નિમગ્ન થતા અને આરતીનાં દર્શન કરતા જોયા છે."

"હા, ભાઈ તમારી વાત એકદમ સાચી છે... એ સાધુતાવાળા સંત છે... મોટા છે... એવું મેં અનુભવ્યું છે અને ઘણા હરિભક્તોના મુખે પણ સાંભળ્યું છે."

"મને તો આ સ્વામીને જોઈ નમન કરવાનું મન થાય છે..."

"હા... ભાઈ, આ સ્થાનમાં... ચારસો ચારસો સાધુઓ છે પણ એ સૌથી નોખા અને અનોખા છે. એક બાજુ ચારસો સાધુ હોય ને બીજી બાજુ તેઓ હોય તો એમની નિર્દંભ ને પવિત્ર સાધુતા ચડી જાય એમ છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાની આભા જોઈ નવા મુમુક્ષુઓ આવા વાર્તાલાપના શબ્દોથી તથા તેમની પ્રતિભાથી પ્રભાવિત થઈ તેઓની તરફ સહેજે સહેજે આકર્ષાતા.

તેથી નવા મુમુક્ષુઓ અન્ય કોઈને ન નમે પરંતુ તેમનાં મસ્તક ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં નમી જતાં.

દિવસ ઊગે ત્યારે જીવ-પ્રાણીમાત્ર ખુશ થાય પરંતુ ઘુવડ દુઃખી થઈ જાય. તેમ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા જોઈ અનેક નવા મુમુક્ષુઓ તથા સંતો રાજી થતા. પરંતુ તેઓ જીવનપ્રાણ બાપાશ્રીનો મહિમા કહેતા તથા શુદ્ધ સર્વોપરી ઉપાસના અને વર્તનની વાત કરતા તેથી કેટલાક પરંપરાના બંધનને લીધે વિરોધો કરતા. છતાંય તેઓ અંદરખાને તો તેમનો મહિમા સમજતા.

મોટા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજી બિરાજતા ત્યારે તેમણે રમણભાઈ કાછિયાને પ્રદક્ષિણામાં સત્સંગ કરાવેલો. તેઓ સત્સંગમાં બળિયા થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને દર્શન-સમાગમનો લાભ લેવા અવારનવાર આવતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની કાયમી રીત મુજબ તેમને એકલા બેસાડી બેસાડી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને નિયમ-ધર્મની દૃઢતા કરાવતા. તેમને મંદિરમાં રહેતા એક વડીલ પાર્ષદ ભગત સાથે હેત હતું. તેથી તેઓ અવારનવાર તેમનાં દર્શન માટે પણ જતા.

એક સમય રમણભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને સતત પાંચ-સાત દિવસથી સમાગમ કરવા આવતા હતા. એક દિવસ બે-ચાર સંતો તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસનેથી આવતા જોઈ ગયા. તેઓને ખ્યાલ હતો કે રમણભાઈને આ ભગત સાથે હેત છે.

તેથી તેઓએ આ ભગતને બોલાવ્યા અને તેમની હાજરીમાં રમણભાઈને ધમકાવવા માંડ્યા કે, “રમણભાઈ, એ દેવસ્વામી તો બાપાવાળો છે, આપણે બાપાને માનતા નથી. માટે એની જોડે નહિ જવાનું, તેની વાત નહિ સાંભળવાની; નહિ તો તે તમને ભરમાવી દેશે.”

રમણભાઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા અને નિયમ-ધર્મથી મહિમા થયો હતો. તેથી તેમને સંતોની વાતમાં કાંઈ સમજાયું નહીં.

થોડી વારે સંતો ગયા પછી તેમણે આ ભગતને પૂછ્યું કે, “હું શું કરું ? દેવસ્વામીના આસને કથા સાંભળવા જાઉં ?”

આ ભગત ગુરુવર્ય પ.પૂ. બાપજીના સિદ્ધાંતવાદી જીવન અને સાધુતાથી

પરિચિત હતા તેથી અહોભાવ સાથે કહ્યું કે, "જો આ મંદિરમાં ચારસો સાધુ છે તેમાં દેવસ્વામી છે એ એક જ સાચા હીરા જેવા સાધુ છે. તેમની સાધુતામાં લગીરેય પોલ નથી. અમે તો આબરૂ ને મર્યાદાના માર્યા એમની પાસે જઈ શકતા નથી. પરંતુ તમે જરૂર તેમનો સમાગમ કરજો એવી હું તમને અંગત ભલામણ કરું છું. બધા ભલે બોલતા હોય પણ તમે કોઈની સામે ન જોતા. એમનો લાભ લેવાય એટલો લઈ લેજે."

"સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે." એમ, પાર્ષદવર્ય બાપાના હેતવાળા ન હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતાનાં ચાર મુખે વખાણ કરતા અને પોતાના હેતવાળાને પણ સમાગમ કરવાની ભલામણ કરતા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરમાં ચારસો સાધુઓની વચ્ચે એકલાઅટૂલા હતા. જ્યાં બાપાશ્રીનું નામ લેવામાં ૧૧૦% જોખમ હતું તેવા સ્થાનમાં બાપાશ્રીના થઈને રહેવું તે ઘણું જ દુષ્કર હતું.

છતાં એ દિવ્યપુરુષ છડેચોક રહસ્યાર્થ વચનામૃત ને બાપાશ્રીની વાતોનો પ્રચાર-પ્રસાર કરતા રહ્યા.

તેથી મોટા મંદિરમાં કેટલાક કહેતા કે, "આ મંદિરમાં કેટલાક પચાસ ટકા તો કોઈ પંચોતેર ટકા ને કોઈ નેવું ટકા બાપાવાળા છે પણ આ દેવસ્વામી તો એકસો દસ ટકા બાપાવાળા છે. એ કોઈનાય ફેરવ્યા ફરતા નથી કે ડગાવ્યા ડગતા નથી. એમને કોઈનો ડર નથી. અને આ સ્થાનમાં રહીને પણ છડેચોક બાપાનો મહિમા ગાય છે. ધન્ય છે તેમની છાતીને !!"

જેઓ પ્રત્યક્ષ રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિરોધ કરતા હોય કે તેમને વિષે અણગમો દાખવતા હોય તેવા સંતો-હરિભક્તો પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાનો મહિમા અંતરમાં સમજતા.

તેથી તેઓ બહારથી ભલે વ્યંગ્ય (કટાક્ષ)માં બોલતા ખરા પરંતુ મહીંથી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાને મનોમન વંદી રહેતા.

અનંત સાધુની વચ્ચે પણ હીરાની જેમ ઝળહળતું વ્યક્તિત્વ જોઈ 'વેરી પણ જેના ઘાવને વખાણે' તેમ વિરોધીઓ પણ જેમની સાધુતાને વખાણતા એવા શૂરવીર સહજાનંદી સિંહ સમા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૯

# અદ્‌ભુત વ્યક્તિત્વ

ઈ.સ. ૧૯૬૮માં ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા એ વખતે સાગરદાનભાઈ સૌપ્રથમ વાર જોગમાં આવ્યા. તેઓ મુમુક્ષુ હતા તેથી સાચા સંતની શોધમાં હતા.

તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સાધુતાસભર જીવન અને વર્તનશીલ જીવન કરાવવાનો આગ્રહ જોઈ વિશેષ આકર્ષણ થતું હતું.

પરંતુ અંતરમાં એક વિચાર ઉદ્‌ભવ્યો : ‘‘આ સ્વામી છે તો સાધુતાવાળા ! પણ થોડાક પ્રશ્નો પૂછી તેમની કસોટી કરું ને જો તેઓ બધા ઉત્તર આપે તો તેમને જીવન સોંપી દઉં.’’

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીને રંગમહોલને વિષે સુખશૈયામાં બિરાજેલા સહજાનંદ સ્વામી પાસે સાગરદાનભાઈ મળ્યા.

દર્શન, દંડવત કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીના હસ્તમાં એકસો પચ્ચીસ પ્રશ્નોની યાદી આપતાં કહ્યું, ‘‘સ્વામી, આમાં મેં એકસો પચ્ચીસ પ્રશ્નો લખેલા છે તેના તમે મને ઉત્તર આપો.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ થોડી ક્ષણોમાં તો એકસો પચ્ચીસ પ્રશ્નોની આખી

યાદી જોઈ લીધી અને તેમને કાગળ પાછું આપી દીધું.

પછી તેઓએ સાગરદાનભાઈની સમક્ષ માર્મિક હસતાં હસતાં કહ્યું, "તમે રોજ આપણા આસને કથાનો લાભ લેવા આવજો. દસ દિવસ પછી તમારા પ્રશ્નોના ઉત્તર કરવા બેસીશું."

બીજા દિવસે સાગરદાનભાઈ ઑફિસેથી છૂટી ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સમાગમ કરવા આસને ગયા.

કથાવાર્તાનો લાભ લઈ તેઓ ઘરે પહોંચ્યા. એકસો પચ્ચીસ પ્રશ્નોની યાદીમાં જોયું તો ઘણા પ્રશ્નોના ઉત્તરો મળી ગયા હતા. જે પ્રશ્નોના ઉત્તરો મળ્યા હતા તેની ઉપર તેમણે ચોકડી મારી દીધી.

પછી રોજ સમાગમ કરવા જાય તેમ તેમ રોજે રોજ તેમના પ્રશ્નોના ઉત્તર મળતા હતા. તેઓ તે પ્રશ્નો પર ચોકડી મારતા ગયા.

સાગરદાનભાઈને આશ્ચર્ય સાથે અહોભાવ થતો હતો કે એકસો પચ્ચીસ પ્રશ્ન પર ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માત્ર એક મિનિટ જ દૃષ્ટિ કરી હતી. તોપણ તમામ પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો મળતા હતા !

દસ દિવસમાં તેમના તમામ પ્રશ્નોના ઉત્તરો મળતાં સદ્. બ્રહ્માનંદ સ્વામીના શતાવધ્યાનીપણાનાં ગુરુવર્ય પ.પૂ. બાપજીમાં દર્શન થયાં હતાં.

સાગરદાનભાઈ પોતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને તન, મન ને ધન સર્વસ્વ સોંપી સમર્પિત થઈ ગયા.

એટલે જ ગમે તેવા વિકટ સંજોગ-પરિસ્થિતિમાં પણ તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની પડખે પક્ષ રાખીને અડગ રહ્યા હતા.

અનંતના અંતરમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સુખદ સમાધાન કરી ઉત્કૃષ્ટ જવાબ આપી, અનંતની અધ્યાત્મ માર્ગની સબળ ભૂમિકા રચનાર અવરભાવનું અદ્ભુત વ્યક્તિત્વ ધરાવનાર અને પરભાવમાં નિરંતર મૂર્તિસુખમાં મગ્ન રહેનાર દિવ્ય સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૦

## જેના નિર્માની હોય ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ?

શ્રીજીસ્થાપિત પ્રણાલિકા અનુસાર મૂળીમાં વર્ષ દરમ્યાન છ માસના અંતરે વસંતપંચમી અને જન્માષ્ટમીના મોટા સમૈયા થતા હતા.

તેમાં અનેક ભૂખ્યા મુમુક્ષુ સંત-હરિભક્તો લાભ લેવા પધારતા. જેમાં વિશેષ કરીને બાપાનો હેતવાળો સમાજ પધારતો હતો.

આ સમૈયામાં સદ્. ગોપીવલ્લભદાસજી સ્વામી, સદ્. ધર્મકિશોરદાસજી સ્વામી, સદ્. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સદ્. ગુણાતીતદાસજી સ્વામી, સદ્. હરિપ્રસાદદાસજી સ્વામી આદિક બાપાના હેતવાળા સદ્ગુરુશ્રીઓ કથાવાર્તાનો અખાડો ચલાવતા તેથી આ સમૈયામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અચૂક પધારતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે એ વખતે કોઈ સુખી હરિભક્તો કે જોડમાં સાધુ પણ ન હતા. તેથી મૂળી જવા માટે કોઈની પાસેથી ઉછીના સંતને સાથે લીધા.

એ વખતે અમદાવાદથી મૂળીનું ભાડું ૧૦ રૂપિયા થતું હતું. ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્ત્રી-ધનના સંપૂર્ણ ત્યાગી હતા. તેમની પાસે પૈસા તો નહોતા પરંતુ કોઈની પાસે રખાવેલા પણ નહોતા.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક મોટેરા ને સુખી હરિભક્તને વિનમ્રભાવે

વાત કરી કે, “અમારે મૂળી સમૈયામાં જવું છે તો ટિકિટ કઢાવી આપશો ?”

ત્યાં તો આક્રોશ સાથે અપમાન અને અપશબ્દોની ઝડી વરસાવતાં તે હરિભક્તે કહ્યું, “મૂળી સમૈયામાં જવું હોય તો જાવ, સભામંડપમાં ત્યાં પાંચ-સાત હરિભક્તો બેઠા છે. તેમની પાસેથી થોડા થોડા માગી લો તોય મૂળીનું ભાડું મળી જશે. અને એમ ન કરવું હોય તો હમણાં આરતી પછી પગથિયાં નીચે રૂમાલ પાથરીને બેસી જાવ. બધા પાંચીયું, દશીયું, પાવલી કે રૂપિયો નાખશે તોય તમારા ભાડાના પૈસા મળી જશે.”

ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તના તુચ્છ અપમાનને કોઈ પ્રકારના પ્રતિભાવ વગર ગળી ગયા.

જે આંતરસમૃદ્ધિથી અમીર હતા તેવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને રૂમાલ પાથરીને ભીખ માગવાનું કહેવા છતાં તેમના મુખારવિંદ પર આક્રોશની કોઈ રેખા ન ઊપસી.

મહારાજની આજ્ઞા પાળવા તેઓ અપમાનની પરાકાષ્ઠાના આવા કડવા ઘૂંટને પણ જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ હસતાં હસતાં પી ગયા. એ જ એ દિવ્યપુરુષનું નિર્માનીપણું...

આવાં તો આ એક નહિ પણ અનેકાનેક અપમાનો અને તિરસ્કારોનો ધોધ વરસતો.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાથી આકર્ષાઈને તેમને વિષે થયેલા મહિમાવાળા હરિભક્તો કહેતા પણ ખરા કે, “સ્વામી, તમે કંઈક તો સામે બોલો; એ શેનો આપણને કહી જાય ! સ્વામી, તમે ક્યાં ને એ ક્યાં ! કંઈક તો બોલો !”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા કે, “આપણા બાપ ભગવાન સ્વામિનારાયણે કેટલું સહ્યું છે ! સ્વયં સર્વોપરી ભગવાન હોવા છતાં નિર્માની થઈને વિચર્યા છે તો આપણે તો એમના દાસ છીએ.

‘જેના નિર્માની હોય ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ?’

માટે આપણે તો નિર્માની થઈને જ રહીએ તો મહારાજ રાજી થાય. એને બિચારાને સૂઝ નથી પડતી તેથી આમ બોલે છે. પણ આપણે તો તેનું મહારાજ રૂડું કરે એવો જ સંકલ્પ કરવાનો તો તેની સામે તો કેમ બોલાય ?”

આહાહા...!!! કેવું એ દિવ્યપુરુષનું નિર્માનીપણું છે... કેવી મહાપ્રભુની

આજ્ઞા સામું ચાતક નજર છે..!! કેવી માન-અપમાનમાં ઐક્યતા છે..!! કેવી અહમ્શૂન્યતા છે..!! પોતે અવરભાવમાં એક ગુરુસ્થાને બિરાજતા હોવા છતાં પોતાનું જાહેરમાં કોઈ હળહળતું અપમાન કરી નાખે, પોતાને માટે જેમ તેમ બોલી નાખે તેમ છતાંય અંતરમાં રંચમાત્ર પણ એ દિવ્યપુરુષને બીજો કોઈ સંકલ્પ નથી કે દુઃખ નથી. કેવું ગજબનું નિર્માનીપણું..!!

અપમાનોની વરસતી ધોધમાર વર્ષાને પણ નિર્માનીપણે હસતા મુખે ગળી જનાર, સદા દાસ થઈને વર્તનાર નિર્માનીપણાની સાક્ષાત્ મૂર્તિ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને કોટિ કોટિ વંદન...

# ૧૧

## ત્યાગે તીખા તમતમા રસના ભોગવિલાસ

“સ્વામી, ઠાકોરજી ને આપના માટે પાકા થાળ બનાવીએ ને !”

“પાકો થાળ ?”

“હા સ્વામી, પાકો થાળ...!”

ત્યાં તો મૂર્તિસુખના સ્વાદક એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : “સ્વાદ એક મૂર્તિના સુખનો. અમે મૂર્તિના સુખના સ્વાદ સિવાય અવરભાવનો કોઈ સ્વાદ ચાખ્યો નથી કે રસાસ્વાદની પુષ્ટિ થાય કે રસના ઈન્દ્રિયને તેજ કરે તેવું કોઈ દિવસ જમાડ્યું નથી.”

આવા અસ્વાદવ્રતના પાલક ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનને જોતાં મુમુક્ષુઓના સ્વાદ ટળી જાય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી બહુધા દંઢાવ્ય અને ખાખરિયાનાં ગામોમાં વિચરણ કરતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીની જોડમાં કોઈ સાધુ નહિ તેથી એક વખત એક ઉછીના સંતને લઈ દંઢાવ્ય દેશમાં વિચરણ માટે પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વિચરણ કરતા ત્યારે તેમનો બહુધા આગ્રહ કથાવાર્તા તરફનો જ હોય.

વિચરણ દરમ્યાન જોગમાં આવનાર મુમુક્ષુઓને ગુરુવર્ય પ.પૂ. બાપજીને

વિષે સાચા સંત તરીકેની પ્રતીતિ થઈ આવતી તેથી હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીને પાકી રસોઈનાં સીધાં લાવી પાકી રસોઈ બનાવવા આગ્રહ કરતા.

પરંતુ જેમનો મહારાજના સ્વરૂપનો એકમાત્ર સ્વાદ ચાખવાનો અને સૌને ચખાડવાનો આગ્રહ હોય એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તોને પ્રેમથી સમજાવી સવારે સાતથી અગિયાર કથા કરે અને પછી ખીચડી બનાવી થાળ કરી જમાડી લે.

હરિભક્તો ક્યારેક બહુ આગ્રહ કરે તો ખીચડીમાં શાક નાખી કહેતા, “આમાં બધું આવી ગયું.”

પણ કદી પાકી રસોઈ ન બનાવે. લાકડાના પત્તરમાં ખીચડી લઈ પાણી મેળવી જમાડી લે. હરિભક્તો બહુ આગ્રહ કરે તો તેઓ કહેતા, “સાધુનું જીવન સાદું જોઈએ. સાધુથી બહુ તીખું, તમતમું, તળેલું ન જમાય.”

“સ્વામી, પાકી રસોઈ બનાવો અને અમને પણ પ્રસાદી આપો જ.” આવો હઠાગ્રહ હરિભક્તો કરતા ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી હઠાગ્રહી હરિભક્તોને રાજી રાખવા લાડુ, દૂધપાક, દાળ, ભાત, શાક, ભજિયાં જેવી પાકી રસોઈ બનાવતા. ઠાકોરજીને થાળ કરી બધી રસોઈ હરિભક્તોને બહાર આપી દેતા.

પણ પોતે લગીરેય ગ્રહણ ન કરતા. પછી તેઓ કાં તો ખીચડી બનાવી દેતા અથવા એકલા દાળ-ભાત લઈ લેતા, પણ મીઠાઈ તો ન જ લેતા.

●●●

“આજે હું તાજું દૂધ લાવ્યો છું. માટે દૂધપાક બનાવો ને બનાવો જ.” અવિરત વિચરણ દરમ્યાન એક ગામમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને એક હરિભક્તે આગ્રહ કર્યો. “રસોઈમાં સમય કાઢવો તે કરતાં બેસો આપણે ભગવાનની વાતું કરીએ. ઠાકોરજીને ખીચડી અને તમે લાવ્યા છો એ તાજું દૂધ ધરાવી દઈશું એટલે તમારી સેવા આવી જશે.” ગુરુવર્ય પ.પૂ. બાપજી તે હરિભક્તને સમજાવતા હતા.

પરંતુ જોડમાં આવેલા સંતને રસાસ્વાદે કરીને આ ગમ્યું નહિ એટલે તેઓ તરત તાડુક્યા કે, “જો દૂધપાક બનાવો તો જ હું રહીશ; નહિ તો હું તો આ હાલ્યો, જતો રહીશ.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને ઘણું સમજાવ્યા કે, “શ્રીજીમહારાજે ધર્મામૃતમાં આપણને નિ:સ્વાદી વર્તમાન પાળવાની આજ્ઞા કરી છે. માટે સારી સારી મીઠાઈ, ચટાકેદાર મસાલાવાળું આપણે ન જમાય.” તેમ છતાં તે સંત એકના બે ન થયા. ન માન્યા તો ન જ માન્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજની આજ્ઞા પાળવા પરવશ હતા. પેલા સંત જતા રહે તો ગુરુવર્ય પ.પૂ. બાપજીથી જોડ વિના એકલા રહેવાય નહીં. જો રહે તો આજ્ઞાનું ઉલ્લંઘન થાય ને ઉપવાસ પડે.

છેવટે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દૂધપાક, પૂરી ને શાક જાતે બનાવી ઠાકોરજીને થાળ કર્યો. જોડમાં રહેલા સંતને અને હરિભક્તોને જમાડ્યા. જ્યારે પોતે તેમાંથી કશું ગ્રહણ ન કર્યું. અને કથાવાર્તાના અતિ આગ્રહી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને આવો સમય બગાડવો તે જરાય કેમ પોષાય ? એટલે તેઓ તો જમવાના સમયે કથા કરવા બિરાજી ગયા.

આવા તો એક નહિ કેટકેટલાય પ્રસંગો ગુરુવર્ય પ.પૂ. બાપજીના નિઃસ્વાદી જીવનની સાક્ષી પૂરે છે કે તેમણે જીવનમાં નિઃસ્વાદી વર્તમાનનો લોપ થાય તેવું કદી જમાડ્યું નથી.

જાણે કોઠીમાં દાણા ભરતા ન હોય ! તેમ તેઓ જમતા ને સ્વાદ તો એ દિવ્યપુરુષ કેવળ મહારાજની મૂર્તિનો જ લેતા હતા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત કૅમ્પમાં લાભ આપવા માટે સ્વામિનારાયણ ધામ પધાર્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીને જમાડવાનું થયું.

પૂ. સંતો રીંગણનું શાક ગુરુવર્ય પ.પૂ. બાપજીને પીરસવા માટે લાવ્યા ત્યારે સંતોએ પ્રાર્થના કરી, “બાપજી, રીંગણનું શાક જમાડશો ?”

ગુરુવર્ય પ.પૂ. બાપજી શાક જોઈને બોલ્યા કે, “શાકમાં બેસન નાખેલ છે, માટે રજોગુણી શાક છે.”

પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, “બાપજી, સાવ સાદું જ શાક છે, જમાડો.”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ના પાડી : “આ રજોગુણી શાક દેખાય છે એટલે નહિ જમાડું.”

વાસ્તવમાં સાદું જ શાક હતું છતાં પણ રજોગુણી દેખાતું હતું એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શાકનો અસ્વીકાર કર્યો.

જેમને કોઈ વસ્તુ વાપરવામાં તો નહિ પરંતુ જમવામાં, શાક જેવી વસ્તુમાં પણ રજોગુણ દીઠો નથી ગમતો તેવા દિવ્યપુરુષની દિવ્યતા અપાર છે.

જેમણે સદ્. મુક્તાનંદ સ્વામીની “ત્યાગે તીખા તમતમા રસના ભોગવિલાસ” આ પંક્તિ સ્વજીવનમાં ચરિતાર્થ કરી છે એવા ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદના...

# ૧૨

## અષ્ટ પ્રકારે અબળા કેરો ત્યાગ કરે તે ત્યાગી

"અમે સાધુ થયા ત્યારથી આજ સુધી ઘણીબધી તકલીફો આવી છે અને ઘણુંબધું સહન કરવું પડ્યું છે. તેમજ ઉપર આભ અને નીચે ધરતી હોય કહેતાં કોઈ જ આધાર ન હોય તેવા સંજોગોમાં પણ શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞાનો લોપ થવા દીધો નથી."

ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી અધિક આ દુનિયામાં કશું જ નથી.

નિષ્કામ ધર્મ એ સાધુનું મુખ્ય આભૂષણ છે. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે તો એવું કહેવાય કે તેઓના અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગસભર જીવનને લઈને નિષ્કામ ધર્મ દેદીપ્યમાન થાય છે.

સંતજીવનના પ્રારંભથી આજ દિવસ સુધી ગમે તેવા વિપરીત દેશકાળમાં કે સત્સંગની વૃદ્ધિ માટે થઈને પણ નિષ્કામ ધર્મમાં તેમણે કદી અલ્પ પણ ફેર પડવા દીધો નથી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઈ.સ. ૧૯૭૧ની સાલમાં હાલાર પ્રાંતમાં વિચરણ માટે પધાર્યા હતા. જામનગર જિલ્લાના કાલાવાડના હરિભક્તોના અતિશે

આગ્રહથી ગામમાં પધરામણી તથા સભાના કાર્યક્રમનું આયોજન થયું હતું.

સભામાં ગામના મુમુક્ષુ હરિભક્તો તથા બાપાશ્રીના પરમ કૃપાપાત્ર, રાજીપો મેળવનાર રાજકવિ માવદાનજી રત્નુ આદિક બેઠા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજના મહિમાની વાત કરી રહ્યા હતા. ત્રીસેક હરિભક્તો સભામાં હતા.

વળી તે વખતે માઈકની કોઈ વ્યવસ્થા ન હોવાથી સભામાં બેઠેલા હરિભક્તોને સંભળાય તેટલા સાદે ગુરુવર્ય પ.પૂ. બાપજી કથા કરતા હતા.

ચાલુ સભાએ સભામાં જ બેઠેલા નરેન્દ્રભાઈ સહજાનંદીએ ઊભા થઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “દયાળુ, સહેજ ઊંચા અવાજે કથા કરો તો બહાર ઓસરીમાં મહિલા હરિભક્તો બેઠા છે તેમને પણ સંભળાય અને કથાનો લાભ મળે.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોટેથી કથા કરવાને બદલે કથા જ બંધ કરી દીધી અને કથાની જય બોલાવી ઊભા થઈ ગયા.

હરિભક્તો બધા આશ્ચર્યમાં પડી ગયા : સ્વામીએ આ શું કર્યું ? કથાની જય કેમ બોલાવી દીધી ?

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ રહસ્યસ્ફોટ કરતાં કહ્યું કે, “ત્યાગી સંતોએ અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે. એ મુજબ સ્ત્રીઓને ઉદ્દેશીને અમારાથી કથા ન કરાય. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૭૯મા શ્લોકમાં અમને આજ્ઞા કરી છે કે, 3क्ष श्चफ्ड़्भ्नाड़्द्रः ङ्रड़्द्रढ़्ञ्रभ्ड़्ड़िब्ह्रुड़िद्रह्लड़्श्चफ्ह्लह्लेश्लुडु।4 અર્થાત્ “સ્ત્રીઓને ઉદ્દેશીને કથાવાર્તા-કીર્તન પણ ન કરવાં.”

ત્યારબાદ હરિભક્તોએ કહ્યું, “કાંઈ નહિ સ્વામી, અમને તો કથાનો લાભ આપો.” ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “જો હવે અમે કથા કરીએ ને મહિલાઓ બહાર બેઠાં છે તો તેમને ઉદ્દેશીને જ કથા કરી કહેવાય. કારણ, થોડુંઘણું તો તેમને સંભળાય જ. માટે અમારાથી કથા નહિ થાય. જો તમે અમને મહિલાઓ બહાર બેઠા છે અને સાંભળે છે એવું ન જણાવ્યું હોત અને લાભ લેતા હોત તો વાંધો ન આવત... પણ હવે તો આજ્ઞા લોપાય.”

હરિભક્તોનો અતિશે આગ્રહ હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમાં સમાધાન કર્યું નહીં.

સભામાં બેઠેલા હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવાના આગ્રહને વંદી રહ્યા : “ધન્ય છે આ સંતને ! જે શ્રીજીમહારાજની નિષ્કામી

વર્તમાનની આજ્ઞાને લેશમાત્ર લોપવા તૈયાર નથી...''

●●●

ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગર મંદિરનો દશાબ્દી મહોત્સવ હતો. તે માટે પત્રિકાઓ છપાવી હતી. સમગ્ર જનતાને જાહેર આમંત્રણ હતું. ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી અને કેટલાક પૂ. સંતો સચિવાલયમાં ત્યાંના મંત્રીશ્રી ખોડીદાન ઝુલા સાહેબને આમંત્રણ આપવા ગયેલા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની ઑફિસ પાસે પહોંચ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે તેમની ઑફિસમાં બીજા એક મહિલા અધિકારી પણ બેઠાં છે.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઝુલા સાહેબને કહેવડાવ્યું કે, ''અમે આપને મહોત્સવમાં પધારવા આમંત્રણ આપવા માટે આવ્યા છીએ પણ અંદર મહિલા અધિકારી બેઠાં છે. તેથી અમારે અંદર ન અવાય. જો તેઓ થોડી વાર માટે બહાર આવી શકતાં હોય તો અમે અંદર આવી શકીશું.''

ઝુલા સાહેબે આ વાત જાણી. તેઓ આવી સંતતાનાં દર્શન કરી અતિ પ્રભાવિત થયા ને તુરત પેલાં મહિલા અધિકારીને વિનંતી કરી થોડી વાર માટે બહાર જવા કહ્યું.

તે મહિલા અધિકારી બીજા દ્વારે બહાર ગયાં પછી જ ગુરુવર્ય પ.પૂ. બાપજી અન્ય સંતોને લઈ અંદર ગયા. આ છે એમની નિષ્કામી વર્તમાનની દૃઢતા !!!

●●●

ઈ.સ. ૧૯૯૬માં યુ.એસ.એ. ખાતે સત્સંગ વિચરણનું આયોજન ગોઠવાયું. યુ.એસ.એ. જવા માટે સૌપ્રથમ તેના વિઝા લેવા જ પડે.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી અને અન્ય પાંચ સંતો એમ કુલ સાત સંતો અને સાત હરિભક્તો અમેરિકન એમ્બેસીમાં વિઝા લેવા માટે ગયા. યુ.એસ.એ. એમ્બેસીમાં સવારે આઠ વાગ્યા પહેલાં સંતો પહોંચી ગયા કે જેથી ભીડમાં સ્ત્રીઓ નજીક ન આવી જાય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો સાથે સવારના આઠ વાગ્યાથી એમ્બેસીના એક ખૂણામાં દીવાલ તરફ મુખ રાખીને ઊભા હતા.

પરંતુ એમ્બેસી શરૂ થાય તે પહેલાં ખૂબ ભીડ થઈ ગઈ જેથી સંતો બે વાગ્યા સુધી ખૂણામાં જ ઊભા રહ્યા.

બપોરે બે વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા સંતો-હરિભક્તોના ગ્રૂપનો વિઝા

માટે નંબર આવ્યો. વિઝા કાઉન્ટર પર ગયા તો ત્યાં વિઝા આપનાર તથા દુભાષિયા તરીકે પણ મહિલા જ હતાં.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી કેબિનની બહાર જ ઊભા રહ્યા. એ વખતે હરિભક્તોમાં પ.ભ. ધરમભાઈ પંડ્યા તથા પ.ભ. દીપકભાઈ જોષી સાથે હતા.

તેઓએ જઈ ઇન્ટરવ્યૂ લેનારને વાત કરી કે, "અમારા સંતો અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળે છે તેથી સ્ત્રીઓ સાથે પ્રત્યક્ષ વાત કરતા નથી. તેમના વતી અમે વાત કરીશું. તેઓ બહાર ઊભા છે. આપને જે પૂછવું હોય તે પુછાવો."

આટલું સાંભળતાં જ ઇન્ટરવ્યૂ લેનાર મહિલા અને દુભાષિયા મહિલા બંને ખૂબ ગુસ્સે થઈ ગયાં.

તેમણે હરિભક્તોને કહ્યું, "તમે અમારું અપમાન કરો છો. કેમ સંતો અમારી સાથે ન બોલે ? આજ સુધી કેટલાય સાધુ-સંતો અને મહાનુભાવો વિઝા લેવા આવે છે. તેઓ વાત કરે જ છે તો તમે કેમ ન બોલો ? જો નહિ બોલો તો વિઝા નહિ જ આપીએ."

હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઉપરોક્ત બધી વાત કરી. ગુરુવર્ય પ.પૂ. બાપજી અજાણતા પણ કોઈ સ્ત્રી સાથે ફોન પર વાત થઈ જાય તોય ઉપવાસ કરે તે શું વિઝા માટે મહિલા સાથે વાત કરે !! ન કરે...

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્પષ્ટ શબ્દોમાં ધરમભાઈને કહ્યું કે, "એમને કહી દો કે અમે વિદેશમાં ધર્મનો પ્રચાર કરવા જઈએ છીએ. ધર્મ લોપીને ધર્મનો પ્રચાર અમારે કરવો નથી. જો તમે વિઝા ન આપો તો કાંઈ નહિ, પણ અમે વાત તો નહિ જ કરીએ."

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સ્પષ્ટ જવાબ સાંભળી ઇન્ટરવ્યૂ લેનાર મહિલા તો આશ્ચર્યમુગ્ધ બની ગયાં. અને મનોમન વિચારી રહ્યાં : "નક્કી આ સાચા સંત છે, ધર્મની કેટલી દૃઢતા છે ! ધર્મના ભોગે વિઝાનો પણ અસ્વીકાર કર્યો..."

શ્રીજીમહારાજ અને બાપાશ્રી ભેળા ભળ્યા અને તેમને સુબુદ્ધિ સૂઝી. તેઓ તરત જ તેમના ઉપરી પાસે ગયા અને વિગતે બધી વાત કરી.

થોડી વારમાં તેઓ પોતાની કેબિનમાં પાછાં આવ્યાં અને કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વગર હરિભક્તોને કહ્યું, "બધા જ સંતોને વિઝા આપવામાં આવે છે." પણ હરિભક્તોના પાસપૉર્ટ પાછા આપ્યા.

હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વાત કરી : "બાપજી, આપ તથા સંતોને વિઝા મળી ગયા છે પણ કોઈ હરિભક્તોને વિઝા નથી મળ્યા."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “અમે ૭ સંતો એકલા કેવી રીતે જઈ શકીએ ? રસ્તામાં અને વિચરણમાં હરિભક્ત તો સાથે જોઈએ જ. એમના વગર કોણ સ્ત્રીઓને દૂર રાખે ? માટે જો હરિભક્તોને વિઝા ન આપતા હોય તો અમારે સંતોને પણ વિઝા જોઈતા નથી.”

હરિભક્તો સંતોના વિઝા લઈ પાછા વિઝા ઑફિસર મહિલાને આપવા ગયા અને જણાવ્યું : “અમારા સ્વામી કહે છે : હરિભક્તોને વિઝા ન આપો તો અમારા નિયમો ન સચવાય માટે અમારે વિઝા જોઈતા નથી.”

વિઝા ઑફિસર મહિલા તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિષ્કામ ધર્મની દૃઢતા જોઈ બોલ્યાં કે, “આજે મેં પહેલી વખત આવા સાચા સંતનાં દર્શન કર્યાં કે જેઓ પોતાના ધર્મમાંથી ન ડગ્યા. બીજા તો કેટલાય સાધુ-સંતો વિઝા માટે થઈ અમારી સાથે બોલી લે છે. જ્યારે આ તો ન બોલ્યા તે ન જ બોલ્યા. વળી, પોતાના નિયમને સાચવવા માટે મળેલા વિઝા પણ પાછા આપી દીધા.”

તેઓ અહોભાવ સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિષ્કામ ધર્મની દૃઢતાને વંદી રહ્યાં અને બધા હરિભક્તોને પણ કોઈ પ્રશ્ન પૂછ્યા વગર વિઝા આપી દીધા.

●●●

અવરભાવમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની તબિયત અઠવાડિયાથી નાદુરસ્ત હતી. તે વખતે વાસણા મંદિરે એક હરિભક્ત દર્શન માટે ઊભા હતા.

ત્યારે પૂ. સિદ્ધાંતસ્વામીએ બાપજીને પ્રાર્થના કરી કે, “બધા હરિભક્તોને દર્શન આપવા ઝરૂખામાં પધારો તો સારું.”


એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઝરૂખામાં લાવ્યા પરંતુ મંદિરની બહાર મહિલાઓ પણ દર્શન માટે ઊભાં હતાં તેવો અણસાર આવતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત જ વ્હીલ ચેરમાં નીચે બેસી ગયા.


અને પોતે દર્શન નહિ આપવાની રુચિ બતાવતાં કહ્યું કે, “મહિલાઓ ઊભાં છે તેથી અમારે ન અવાય.”

“અષ્ટ પ્રકારે અબળા કેરો ત્યાગ કરે તે ત્યાગી...”

આ પંક્તિના શબ્દો જેમના જીવનના હરએક પ્રસંગમાં સાકાર થાય છે એવા ખરા નિષ્કામ ધર્મના અણીશુદ્ધપાલક ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી;
બોલે અહં મમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તનસુખ પરથી.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૧૩

## વણવિચારે વાતું રે નીકળે એના અંતરથી

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારે સવારે મંગળા આરતી પછી કથાવાર્તાનો અવિરત પ્રવાહ વહેતો હોય.

માત્ર એક દિવસ નહિ, રોજ દિવસના દસ દસ કે બાર બાર કલાક સુધી આ પ્રવાહ સતત વહેતો હોય. આ ઉપરાંત ગામડાંઓમાં વિચરણ દરમ્યાન પણ આ ક્રમ આબાદ રીતે જળવાતો.

સંવત ૨૦૨૧ (ઈ.સ. ૧૯૬૫)ની સાલમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કડી વિસ્તારના દેવુસણા ગામમાં પ્રથમ વાર સભા કરવાનો સંકલ્પ કર્યો.

જોડ માટે ઉછીના સાધુ તો લીધા પણ સાથે આવનાર કોઈ હરિભક્ત ન હતા.

તેથી કડી અંબાલાલ મોતીદાસ પટેલને પત્ર લખી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જણાવ્યું કે, ‘‘અમે અહીં અમદાવાદથી રેલવેમાં કોઈની પાસે ટિકિટ કઢાવી આ તારીખ, સમયે નીકળીએ છીએ. કડીથી તમો ભેગા થઈ જજો.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સંતને લઈ અમદાવાદથી ત્રણ વાગ્યે દેવુસણા જવા રેલવેમાં બેઠા. રસ્તામાં અંબાલાલભાઈ ભેગા થઈ ગયા.

સાંજના સાત વાગ્યે દેવુસણા પહોંચ્યા. ઠાકોરજીની આરતી થઈ પછી

ગામમાંથી હરિભક્તો એક પછી એક આવતા ગયા.

પ્રથમ વખત જ ગયેલા હોવાથી કોઈ હરિભક્ત સાથે આંખની પણ ઓળખાણ નહીં. પરંતુ મુમુક્ષુને જુએ ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથાવાર્તા કરવાની અલખ તલપને કોણ રોકી શકે !

પાંચ-સાત હરિભક્તોથી કથાવાર્તા શરૂ થઈ. ધીરે ધીરે હરિભક્તો આવતા ગયા. આખું મંદિર ભરાઈ ગયું.

કલાક-બે કલાક વાતું કરશું એવું આયોજન કરેલ. પરંતુ ભૂખ્યા-ગરજુ મુમુક્ષુ હરિભક્તોને જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અંતરમાંથી વણવિચારે વાતુંનો અસ્ખલિત પ્રવાહ વહેવા માંડ્યો.

રસોઈ બનાવીને જમાડવાનું બાકી હતું. પરંતુ તેમની દૃષ્ટિ જમવા તરફ નહિ, હરિભક્તોને પરભાવની વાતો જમાડવા તરફ હતી.

શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વચનામૃતના આધારો સાથે વાત થતી હતી. સ્વયં શ્રીજીમહારાજ તેમના દ્વારા બોલનારા હતા.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખમાંથી નીકળતા પડછંદાથી હરિભક્તોનાં અંતર ભેદાતાં ગયાં. વણવિચારે નીકળતા અનુભવનાં અમૃત પી સૌ સમયનું પણ ભાન ભૂલી ગયા.

રાત્રે સાડા ત્રણ વાગે સભા પૂર્ણ થઈ. સળંગ સાડા આઠ કલાકના અમૃતવાણીના રસપાનમાં હરિભક્તો એવા રસબસ થઈ ગયા હતા કે સમયનું ભાન જ ભૂલી ગયા.

સભાની જય બોલાઈ, ત્યારે હરિભક્તો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા :

"આજ સુધી મહારાજની આવી વાતો ક્યારેય સાંભળી નથી."

"સભા છોડી ઊભા થવાની ઇચ્છા જ થતી નથી."

"શાશ્વત શાંતિનો અનુભવ થયો..."

"મારા તો ઘાટ-સંકલ્પ સમી ગયા."

"અલ્યા સમયનું તો ભાન જ ન રહ્યું... ક્યારે હાડા આઠ કલાક થયા ખબરેય ન રહી..."

એવામાં કો'ક હરિભક્ત બોલ્યા : "આપણે તો સ્વામીને જમાડવાનું ભૂલી ગયા."

હરિભક્તોને ખૂબ પસ્તાવો થયો : "સ્વામી, સાડા ત્રણ વાગી ગયા છે. હવે

આપને જમાડાશે પણ નહીં. સ્વામી, આપ અમારા ગામ પહેલી વાર પધાર્યા છો અને અમે આપને જમાડવાનું પણ ભૂલી ગયા... માટે હવે સ્વામી અમારા સૌની વિનંતી છે - આવતી કાલે સવારે આપે ઠાકોરજીના પાકા થાળ કરીને, જમાડીને જ જવાનું છે..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "અમે જમવા નહોતા આવ્યા પણ જમાડવા આવ્યા હતા..."

ત્યાં તો હરિભક્તો બોલ્યા, "સ્વામી, આપે અમને જમાડ્યા પણ હવે અમને તો જમાડવાનો લાભ આપો..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "અમે તો કથાવાર્તા કરવા જ આવ્યા હતા. મહારાજે એ કામ કર્યું. હવે અમે સ્નાન-પૂજા આદિક પ્રાતઃક્રિયાથી પરવારી સવારે પાંચ વાગ્યાની રેલવેમાં અમદાવાદ જવા નીકળી જઈશું."

આવા તો એક નહિ, કેટકેટલાય પ્રસંગો છે જેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કથા કરવા બિરાજ્યા હોય ત્યારે તેમના અંતરમાંથી વણવિચારે નીકળતી અનુભવસિદ્ધ અમૃતવાણીનો અખંડ પ્રવાહ વહ્યા કરતો હોય.

આજે પણ એ દિવ્ય પ્રવાહનો જેણે આસ્વાદ માણ્યો છે તેઓ તેને વાગોળતાં અહોભાવમાં ડૂબી જાય છે.

દંઢાવ્ય દેશના લાંઘણજ ગામે દર વર્ષે એક વખત લાભ આપવા પધારે ત્યારે ત્યારે દિવસ રાત જોયા વિના ગુરુવર્ય પ.પૂ. બાપજી સાંજે સાડા સાતથી કથા શરૂ કરે, સવારના ચાર વાગ્યા સુધી સોંપો પડવા જ ન દે. જેમ જેમ રાત ટાઢી થતી જાય તેમ તેમ તેમની વાતો ઊની થતી જાય.

આજે ૮૫ વર્ષની જૈફ વયે પણ એમનો એ અવિરત પ્રવાહ અટક્યો નથી. અનુભવનાં તારણોરૂપી વહેતા વાતુંના પ્રવાહથી અનંત મુમુક્ષુને ભીંજવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૪

# મનના ભીડાની પરાકાષ્ઠામાંય શ્રદ્ધા

ઈ.સ. ૧૯૭૦ની આસપાસ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખાખરિયાનાં ગામોમાં વિચરણમાં જવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર જોડ વગર તો ક્યાંય બહાર જવાય નહીં.

જોડમાં સાધુ નહીં. તેથી પ્રશ્ન થયો કે જવું કેવી રીતે ? તેથી મંદિરમાં વડીલ સંત પાસેથી વિચરણમાં જવા ઉછીના સાધુ લીધા.

વિચરણમાં જવા જોડ નહોતી તો ગાડી તો હોય જ ક્યાંથી ? તેથી બસમાં જવું પડે. બસમાં સ્ત્રીઓ પણ હોય તેથી તે એક વાહન ગણાય.

આથી ગુરુવર્ય પ.પૂ. બાપજી બસમાં બેસતા ત્યારે ઉપવાસ કરતા. તેમ છતાં કોઈ સ્ત્રીઓને સીધો સ્પર્શ ન થઈ જાય કે સાથે લીધેલ સામાનનાં ભગવાં પોટલાંને કોઈ સ્ત્રીઓ અડી ન જાય તેનો ખટકો રાખતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એકલા બધા સામાનનાં પોટલાં લઈને ચાલતા.

ખાખરિયાના વિચરણ દરમ્યાન એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજી જોષીપુરા હરિભક્તોને રાત્રે સભામાં કથાવાર્તાનો લાભ આપવા પધાર્યા હતા.

જોષીપુરા પહોંચ્યા પછી ખુરશીમાં સિંહાસન કરી ઠાકોરજીની મૂર્તિ પધરાવી

અને જોડમાં રહેલા સંતને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, તમે થોડી વાર કીર્તન ગાવ એટલામાં હું બધી વ્યવસ્થા કરી દઉં.”

ગુરુવર્ય પ.પૂ. બાપજી સભાની તથા ઉતારાની બધી વ્યવસ્થા કરી, દંડવત કરી આસને કથા કરવા માટે બિરાજી ગયા. કીર્તન ગવડાવવાનાં ચાલુ હતાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને એમ કે હમણાં કીર્તન પૂરું કરે પછી કથા ચાલુ કરીશું. પરંતુ એક પછી બીજું, બીજા પછી ત્રીજું એમ કીર્તનો ગાવાનાં ચાલુ જ રાખ્યાં.

છેવટે થાકીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, હવે કીર્તન રાખો અને કથા કરીએ.”

એક વાર કહ્યું, બે વાર કહ્યું તેમ છતાં કીર્તન ગાવાનાં ચાલુ જ રાખ્યાં.

છેવટે હરિભક્તોએ સામેથી કહ્યું કે, “સ્વામી, કીર્તન રાખો; હવે આ સ્વામી કથા કરે.”

કીર્તન ગાવાનું તો બંધ કર્યું પણ આક્રોશમાં મોટે મોટેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીને બોલવા લાગ્યા કે, “તમને હું સારાં કીર્તન ગાઉં છું એટલે મારી ઉપર ઈર્ષ્યા આવે છે. બધા હરિભક્તોને કીર્તન સાંભળવા ગમે છે તે તમને ખમાતું નથી અને પાછા તમે હરિભક્તોને ચડાવો છો. એમની આગળ સારા થાવ છો.”

ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ બોલ્યા નહીં. એટલે જોડવાળા સાધુને ફાવતું જડ્યું.

તેમણે પાછું બોલવાનું ચાલુ રાખ્યું : “તમને મારી ગાનકળા સારી દેખાતી જ નથી. શું વાંધો છે હું કીર્તન ગાઉં એમાં ? પણ તમને વાંધો છે કે તમારા કરતાં બધાની આગળ હું સારો દેખાઉં. હવે બહુ થયું...”

આમ તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીની મર્યાદા ન રાખતાં ન બોલવાના શબ્દોની ઝડી વરસાવી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું હૃદય આ શબ્દો સાંભળતાં ચિરાઈ ગયું. તેમને પોતાના અપમાનનું દુઃખ નહોતું. પરંતુ હરિભક્તોને સ્વામીજીને વિષે સંકલ્પ થાય, અભાવ આવે અને શ્રીજીમહારાજની આ ભગવી ચૂંદડી લજવાશે તેનું દુઃખ હતું.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વિનમ્રભાવે કહ્યું, “સારું સ્વામી, તમે બહુ સરસ કીર્તન ગાવ છો. ચાલો ગવડાવો, આપણે ગાઈએ.” એમ કરી કીર્તન ગાવાનાં ચાલુ કરાવ્યાં.

રાત્રે અગિયાર વાગ્યા સુધી કીર્તન ગવડાવ્યાં પણ સભા તો ન જ કરવા દીધી. ખરેખર સભા કરવા ગયા હતા તે થઈ નહીં.

હરિભક્તોને બળ અપાયું નહિ તેનું ભારોભાર દુઃખ ગુરુવર્ય પ.પૂ. બાપજીને અને હરિભક્તોને પણ થયું હતું. તેમ છતાં કાંઈ કહેવાય નહીં. બધી જ પરિસ્થિતિ મૂંગા મોંએ સહી લીધી.

બીજા દિવસે સવારે બીજા ગામમાં જવા નીકળવાનું હોવાથી પ્રાતઃક્રિયાથી પરવારી ગામના સ્ટેશને જવા નીકળ્યા ત્યારે બધા હરિભક્તોનાં નેત્રો અશ્રુથી ભરાઈ ગયાં હતાં.

સવારના સમયે રસ્તામાં સ્ત્રીઓની અવરજવર હતી. વળી સ્ટેશને પહોંચવાનું મોડું થયું હોવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને કહ્યું, “સ્વામી, ઉતાવળા ચાલો. નહિ તો જો બસ ચૂકી જઈશું તો છેક કાલે સવારે બીજી બસ આવશે.”

પણ સ્વામી જાણે કહે તેનાથી અવળું જ ચાલવું છે એવું નક્કી કરીને આવ્યા ન હોય તેમ તેઓ ઉતાવળા ચાલવાને બદલે હઠીને ઊભા રહી ગયા : “તમારે જવું હોય તો જાવ, પણ હવે હું એક ડગલું પણ આગળ નહિ ચાલું. હું પણ જોઉં છું તમે એકલા કેમ જાવ છો...”

જોડે આવેલા પ્રવીણભાઈ સાગરદાનભાઈ સ્વામિનારાયણે તેમને ખૂબ સમજાવ્યા ત્યારે તેઓ ચાલવા તૈયાર થયા.

પોતાનો દેહ કદાચ સાજો-માંદો થાય તો સહી લેવાય, વેઠીને પણ સત્સંગ વિચરણમાં ફરાય પરંતુ જોડે રહેલા સંત આવી અવનવી લીલા કરે તેમ છતાં ધીરજ રાખી સત્સંગ વિચરણનો આગ્રહ રાખવો એ મનના ભીડાની કષ્ટદાયક યાત્રામાં ધીરજ રાખી ચાલવા જેવું છે. આવું તો એક દિવસ નહિ, રોજના વિચરણમાં બનતું.

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી ઉછીના સાધુ લઈ કલોલ તાલુકાના વામજ ગામે વિચરણ માટે જવા નીકળ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્ત્રી-ધનના સંપૂર્ણ ત્યાગી તેથી તેઓ તેમની મર્યાદામાં રહેવા રસ્તામાં, બસમાં તથા વિચરણના ગામમાં પણ અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગ માટે આગ્રહ રાખતા.

પરંતુ જોડમાં રહેલા સંતને આ કોઈ મર્યાદા અડે જ નહીં. સ્ત્રીઓ સાથે બોલે, પૈસા પણ રાખે. તેમ છતાં તેમને જોડમાં લઈને વિચરણમાં ફરવાનું, તેમના હાથનું જમવાનું નહિ અને સામાન પણ પોતે ઊંચકવાનો.

વામજ જતા હતા ત્યારે જોડમાં રહેલા સંત પાસે પૈસા હતા. તેઓ સ્ત્રી સાથે બોલતા પણ હતા. જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે પૈસાય નહોતા કે સ્ત્રીઓ સાથે બોલતા પણ નહીં.

તેથી બસમાં ઘણા તેમની મશ્કરી કરતા હતા. કોઈક અપમાન કરતા બોલતા પણ ખરા કે, "આવા ધરમ પાળવા હોય તો મંદિરમાં બેસી રહો; બહાર શા માટે નીકળો છો ? ના જોઈ હોય તો મોટી નિયમ-ધર્મની પૂંછડી." એવા અનેક અપશબ્દો બોલતા હતા.

ગામમાં પહોંચી સભા કરી. સભા પત્યા પછી તે સાધુ નિયમ નેવે મૂકી હરિભક્તો પાસે પૈસા પણ માગતા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી વામજ સભા કરી પાછા પધાર્યા ત્યાં સુધીમાં તો માનસિક ત્રાસ પામી ગયા હતા.

કેવી રીતે તેમને સમજાવવા તે જ ખબર પડતી નહોતી. નિયમ-ધર્મના લોપ થતા જોઈ અંતર કકળી ઊઠતું હતું. તેમ છતાં જો કાંઈ કહેવા જાય તો તરત ચાલી નીસરે. તેમને તો એકલા જતા રહેવામાં કોઈ ચિંતા નહોતી.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીને જોડ જતી રહે તો એકલો થઈ જઉં અને શ્રીજીમહારાજની આજ્ઞા લોપાશે, ઉપવાસ પડશે તેનું ભારોભાર દુઃખ હતું. તેથી કાંઈ બોલ્યા વગર બધું સહે જતા.

ઈ.સ. ૧૯૬૭થી ૧૯૮૦ સુધીનો તલવારની ધાર પર ચાલવા કરતાં પણ આકરો સમય હતો. જોકે એ દિવ્યપુરુષ સમર્થ હોવા છતાં સહન જ કરતા.

જોડે વિચરણમાં આવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના હેતવાળા હરિભક્તો બધું જોતા અને એમની અનુપમ સાધુતાને વંદી રહેતા ને કહેતા : "સ્વામી તો સોળવલ્લી સાધુતાવાળા છે. એમની સાધુતા મનના અપાર ભીડાની પરાકાષ્ઠાને પણ સાવ ક્ષુલ્લક જ ગણતી."

નિયમ-ધર્મને દૃઢતાપૂર્વક પાળવા છતાં કારણ સત્સંગના સિદ્ધાંતોને મુમુક્ષુજન સુધી પહોંચાડવા મનના ભીડાની પરાકાષ્ઠામાં પણ શ્રદ્ધા ને ધીરજ ધરનાર એ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૫

## નિશાન સ્વરૂપે ફરકાવ્યો ભગવો ઝંડો

ઈ.સ. ૧૯૬૯-૭૦ની સાલમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા હતા. એ અરસામાં મોટા મંદિરમાં જીવનપ્રાણ અબજીબાપાશ્રીનું નામ લેવું પણ ઘણું કઠિન હતું. તો પછી ત્યાં રહીને બાપાશ્રીનો મહિમા ગાવો અને બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનો જેમ છે તેમ પ્રચાર તો થાય જ કેમ ?

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું રૂંવાડે રૂંવાડું બાપાશ્રીની અસ્મિતાથી ભરપૂર છલકતું હતું. તેથી તેઓ જોગમાં આવનારને મહિમામાં ડુબાડ્યા વગર કેવી રીતે રહી શકે ?

શ્રીજીમહારાજની સર્વોપરી સનાતન અજોડ ઉપાસના અને બાપાશ્રીના સિદ્ધાંતોના પ્રચાર અને પ્રસાર માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અમદાવાદમાં બાપુનગર વિસ્તારમાં મલેકસાબાન સ્ટેડિયમની પાળ ઉપર સભા શરૂ કરી હતી.

મોટા મંદિરેથી ચાલતા ગુરુવર્ય પ.પૂ. બાપજી સભા કરવા સ્ટેડિયમની પાળ ઉપર પધારે, ઉપર આભનું છત્તર અને નીચે ધરતીની જાજમ હતી.

દર રવિવારે સવારે સાત વાગ્યે સ્ટેડિયમની પાળે, ઘણાં ઘટાદાર વૃક્ષોની નીચે સભા ભરાતી.

ત્યાં વળી બેસવા માટે ક્યાં સોફા ને ક્યાં ખુરશી ? એક ઝાડ ઉપર સરનામાના નિશાન રૂપે ભગવું કપડું ઝંડા સ્વરૂપે ફરકાવતા.

આસન માટે કંતાનનો કોથળો ગુરુવર્ય પ.પૂ. બાપજી પાથરતા. એ વખતે ઠાકોરજીની મૂર્તિ લઈ શકાય એવી પણ વ્યવસ્થા ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે નહોતી.

તેથી એક સ્વચ્છ ભગવું કપડું પાથરી કીર્તનની ચોપડીમાં રહેલી ઘનશ્યામ મહારાજની મૂર્તિવાળું પાનું ખોલી ઝાડના ટેકે પધરાવતા.

ઘરના એક-બે હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ બેઠા હોય એટલે સભાનો પ્રારંભ થઈ જાય. નવા મુમુક્ષુઓ ભગવો ઝંડો શોધી, સભામાં પોતાનું સ્થાન લેતા જાય.

એક તરફ નીચે સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખેથી સર્વોપરી ઉપાસના અને આજ્ઞા-નિયમ-ધર્મની વાતો મુક્ત કંઠે વહેતી હોય તો બીજી તરફ ઉપર ભગવો ઝંડો આ વાતોના પ્રતીક રૂપે ઉન્નત-ઉન્મત્ત રીતે લહેરાતો હોય. જાણે શ્રીહરિના સિદ્ધાંતોને ઉજાગર કરવારૂપ વિજયધ્વજ લહેરાતો ના હોય !

ગુરુવર્ય પ.પૂ. બાપજી ન જુએ શિયાળો, ઉનાળો કે ચોમાસુ. બસ, એમને તો એક જ તલસાટ તરવરતો : "કેમ વધુ ને વધુ જીવો આ સાચા જ્ઞાનની દૃઢતા કરી, શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખી મૂળભૂત સિદ્ધાંતોની અનુભૂતિ કરે, મૂર્તિસુખના ભોગી થાય."

સભાને અંતે શેર (૫૦૦ ગ્રામ) જામફળની પ્રસાદી મહારાજને ધરાવી હરિભક્તોને પ્રસાદ આપી રાજી કરે.

મલેકસાબાન સ્ટેડિયમ પર થતી સભા દ્વારા નવા નવા મુમુક્ષુઓ જોડાતા ગયા અને જૂજ હરિભક્તોનો સમાજ તૈયાર થયો.

આ સભાનો આસ્વાદ લેનાર ઘણા મુમુક્ષુઓ આજે પણ એને વાગોળતા કહેતા હોય છે : "એ સમયે બાપજીનો રજમો, જોમ ને જુસ્સો કેવળ શ્રીહરિના મહિમાગાનમાં અલમસ્ત બની રણકતો. અમને તો કંઈ ગમ ન પડે પણ એમની છટા ને અદા અમને એમના તરફ ખેંચતી. એમનો મહારાજ આપવાનો અલંચ તરવરાટ અમને મહારાજવત્ કરી દેતો. જાણે આ સ્વામી સાથે અમારો પૂર્વનો કંઈ નાતો ન હોય એમ અમને એમના સ્નેહમાં બાંધતો. તેમ છતાં એ અમને ક્યારેય એમનામાં ના બંધાવા દેતા. એ દિવસો... એ સમય... એ ક્ષણ... હજુ આજેય એવી ને એવી અકબંધ છે."

શૂન્યમાંથી સર્જન કરી વિશ્વભરમાં શ્રીહરિની સર્વોપરી ઉપાસનાની વિજયપતાકા લહેરાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદના...

# ૧૬

## મંદિર માટે જમીન તો ૧૫૦૦ વાર જ લેવી છે

“સ્વામી, હવે ક્યાં સુધી આ સ્ટેડિયમની પાળે જ સભા કરવાની ? અમને તો અઠવાડિયે એક વાર જ આપનો લાભ મળે ? જો આપણું મંદિર હોય તો અમને આપની કથાવાર્તાનું વિશેષ બળ રહે.”

“હા, સ્વામી, આ ભગતની વાત સાચી છે... આપે અમને જે નિષ્ઠા કરાવી છે, તેવી નિષ્ઠા નવા મુમુક્ષુઓને થાય તે માટે મંદિર હોય એ જરૂરી છે.”

“મંદિર હશે તો ધ્યાન-ભજનભક્તિ માટે મુમુક્ષુઓને સ્થાન મળી રહેશે. વળી સ્વામી, આપ જે સિદ્ધાંતના પ્રવર્તન માટે રાત-દા’ડો દાખડો કરો છો તેને મંદિર દ્વારા જ વેગ મળશે. માટે અમારી સૌની મંદિર કરવાની પ્રાર્થના સ્વીકારો...”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તોને કહ્યું, “આપણા અમીરપેઢીના સમર્થ સદ્‌ગુરુ ઈશ્વરબાપાએ સૌપ્રથમ કારણ સત્સંગના સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે આ વિસ્તારમાં કારણ સત્સંગનું સ્થાન (મંદિર) કરવાનો સંકલ્પ જણાવ્યો હતો તે અહોનિશ અમને સાંભરે છે... અને એ મંદિર કરવા હેતુથી જ અમે આ વિસ્તારમાં સત્સંગ કરાવવા આવીએ છીએ. પરંતુ અમે સંકલ્પ સ્પષ્ટ જણાવી

શકતા નહોતા તે મહારાજ તમારા મુખે બોલ્યા. તમારા બધાનો સાથ-સહકાર હોય તો મહારાજ, બાપા ને સદ્‌ગુરુના સંકલ્પને પૂરો કરવાનો ચાલુ કરીએ. ''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી બાપુનગરની આસપાસના વિસ્તારમાં જગ્યા શોધવાનો પ્રારંભ કરાવ્યો. બાપુનગર, હરદાસનગર, નવલખા બંગલાની આસપાસ ઘણી તપાસ કરી પણ જગ્યા માટે કાંઈ મેળ ન પડ્યો.

જમીન શોધતાં ઓઢવ વિસ્તારમાં પધાર્યા. આ ઓઢવ વિસ્તારમાં જ જાણે મહાપ્રભુને બિરાજમાન થઈ, પોતાના સિદ્ધાંતોના પ્રવર્તન માટેના અવિચળ ખૂંટ ખોડવાના હોય એવું અનુભવાયું !

જોગાનુજોગ આ ઓઢવ વિસ્તારમાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અતિ કૃપાવંત પાત્ર એવા પ.ભ. પુરુષોત્તમભાઈ રામાણીની 'ઘનશ્યામનગર' સોસાયટીની સ્કીમ મુકાયેલી હતી.

ગુરુવચને કુરબાન થઈ જનારને માત્ર ઈશારો પૂરતો છે. તે મુજબ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માત્ર મંદિર માટે જમીન આપવા અંગે રુચિ જણાવી : ''શ્રીજીમહારાજનો ઓઢવ વિસ્તારમાં બિરાજમાન થવાનો સંકલ્પ પ્રબળ છે, જો અહીં એક પ્લૉટ મળી જાય તો કેમ રહે ?''

''ભલે સ્વામી, મહારાજનો સંકલ્પ છે ને આપની રુચિ છે એટલે ઘનશ્યામનગર સોસાયટીમાંથી એક પ્લૉટ ફાળવી આપીએ. સ્વામી, કેટલા વારનો પ્લૉટ જોઈશે ?''

''૧૫૦૦ વારનો પ્લૉટ ફળવાય તો સારું !''

ત્યારે તેઓએ ઘનશ્યામનગર નામની એમની સોસાયટીમાંથી જ મંદિર માટે ૧૫૦૦ વાર જમીનનો પ્લૉટ ફાળવી આપ્યો.

એ વખતે ૧૫૦૦ વાર જમીનના ચૂકવવાના માત્ર ૫,૬૨૫ રૂપિયા પણ ન હતા. જોડમાં કોઈ સાધુ ન હતા કે કોઈ હરિભક્તોનો વિશાળ સમૂહ પણ નહોતો. એ વખતે મંદિરના પ્લૉટની ચારેય બાજુ નર્યો વગડો હતો.

આથી નારાયણભાઈ તથા શંકરભાઈ આદિક ઘણા હરિભક્તો કહેવા માંડ્યા કે, ''નથી કોઈ જોડ્યમાં સાધુ કે નથી કોઈ એવો હરિભક્તોનો સમૂહ ને આવડી મોટી જમીનનું શું કરશો ? સ્વામી, જમીન ખોટી પડી રહેશે. અને જમીન માટે રૂપિયા પણ ક્યાંથી લાવીશું ?''

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "મહારાજનો સંકલ્પ બહુ બળિયો છે. માટે જમીન તો ૧૫૦૦ વાર જ લેવી છે."

પોતાની અલ્પ બુદ્ધિએ હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા આર્ષદ્રષ્ટા પુરુષની દીર્ઘદૃષ્ટિને શું માપી શકે ? હરિભક્તોને મન આટલી મોટી જમીનની જરૂર જણાતી નહોતી.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી જાણતા જ હતા કે, "બીજાના બંધનમાં રહીને મહારાજ અને બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનો જેમ છે તેમ પ્રચાર નહિ જ થઈ શકે, તેમાં ઘણાં વિઘ્નો આવશે તથા સમય-સંજોગાનુસાર એકલપંડે સિદ્ધાંત પ્રવર્તન કાજે વિઘ્નસંતોષીઓ સમક્ષ ઝઝૂમવું જ પડવાનું છે."

એ ભવિષ્યમાં બનનાર ઘટનાને ધ્યાનમાં રાખીને એ દિવ્યપુરુષે આટલી જમીન લેવાનું સાહસ કર્યું. ભલે હરિભક્તોનો સમૂહ નહોતો, જમીન ખરીદવા એક રૂપિયો નહોતો તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને મહારાજ અને બાપાશ્રીના સંકલ્પો ઉપર ભરોસો હતો.

તેથી તેઓ હરિભક્તોને ક્યારેક ક્યારેક કહેતા કે, "હજુ જોજો તો ખરા... આ ૧૫૦૦ વાર જમીન પણ નાની પડશે." આ એક જ વાક્યના પ્રત્યુત્તરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની દીર્ઘદૃષ્ટિ જણાઈ આવતી જેથી સૌની દલીલો સમાઈ જતી.

એ વખતે ૧૫૦૦ વાર જમીન લેવાનું સાહસ વધુ પડતું છે એવું સમજાવનાર હરિભક્તોને ક્યાં અંદાજ પણ હતો કે આ ૧૫૦૦ વાર જમીન એ મહારાજ અને બાપાશ્રીના સિદ્ધાંતોના પ્રચાર માટેનું મહામોટું ધામ બની રહેશે !

શ્રીજીમહારાજના સંકલ્પને ઉજાગર કરવાની આર્ષદૃષ્ટિ ધરાવનાર આર્ષદ્રષ્ટા સત્પુરુષ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને કોટિ કોટિ વંદન...

# ૧૭

## દુર્ભેદ કષ્ટો વેઠી અજોડ ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કર્યું

એક સમયે મોટા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને હરિભક્તો લાભ લેતા હતા.

કોઈકે પૂછ્યું, “સ્વામી, તમે બહુ દાખડો કરો છો. મંદિરમાં ઘણા સાધુ છે પણ આપ તો રાત્રિ-દિવસ કષ્ટો વેઠો છો. સ્વામી, આ દાખડા શા માટે ?”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : “આ ફેરે શ્રીજીમહારાજની અજોડ સર્વોપરી ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કરવું જ છે. તેથી અમે આ નેમ લઈને મંડ્યા છીએ. એટલે તો અમે જોગમાં આવનારને એક શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી ઓળખાણ કરાવીએ છીએ...”

“સ્વામી, તમને કોઈનો સાથ-સહકાર કે સથવારો પણ નથી.” કોઈક હરિભક્ત બોલ્યા.

“મહારાજની જેમ ઈચ્છા હશે તેમ થશે. વળી અમે એકલા નથી. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ અમારી ભેળા છે. મહારાજનો જ સંકલ્પ છે ને એ જ પૂર્ણ કરશે...”

ગુરુવર્ય પ.પૂ. બાપજીની મહારાજ પ્રત્યે નિષ્ઠા જોઈ તે હરિભક્ત દિગ્મૂઢ

બની ગયા. અને બાપજીની ‘સર્વોપરી ઉપાસનાના સુવર્ણ સ્થાપન’ કરવાના સંકલ્પ માટેની કષ્ટદાયી ગાથા મનોમન વાગોળી રહ્યા.

●●●

અજોડ સર્વોપરી ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કરવાની પહેલ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગરથી કરી હતી. ઈ.સ. ૧૯૭૦માં ઘનશ્યામનગર મંદિર માટે લેવાયેલી જમીન પર શિલારોપણ કર્યું.

શિલાન્યાસ તો થઈ ગયો પરંતુ નાણાં, માણા, પાણા ને દાણાની તંગીના વિકટ સમયમાં મંદિરનું કાર્ય કેવી રીતે આગળ વધારવું એ એક જટીલ પ્રશ્ન હતો. એ વખતે સિમેન્ટની થેલી ૧૦ રૂપિયાની, ઈંટની ગાડીના ૭૦ રૂપિયા તથા ઘનફૂટ લાકડાંના ૩૫ રૂપિયા હતા. આટલી સોંઘવારી હોવા છતાં બાંધકામ કરવા માટે કેવી રીતે આ બધું લાવવું એ પ્રશ્ન મૂંઝવતો.

કારણ, તેને લાવવા ૧ રૂપિયાની પણ સેવા આવી નહોતી અને સામે ત્રણ માળનું ગગનચુંબી મંદિર કરવાનું હતું. તેથી મંદિરનું બાંધકામ આગળ વધારવા ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તો સાથે સેવા ઉઘરાવવા જતા. એક એક, બે બે, પાંચ-પચ્ચીસ રૂપિયાની સેવાની પહોંચો ફાડી સેવા ઉઘરાવતા.

ઘનશ્યામનગર મંદિરની બાંધકામની સેવામાં સૌથી વધારે સેવા શાંતિલાલ ભગવાનભાઈ પટેલની ૫૦૦ રૂપિયા હતી. કોઈ સુખી હરિભક્તો પાસેથી ૨૫૦ રૂપિયા તો કોઈ પાસેથી ૧૦૦ રૂપિયા મળતા. બાકી બહુધા પહોંચો તો ૨૫, ૧૦, ૫, ૨ રૂપિયાની જ હતી.

મંદિરની સેવાના ખરડા માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી ટ્રકમાં બેસી છેક હૈદરાબાદ-સિંકદરાબાદ પધાર્યા હતા. ત્યાં ૧૦-૧૨ દિવસ વિચરણ કરી ૧,૩૬૮ રૂપિયાની સેવા મંદિર માટે લાવ્યા હતા. એવી નાણાંની ભીડમાં પણ શ્રીજીમહારાજના સંકલ્પે અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના જોમ-જુસ્સાથી મંદિરનું કામ આગળ વધતું હતું.

તેમાં ૧ રૂપિયો પણ વ્યર્થ વેડફાઈ ન જાય તેનો ખટકો ગુરુવર્ય પ.પૂ. બાપજી ખુદ પોતે રાખતા. મંદિરના પાયા ખોદાયા ત્યારથી તેના નિર્માણકાર્યને વિસ્તારવામાં એમનું યોગદાન અનન્ય રહ્યું હતું. આ મંદિરનો એક એક કણ એમની સેવાભાવનાનો સાક્ષી બની રહ્યો હતો.

એ અરસામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બહુધા મોટા મંદિરે બિરાજતા પરંતુ

મંદિરની દેખરેખ માટે તથા હરિભક્તોને બળિયા કરવા માટે ઘનશ્યામનગર પધારતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી છેક કાલુપુરથી ઘનશ્યામનગર મંદિરે લગભગ સાડા સાત કિ.મી. ચાલતા જ પધારતા.

એક હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું કે, "સ્વામી, તમે છેક કાલુપુરથી ચાલતા આવો છો તો તેના કરતાં રિક્ષામાં આવતા હોય તો ! રિક્ષાનું ભાડું માત્ર ર રૂપિયા જ છે. તો શા માટે આટલા પગ દુખાડો છો ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત કહ્યું, "હરિભક્તોએ રૂપિયાની સેવા મંદિરના બાંધકામ માટે કરી છે; રિક્ષાના ભાડા માટે સેવા નથી કરી. આ ઠાકોરજીનું નાણું કહેવાય. એ આપણા માટે ન વપરાય. મહારાજ એમાં રાજી ન થાય."

"સ્વામી, તમે આટલું બધું ચાલીને આવો છો. પછી જરીયે આરામ ન કરતાં મંદિરના બાંધકામની સેવા પણ દેહની પરવા કર્યા વગર કરો છો. અને ફરી ચાલતા કાલુપુર મંદિર પાછા પધારો છો અને વળી આટલાં કષ્ટો પછી જમો છો માત્ર હળદર વગરની ખીચડી...! માટે અમારી વાત આપ સ્વીકારો..."

"અમને તો મહારાજે કહ્યું છે : જે સહન કરે તે સાધુ. માટે અમારે એમની આજ્ઞા ન લોપાય ને !"

હરિભક્તોએ દિવ્યપુરુષની અપાર કષ્ટોની અસહ્યતા જોઈ હતી એટલે સૌ એમને પ્રાર્થના કરતા.

મંદિરના બાંધકામને પોતે જાતે પાણી છાંટતા, રેતી ચાળતા, કપચી વીણતા, ઈંટો ચડાવતા કારણ એટલા તો મજૂરીના પૈસા ઓછા આપવા પડે.

આવી રીતે અનેક કષ્ટો વેઠીને તથા માન-અપમાન સહી સેવા ઉઘરાવી. કેટલાક અજ્ઞાનીઓ અપમાન કરતા : "હાલતીના થાવ... ઉઘરાણા કરવા નીકળ્યા છો... સ્વામિનારાયણના ઘરે ક્યાં ખોટ છે... તે માગતા શરમ નથી આવતી... નકટાઓ..."

અનેક ધુત્કાર ને ફિટકાર મળવા છતાંય એ દિવ્યપુરુષે એની છાંટરૂપી ઓટ હૈયામાં ક્યારેય આણી નથી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અજોડ ઉપાસનાનું સ્થાપન કરવા મંદિર તૈયાર કર્યું. તેના પાયામાં અનેક કષ્ટોનું પુરાણ અને પરસેવાના પાણીનું સિંચન કર્યું હતું.

શ્રીજીમહારાજના સંકલ્પે અને સદ્. મુનિસ્વામીના આશીર્વાદે જોતજોતામાં

ચાર વર્ષમાં મંદિરનું બાંધકામ પૂરું થઈ ગયું અને શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત સૌપ્રથમ મંદિરમાં ઘનશ્યામ મહારાજ મુક્તમંડળે સહિત બિરાજમાન થયા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ વાર અજોડ ઉપાસનાનું સુવર્ણ સ્થાપન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કરી શુદ્ધ ઉપાસના પ્રવર્તનનો ક્રાંતિકારી નવો ઉઠાવ આપ્યો હતો.

આવી રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મંદિરના પાયામાં અનેક કષ્ટોનું પુરાણ અને પરસેવાના પાણીનું સિંચન કરી અજોડ ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કરતાં ચહુદિશે જયજયકાર થઈ ગયો હતો.

અજોડ ઉપાસનાનું સ્થાપન કરવાનું ભગીરથ કાર્ય કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







ઝંડો અમે ફરકાવીશું, બાપાશ્રીના સિદ્ધાંતનો,
જરૂર પડે બલિદાન દેશું, બલિદાનની પરવા નથી.

– ગુરુવર્ય પ.પૂ. બાપજી

# ૧૮

## બાપાશ્રી સારુ તો મૂંડાવ્યું છે

એક વખત કેટલાક વિઘ્નસંતોષીઓએ એક હરિભક્તને બાપાશ્રી અને તેમના શ્રીજીસંમત સિદ્ધાંતોને લઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી પરત્વે કાનભંભેરણી કરી ખૂબ ચઢાવ્યા.

તેથી તે હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ આવી બાપાશ્રી વિષે જેમ તેમ એલફેલ બોલવા માંડ્યા. પોતાના વિષે કોઈ ગમે તે બોલે તો ચલાવી લે પણ બાપાશ્રી માટે કોઈ એક શબ્દ બોલે તો તેઓ ચલવી ન લે.

માટે અસ્મિતાસભર આ દિવ્યપુરુષ સિંહગર્જના કરતા બોલ્યા, “અલ્યા એય, ચૂપ થા. બાપા માટે એક પણ શબ્દ એલફેલ બોલતો નહીં. તું બાપાનાં રૂંવાડાં જેવોય નથી તે તેમના વિષે બોલે છે ? બાંડી ઘો જેવો તું અને મણિધરનું (મારા વ્હાલા બાપાનું) માપ કાઢે છે ? બાપા માટે કંઈ બોલ્યો તો તારા સોથા ઊડી જશે.” એમ કહી તે હરિભક્તને ચૂપ કરી દીધા.

આવા તો અનેકાનેક વિઘ્નસંતોષી ભગવાધારી અને અજ્ઞાની મનુષ્યો હતા કે જેઓ બાપા માટે તેમની આગળ એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નહિ બલ્કે દૂર રહેતા.

•••

સંવત ૧૯૭૫ (ઈ.સ. ૧૯૧૯)માં સત્સંગ મહાસભાની સ્થાપના થયા બાદ ચોમેર બાપાશ્રીએ સમજાવેલ ભગવાન સ્વામિનારાયણના મૂળજ્ઞાન-સિદ્ધાંતના બહિષ્કારનો બળવો પુરજોશથી ફાટી નીકળ્યો હતો.

બાપાશ્રીના હેતવાળા સમાજ માટે સંપ્રદાયમાં હડધૂતાત્મક તેમજ વિરોધાત્મક વાતાવરણ શમવાને બદલે દિન-પ્રતિદિન વધુ વધતું જતું હતું.

એવા સમયમાં બાપાશ્રીના સિદ્ધાંતોનો પ્રચાર કરવો અશક્ય હતો. તેમ છતાં એવા કપરા સમયમાં પણ રોમ રોમ પ્રત્યે બાપાશ્રીની અસ્મિતાથી અહોનિશ ભીના રહેતા એ દિવ્યપુરુષે એ સિદ્ધાંતોને છડેચોક મોટા મંદિરમાં રહી વિસ્તાર્યા.

છતાં ત્યાંના વિઘ્નસંતોષીઓ કાયમ એક તજવીજમાં રહી કહેતા, "મંદિરમાં બાપાશ્રીના જ્ઞાનનો થોડોઘણો કચરો રહી ગયો છે તેને હવે કાઢી નાખવો છે."

અંતે તેના પરિણામે એક સમય એવો આવ્યો કે બાપાશ્રીના સિદ્ધાંતોને મુકાવવા આકરી શરતોનાં બંધન ઊભાં કરવામાં આવ્યાં.

ત્યારે શરતો મૂકનારા પણ જાણતા હતા કે, "આ બાપાશ્રીના સિદ્ધાંતોની સાંગોપાંગ હૂબહૂ મૂર્તિ છે તે કદાપિ શરતો માન્ય નહિ જ રાખે."

જેમ સિંહને સો લાંઘણ થાય, ભૂખ્યો ઊભો ઊભો સુકાઈ જાય પણ કદી ખડ ન ખાય. તેમ આ દિવ્યપુરુષે બાપાશ્રીના સિદ્ધાંતો શિર સાટે રાખવા ના તો પીછેહઠ કરી, ના તો કોઈ જ રીતે સમાધાન કર્યું ને વિઘ્નસંતોષીઓને સ્પષ્ટ પરખાવ્યું, "આ ધડ ઉપરથી માથું ઉતારી શકશો, પરંતુ બાપાશ્રીને અને એમના સિદ્ધાંતોને નહિ મુકાવી શકો કે નહિ રોકી શકો."

ત્યારે સંપ્રદાયમાં સૌ કોઈને એ દિવ્યપુરુષમાં અબજીબાપાશ્રી સારુ મૂંડાવ્યાની અમૂલખ અસ્મિતાના સાક્ષાત્ સ્વરૂપનો અહેસાસ થયો.

●●●

જેને સાંભળતાં હૃદય દ્રવી ઊઠે એવાં કપરાં કષ્ટો અને દુર્ભેદ પડકારોને ઝીલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગર મંદિરનું બાંધકામ પૂર્ણ કરાવ્યું તેમ છતાં તેમના હૈયે આનંદ હતો શ્રીજીમહારાજના સંકલ્પ સમું શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિર તૈયાર કરવાનો.

મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં, પ્રતિષ્ઠા માટે મોટા મંદિરમાંથી પધારવાની સંમતિ મળી.

તેમ છતાં કેટલાકે વિરોધ કર્યો કે, ‘‘આ બાપાવાળા સાધુ છે અને બાપાના હેતવાળાનું મંદિર છે અને ત્યાં રહસ્યાર્થવાળાં વચનામૃત અને બાપાની વાતો વંચાશે માટે પ્રતિષ્ઠા કરવા ન જવું.’’

તેથી મોટા મંદિર દ્વારા શરતો મુકાઈ કે, ‘‘જો મંદિરમાં બાપાશ્રીની મૂર્તિ ન પધરાવો અને વચનામૃત તથા બાપાશ્રીની વાતો ન વાંચો તો મૂર્તિપ્રતિષ્ઠા કરીએ.’’

સિંહપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તુરત જ ખુમારીપૂર્વક જવાબ આપ્યો કે, ‘‘બાપાનો મહિમા તો અમારા રોમેરોમમાં છે અને ગવાશે જ. બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર માટે જ ‘બાપા’ અમને લાવ્યા છે. અમારા લોહીની એક એક બુંદમાં ‘બાપા’ છે; અમારા હૃદયના એક એક ધબકારમાં ‘બાપા’ છે; અમારા શ્વાસોશ્વાસમાં ‘બાપા... બાપા... બાપા’ જ છે. આ બાપાશ્રી સારુ તો મૂંડાવ્યું છે. માટે બાપાની મૂર્તિ પણ પધરાવાશે અને વચનામૃત - બાપાશ્રીની વાતો પણ વંચાશે. એટલું જ નહિ, અહીંથી જ દિગંતમાં બાપાશ્રીનો મહિમા ગવાશે. શ્રીજીમહારાજ, જીવનપ્રાણ બાપાશ્રી અને એમના મુક્તો સિવાય બીજું કોઈ આ મંદિરમાં નહિ જ પધરાવાય.’’

ધાર્યું બધું શ્રીજીમહારાજનું જ થાય છે. વિરોધોના વંટોળો ફૂંકાતા રહ્યા. બોલનારા દ્વેષીઓ બોલતા રહી ગયા અને શ્રીજીમહારાજના સંકલ્પે સંવત ૨૦૩૦ ચૈત્ર વદ છઠ્ઠ (તા. ૧૨-૪-૧૯૭૪)ના મંગલકારી દિને મૂર્તિપ્રતિષ્ઠા વિધિ થયો.

સંપ્રદાયના સૌપ્રથમ શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરમાં ઘનશ્યામ મહારાજ મુક્તમંડળે સહિત બિરાજ્યા. અજોડ સર્વોપરી ઉપાસનાના પાતાળમાં પાયા ખોડાઈ ગયા.

શ્રીજીમહારાજનો સૌપ્રથમ અમદાવાદમાં પોતાના મંદિરમાં પોતાનું જ સ્વરૂપ પધરાવવાનો અપૂર્ણ સંકલ્પ ૧૫૨ વર્ષ પછી પૂર્ણ થતાં આ મહામંગલકારી દિન સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયો.

‘બાપાશ્રી સારુ જ મૂંડાવ્યું છે’ એવા શૌર્યભર્યા શબ્દોથી સૌને બાપાશ્રી પ્રત્યેની આગવી અસ્મિતા દર્શાવનાર તથા શ્રીજીમહારાજના પોતાના મંદિરમાં પોતાનું જ સ્વરૂપ પધરાવવાના સંકલ્પને પૂર્ણ કરનાર બાપાના સંકલ્પથી પધારેલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદના...

# ૧૯

## અપૂર્વ ખુમારીથી શોભતું એ દિવ્ય સ્વરૂપ

'બાર સાંધતાં તેર તૂટે' એવી પરિસ્થિતિમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અનેક મુશ્કેલીઓની વચ્ચે ઘનશ્યામનગર મંદિરની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક કરી.

ઘનશ્યામનગર મંદિરે મૂર્તિપ્રતિષ્ઠા થયા પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી ક્યારેક ત્યાં રહેતા હતા. તો બહુધા મોટા મંદિરે એમના આસને જ રહેતા હતા. કેમ કે શહેરના હરિભક્તોનો સમાજ એમના સમાગમના અંગવાળો હતો. તેથી તેઓ ત્યાં રહેતા.

દર અઠવાડિયે અથવા સભા પ્રસંગે, પધરામણી, મહાપૂજા પ્રસંગે અવારનવાર ઘનશ્યામનગર મંદિરે તેઓ આવતા રહેતા. એ વખતે વાહનોની મુશ્કેલી એટલે તેઓને પગપાળા ચાલીને આવવું પડતું. પૈસાને અડતા નહિ, રાખતા નહિ કે રખાવતા પણ નહીં.

તેથી રિક્ષામાં આવવું પણ મુશ્કેલ બનતું. જો કોઈ હરિભક્ત રિક્ષામાં સાથે હોય તો રિક્ષા ભાડે કરી આપતા. એવી રીતે એમની ઘનશ્યામનગર મંદિરમાં આવન-જાવન ચાલુ રહેતી.

ધીરે ધીરે હરિભક્તોનો સમાજ ખૂબ વધી ગયો ને બળિયો પણ ખૂબ થઈ

ગયો, જે અન્ય વિઘ્નસંતોષીઓથી સહ્યું ન ગયું. તેથી આ બધું રોકવાના પ્રયત્નો ચાલ્યા ને એમાંય તેઓની કાનભંભેરણી તો ચાલુ જ હતી.

અંતે એવો સમય આવ્યો કે ગુરુવર્ય પ.પૂ. બાપજીને બળજબરીથી ત્યાગાશ્રમ છોડાવવાનો, ધોળા પહેરાવવાનો પ્રયત્ન થવાનો છે - આવી હિલચાલની ગંધ હરિભક્તોને આવી ગઈ.

એટલે તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, "સ્વામી, તમારે હવે મોટા મંદિરે રહેવું હિતાવહ નથી. હવે આપણું પોતાનું સ્થાન છે. પછી શા માટે અહીં રહેવું ? અમારી પ્રાર્થના સ્વીકારો સ્વામી..."

"અરે, સ્વયં મહારાજે ચૂંદડી આપી છે, માટે અનંતકોટિ બ્રહ્માંડોમાં આ સૂરજસરીખી ચૂંદડી ઉતારનાર કોઈ જન્મ્યો નથી ! માટે આપણે ડરવાનું શાને ! તમે ચિંતા ન કરશો... મહારાજની મરજી હશે તેમ જ થશે. એ કોઈથી કંઈ થાય તેમ નથી ! બધું જ મારા મહારાજથી થાય એમ છે." આમ બાપજીએ સમયે અપૂર્વ ખુમારી જણાવી હરિભક્તોને નિશ્ચિંત કર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને કોઈનો ડર નહોતો પણ ઉદ્વેગ ને કંકાસ વધુ થાય તેમ જણાતાં મહારાજ-બાપાના સિદ્ધાંતના પ્રચાર-પ્રસાર માટે એ દિવ્યપુરુષે મોટા મંદિરના આસનને તિલાંજલિ આપી. ત્યારપછી ઘનશ્યામનગર મંદિરે જ તેઓ રહેવા લાગ્યા ને એમના દાખડે સત્સંગની મહેક ચોમેર પ્રસરવા લાગી.

ઘનશ્યામનગર મંદિરે સવિશેષ રહેવાનું થતું હોવાથી શહેર વિસ્તારના હરિભક્તોને ઘનશ્યામનગર મંદિર દૂર પડતું હતું. માટે તે હરિભક્તોને સત્સંગના પોષણનું શું ? ને એ વખતે ચારેબાજુ ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રત્યે વિરોધાત્મક વાતાવરણ હતું. આવા વાતાવરણમાં હરિભક્તો બળિયા કેમ રહી શકે ? તેઓ ક્યાં સુધી ઝઝૂમી શકે ? ને જો સમાગમ ન મળે તો દિવસે દિવસે સત્સંગમાં ઢીલાશ આવતી જાય.

શહેર વિસ્તારના હરિભક્તોની ચિંતા ગુરુવર્ય પ.પૂ. બાપજીને રહેતી એટલે શહેર વિસ્તારમાં ક્યાંક જો સ્થળ મળે તો સભા કરવી એવું તેઓએ વિચારેલું. આ સમય દરમ્યાન લાંબેશ્વરની પોળમાં બે માળનું ભૂતિયું મકાન વેચવા માટે કાઢેલું.[૧] ગુરુવર્ય પ.પૂ. બાપજીને આ મકાન અંગે વાત મળી.

---

૧ : મકાનની ઉપરના માળે અંદરના રૂમમાં કોઈ એક બાઈ ભૂત થયેલી જેનું નાળિયેર ને ચૂંદડી પણ અંદર ગોખલામાં રાખેલાં અને રોજ ત્યાં ફરજિયાત દીવો કરવો જ પડે અને જે વ્યક્તિ એ મકાનમાં રહેવા આવે તેને હેરાન-પરેશાન કરી મૂકે.

તેઓએ કહ્યું કે, ''જો કિંમતમાં ફાયદો થતો હોય તો આપણે એ મકાન લઈએ.'' અને જે મકાન કોઈ નહોતું ખરીદતું કે નહોતું કોઈ ભાડે રહેતું તે મકાન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ 'ઘનશ્યામ સામયિક' ઑફિસ માટે તેના ટ્રસ્ટ અન્વયે ખરીદી લીધું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એ મકાને પધાર્યા. જે ઓરડામાં ભૂતનો નિવાસ હતો તે ગોખલામાંથી નાળિયેર-ચૂંદડી લેવડાવી દીધાં. ગોખલામાં હરિકૃષ્ણ મહારાજને પધરાવી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરી. નાળિયેરને વર્તમાન ધરાવી ભૂતનો મોક્ષ કર્યો.

ત્યારબાદ મકાન મળતાં શહેરી ભક્તો માટે રોજ સભા થવા લાગી. ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ અઠવાડિયે એકાદશીએ ને પૂનમે લાભ આપતા. એમ શહેરના હરિભક્તોનો સત્સંગ પુષ્ટ થતો ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અજોડ સાધુતા અને નિયમ-ધર્મની દૃઢતાનાં દર્શન કરી દિન-પ્રતિદિન અનેક નવા મુમુક્ષુઓ સત્સંગમાં ખેંચાતા હતા. સત્સંગનો વ્યાપ વધતાં બાપાશ્રીના હેતવાળો સમાજ પણ વધતો જતો હતો.

સત્સંગનો આ વધતો વ્યાપ અમુક વિરોધીઓથી ન ખમાયો તેથી તેમણે કેટલીક વિરોધાત્મક પ્રવૃત્તિ શરૂ કરી. તેમ છતાં જેના કર્તા સ્વયં શ્રીજીમહારાજ હતા એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેની કોઈ અસર ન થઈ.

તેથી કેટલાક વિરોધીઓએ બાપુનગર વિસ્તારમાં રહેતી એક ગુંડાતત્ત્વ વ્યક્તિને કાનભંભેરણી કરી ચડાવ્યા અને કહ્યું કે, ''ગમે તે થાય પણ એક અઠવાડિયામાં ઘનશ્યામનગર મંદિરનો કબજો તમે મેળવી આપો.''

વિરોધીઓના આગ્રહથી તેઓ પોતાના માણસો સાથે ઘનશ્યામનગર મંદિરે આવ્યા અને ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી જેમ તેમ બોલવા લાગ્યા.

મંદિરનો કબજો લેવા રોફ કરતાં તેણે ઉદ્ધતાઈથી તોછડાઈભર્યા શબ્દોથી ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અપમાન કરી નાખ્યું.

છેવટે તેણે દાટી અને ધમકી આપતાં કહ્યું, ''આઠ દિવસમાં આ મંદિર ખાલી કરી નાખજો અને જો મંદિર ખાલી નહિ કરો તો કાં તો હું નહિ, કાં તો તમે નહીં.''

અન્ય સાધુ-સંતો જેવા જ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ગણી તેઓએ બાહુબળના

રોફમાં ન આપવાની ધમકી આપી ત્યારે સાથે રહેલા હરિભક્તો અતિ ચિંતિત થઈ ગયા : "નક્કી આ ગુંડો અહીં તાયફા કરશે અને આપણા ગુરુની ફજેતી કરશે, અપમાન કરશે. મંદિરમાંથી તેમને કાઢી મૂકશે તો ?"

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખારવિંદ પર સહેજ પણ ગભરાહટ કે ચિંતાની લકીર પણ ન ઊપસી.

તેઓ થોડી વાર ધીર-ગંભીર થઈ મૌન રહ્યા પછી તેમના મુખારવિંદમાંથી સહસા જ શબ્દો સરી ગયા, "તમે જે કહ્યું છે કે, કાં હું નહિ કાં તો તમે નહીં. તો જાવ તમારો સંકલ્પ મહારાજ પૂરો કરશે."

આ ધમકી પછી હરિભક્તો સૌ ડરતા હતા. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી તો આજુબાજુની સોસાયટીઓ તથા વિસ્તારોમાં નિર્ભયપણે રિક્ષામાં તથા ચાલતા વિચરણ કરતા હતા. મંદિરમાં માત્ર ત્રણ યુવકોને જ રાખ્યા હતા.

ત્યારે હેતવાળા હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિચરણમાં જવાની ના પાડતા અને કહેતા કે, "તમે મંદિરમાં જ રહો, ક્યાંય બહાર ન જશો; નહિ તો તમને કંઈક કરી નાખશે."

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજના કર્તાપણાની ખુમારીથી જવાબ આપતા કે, "અનંતકોટિ બ્રહ્માંડનાં નાડીપ્રાણ શ્રીજીમહારાજના હાથમાં છે. એ બિચારો શું કરી શકવાનો ? મહારાજ સદાય મારી ભેળા છે માટે મારો વાળ વાંકો કરનાર કોઈ જન્મ્યો નથી."

મોટાપુરુષના મુખારવિંદમાંથી જે શબ્દો સરી પડેલા તે સાકાર થાય જ. થોડા દિવસ બાદ ધમકી આપનાર કોઈ કેસમાં ફસાયા અને તેને તડીપારની સજા થઈ. એટલું જ નહિ, તેઓ પોતાની ગાડી લઈ બહારગામ જતા હતા ત્યારે ગાડી ચલાવતાં સ્ટીયરિંગ પરથી બૅલેન્સ ગુમાવ્યું અને રોડ પરના ઝાડ સાથે ભયંકર રીતે ઍક્સિડન્ટ થતાં ત્યાં જ ખેલ ખતમ થઈ ગયો. તેમણે જે ધમકી આપી હતી 'હું નહિ' તે સંકલ્પ મહારાજે શબ્દશઃ સાકાર કર્યો.

ગમે તેવા વિપરીત સંજોગ-પરિસ્થિતિમાં પણ શ્રીજીમહારાજના કર્તાપણાની અપૂર્વ ખુમારીથી શોભતા એ દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૦

## નારદ ઐસી સાચે સંતન કી રીતિ

વર્તમાનકાળે નંદસંતોના જેવી નિષ્કામ ધર્મની રીતિનાં ગુરુવર્ય પ.પૂ. બાપજીમાં દર્શન કરતાં સમગ્ર સંપ્રદાયના મોટા માંધાતા અને સંતો પણ અહોભાવ સાથે બોલે છે કે, “વાસણામાં નંદસંતોની સાચી પરંપરા તો ખરી જ, પણ નંદસંતોનાં પ્રત્યક્ષ દર્શન આ સદ્. દેવનંદનદાસજી સ્વામીમાં થાય છે. તેમની સાધુતા અને નિયમ-ધર્મની દૃઢતા અજોડ છે.”

નિકટમાં રહેનારાનું પ્રમાણપત્ર સર્વદા સત્ય અને યથાર્થ જ હોય. એ ન્યાયે ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંતજીવનના પ્રારંભથી નિકટમાં રહેનારા સંતો-હરિભક્તો તેમના નિષ્કામ ધર્મની દૃઢતા જોઈ દંગ રહી જતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીના સૌથી જૂના અને સૌથી નિકટ હરિભક્ત એટલે પ.ભ. સાગરદાનભાઈ સ્વામિનારાયણ. તેઓ જ્યારે નિષ્કામ ધર્મની વાત નીકળે ત્યારે પોતાના મુખે અચૂક કેટલાક પ્રસંગ કહે જ.

ઈ.સ. ૧૯૭૦માં ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતો-હરિભક્તો સાથે સોરઠની પંચતીર્થી કરવા પધાર્યા હતા. એ સમયે વાહનની પ્રતિકૂળતા હોવાથી કેટલાંક સ્થળોએ ચાલતા જ જવું પડતું. એક વખત મંદિરમાં ઠાકોરજીનાં દર્શન-કથાવાર્તા

કરી બીજા ગામમાં જવા મોડું થતું હોવાથી ઉતાવળે નીકળ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે પોતાની પૂજા, ધોતિયાં ને પત્તરની ઝોળી ઉપરાંત જોડમાં રહેલા સંતનો પણ બધો જ સામાન તેમણે ઉપાડ્યો હતો.

હરિભક્તોએ સામાન ઊંચકવા માગ્યો તોપણ કહ્યું કે, “તમે રસ્તામાં કોઈ સ્ત્રીઓને અડી જાવ તો ગાતડિયાં, પૂજા, પત્તર બધું અભડાય.” કેવી સૂક્ષ્મ દૃષ્ટિ !

ગામના સાંકડા રસ્તામાં આગળ હરિભક્તો અને પાછળ ગુરુવર્ય પ.પૂ. બાપજી નીચી દૃષ્ટિએ પ્રભુસ્મરણ સાથે માળા કરતા ચાલતા હતા.

એક વખત હરિભક્તો થોડે આગળ નીકળી ગયા. જ્યારે ખૂબ વજનને કારણે તેઓ ધીરે ચાલતા હતા. આથી હરિભક્તો ને તેમની વચ્ચે અંતર વધી ગયું. ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઊંચી દૃષ્ટિ કરીને જોયું તો હરિભક્તો અને તેમની વચ્ચે પનિહારી બાઈઓ પાણી ભરીને આવતી દેખાઈ.

હવે તેઓથી બૂમ પણ કેમ મરાય ? આજુબાજુમાં બીજો કોઈ રસ્તો કે પાછા વળાય તેવી કોઈ પરિસ્થિતિ નહોતી. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી દોડીને બાજુના ઘરની દીવાલ તરફ મોં રાખી લપાઈ ગયા.

થોડી વારે હરિભક્તોએ પાછું વળીને જોયું તો ગુરુવર્ય પ.પૂ. બાપજી દીવાલ તરફ મોં રાખીને ઊભા હતા. તેથી તેઓ દોડતા તેમની પાસે આવ્યા અને પૂછ્યું કે, “શું થયું ? ઠેસ વાગી કે કાંઈ જીવજંતુ આવ્યું ? કેમ આમ અહીં ઊભા છો ?”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ધર્મામૃતની સ્મૃતિ કરાવતાં તરત કહ્યું કે, “શ્રીજીમહારાજે સાચા ત્યાગી સાધુને ધર્મામૃતમાં આજ્ઞા કરી છે કે, ‘ત્યાગી સાધુએ માર્ગમાં ચાલવું ત્યારે સ્ત્રી થકી પાંચ હાથ છેટે ચાલવું. સમૈયામાં ઘણાક જનના સમૂહમાં ભેગા થયા હોય ત્યારે સ્ત્રી થકી એટલે છેટે ન ચલાય તેનો બાધ નહિ, ત્યારે સ્ત્રીના સ્પર્શ થકી પોતાના અંગની જ રક્ષા કરવી.’

‘ત્યાગી સાધુની રીતિ’ ગમે તેવા દેશકાળ હોય તોય ફરવી ન જોઈએ. શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞા પણ ન લોપાય તો અત્યારે તો શક્ય હતું તો શા માટે લોપવી જોઈએ ? માટે અમે સ્ત્રીઓથી પાંચ હાથ છેટે રહેવા અહીં લપાઈ ગયા હતા.”

“સ્વામી, મેં તો ધર્મામૃતની વાતો સાંભળી છે પણ એનું ચરિતાર્થ સ્વરૂપ તો આજે જ જોયું. સ્વામી, તમે તો મુક્તાનંદ સ્વામીના પદ મુજબ ‘નારદ ઐસી

સાચે સંતન કી રીતિ' દેખાડી મને તમારો કરી લીધો... સ્વામી... તમે તો મને તમારો કરી લીધો."

સાગરદાનભાઈ આમ બોલતાં બોલતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને બે હાથ જોડી વંદી રહ્યા.

●●●

આ જ પંચતીર્થી દરમ્યાન તેઓ ધોરાજી પધાર્યા હતા. ગામના હરિ મંદિરમાં ઉતારો કર્યો હતો.

માગશર માસની અતિશય કડકડતી ઠંડીમાં સાથે સેવામાં રહેલા સાગરદાનભાઈએ ગરમ કોટની ઉપર કામળો ઓઢેલો છતાં શરીર ઠંડીથી કંપતું હતું. રાત્રે ગરમ ધાબળા તથા ગોદડાં ઓઢાડી ઠાકોરજીને પોઢાડ્યા.

જેમ જેમ રાત્રિ જામતી ગઈ તેમ તેમ ઠંડી માઝા મૂકીને અતિશય વધતી જતી હતી.

વહેલી સવારે સાડા ચાર વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી જાગ્યા ત્યારે ગાત્રો થીજી જાય તેવો અતિશય ઠંડો પવન વાતો હતો. પાણીનો સ્પર્શ કરવાની ઇચ્છા ન થાય તો એવી ઠંડીમાં સ્નાન કેવી રીતે કરાય ?

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્નાન કરવા પધારતા હતા ત્યારે મંદિરમાં રહેલા પૂજારીએ કહ્યું, "સ્વામી, આવી ઠંડીમાં ઠંડા પાણીએ સ્નાન ન કરો. લો, હું તમને ગરમ પાણી લાવી આપું."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ કહ્યું, "સાધુએ માંદગી વિના ગરમ પાણીથી સ્નાન ન કરાય. અમારું શરીર નરવું (સાજું) છે માટે ગરમ પાણી ન લેવાય. મહારાજની આજ્ઞા નથી."

આટલું બોલતાં તેઓએ મંદિરના ખુલ્લા ચોકમાં આવેલ નળ નીચે બેસી સ્નાન કરવાનું ચાલુ કરી દીધું. આખી રાતનું નળમાં બરફ જેવું ઠરી ગયેલું પાણી તેમના શરીર પર પડતાં લોહીના ટશિયા બાઝી ગયા. આખા શરીરનું લોહી થીજી ગયું.

જોડે સેવામાં રહેલા સાગરદાનભાઈથી આ જોયું નહોતું જતું. તેથી તેમણે ઘણી વિનવણી કરી : "સ્વામી, આ પાણી શરીરનાં ગાત્રો થિજાડી દે તેવું છે, માટે સ્વામી ના ન્હાશો..."

છતાં એ દિવ્યપુરુષે ઠંડા પાણીએ જ સ્નાન કર્યું. કોઈની તો નહિ પણ પોતાના

અવરભાવની પણ મોબત ન રાખી.

ગામના હરિભક્તો તથા પૂજારી તો સાચા સંતની રીતે વર્તવાનો તેમનો આગ્રહ જોઈ અચંબિત થઈ ગયા.

તે સૌના મુખે એક જ વાત હતી : "અમે આવા નિયમ-ધર્મની અડગ ટેક રાખનાર નંદસંતોની વાતો વાંચી ને સાંભળી હતી. પણ એમનાં ક્યારેય પ્રત્યક્ષ દર્શન નહોતાં કર્યાં. પણ એવા નંદસંતનાં દર્શન આ સ્વામીમાં અમને આજે થયાં. એમની અચળ અડગ આજ્ઞાપાલનની નિષ્ઠાને ધન્ય છે..."

આજે વર્ષો પછી પણ જ્યારે ૯૦ વર્ષીય સાગરદાનભાઈ આ પ્રસંગ કોઈ હરિભક્તની સમક્ષ વર્ણવતા હોય છે ત્યારે તેમની આંખો ભીની થઈ જાય છે ને એમના હાથ અવસ્થાના ભાવોને અવગણી મસ્ત બની હવામાં લહેરાતા હોય છે. એમના મુખમાં વારંવાર એક જ શબ્દ પડઘાતો હોય છે :

"મેં એ વખત પહેલી વાર આવા સાધુ જોયા હતા... હું તો સડક થઈ ગયો... હું તો સડક થઈ ગયો..."

વાત કરતાં કરતાં પાછા તેઓ સડકની જેમ સ્તબ્ધ બની રહે છે.

શ્રીજીમહારાજ અને નંદસંતો જે રીતે વર્ત્યા છે તે રીતે રીત પોતાની કરી જીવનપર્યંત વર્તી રહેનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૧

## પોતે દુઃખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે

ઈ.સ. ૧૯૭૯માં ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે એકાદશીએ સભા કરવા પધાર્યા હતા. સવારથી જ આસને હરિભક્તો દર્શને આવતા હતા.

હળવદના બ્રાહ્મણ હરિભક્ત કાંતિભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા હતા. તેઓ ખૂબ ઉદાસ જણાતા હતા. તેઓનું શરીર સાવ નખાઈ ગયેલું દેખાતું હતું. મોંએ ડૂમો ભરાયેલો હતો. કશું બોલી શકતા નહોતા.

'મા' સમાન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અંતર્યામીપણે તેમનાં દુઃખને જાણતા હોવા છતાં સાંત્વના આપવા તથા ઉદાસીનતા ટાળવા કંઈક જુદી જ વાત કરતાં પૂછ્યું, ''કાંતિ, તારે સાધુ થવું છે ? સંસારમાં ક્યાંય સુખ નથી. એક મહારાજની મૂર્તિમાં જ સુખ છે.''

આટલું સાંભળતાં જ કાંતિભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ 'મા'ની જેમ એમના માથે કરુણાનો હસ્ત ફેરવવા લાગ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કાંતિભાઈને સાંત્વના આપી રડવાનું કારણ પૂછ્યું.

કાંતિભાઈએ દુઃખી હૃદયે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, ''દયાળુ, હું સાધુ થઈને શું કરીશ ? મને તો છેલ્લી અવસ્થાનો ટી.બી.(ક્ષય) થયો છે. હવે મારે

જીવવાની પણ કોઈ આશા નથી. આપની સેવા કરવાને બદલે આપને ભારરૂપ થઈશ.''

"અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે..."

શ્રીજીમહારાજનો જેવો 'અતિ દયાળુ' સ્વભાવ હતો તેવો ગુરુવર્ય પ.પૂ. બાપજીનો પણ અતિ દયાળુ સ્વભાવ છે.

તેથી તેમનું દુઃખ દૂર કરવા કહ્યું કે, "કાંતિ, તારો ટી.બી. કોઈ લઈ લે, તારો મંદવાડ જતો રહે અને તું સાજો થાય પછી તો સાધુ થઈશ ને ?"

કાંતિભાઈએ કહ્યું, "હા દયાળુ, સાજો થઈશ તો જરૂરાજરૂર આપની જોડે જ સાધુ થઈશ." ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમનો ટી.બી.નો મંદવાડ પોતે ગ્રહણ કરી લીધો. કાંતિભાઈને સાજા કર્યા. સાજા થયા પછી તેઓ સાધુ થયા અને સાધુ હરિસેવાદાસજી તરીકે સત્સંગની ખૂબ સેવા કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વતંત્રપણે બીજાનાં દુઃખને ટાળવા પોતે દુઃખ વેઠ્યું. બે મહિના સુધી ટી.બી.નો મંદવાડ ગ્રહણ કરી સ્વતંત્રપણે રજા આપી.

●●●

પોતે દુઃખો વેઠી અન્યને સુખ આપવું આ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સહેજે વરસતી દયા છે. કેટલીક વાર કોઈ હરિભક્તને દુઃખી જોઈ પોતે દિલગીર થઈ જાય.

તેઓ રાત્રે બે-ત્રણ વાગ્યે ઊઠી તેમના માટે મહારાજને પ્રાર્થના કરે, માળા કરે.

એક વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી રાત્રે ત્રણ વાગ્યે પ્રાર્થના કરતા હતા : "હે મહારાજ, હે બાપા, હે સદ્‌ગુરુઓ ! આપના કારણ સત્સંગના પરિવારના સભ્યોની રક્ષા કરજો... કોઈને પડવા ન દેશો... સૌને છેલ્લા શ્વાસ સુધી નિભાવજો... હે મહારાજ, દયા કરો..."

સેવક સંતે પૂછ્યું, "બાપજી, આપ સૌ માટે કેમ પ્રાર્થના કરો છો ?"

ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા : "કારણ સત્સંગ મહારાજના સંકલ્પનો પરિવાર છે. મહારાજે અમને એમની જવાબદારી સોંપી છે. એટલે સૌની ચિંતા અમને હોય ને ! માટે અમે રોજ સમગ્ર સમાજ સારુ પ્રાર્થના કરીએ છીએ." સેવક સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની પરમ પરહિતકારી રીત નીરખી સ્તબ્ધ બની ગયા.

શરણે આવેલા પોતાના થયેલાને સુખી કરવા પોતે અનંત દુઃખો સહન કરનાર માતૃવાત્સલ્યતાના સાગર સમા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૨

## હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે

કેસરી સિંહ સો લાંઘણ પડે તોપણ ખડ ન ખાય તેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી ગમે તેવી સ્થિતિ-પરિસ્થિતિમાં પણ નિષ્ઠામાં અડગ રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમના બાલ્યાવસ્થાના જીવનમાં અજોડ નિષ્ઠાની ખુમારીનાં દર્શન થતાં. ગામમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની અડગ નિષ્ઠાની ધાક જણાતી.

ગામમાં પણ કેટલાક પરોક્ષના નારાયણનું નામ પરાણે તેમને બોલાવવાનો પ્રયત્ન કરતા. તેમ છતાં તેમને તેઓ સદાય વિનમ્રભાવે કહેતા "જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ."

એક વાર કોઈ સગાં એમના ઘરે આવ્યાં. તેઓ જાણતા હતા દેવુભાઈને (ગુરુવર્ય પ.પૂ. બાપજીને) સ્વામિનારાયણની અડગ નિષ્ઠા છે.

એટલે તેમણે કહ્યું : "દેવુભાઈ, જય શ્રી નારાયણ..."

દેવુભાઈએ કંઈ પ્રત્યુત્તર ન આપ્યો.

એટલે તેમણે ફરી આગ્રહપૂર્વક કહ્યું : "જય શ્રી નારાયણ..."

દેવુભાઈ બોલવાને બદલે મૌન ઊભા રહ્યા. પેલા થોડા અકળાયા એટલે

પાછો 'જય શ્રી નારાયણ' બોલવા આગ્રહ કર્યો.

ત્યાં તેમને દેવુભાઈએ સિંહગર્જના કરતાં કહ્યું, "તમે જ નહિ, તમારી સાત પેઢીના બાપદાદા આવીને કહેશે તોપણ હું 'જય સ્વામિનારાયણ' સિવાય કાંઈ જ નહિ બોલું. તમે કદાચ માથું ફોડી નાખશો તોપણ આ મુખે 'સ્વામિનારાયણ' સિવાય બીજું કોઈ નામ નહિ બોલું."

પેલાં સગાં તો બોલતા જ બંધ થઈ ગયાં અને વિચારી રહ્યાં : "આ તો પાકો ભગત છે."

આમ, ઘણાં સગાંસંબંધી એમના ઘરે આવતા ત્યારે તેઓ દેવુભાઈને પરોક્ષનાં 'નારાયણ' નામ બોલવા આગ્રહ કરતા. પણ દેવુભાઈનો એકધારો સણસણતો ઉત્તર સૌને એમની અચળ અડગ નિષ્ઠાનાં દર્શન કરાવી દેતો.

●●●

શ્રીજીમહારાજની એક પતિવ્રતાની ભક્તિના પ્રખર હિમાયતી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂર્વાશ્રમની બાલ્યાવસ્થામાં પણ કોઈની શેહ-શરમ રાખી નથી તો ત્યાગાશ્રમ સ્વીકાર્યા પછી તો તેઓ ભૂલે પણ બીજું નામ ક્યાંથી બોલે ?

કદી 'સ્વામિનારાયણ' મહામંત્ર સિવાય અન્ય કોઈ મંત્ર મુખે બોલ્યા નથી કે સ્વામિનારાયણ ભગવાન સિવાય અન્ય કોઈ અવતારનો મહિમા પણ ગાયો નથી કે શાસ્ત્રોની કથા પણ કરી નથી.

એક વખત સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિરમગામના મોટેરા હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને આવ્યા.

દર્શન-દંડવત કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિનંતી કરતાં કહ્યું કે, "મેં વિરમગામમાં પરોક્ષના શાસ્ત્રની સાત દિવસની પારાયણ બેસાડી છે માટે એમાં તમારે કથા સાંભળવા પધારવાનું છે."

તેમનો આમંત્રણીય પ્રસ્તાવ સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ જ બોલ્યા નહીં.

એટલે તેઓ સમજી ગયા કે, "દેવસ્વામીને આ ગમ્યું નથી લાગતું. તેઓના મુખના ભાવ કહે છે - તેઓ મને 'ના' જ પાડશે. પણ તેઓ સાચા સાધુ છે. તેઓ પારાયણમાં પધારે તો બહુ સારું. મારા પર એમને સારું હેત છે."

એટલે તેમણે હેતના કારણે ફરી કહ્યું, "ના ન પાડતા હોં ! તમારે ગમે તેમ કરી આવવાનું જ છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને સ્પષ્ટ તથા વિનમ્ર શબ્દોમાં કહ્યું કે,

‘હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે.’


“આ મુખે કરીને અમે એક સ્વામિનારાયણ ભગવાનનો જ મહિમા ગાયો છે અને કાને કરીને સાંભળ્યો છે. માટે અમારું આવવું અશક્ય છે...”


પેલા મોટેરા હરિભક્ત જાણે ઘડી બે ઘડી સ્તબ્ધ થઈ ગયા.

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પોતાનો અભિપ્રાય-સિદ્ધાંત જણાવતાં કહ્યું, “તમે એટલો તો વિચાર કરો કે તમને અનંતકોટિ બ્રહ્માંડના ધણી સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને તમે કોની પારાયણ રાખી છે ?! શ્રીજીમહારાજનાં શ્રીમુખ વચન જેમાં લખાયાં છે એવા સર્વોપરી ગ્રંથ વચનામૃતની પારાયણ રાખો તો ૭ નહિ ૧૭ દિવસની પારાયણમાં જરૂર આવીશ પણ જે મુખે એક સ્વામિનારાયણ ભગવાનની જ વાતું થાય છે તે મુખે કરીને પરોક્ષની પારાયણ તો નહિ જ કરું, પરંતુ એવી કથાનું શ્રવણ પણ નહિ કરું.”

સત્સંગના મોટેરા હરિભક્ત કહેવાતા હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમની કોઈ મોબત રાખી નહિ કે તેમની શેહ-શરમમાં પણ ન આવ્યા.

અનંત મુમુક્ષુને એકમાત્ર શ્રીજીમહારાજની પતિવ્રતાની ભક્તિ દૃઢ કરાવનાર પતિવ્રતાની ભક્તિના પ્રબોધક એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે;
માત તાત સગાં સમેત, માન્યાં સનેહી ભોળાપણે રે.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૨૩

## વાત્સલ્યમૂર્તિ સત્પુરુષ

યુવાનો માટેનો અનર્ગળ સ્નેહ એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજીને યુવાજગત નતમસ્તકે નમી પડે.

શક્તિનો ધસમસતો પ્રવાહ, ચંચળ મન, દુન્યવી સુખનાં આકર્ષણ, ઘટમાં મહત્ત્વાકાંક્ષાઓના થનગની રહેલા ઘોડા સમા યુવાનોને ઉપાસના અને ભજનભક્તિ સાથે બાંધી નરી વાસ્તવિકતાના રૂપમાં ઢાળનાર યુવાનોના પથદર્શક એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી.

તેમની પાસે શ્રીહરિ સાથેની ઐક્યતામાંથી નીકળતી સાદી સચોટ વાણીથી યુવાનો આકર્ષાઈ જતા.

યુવાનો માટે એ હરતી-ફરતી શાળા જ હતી. યુવકોનું ઘડતર તેઓ પોતાની દેખરેખ નીચે જ કરતા.

એક વખત મોટા મંદિરે કોઈ યુવકને એક સંતે ઊભો રાખ્યો.

ને પૂછ્યું : “આ દેવસ્વામી એવી તે કઈ પ્રેરણા તમને આપે છે કે તમે રોજ એમનાં દર્શન ને કથાનો લાભ લેવા આવો છો ?”

યુવક સ્મિત કરતાં બોલ્યો, “દેવસ્વામીના નિર્મળ, નિર્ભેળ સ્નેહે મને બદલી

નાખ્યો છે. માટે રોજ અહીં આવું છું.”

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવાનોના મનોભાવને સહજમાં સમજી જતા. એટલે અનેક યુવાનો તેમની પાસે આવીને જીવનની દિશા પામતા. જેમ માબાપનો બાળકને સ્નેહ જોઈએ ને વાત્સલ્યભાવ જોઈએ તે મુજબ ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવાનોને પોતાનાં બાળકો સમજીને નિર્મળ સ્નેહ આપતા હતા. અને તેમના વ્યક્તિત્વ વિકાસ તરફના નિમિત્ત બનતા હતા.

ઈ.સ. ૧૯૬૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજી જે હેતુ માટે અને સિદ્ધાંતોને ઉજાગર કરવા પધાર્યા હતા તેનો મંગળ પ્રારંભ મોટા મંદિરથી થયો. તેમની પ્રથમ નજર ભૂખ્યા-ગરજુ નવયુવાનો ઉપર ઠરી.

તે માટે તેમણે યુવકોની સાથે રહેવા માટે ઘણું મોટું ફલક મંદિરમાં જ ઊભું કરી દીધું. દરરોજ અનેક મુમુક્ષુ યુવાનો તથા હરિભક્તો મંદિરમાં આવે. તેમની સાથે ઘરોબો કેળવી, તેમને પોતીકા બનાવી અમીરસપાન કરાવવાનું બીડું તેઓએ ઝડપ્યું.

દરેક યુવાન અને હરિભક્તોનું આકર્ષણ એ બાબત ઉપર હતું કે, ગુરુવર્ય પ.પૂ. બાપજીને સત્સંગ કરાવીને, પ્રભુપ્રાપ્તિ કરાવીને, ત્વરિત સુખભોક્તા કરાવવાનો કેવો આગ્રહ ! એ જોઈને જ જાણે કે પ્રભુમિલનનો જુવાળ ઊપજે. ઉત્સાહનો અલંચ સ્રોત વહે.

તે માટે તેમનું મુખ્ય પ્રાયોગિક વિદ્યાલય એટલે રંગમહોલના ઘનશ્યામ મહારાજ.

જેમ કોઈ કુંભાર ટીપીટીપીને, ચાકડે ચઢાવીને સુંદર મઝાના જનસમુદાયની તૃષાને તૃપ્ત કરતાં માટલાં ઘડે તે જ રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આવા ૨૫ યુવાનોના ઘડતર અને ચણતર દ્વારા યુવાસેનાની બેનમૂન ફોજ તૈયાર કરી હતી.

આ યુવાસેનાને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મહારાજ અને બાપાના સિદ્ધાંતોના પ્રવર્તન માટે આધારભૂત બનાવી. આ યુવાસેના દ્વારા જ તેઓ સિદ્ધાંતોને ઉજાગર કરવા માગતા હતા.

તેથી આ બધા જ યુવકોને ભેગા કરી અંગત લાભ આપી સિદ્ધાંતોના મહારથી કરવાનો તેઓએ સૌપ્રથમ પ્રયાસ કર્યો ઈ.સ. ૧૯૬૮માં.

ઈ.સ. ૧૯૬૮થી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોટા મંદિરે દર રવિવારે સવારે નવથી અગિયાર બે કલાકની યુવક મંડળની સભા શરૂ કરી જેમાં આ યુવાસેના


બની સિદ્ધાંતોની સહજાનંદી સેના.

આ સભામાં સફળતા મળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ યુવકો સાથે વધુ સમય વિતાવવા દર રવિવાર ઉપરાંત દર એકાદશીએ સભા શરૂ કરી તેમાં પણ તેઓને અત્યંત સફળતા મળી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે પધાર્યા હોય કે પછી શહેરમાં અન્ય જગ્યાએ વિચરણમાં પધાર્યા હોય ત્યારે સૌ યુવકોને રવિસભા અને એકાદશીની સભામાં આવવા ખૂબ આગ્રહ કરતા.

નવા મુમુક્ષુ યુવકો અને હરિભક્તોને ગુરુવર્ય પ.પૂ. બાપજી જાતે પત્ર લખતા અથવા ચિઠ્ઠી લખી પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદીને રૂબરૂ આપવા મોકલતા. સભામાં આવવાનો પ્રેમભર્યો આગ્રહ કરતા.

એક વાર ન આવે તો ફરી પત્ર લખે, ફરી બોલાવવા મોકલે અથવા મંદિરે દર્શને આવે ત્યારે પોતે જાતે તેમને સભામાં આવવાનો આગ્રહ કરતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીના હસ્તાક્ષરવાળી આ પ્રસાદીભૂત ચિઠ્ઠી આ પ્રસંગે રજૂ કરતાં હર્ષ થાય છે.



**મુક્તરાજ, આપણા આસને રંગમહોલના મેડા ઊપર દર રવિવારે અને દર એકાદસીએ સવારે નવથી અગીયાર સત્સંગ સભા થાય છે માટે ખાશ આવવુ.**

**દા. સ્વામી દેવનંદનદાસજી**

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આવા અદ્વિતીય અને અજોડ પુરુષાર્થને કારણે જ ગુરુવર્ય પ.પૂ. બાપજીથી વિખૂટા પાડવાના પ્રયત્નોની સામે આ યુવાસેના અકબંધ રહી હતી. જે ગુરુવર્ય પ.પૂ. બાપજીની સૂક્ષ્મ માવજત અને જતનનું જ એક અવિસ્મરણીય અભિયાન હતું. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સૌને માતૃવત્ વાત્સલ્યથી ભીંજવ્યા હતા. તે તો તેમના અવિરત તથા સાતત્યપૂર્ણ દાખડાની જ આ અનુપમેય ફલશ્રુતિ હતી.

યુવકને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની ઓળખાણ કરાવવાનો ને બાપાશ્રીએ આપેલ સર્વોપરી જ્ઞાનથી સભર કરી છતે દેહે પ્રભુપ્રાપ્તિની મસ્તીનો અનુભવ કરાવવાનો તલસાટ, જે તેમની મૂર્તિના સંબંધવાળી સાત શેર ઘીના મેસૂબ (પકવાન) જેવી વાતોમાં ઊભરાતો દેખાતો.

તેમની દરેક વાત, ક્રિયા કે વર્તન આવેલ આગંતુકના સર્વાંગી ઘડતરનો પાયો બની જતો. ન જોવા મળે ગુરુવર્ય પ.પૂ. બાપજીને થાક ને ભૂખ, ન જણાય ઊંઘ કે ઉજાગરા, ન વર્તાય આળસ કે તકલીફ.

બસ, મહારાજ ને બાપા એને ઓળખાવી દઉં - આ એક જ ધ્યેયથી તેઓ સતત મંડ્યા જ રહેતા, મંડ્યા જ રહેતા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફક્ત સત્સંગ કરાવવો એટલું જ નહિ, પણ યુવકોને કોઈ મૂંઝવણ કે તકલીફ જણાય તો તેને જાણીને કે અંતર્યામીપણે જાણીને તે તત્કાળ દૂર કરી દેતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો દૃષ્ટિકોણ અનુપમ હતો. યુવાનોનું મન જીતવાની ને પ્રેમ સંપાદન કરવાની એમની કળાઓ માતાપિતા માટે દીવાદાંડી સમાન છે.

એક તો પક્ષપાત રહિત અનન્ય સ્નેહ અને બીજી તેમની જરૂરિયાતો બાબતની જાગૃતિ.

એક વાર મોટા મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને એક યુવાન આવીને બેઠો હતો.

એ યુવાન આમ તો ભક્તિવાળો હતો. પરંતુ એનામાં નાનુંસરખું વ્યસન ઘર કરી ગયેલું. એ એનાથી કંટાળી ગયેલો પણ એ છૂટતું નહોતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આસને પધાર્યા. પણ યુવાન કશું ન બોલ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અંતર્યામીપણે પ્રેમથી કહ્યું, “અલ્યા વ્યસન છે ને ! છોડી દે.”

“સ્વામી, નથી છૂટતું !” યુવાન લાચારી બતાવતાં બોલ્યો.

“ના, શું છૂટે ? બધું છૂટી જાય. સાવ મડદા જેવી વાત કરે છે ને ! આપણી જોડે મહારાજ અને બાપા છે પછી શાના ડરવાનું, હેં ! મક્કમ નિર્ધાર કર. અમો તારી વતી મહારાજ, બાપા ને સદ્‌ગુરુઓને પ્રાર્થના કરીશું. તારા મનથી મૂક. વ્યસન મૂકીશ એટલે તું મરી નહિ જાય. લાવ, તને અમે લખી આપીએ...”

“સ્વામી, આજથી મહારાજ, બાપા ને સદ્‌ગુરુઓના બળે સંકલ્પ કરું છું;

વ્યસન ક્યારેય નહિ કરું.'' ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એને જળ આપ્યું અને કહ્યું, ''હે મહારાજ, બાપા, સદ્‌ગુરુઓ ! આને બળ આપો; એનું વ્યસન નીકળી જાય.''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવકોને વિષમ દેશકાળથી બચાવી સહૃદયી બની રહેતા.

● ● ●

તેઓ યુવકો સાથે એટલા આત્મીય હતા કે યુવકો તેમની આગળ નિખાલસભાવે વર્તતા. તો વળી, તે સમક્ષ તેઓ પોતે પણ યુવકોની શક્તિઓને ખીલવવા સદૈવ જાગ્રત હતા.

યુવકો પાસે પ્રવચનો કરાવતા અને અટપટા પ્રશ્નો પૂછી પાકા કરાવતા. એમાંય જો કોઈ યુવક ગુરુવર્ય પ.પૂ. બાપજીને કથામાં પ્રશ્નો પૂછે તો તે તેમને ઘણું ગમતું.

જો તેની જિજ્ઞાસાવૃત્તિ જુએ, જ્ઞાન દૃઢ કરવાની ઈચ્છા જુએ તો તેને પ્રોત્સાહન આપવાની એક પણ તક તેઓ જતી ન કરતા. હા, ખોટું પ્રોત્સાહન તો કદી આપતા જ નહીં.

પોતે પૂછેલા પ્રશ્નનો કોઈ સચોટ ઉત્તર આપે તો તેમની કાયમી રીતરસમ મુજબ 'વગાડો તાલી' કહીને સૌ યુવકો દ્વારા અભિવાદન કરાવતા. આમ, યુવકોને પ્રેરણા આપી તેની પ્રગતિનાં દ્વાર હંમેશાં ખુલ્લાં રાખતાં.

તેઓ તેમની યુવાસેના સાથે પણ કેટલીક વાર નાની-મોટી રમૂજો કરી નાની વાતમાં મોટો સિદ્ધાંત સમજાવી દેતા. જેના કારણે આ યુવાસેના ગુરુવર્ય પ.પૂ. બાપજીને વળગેલી રહી હતી.

● ● ●

શ્રી પનુભાઈ સોની જ્યારે યુવાન વયના હતા ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીની યુવાસેનાના તેઓ સભ્ય કેવી રીતે બન્યા તે જાણી ખરેખર ગુરુવર્ય પ.પૂ. બાપજીની યુવકોને સત્સંગ કરાવવાની પ્રબળતા આપણને નતમસ્તક બનાવી દે છે.

એ વખતે તેઓ મોટા મંદિરે દર્શન કરવા જતા ત્યારે કાયમ તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા, ''પનુ, આસને આવજે હોં !''

તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક-બે વખત નહિ, પરંતુ સો-સો વખત આસને આવવા આગ્રહ કર્યો હતો. તોપણ તેઓ જતા નહીં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના કહેવા છતાં તેઓ આસને ન આવ્યા તો ગુરુવર્ય

પ.પૂ. બાપજીએ પરિક્રમામાં સત્સંગ કરાવવાનો પ્રારંભ કર્યો.

સત્સંગના અંતે ફરી આસને આવવા આગ્રહ કરે. છતાં પનુભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને જાય નહીં.

છેવટે પનુભાઈએ પોતાના પિતાશ્રીને વાત કરી કે, ‘‘આ દેવસ્વામી છે તે મને દર વખતે આસને આવવા આગ્રહ કરે છે તો શું કરવું ?’’

તેઓના પિતાશ્રી મોટા મંદિરમાં ખૂબ મોટેરા હરિભક્ત હતા.

તેમણે કહ્યું, ‘‘પનુ, આખા મંદિરમાં આ દેવસ્વામી એક જ હીરા જેવા સાધુ છે માટે જજે.’’

ત્યારબાદ એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અતિ આગ્રહને વશ થઈ પનુભાઈ આસને સભામાં આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના સાધુતાસભર જીવનથી તેઓ ખૂબ આકર્ષાયા અને આજે એસ.એમ.વી.એસ.ની ઈંટ બની આજીવન સમર્પિત થઈ સેવા બજાવી રહ્યા છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ યુવાસેનામાં ૨૫ જેટલા સિંહ સમા યુવાનો તેમના પ્રત્યે અનેરા આકર્ષણથી ખેંચાયેલા રહેતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ તેમને આગવા નામથી બોલાવી વાત્સલ્યતા વરસાવતા.

શ્રી ધર્મકુમાર પંડ્યા ઑફિસથી છૂટે કે તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સમાગમ કરવા માટે આસને આવી જતા.

સમાગમ તો પછીનું કારણ હતું. પણ મુખ્ય કારણ હતું ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે તેમના માટે બોલાતો શબ્દ ‘પંડ્યો’.

આ શબ્દ સાંભળવા જ તેઓ દોડી આવતા. એ જ એમનું ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રત્યેના આકર્ષણનું કેન્દ્ર હતું.

નવાવાસમાં રહેતા જ્યોતીન્દ્રકુમાર આદેસરાને ગુરુવર્ય પ.પૂ. બાપજી ‘વીંછી’ કહેતા. તેમને વચનામૃતો ઠીક ઠીક પ્રમાણમાં આવડતાં - યાદ રહેતાં. ઘણી વાર તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી ‘ચશ્મેરી (ચહમેરી)’ કહીને બોલાવતા કે, ‘‘આજે પેલો ચહમેરી કેમ દેખાતો નથી ?’’

વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજીની યુવા ફોજની સંખ્યા વધુ તેથી જાતજાતના નામથી તેઓ યુવકોને બોલાવતા.

જેમ કે નરેન્દ્રભાઈ બશેરીને તેઓ ‘બશેરી’ કહી તથા નરેન્દ્રભાઈ ત્રિવેદી

(સાહેબ)ને તેઓ 'અઢીશેરી' કહીને બોલાવતા.

આવા વ્હાલભર્યા ને પોતીકા શબ્દો ગુરુવર્ય પ.પૂ. બાપજી અને યુવકો વચ્ચેનો એક અભિન્ન અને અતૂટ નાતો ઊભો કરી દેતા.

• • •

આવનાર હરિભક્તોને અને યુવકોને કેવી રીતે જોડી રાખવા તે એમના માટે હસ્તામળ હતું.

ઉનાળાના ચૈત્ર-વૈશાખના ધગધગતા અંગારા જેવો ધોમધખતો તાપ હોય ત્યારે પ્રેમી હરિભક્તો મોટા મંદિરે ઠાકોરજીને અને સંતોને કેરીની રસોઈઓ દેતા.

ભંડારમાં રોજ કેરીના ઢગલે ઢગલા થતા. પરંતુ સાધુતાના મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી તો તેને લગારેય ગ્રહણ ન કરે.

સાંજ પડે સંતો-હરિભક્તોએ રસ કાઢી જે ગોટલા ફેંકી દીધા હોય, એ ફેંકી દીધેલા ગોટલાને ગુરુવર્ય પ.પૂ. બાપજી વીણી વીણીને ભેગા કરે. એ ભેગા કરેલા ગોટલાને ફોડી તેમાંથી ગોટલી કાઢી લેતા. તેને બાફીને તેની પ્રસાદી તૈયાર કરતા.

એ પ્રસાદીનો ઉપયોગ દર્શન કરવા આવનાર યુવકો અને હરિભક્તોને આપવા માટે કરતા.

આ ગોટલીઓ મહારાજને ધરાવી તેઓ સૌને કારણ સત્સંગમાં ખેંચી લાવવાના રૂડા સંકલ્પો કરતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ ગોટલી એટલી બધી પ્રિય બની ગઈ હતી કે સૌ ગુરુવર્ય પ.પૂ. બાપજીને 'ગોટલીવાળા સ્વામી'થી પણ ઓળખતા.

આ ગોટલી પણ યુવાસેનાની રચનાનો એક ભાગ હતી.

• • •

ઘનશ્યામનગર ખાતે ઈ.સ. ૧૯૭૪ની સાલમાં મંદિર તૈયાર થયું. પછી તો ત્યાં વર્ષમાં બે વાર બ્રહ્મસત્રના પ્રોગ્રામો થતા.

માગશર મહિનામાં તેમજ ચૈત્ર મહિનામાં (પાટોત્સવ ઉપક્રમે) એમ બે વખત પાંચ પાંચ દિવસનાં બ્રહ્મસત્રો યોજાતાં જેમાં પારાયણો થતી.

આ બ્રહ્મસત્રોમાં પ્રયોજક કહો કે પછી પ્રવક્તા કહો એ પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતે જ હતા. સવારે આઠથી બાર, સાંજે ચારથી સાત અને રાત્રે નવથી

બાર વાગ્યા સુધી એકલપંડે કથાવાર્તાનો રસ પીરસી સૌને સુખિયા કરવાના તેમ છતાં તમામ સમિતિના લીડર ગણો કે સંયોજક ગણો જે ગણો તે પોતે જ હતા. બ્રહ્મસત્રની પૂર્વતૈયારીથી માંડી આટોપવા સુધીની સંપૂર્ણ સેવા ગુરુવર્ય પ.પૂ. બાપજી એકલે હાથે કરતા.

આ બ્રહ્મસત્રોમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની લાડકવાયી યુવાસેના તો હોય જ.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આ યુવકમંડળને 'રજવાડી મંડળ' તરીકે ઓળખતા. વળી, બ્રહ્મસત્ર પ્રોગ્રામમાં રાત્રે પણ મોડે સુધી કથાનો લાભ આપ્યો હોય તેથી સૌ યુવકોને સવારે જાગવામાં મોડું થતું.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌને સાત ખોટના દીકરા જેવા ગણી સૌની ઝીણવટભરી કાળજી લેતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાનાં દૈનિક સેવાકાર્યથી પરવારી તેમના ઉતારે અક્ષરઓરડીએ[૧] પહોંચી જતા.

સૌને જગાડવા માટે આવે અને પોતાના જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કરી જગાડે અથવા તાળી પાડીને જગાડે. એમની ઉઠાડવાની અદામાં પણ પ્રેમાળતાની મહેક હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણનો સ્પર્શ થતાં યુવકો ચરણ પકડી લેતા. સવારમાં ઊઠતાંની સાથે તેઓ યુવકોને વાત્સલ્યથી ભરી દેતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પધારે ત્યારે સૌ જાગી જાય અને જય સ્વામિનારાયણ (કેટલાક બંધ આંખે પણ) કહે. વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજી પાછા વળે ત્યારે કેટલાક મુક્તો પાછા પોઢી જાય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ તેમને ઓળખી ગયા હતા તેથી ફરી પાછા પધારી પાકું કરી જાય. ફરીથી ઉઠાડે અને તેઓ ઊભા થઈ 'જય સ્વામિનારાયણ' કરે તેની રાહ જુએ.

આવી માતૃવાત્સલ્યતાથી તેઓ યુવકોને સ્નેહના તંતુથી બાંધી દેતા જેથી યુવકોને ગુરુવર્ય પ.પૂ. બાપજીને છોડીને જવું ગમતું નહીં.

પછી સૌ યુવકમુક્તો પરવારે ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌને દૂધ-નાસ્તો કરાવવા આવી જાય અને સૌને જાતે પીરસીને (ગાંઠિયા-સેવ-મોતૈયા-લાડુ વગેરે જમાડી) ખૂબ ખૂબ આનંદ કરાવે.

● ● ●

---

૧ : યુવા ફોજ-રજવાડી મંડળનો કાયમી ઉતારો જ્યાં અપાતો તે પ્રસાદીની ઓરડીને 'અક્ષરઓરડી' તરીકે ઓળખતા હતા.

બ્રહ્મસત્રનો છેલ્લો દિન હોય ને બધા યુવકો બપોરે ઘરે જવાના હોય ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી અદ્ભુત રીતે સૌની વિશેષ સંભાળ લેતા.

છેલ્લા દિને બપોરની સભા પૂર્ણ થાય એટલે સૌ જમવા જતા. આ બાજુ ગુરુવર્ય પ.પૂ. બાપજી ભંડારમાં જતા અને પોતાના વ્હાલસોયા સૌ યુવકો માટે જાતે જ મીઠાઈ ને ફરસાણ ૫૦૦ કે ૭૦૦ ગ્રામનાં પડીકાંમાં ગાંઠિયા-મોતૈયા-લાડુ આદિ લઈ પ્રસાદી બાંધવા બેસી જતા. તે સેવા ખૂબ ઝડપથી પૂર્ણ કરી પોતાના આસને બેસી જતા.

યુવકો જમાડી લે પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને દર્શન માટે જતા. એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી બળનાં વચનો કહેતા.

"સ્વામી, અમે જઈએ છીએ. અમને બહુ સુખ આવ્યું !"

"કંઈ તકલીફ તો નથી પડી ને ?"

"ના સ્વામી, કંઈ જ નહીં. સ્વામી, ઘરે આવું મળતું નથી."

યુવક જ્યાં એમનાં દર્શન કરી ઊભા થવા જાય એટલે હાથ પકડી કહેતા : "લે આ પીરહણું ઘરે લઈ જા."

"સ્વામી, અમે તો ઘરે જઈશું એટલે ઘરે તો બધું હશે."

"ના, પીરહણું ઘરે લઈ જવાનું છે. ઘરના બધા ભેગા મળી જમાડજો."

યુવકો એમની આ રીતથી ગળગળા થઈ જતા.

ને બોલતા : "સ્વામી, અમારે તમારું જતન કરવાનું હોય ને તમે અમારું જતન કરો છો. જે આ લોકનાં માબાપ પણ ન કરે ! સ્વામી, અમે સભા પછી જમવા ગયા અને દર બ્રહ્મસત્રની માફક આપ સભા પૂર્ણ કરી, પડીકાં બાંધવા બેઠા. હજુ આપે ઠાકોરજી જમાડ્યા પણ નથી..."

આટલું કહેતાં એ દિવ્યપુરુષની માતૃવાત્સલ્યતાથી યુવકોનાં હૃદય આર્દ્ર બનતાં.

• • •

યુવકોનાં જીવન પરિશુદ્ધ અને નિયમ-ધર્મેયુક્ત બને તે માટે તેમને તેઓ વિશેષ નિયમો આપતા; જેવા કે, બહારનું, બજારુ કે હોટલનું જમવું નહિ, ક્યાંય ગાળ્યા વગરનું પાણી પણ ન પીવું. ચાતુર્માસની પાંચ અગિયારસ નકોરડી કરવી, રોજ શ્રીહરિનું ધ્યાન, માળા, માનસીપૂજા અને ચેષ્ટા આદિક નિયમો કરવા.

નિયમ આપ્યા પછી અવારનવાર તેની પૂછતાછ કરી તેઓ સૌને પાકા કરતા. નિયમમાં વર્તવાનું તેઓ અનેરું બળ આપતા. એમાંય યુવકોનાં જીવન માટે તેઓ

પારદર્શક જીવનના પ્રખર હિમાયતી હતા.

બોલવું કંઈક જુદું અને વર્તવું કંઈક જુદું એવું દ્વિમુખી વ્યક્તિત્વ તેઓને સહેજ પણ પસંદ નહોતું. એટલે તેઓ યુવકોને વારંવાર આ બાબતે ખટકો રખાવતા અને વાણી, વિચાર અને વર્તનમાં સામ્યતા કરાવતા.

જરૂર પડે ત્યારે કડક અને જરૂર પડે ત્યારે ફૂલની પાંખડીથી પણ કોમળ બનવામાં એમનો આગવો ઈજારો હતો.

યુવકોનું સંખ્યાબળ વધતાં ઈ.સ. ૧૯૭૦થી યુવાશક્તિને ખીલવવા યુવકોના ઘરે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ યુવકો દ્વારા જ સભા કરાવવાનો શુભારંભ કર્યો.

જેની તેઓ જાતે યુવકો પાસેથી અંગત પૂછતાછ કરતા. સભામાં ન આવેલા યુવકોને બીજી સભામાં સામે ચાલીને બોલાવતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અથાક દાખડાથી સત્સંગ વૃદ્ધિ પામતો ગયો. નવા નવા યુવકો સત્સંગમાં જોડાતા ગયા.

●●●

યુવાનોનું અસંયમીપણું, સ્વચ્છંદતા, બેફિકરાઈ, ઉચ્છૃંખલતા, દુર્વ્યસનોની કુટેવ વગેરે આત્મઘાતક પ્રવૃત્તિઓથી મુક્ત કરાવી યુવાનોને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું પ્રેરક દિશાદર્શન જીવનની નૂતન કેડી કંડારી દે છે.

યુવાનને પોતાના અંતરમાં ઊઠતા સ્નેહ-લાગણીના હૃદયસૂર ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં પડઘાતા સંભળાય છે. તેથી જ યુવાની અવસ્થામાં ઊછળતાં પૂર ગુરુવર્ય પ.પૂ. બાપજીના શુદ્ધ-પવિત્ર-દિવ્યજીવન અને શ્રીજીમહારાજમાં દૃઢ વિશ્વાસ અને નિર્ભેળ સ્નેહની દીવાલ પાસે થંભી જાય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવકના વિચારજગતનું કેન્દ્ર કેવળ મહારાજને બનાવી દેતા. પછી એ યુવકના જીવન પર એનું વહેણ ધીર-ગંભીર ગતિએ દિવ્યજીવનના ઊંડાણને આત્મસાત્ કરતું વહેતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આવા વાત્સલ્યસભર સ્નેહથી કોઈ અજાણ નહિ રહ્યા હોય જે સ્નેહને આજે સંભારતા પણ તેઓ ગદ્‌ગદિત થઈ જાય છે.

વાત્સલ્યતાના સાગર એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૪

# અંતર્યામીપણાથી દર્શાવી મહારાજ અને મુક્તની એકતા

ઈ.સ. ૧૯૮૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી શિયાળાના સમયમાં નળકંઠા ખાતે વિચરણમાં પધાર્યા હતા.

કાણોતરા ગામમાં આજરોજ હરિભક્તોના ઘરે આખો દિવસ પધરામણી ગોઠવાઈ હતી. એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી પધારતાં પધરામણી શરૂ થઈ. પધરામણી ખૂબ ચાલી.

શિયાળાના દિવસો હતા એટલે સાંજ વહેલી પડી. ગામડાંમાં તો સાંજ પડે સૌને જમાડવાનું ને પોઢાડવાનું વહેલું હોય.

છતાં રાત્રે આઠ વાગ્યાથી અગિયાર વાગ્યા સુધી ગામના હરિમંદિરમાં સભા ચાલી. રાત્રે અગિયાર વાગ્યે ચેષ્ટા કરી ગુરુવર્ય પ.પૂ. બાપજી, પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોએ ઠાકોરજી પોઢાડ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોઢ્યાને પંદર-વીસ મિનિટ થઈ ત્યાં તો તેઓને શરીરે ઠંડી ચડી એટલે ધ્રૂજતા હતા.

સેવામાં રહેલા સંતે પૂછ્યું, “બાપજી, શું થાય છે ?”

“આજે ઠંડી બહુ લાગે છે.”

પ.પૂ. સ્વામીશ્રીએ તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીને બે-ત્રણ ધાબળા ઓઢાડ્યા છતાં ઠંડી ઓછી થવાનું નામ લેતી ન હતી. ઊલટાની ઠંડી વધતી જતી હતી.

એટલે પ.પૂ. સ્વામીશ્રીએ હાથ જોડી પૂછ્યું, "બાપજી, આપને તો અવરભાવમાં કાયમી ગરમીનું અંગ છે. શિયાળામાં પણ આપ તો પંખો ચાલુ કરીને પોઢો છો ને આપને આટલી બધી ઠંડી !!! બે-ત્રણ ધાબળા ઓઢાડવા છતાં ઠંડી ઓછી થતી નથી એનું કારણ કંઈ સમજાતું નથી. બાપજી, આપની આ લીલા કંઈ સમજાઈ નહીં. દયા કરીને આ લીલાનો હેતુ સમજાવો."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "જાવ, જોઈ આવો; મંદિરમાં મહારાજને ઓઢાડ્યું છે કે નહીં ?"

પ.પૂ. સ્વામીશ્રીએ સેવક સંતને ઠાકોરજીને ઓઢાડ્યું છે કે કેમ ? તે જોવા મોકલ્યા. ત્યાં જોયું તો મહારાજને ઓઢાડવાનું રહી ગયું હતું.

પછી સેવક સંત પ.પૂ. સ્વામીશ્રી પાસે પાછા આવ્યા અને કહ્યું, "દયાળુ, રાજી રહેજો. અમારી ગાફલાઈને લીધે ઠાકોરજીને ઓઢાડવાનું જ રહી ગયું હતું."

પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, "ઠાકોરજીને ઓઢાડ્યું નહોતું એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ લીલા કરી છે. આ જ મહારાજ અને મુક્તની એકતા છે. આ એકતા દર્શાવવા બાપજીએ આવી લીલા કરી છે પરંતુ આપણે સેવામાં ખટકો રાખવો." એમ કહી ઠાકોરજીને ગોદડી ઓઢાડવા મોકલ્યા.

આમ, મહારાજને જેવી ગોદડી ઓઢાડી કે તરત ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઠંડી લાગતી બંધ થઈ ગઈ.

આહાહા... મહારાજ ને મોટાપુરુષની કેવી એકતા !!!

●●●

ઈ.સ. ૧૯૮૯ના ફેબ્રુઆરી માસની આ વાત છે.

વાસણા મંદિરનો દ્વિતીય પાટોત્સવ નજીકના દિવસોમાં આવી રહ્યો હતો.

એક દિવસ સાંજના છ વાગ્યાનો સમય હતો.

વાસણા મંદિરમાં નીચે સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કથાવાર્તાનો લાભ આપતા હતા.

પ.પૂ. સ્વામીશ્રી મંદિરના ત્રીજા માળે તેમના આસને એકલા બેઠા બેઠા દ્વિતીય પાટોત્સવની આમંત્રણ પત્રિકા લખી રહ્યા હતા.

સાથે સાથે તેઓ પત્રિકા લખતાં લખતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની સભાનો

લાભ ત્રીજા માળે મૂકેલા સ્પીકરમાંથી લઈ રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી લાભ આપી રહ્યા હતા કે, “એક વાર સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીએ દેવ ધોલેરા મુકામે એમના એક સંતને પોતાના ગુરુ સંકલ્પ સ્વરૂપ છે તેની પ્રતીતિ કરાવવા બે સ્વરૂપે એકસાથે દર્શન આપ્યાં હતાં.”

તેથી પ.પૂ. સ્વામીશ્રીએ પણ આ ક્ષણે એક સંકલ્પ કર્યો કે, “ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ એવા જ શ્રીજીમહારાજના દિવ્ય સંકલ્પ છે તો શું સેવકને બે સ્વરૂપે એકસાથે દર્શન ન આપે ?”

અને એ જ ક્ષણે પ.પૂ. સ્વામીશ્રીના આસનનું બારણું ખૂલ્યું.

“શું સંકલ્પ કરે છે ? અમે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી જેવા નહીં ?! આ લે તારો સંકલ્પ પૂરો કર્યો. અમે એમના જેવા નહિ, પરંતુ એના એ જ છીએ.” આસનના બારણે દિવ્ય સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. બાપજી દર્શન આપતા બોલ્યા.

આટલું બોલી ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત જ અદૃશ્ય થઈ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યારે દર્શન આપતા હતા ત્યારે ત્રીજા માળે મૂકેલ સ્પીકરમાં નીચેથી તેમની કથા તો ચાલુ જ હતી.

આ ક્ષણે પ.પૂ. સ્વામીશ્રીનો સંકલ્પ પૂર્ણ થતાં તેઓ દિવ્યભાવમાં મગ્ન થઈ વિચારી રહ્યા : “ગુરુવર્ય પ.પૂ. બાપજી તો નીચે કથાય કરતા હતા ને અત્યારે સેવકને દિવ્ય દર્શન પણ આપ્યાં. આહાહા... એકસાથે બે સ્વરૂપે દર્શન આપ્યાં...”

વાહ, ધન્ય છે શ્રીજીમહારાજના આ દિવ્ય સંકલ્પ સમા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીને !!

●●●

પ.પૂ. સ્વામીશ્રી પૂર્વાશ્રમમાં અર્થાત્ ઘનશ્યામભાઈ ગ્રૅજ્યુએશન કરતા ત્યારનો આ પ્રસંગ છે.

ઈ.સ. ૧૯૭૮માં તેઓ કૉલેજ કરતા અને સાથે C.A.નો પણ અભ્યાસ કરતા. તેઓ અભ્યાસમાં પ્રથમથી જ ‘તેજસ્વી વિદ્યાર્થી’ તરીકેનું સ્થાન પામતા. કાયમ ફર્સ્ટ ક્લાસ જ આવતો. પરંતુ આ વર્ષે વાર્ષિક પરીક્ષા નજીક આવી ગઈ હતી.

સંજોગોવશાત્ દર વખત જેટલી પરીક્ષાની તૈયારી થઈ નહોતી. ૨૮ એપ્રિલથી પરીક્ષા શરૂ થતી હતી. પરીક્ષાના માત્ર ને માત્ર ૧૦ દિવસ જ બાકી હતા.

સાત વિષયનું બધું જ પુનરાવર્તન બાકી હતું. તેથી તેઓ અવરભાવમાં ચિંતિત

થઈ ગયા : ''દસ દિવસમાં આટલું બધું કેવી રીતે વંચાશે ? સેકન્ડ ક્લાસ જીવનમાં કદી આવ્યો નથી. ફર્સ્ટ ક્લાસ આવશે કે નહીં ?'' તે વિચારે સહેજ અવરભાવમાં ઉદાસ થઈ ગયા.

ઘનશ્યામભાઈ વાંચવાના ટેબલ પર મહારાજ-બાપાશ્રીની મૂર્તિ બિરાજમાન કરતા. ૧૮ એપ્રિલે રાત્રે રૂમ બંધ કરી હિંમત રાખી અર્થશાસ્ત્ર વાંચવાનો પ્રારંભ કર્યો.

પરંતુ સમય ઓછો અને વાંચવાનું વધારે બાકી હતું. એટલે સહેજે પ્રાર્થના કરવા લાગ્યા : ''હે મહારાજ, હે બાપાશ્રી, સમય ઘણો ઓછો છે અને વાંચવાનું બહુ જ બાકી છે. કેવી રીતે પહોંચી વળીશ ? કંઈ સમજાતું નથી. શું લખીશ ?'' એમ વિચારતાં એમનાં નેત્રમાંથી આંસુ સરી પડ્યાં.

અને ત્યાં જ દિવ્ય તેજ આખા રૂમમાં ફેલાઈ ગયું. ચારેબાજુ પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો.

દિવ્ય રૂપે મહારાજ અને બાપાશ્રીએ દર્શન આપ્યાં. ઘનશ્યામભાઈ જે ખુરશીમાં બિરાજ્યા હતા તેની એક બાજુ મહારાજ અને બીજી બાજુ બાપાશ્રી ઊભા રહ્યા.

મહારાજે તેમના જમણા ખભા પર હસ્ત મૂક્યો તો બાપાશ્રીએ તેમના ડાબા ખભા પર હસ્ત મૂક્યો. તેઓ વાંચવા રૂમનો દરવાજો બંધ કરીને બેઠા હતા. પણ અચાનક કોઈનો સ્પર્શ થતાં તેઓની આંખો ખૂલી ગઈ. તેમણે જોયું તો મહારાજ-બાપા તેમની આજુબાજુ ઊભા હતા અને આ દિવ્ય સ્પર્શ તેમના જ હસ્તનો હતો.

મહારાજ-બાપાશ્રીનાં પ્રગટ રૂપે દર્શન થતાં તરત જ ઘનશ્યામભાઈ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. ત્યાં તો મહારાજે બળ કરી ફરી પાછા ખુરશીમાં બેસાડી દીધા. મહારાજ અને બાપાશ્રી તેમની સમક્ષ મંદ મંદ હાસ્ય કરતા હતા.

ઘનશ્યામભાઈ મહારાજનાં દર્શન કરે તો બાપાશ્રી દેખાય અને બાપાશ્રીનાં દર્શન કરે તો મહારાજ દેખાય. આવી અલૌકિક દર્શનલીલાથી તેઓ ભીંજાતા હતા.

તેઓ આમથી તેમ મુખારવિંદ ફેરવી દર્શન કરતા હતા ત્યારે મહારાજ બોલ્યા, **''તને અમારા પર વિશ્વાસ નથી ? તારે લખવાનું છે કે અમારે ? તું શું કરવા ચિંતા કરે છે ? અમે સદાય તારી ભેળા છીએ.''**

આ ચાર વાક્યો મહારાજ ત્રણ વાર બોલ્યા. સાત મિનિટ સુધી દિવ્ય દર્શન આપી મહારાજ-બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા.

આ દિવ્ય અનુભવથી ઘનશ્યામભાઈના અંતરમાં આનંદ સમાતો ન હતો. પરીક્ષાની ચિંતા તો સંપૂર્ણ દૂર થઈ ગઈ હતી.

પણ હવે ક્યારે સવાર પડે અને મંગળા આરતીમાં જઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આ બધી વાત કરું તેનો વિચાર કરવા લાગ્યા. આખી રાત આનંદમાં પસાર થઈ ગઈ.

બીજા દિવસે સવારે મોટા મંદિરે વહેલા મંગળા આરતીનાં દર્શન બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરી ઘનશ્યામભાઈ રાત્રે બનેલી બિના કહેવા જાય તે પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક પત્રિકા તેમના હસ્તમાં મૂકી દીધી અને બોલ્યા કે, “૨૪થી ૨૮ એપ્રિલ ઘનશ્યામનગર પારાયણ રાખેલી છે. એમાં તારે ૨૩મી તારીખથી લાભ લેવા આવી જવાનું છે. વળી, સેવા બહુ છે. માટે સમયસર આવી જજે.”

ઘનશ્યામભાઈ તો આ વાત સાંભળી થોડા મૂંઝાયા અને કહ્યું, “બાપજી, મારે ૨૮મી તારીખથી પરીક્ષા ચાલુ થાય છે અને હજુ બધું વાંચવાનું બાકી છે. માટે કેવી રીતે અવાશે ?”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કાંડું ઝાલીને અંતર્યામીપણે કહ્યું, “રાત્રે મહારાજે જે કીધું હતું તે તું ભૂલી ગયો ? તને મહારાજ પર વિશ્વાસ નથી ? તારે લખવાનું છે કે મહારાજને લખવાનું છે ? તું શું કરવા ચિંતા કરે છે ? મહારાજ સદાય તારી ભેળા છે.” ગુરુવર્ય પ.પૂ. બાપજી મહારાજે કહેલાં ચારેય વાક્યો બેઠા જ બોલી ગયા.

આ જ મહારાજ અને મોટાપુરુષ વચ્ચેની એકતા છે. તેના તેમને સામે ચાલી દર્શન કરાવ્યા. તેઓ તો અહોભાવના આનંદમાં ખોવાઈ ગયા, રાજીના રેડ થઈ ગયા.

તેઓ તા. ૨૩મીથી ઘનશ્યામનગર પારાયણમાં લાભ લેવા ગયા. તેઓએ પારાયણનો પૂરેપૂરો લાભ લીધો. વળી, તા. ૨૮ એપ્રિલે ત્યાંથી જ સીધા એચ. એલ. કૉમર્સ કૉલેજમાં બપોરના ત્રણ વાગ્યે પરીક્ષા આપવા પધાર્યા.

ઘનશ્યામભાઈ પરીક્ષા ખંડમાં તેમના સ્થાને બિરાજ્યા. લખવાની પાટલી પર મહારાજ-બાપાશ્રીની મૂર્તિ પધરાવી.

પછી પ્રાર્થના કરી કે, “મહારાજ, દસ દિવસથી કશું વાંચ્યું નથી. આપના પર પૂરેપૂરો વિશ્વાસ છે. આપના વિશ્વાસે જ પરીક્ષા આપવા બેઠો છું. માટે પેપર લખવા પધારો.”

એ જ વખતે મહારાજ દિવ્ય રૂપે પધાર્યા. પેન પકડી પેપર લખવાનું ચાલુ કર્યું. પછી મહારાજ પ્રશ્નપત્રના ફરજિયાત તથા વિકલ્પ સાથે બધા પ્રશ્નોના ઉત્તર એકધારા લખતા.


પછી તો સાતેય દિવસ આવી રીતે મહારાજ લખવા પધારતા. મહારાજ અને મોટાપુરુષના માત્ર આશીર્વાદ નહોતા; સ્વયં પેપર લખતા હતા. પછી શું બાકી રહે ?

મહારાજ અને મોટાપુરુષ અવરભાવમાં દેખાય જુદા પરંતુ મોટાપુરુષ પરભાવમાં સદા મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહે છે. તેથી જેટલું મહારાજ જાણે તેટલું મોટાપુરુષ પણ જાણે અને મહારાજ ભેળા અંતર્યામીપણે કાર્ય પણ કરે જ છે તેનો આપણને સૌને પ્રત્યક્ષ દાખલો આપ્યો. એવા સદાય મહારાજ સાથે પરભાવની એકતા ધરાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...











"અનંતકોટિ બ્રહ્માંડમાં આ સ્વામી જેવો સાધુ શોધ્યો જડે તેમ નથી."
"આ સ્વામી પરભાવનો છે ને પરભાવમાંથી આવ્યો છે.
આખા સત્સંગને એણે પરભાવમાં રાચતો કર્યો છે."
– ગુરુવર્ય પ.પૂ. બાપજી

# ૨૫

## સર્વશ્રેષ્ઠ સાધુની ભેટ આપજો... એ સંકલ્પ સાકાર થયો

"હે મહારાજ, હું આ તમારી ઉપાસના પ્રવર્તાવું છું, હું કાંઈ બધાને મારો મહિમા કહેતો નથી; આપનો જ મહિમા કહું છું.

મારે કંઈ મારો સિદ્ધાંત પ્રવર્તાવવાનો નથી. આપના જ સિદ્ધાંતનું પ્રવર્તન કરવાનું છે. તોપણ જોડમાં રાખવા માટે મારી પાસે એક સાધુ પણ નથી.

હે મહારાજ, મને એક એવો સાધુ તો આપો જેથી આપના સર્વોપરી સિદ્ધાંતનું હું ગામોગામ પ્રવર્તન કરી શકું.

હે મહારાજ, મારે ઝાઝા સાધુ નથી જોઈતા. માત્ર એક સાધુ આપો... પણ એક સાધુ એવો આપો જે આપના સિદ્ધાંતોના દિગંતમાં ડંકા વગાડે ને કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરે."

રંગમહોલના ઘનશ્યામ મહારાજ જોડે ગુરુવર્ય પ.પૂ. બાપજી વાત કરતા હતા.

"મહારાજ, ચારે તરફ પ્રતિકૂળ સમય-સંજોગો તથા અપમાન અને તિરસ્કારોએ માઝા મૂકી છે. વિચરણમાં સાથે લઈ જવા કોઈ જોડમાં સાધુ નથી. મહારાજ, આ કેવો કપરો કાળ ! અમારે શું આપની આજ્ઞા લોપીને સિદ્ધાંત પ્રવર્તન કરવાનું ? ના મહારાજ, ના. મહારાજ, કેવી કઠણાઈ !"

ઘનશ્યામ મહારાજ સાથે વાતનો દોર જેમ આગળ વધતો જતો હતો તેમ ગુરુવર્ય પ.પૂ. બાપજીના શબ્દો ભારે થતા જતા હતા. હવે તો તેમનાથી બોલી શકાય તેમ જ ન હતું. હૈયું ભારે થઈ ગયું. અંતરના ઊંડાણથી ઉદ્ગારો સર્યા :

"મેરે તો એક તુમ હી આધારા..."

નેત્રમાં અશ્રુની ધારા વહેતી હતી. અંતરના ગદ્ગદભાવથી બાપજી પ્રાર્થનાના શબ્દો આગળ વધારી રહ્યા હતા. પ્રાર્થનાના અંતિમ શબ્દો :

"મુક્તાનંદ કહે અંતરજામી, કહાં સમજાવું મેરે પ્રીતમ પ્યારા..."

બોલતાં કંઠ રૂંધાઈ ગયો. હૃદય હીબકે ચડ્યું.

"સ્વામી, તમારી પ્રાર્થના પહોંચી ગઈ. મહારાજ જરૂર તમારો સંકલ્પ પૂરો કરશે જ. મહારાજ જરૂર સૌ સારાં વાનાં કરશે જ. તમને સર્વશ્રેષ્ઠ સાધુની ભેટ આપશે." ગુરુવર્ય પ.પૂ. બાપજીના ખભા પર હસ્ત મૂકતાં સદ્. મુનિસ્વામીએ આશીર્વાદ આપ્યા.

સદ્. મુનિસ્વામીનાં દર્શન-આશીર્વાદથી ગુરુવર્ય પ.પૂ. બાપજી દુઃખમાત્ર વીસરી ગયા. અને એમનાં રોમ રોમ આનંદથી પુલકિત થઈ ગયાં.

●●●

"સ્વામી, તમે વર્તનના અતિ આગ્રહી છો અને તેથી ક્યારેય નિયમમાં છૂટછાટ લેતા નથી ને લેવા દેતા નથી. તમારા આવા આકરા નિયમોને લઈ તથા તમારા આકરા સ્વભાવને લીધે તમારી જોડે એકેય સાધુ ટકી શકશે નહીં." હરિભક્તો એ વિરલપુરુષને કાયમ કહેતા.

પરંતુ જે હેતુ માટે તેઓ પધાર્યા હતા તેના સમર્થન માટે તેઓ જાણતા જ હતા, "અમારે એક એવા ઉત્તમ શિષ્યની આવશ્યકતા પડવાની જ છે કે જે એમના સરીખા જ આબેહૂબ હોય."

અને એટલે જ તો પોતાના ક્રાંતિકારી કાર્યના પ્રારંભ અગાઉથી જ પૂર્વાપર આયોજન રૂપે તેઓએ અમીરપેઢીના સમર્થ સદ્. મુનિબાપા પાસે દદુકાના પ.ભ. શ્રી કેશવલાલ ઠક્કરને ઘેર મહારાજના મુક્ત પુત્ર સ્વરૂપે મોકલે એવી પ્રાર્થના કરી હતી.

ત્યારે સદ્. મુનિબાપાએ આશીર્વાદ આપ્યા, "જાવ, એક નહિ બે પુત્ર થશે, પરંતુ આધા તુમ્હારા, આધા હમારા." એ આશીર્વાદ મુજબ 'આધા હમારા' એટલે આપણા 'વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી'.

ભગવાન સ્વામિનારાયણના સંકલ્પ સમા મુક્તના પ્રાગટ્યનો મંગલ દિવસ

આવ્યો. સંવત ૨૦૧૫ના આસો સુદ નોમ ને રાત્રિના એક વાગ્યા બાદ દદુકાની ધન્ય ધરા પર, કેશવલાલ ઠક્કરને ઘરે નર્મદાબા થકી ભગવાન સ્વામિનારાયણના અનાદિમુક્તનું પ્રાગટ્ય થયું.

આ શરદ માસની રાત્રિ જાણે સૌને શ્રીહરિના સંકલ્પના પ્રાગટ્યની શીતળતાનો અનુભવ કરાવતી હતી. માતા નર્મદાબા અને પિતા કેશવલાલભાઈ મુક્તરાજના પ્રાગટ્યથી અત્યંત આનંદમાં હતાં.

આ મુક્તરાજને સ્વહસ્તે વર્તમાન ધરાવી ‘ઘનશ્યામ’ નામકરણ સદ્. મુનિસ્વામીએ કર્યું હતું. આ મુક્તરાજ બાળપણથી જ અદ્ભુત અલૌકિક મહારાજ સાથેની એકતા જણાવી આશ્ચર્યમુગ્ધ કરતા હતા.

બાળપણથી લઈ યુવાવસ્થા સુધી તેઓ સાધુતાયુક્ત દિવ્યજીવનની એકધારી કેડી કંડારી, સદ્. મુનિસ્વામી, સદ્. મુક્તજીવન સ્વામીબાપા તથા ગુરુવર્ય પ.પૂ. બાપજીના રાજીપાપાત્ર બન્યા હતા.

સમય પાકતાં જે હેતુ માટે એમનું પ્રાગટ્ય હતું તે માટે તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું શિષ્યત્વ સ્વીકારવા સજ્જ થયા.

એ મંગળકારી દિન હતો... સંવત ૨૦૩૪ના ચૈત્ર સુદ ૯નો અર્થાત્ ઈ.સ. ૧૯૭૮ની તા. ૧૬-૪-૧૯૭૮ ને રવિવારનો. એ મંગળકારી દિન હતો મોટા મંદિરે સર્વશ્રેષ્ઠ શિષ્યના ગુરુ સાથે સૌપ્રથમ મિલનનો.

કારણ સત્સંગને વિશ્વના ફલક પર લઈ જવાના ભગીરથ કાર્યને ઉજાગર કરવાનું આ દિવ્ય મિલન કારણ સત્સંગના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકાઈ ગયું.

“પ્રથમની પ્રીત હતી, પ્રથમ મેળાપ થયો;
દીપક જે પ્રેમ તણો, અચાનક પ્રગટાઈ ગયો.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અદ્ભુત દિવ્ય વ્યક્તિત્વએ ઘનશ્યામભાઈને અપ્રતિમ પ્રીતિમાં ચસોચસ બાંધી લીધા. પછી તો ઘનશ્યામભાઈ સાચું શિષ્યત્વ પામવા ગુરુના આસને જોગ-સમાગમ માટે જવા લાગ્યા. ગુરુની સાથે આત્મબુદ્ધિને નાતે જોડાઈ અતિશે સ્નેહને પામવા લાગ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય પ્રતિભા અને અનન્ય સ્નેહ ઘનશ્યામભાઈને તેમના ભણી નિકટ ખેંચી લાવતો.

ઘનશ્યામભાઈ દરરોજ ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરીથી વાંચન પૂર્ણ કર્યા બાદ રાત્રે દસ વાગ્યે ગુરુનો સમાગમ કરવા જતા. ગુરુની સાથે અનન્ય પ્રીતિથી બંધાયેલા ઘનશ્યામભાઈ અભ્યાસની સાથે બહુધા સમય તેમની પાસે જ વિતાવતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેમણે જાણે પોતાના કરી દીધા. હવે ગુરુવર્ય પ.પૂ. બાપજીથી અળગા રહેવું તે તેમને પોષાય તેમ ન હતું.

અગાઉથી જ શ્રીજીમહારાજે જે સમયને મહોર મારી નિશ્ચિત કરી દીધો હતો; તે સમય ઘનશ્યામભાઈના જીવનના ઘટનાક્રમમાં આવી ગયો.

તા. ૨૫-૯-૧૯૮૦ના રોજ રાત્રિના સાડા અગિયાર વાગ્યે ઘનશ્યામનગર મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવકો સાથે આ ઓટા ઉપર બેઠા હતા.

તે વખતે કોને કોને સાધુ થવું છે તે બાબતે પોતે બધાયને બળ આપતા હતા, ઉત્સાહ જગાવતા હતા.

પરંતુ તે સમયે મુક્તરાજ ઘનશ્યામભાઈ હાજર નહોતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ સમયે તેમની સ્મૃતિ કરી કે મુક્તરાજ ઘનશ્યામભાઈને સાધુ કરવા છે.

આ સંકલ્પ જણાવ્યો ત્યાં જ ઘનશ્યામભાઈના મોટા ભાઈ જગદીશભાઈ મંદિરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ જગદીશભાઈને ઘનશ્યામભાઈને સાધુ થવા રજા આપવા કહ્યું.

તેથી જગદીશભાઈ દીનભાવે બોલ્યા : "સ્વામી, ઘનશ્યામભાઈને બદલે મને સાધુ કરો. અમારા ઘરમાં એ સારું ભણ્યા છે. અને એના પર બધાને ખૂબ આશા છે. ઘરની આર્થિક પરિસ્થિતિ સામાન્ય છે. એટલે એને સારી નોકરી મળે તો પરિસ્થિતિ સુધરે. માટે સ્વામી, તમે મને સાધુ કરો."

"ના, મહારાજનો સંકલ્પ તને સાધુ કરવાનો નથી. મહારાજનો સંકલ્પ તો ઘનશ્યામને સાધુ કરવાનો છે. મુનિસ્વામીએ પહેલેથી ઘનશ્યામને મહારાજની સંકલ્પની સેવામાં માગી લીધા છે. તેથી હવે વાર ના કરો. સમય પાકી ગયો છે. માટે તું એને સાધુ થવા ઘરમાંથી રજા અપાવ."

જગદીશભાઈ બાપજીનો સંકલ્પ જાણી ઘરે પધાર્યા. અને ઘરે પધારી તેમણે ઘનશ્યામભાઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સંકલ્પ જણાવ્યો.

ત્યાં તો ઘનશ્યામભાઈ બોલ્યા, "મહારાજ પણ અમને છેલ્લા ત્રણ દિવસથી આ જ સંકલ્પ જણાવી રહ્યા છે. મહારાજ વારંવાર દર્શન આપી જણાવે છે, **'હવે તમે જે સંકલ્પ માટે આવ્યા છો તેનો સમય પાકી ગયો છે માટે ઘર છોડી નીકળી જાવ અને થઈ જાવ સાધુ, મોડું ન કરશો.'** મહારાજની મરજી પણ એમના સંકલ્પમાં ભેળા ભેળવવાની છે."

આમ, જે સંકલ્પ માટે મહારાજ ઘનશ્યામભાઈને લાવ્યા હતા તેની શુભ ઘડી હવે ગણાઈ રહી હતી. જેનાં એંધાણ સ્વયં મહારાજે અને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ

દિવ્ય રૂપે ઘનશ્યામભાઈને આપ્યાં હતાં.

તા. ૭-૧૦-૧૯૮૦ની મંગળકારી રાત્રે તાત્કાલિક ફોનથી બોલાવી ઘનશ્યામનગર મંદિરના જમણી બાજુના બાંકડા ઉપર રાત્રે બાર વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતાના વ્હાલસોયા શિષ્યને હાકલ કરી, "તમે શું કરવા આવ્યા છો અને શું કરો છો ? મહારાજના સંકલ્પમાં ભેગા ભળવાનો સમય પાકી ગયો છે માટે આવી જાવ. વાર કરે તે પોષાય તેમ નથી માટે આવી જાવ..."

ઘનશ્યામભાઈ એ વખતે સી.એ.નો અભ્યાસ કરતા હતા. પરીક્ષા નજીક આવી ગઈ હતી. તેથી તે અંગે આગળ શું કરવું તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું,

"સ્વામી, સી.એ.ની પરીક્ષાના હવે પંદર દિવસ જ બાકી છે. સી.એ.ના અભ્યાસમાં છેલ્લાં ચાર વર્ષથી ખૂબ મહેનત કરી છે. માટે જો આપ રાજી હોય તો પરીક્ષા આપ્યા બાદ સેવક આવી જાય. છતાં કોઈ ઠરાવ નથી. આપ જેમ રાજી હોય તેમ જ કરવાનું છે." એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતાના અનુગામી વારસદારને આજ્ઞા કરતાં કહ્યું,

"તું આ લોકનું ઑડિટ કરવા નથી આવ્યો. તું તો અનંત જીવોનું ઑડિટ કરી ઠેઠની સહી કરવા આવ્યો છે. માટે તૈયાર થઈ જાવ. જે હેતુથી મહારાજ આપણને લાવ્યા છે તે સમય પાકી ચૂક્યો છે. મહારાજ, બાપા તને બોલાવી રહ્યા છે માટે આવી જા."

કમાનમાંથી જેમ તીર છૂટે ને વીંધી નાખે તેમ ગુરુના મુખમાંથી ઉચ્ચારાયેલા શબ્દોએ ઘનશ્યામભાઈને વીંધી નાખ્યા. એ જ ક્ષણે જે કાર્ય માટે ઘનશ્યામભાઈને લાવ્યા હતા, તે કાર્યમાં તેઓ જોડાઈ ગયા. થોડા જ દિવસમાં ગુરુ થકી પાર્ષદદીક્ષા ગ્રહણ કરી અને ગુરુ સાથે સિદ્ધાંતોના પ્રવર્તનના ક્રાંતિકારી કાર્યનો યજ્ઞ આરંભાયો.

તેમ છતાં હવે ગુરુ-શિષ્યની જોડ દ્વારા કારણ સત્સંગના પાયા પાતાળમાં નાખવાનો સમય દૂર ન હતો. વળી એ જ કાર્યમાં સહભાગી થવા ઘનશ્યામ ભગતના સહાધ્યાયી મનસુખભાઈ પણ સી.એસ.નો ઉચ્ચ અભ્યાસ છોડી સાથે જ ગુરુના શરણે આવી ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને પોતાના ક્રાંતિકારી કાર્યમાં એક નૂતન ક્રાંતિ આણવા, સમગ્ર ભક્ત સમાજમાં શ્રીજીમહારાજ અને બાપાના સિદ્ધાંતોની એક નવી ચેતના જગાવવાની સેવા શિષ્યને સોંપવી હતી.

પરંતુ તે માટે જરૂરી હતું ભાગવતી દીક્ષા આપવાનું. તેથી મોટા મંદિરમાં તેઓને ભાગવતી દીક્ષા આપવા માટેનો પ્રસ્તાવ મુકાયો. પરંતુ જ્યાં હિતેચ્છુ

હોય ત્યાં વિઘ્નસંતોષીઓ પણ હોય જ.

એ મુજબ બાપાશ્રીનો જેમને ભારોભાર અભાવ હતો, વિરોધ હતો તેઓ જાણતા હતા કે, "જો આ ગુરુ-શિષ્યની જોડ ભેગી થઈ તો સંપ્રદાયમાં આમૂલ પરિવર્તનો આણશે અને બાપાશ્રીના નામના દિગંતમાં ડંકા વગાડશે."

તેથી તેઓ કોઈ પણ ભોગે આ શિષ્યોને ભાગવતી દીક્ષા આપવા માગતા નહોતા. જેથી વારંવાર ભાગવતી દીક્ષાના પ્રસ્તાવનો અસ્વીકાર થતો તથા મિટિંગોમાં કોઈ જ નિર્ણય નહોતો આવતો.

લગભગ બે-અઢી માસના અથાક પ્રયત્નોને અંતે એ આર્ષદ્રષ્ટા પુરુષે વિઘ્નસંતોષીઓ સામે નિર્ભય થઈ પોતાના ક્રાંતિકારી કાર્યનું એક નવું સોપાન સર્જ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત સિદ્ધાંત અનુસાર વરતાલના ૧૮મા વચનામૃત મુજબ સર્વેના ઈષ્ટદેવ, ગુરુ, ઉપદેષ્ટા અને આચાર્ય એવા શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ બંને પાર્ષદોને ભાગવતી દીક્ષા આપવાનું નિર્ધાર્યું હતું.

મૂર્તિ રૂપે ભગવાન સ્વામિનારાયણ સદાય પ્રગટ ને પ્રત્યક્ષ છે એ સિદ્ધાંત અનુસાર ઘનશ્યામનગર મંદિરે તા. ૧૮-૧૨-૧૯૮૦ ને સંવત ૨૦૩૬ના માગશર સુદ ૧૧ના રોજ સાંજે ચાર વાગ્યે ભાગવતી દીક્ષા આપવાનું શુભ કાર્ય ચાલુ થયું.

ભગવાન સ્વામિનારાયણ પોતાના સિદ્ધાંતોની પુષ્ટિ માટે અને આ ભાગવતી દીક્ષા પોતે સ્વહસ્તે આપી રહ્યા છે એનું દર્શન કરાવવા પ્રતિમા સ્વરૂપે દર્શન આપતા હતા ત્યાં પોતાનું પ્રત્યક્ષપણું જણાવ્યું.

પોતાના સંકલ્પ મુક્તરાજ પાર્ષદવર્ય ઘનશ્યામ ભગતને પોતાના સ્વહસ્તે ભગવાં વસ્ત્ર અર્પણ કર્યાં, પોતાના કંઠમાંથી ફૂલનો હાર કાઢી પૂ. ઘનશ્યામ ભગતના કંઠમાં પહેરાવ્યો અને પોતાના ભાલમાંથી કુમકુમનો ચાંદલો હસ્તના અંગૂઠા વડે લઈ પૂ. ઘનશ્યામ ભગતના ભાલના મધ્યભાગમાં કર્યો.

અને દિવ્ય આશીર્વાદ આપતાં કહ્યું કે, **"આ દીક્ષા તને હું આપું છું. ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે પૂરો કરીશું ને એને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ."**

શ્રીજીમહારાજના જ સંકલ્પથી ઘનશ્યામ ભગતનું નામ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ 'સાધુ સત્યસંકલ્પદાસ' આપ્યું. એ જ આપણા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી અને

બીજા સંતનું નામ સાધુ ભક્તવત્સલદાસ આપ્યું. અને આ જ દિવસથી ગુરુવર્ય પ.પૂ. બાપજીના નૂતન ક્રાંતિકારી કાર્યને વેગ મળ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી નિરંતર ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરતા હતા કે, “એક સર્વશ્રેષ્ઠ સાધુની ભેટ આપજો...” એ સંકલ્પ સાકાર થયો.

સંપ્રદાયના ઈતિહાસમાં આ અવિસ્મરણીય પળ સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગઈ. વિઘ્નસંતોષીઓના બધા જ પ્રયત્નો ટૂંકા પડ્યા અને ગુરુ-શિષ્યની જુગલ જોડી નિર્માણ પામી.

હવે નહોતી કોઈની જરૂર, નહોતી કોઈની ચિંતા. હવે તો લક્ષ્ય હતું એક અને માત્ર એક જ ભગવાન સ્વામિનારાયણ અને બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનો વિશ્વવ્યાપી પ્રચાર કરવો. એ લક્ષ્ય મુજબ આ ગુરુ-શિષ્યની જુગલ જોડીએ સંપ્રદાયના ક્રાંતિકારી યુગનો નૂતન પ્રારંભ કર્યો.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી અનંતના ગુરુ હોવા છતાં વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી ઉપર અત્યંત રાજીપો વરસાવે, સ્વમુખે તેમનો મહિમા સમજાવે :

પોતાના સંતો અને સમગ્ર સમાજને એવું કહેતા હોય છે કે, “બધાયે સ્વામી(પ.પૂ. સ્વામીશ્રી) સામે દૃષ્ટિ રાખવી. એ વઢે, રોકેટોકે તોપણ ગમાડવું. મારે તમને રોકટોક કરવાની ઓછી છે, સ્વામીને રોકટોક ઝાઝી કરવાની છે; એનામાં વિશેષ દિવ્યભાવ રાખવો.”

ગુરુ પોતાના મુખે શિષ્યની વાત કરે તેમ છતાં ગુરુની ગરિમાને ક્યાંય ઝાંખપ આવી નથી બલ્કે તે સવિશેષ ગરિમાવંત થઈ છે.

સ્વયં ગુરુ જ મહિમા ગાય અને તે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા !

આમ, પોતાના સર્વશ્રેષ્ઠ શિષ્યનો મહિમા ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વમુખે ઘણી વાર સભામાં ગાતા હોય છે :

“અનંતકોટિ બ્રહ્માંડમાં આ સ્વામી જેવો સાધુ શોધ્યો જડે તેમ નથી.”

“સંપ્રદાયના સઘળા સાધુને એક પલ્લામાં મૂકો ને બીજા પલ્લામાં સ્વામીને મૂકો તોય સ્વામીનું પલ્લું ઊંચું નહિ થાય.”

“સ્વામી જેવો દયાળુ કોઈ નથી...! એનો રાજીપો જે કમાયો એ ન્યાલ થઈ જશે.”

“સ્વામીને તો મહારાજે સ્પેશ્યલ મોકલ્યા છે.”

“આ સ્વામીની સ્થિતિ પરભાવની છે. એ પરભાવમાંથી આવ્યો છે એટલે

સાથે પરભાવ-દિવ્યભાવ લાવ્યો છે. એટલે એ આખા સત્સંગને પરભાવ દૃઢ કરાવવા મથે છે. અને આખા સત્સંગને એણે દિવ્યભાવમાં રાચતો કર્યો છે.''

તા. ૨૭-૧૨-૨૦૧૨ના રોજ હજારોની મેદની વચ્ચે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ. સંસ્થાના પોતાના અનુગામી તરીકે પ.પૂ. સ્વામીશ્રીને, સત્પુરુષ સ્થાને ઘોષિત કર્યા. ત્યારબાદ પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા સૌને કહી પોતાના અંતરના રાજીપાને વ્યક્ત કરી રહ્યા હતા :

''સૌ આ સ્વામીનો મહિમા સમજજો. જ્યારથી આ સ્વામી આવ્યો છે ત્યારથી અમને રતિભાર જેટલો પણ ભીડો આવવા દીધો નથી. મોટા મોટા સમૈયા-ઉત્સવ થાય, કરોડોનાં મંદિરો બંધાય એ બધું કેવી રીતે પૂરું થાય છે તેની મને કાંઈ ખબર નથી. સ્વામી બધું પતાવે છે. અને જ્યારથી સ્વામીને જવાબદારી સોંપી છે ત્યારથી રંચમાત્ર પણ અમારી મરજી વિરુદ્ધ કર્યું નથી. ગમે એટલાં આયોજનો કરીને લાવ્યો હોય પણ હું ના પાડું એટલે તરત આયોજન ઉપર લીટી તાણી દે. પછી ફરી ક્યારેય એ આયોજન માટે પ્રાર્થના પણ ન કરે. આ સ્વામી નિરંતર અમારી રુચિમાં રહે છે માટે તમે સૌ એની આજ્ઞામાં રહેજો. નિરંતર એના રાજીપા સામે દૃષ્ટિ રાખજો. અમારા પછી આ સંસ્થાની આધ્યાત્મિક તથા વ્યવહારિક બધી જ પાવર ઑફ ઍટર્ની અમે આ સ્વામીને આપી દીધી છે. અમારા પછી એને જ અમારા અનુગામી તરીકે આ કારણ સત્સંગના સત્પુરુષ સ્થાને તથા એસ.એમ.વી.એસ. સંસ્થાના પ્રમુખ સ્થાને જાહેર કર્યા છે. અમારા પછી સંસ્થાના તમામ નિર્ણયો એ જ લેશે. અને એટલે જ અમે અમારા પછી સ્વામીને જ મોટા કર્યા છે. માટે એની રુચિમાં, આજ્ઞામાં, એના આપેલા નિયમમાં રહેજો ને ખૂબ રાજી કરજો. હું સૌ સંતોને પણ કહું છું ને હરિભક્તોને પણ કાયમ કહું છું કે એના જેવા ગુણ શીખજો. અને એ માટે એની સામે દૃષ્ટિ રાખજો.''

આવા સર્વશ્રેષ્ઠ શિષ્યની માગણી કરી, પોતાના દિવ્ય કલ્યાણકારી ગુણોનો વારસો આપી પોતાના ઉત્તરાધિકારી તરીકે પ.પૂ. સ્વામીશ્રીને પોતાની જ હાજરીમાં ઘોષિત કરી સમગ્ર સમાજને પેઢીઓની પેઢીઓ સત્પુરુષ પરંપરાનો વારસો આપી કૃપા કરનાર દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૬

## સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત

ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા દિવ્ય સત્પુરુષ મુમુક્ષુમાત્રના પરમહિતેચ્છુ છે.

તેઓને પોતાના જોગમાં આવનાર માટે સાચી વાત કડવી લાગે તોપણ તેમનું હિત કરવા અને વર્તનશીલ જીવન બનાવવા સ્પષ્ટ વાત દુઃખ લગાડીને પણ કહેવી જ એવો આગ્રહ અહોનિશ રહે છે.

ઈ.સ. ૧૯૭૫માં સાગરદાનભાઈના મામાજી શીઘ્ર કવિ જબરદાનજી તેમના ઘરે આવ્યા હતા. તેઓ મહાન ભક્ત કવિ ઈસરદાનજીના પુત્ર હતા.

ઈસરદાનજી ભગવાન પ્રત્યેના અનન્ય ભક્તિભાવને કારણે ‘ઈસરા પરમેશ્વરા’ તરીકે ઓળખાતા હતા. તેમના તરફથી મળેલા સંસ્કાર અને ૫૫ વર્ષના અનુભવના તારણે તેઓ શીઘ્રતાથી કાવ્ય બનાવી શકતા હતા.

સાગરદાનભાઈ તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સાચા સંત તરીકે ખૂબ મહિમા કહી, નૂતન ઘનશ્યામનગર મંદિરે દર્શન કરવા લઈ ગયા.

તેઓ મંદિરે આવ્યા ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌને કથાવાર્તાનો લાભ આપી રહ્યા હોવાથી સભામાં બેઠા. વાતો સાંભળી ખૂબ અહોભાવ થયો.

તેઓ ઘણા સંતોનો જોગ-સમાગમ કરતા ત્યારે તે સંતના ગુણ જોઈ તેઓ

શીઘ્ર કાવ્ય બનાવી રાજી કરતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મૂર્તિમાં નિમગ્ન રહીને કથા કરતા હતા. આ દર્શન કરી તેમણે શીઘ્રતાથી કાવ્ય બનાવી ગાયું :

"શ્રી દેવનંદનદાસજીના દિલમાં દિવ્ય મૂર્તિ દીસતી;
અવિરત ભજન-સ્મરણમાં વળગી રહી જેની વૃત્તિ."

કાવ્ય ગાયા બાદ તેઓ વિચારવા લાગ્યા : "સ્વામી બહુ મોટા છે. મહારાજના સંબંધવાળા છે, મૂડીવાળા છે. નક્કી મારી કાવ્યરચના સાંભળી મને શરપાવમાં સન્માન આપશે."

એટલે તેઓ મનમાં ને મનમાં હરખાતા હતા. પણ તેમની ધારણા તદ્દન ખોટી હતી.

સ્પષ્ટવક્તા 'મા' સમાન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને માન-સન્માન ને વાહવાહ કરી દેહાભિમાનની પુષ્ટિ કરવારૂપ ઝેર ન પાયું.

ઉંમરમાં મોટા અને મોટા કવિ હોવા છતાં તેમના રોગને ટાળવાની કડવી દવા આપતાં કહ્યું, "કવિરાજ, તમારા આ કાવ્યથી હું રાજી થયો નથી. પણ તમારે જે તમાકુનું વ્યસન છે તેને છોડી દો તો અમે તમારા ઉપર ખૂબ રાજી થઈએ."

જબરદાનજી ખૂબ હોશિયાર અને વિચક્ષણ બુદ્ધિવાળા હતા.

તેઓને તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો ગુણ આવ્યો કે, "અત્યાર સુધી હું કેટકેટલાય સંતો પાસે ગયો. બધાએ તો મારી વાહવાહ જ કરી. પણ કોઈએ મારી કસરને ઓળખાવી નહીં. બધા મારી કવિત્વશક્તિની મોબતમાં લેવાઈને કશું કહેતા ન હતા; જ્યારે આ સાચા સંત છે જેમણે સીધો મારા વ્યસન પર ઘા કર્યો. ખરેખર સાચા સંત વિના સાચા સુખની વાત કોઈ ન કરી શકે."

તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીની તમાકુ છોડવાની ટકોર ગળી મધ જેવી લાગી. તે જ ક્ષણે તેમણે તમાકુનું વ્યસન છોડવાનો દૃઢ સંકલ્પ કરી દીધો.

જબરદાનજીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે ભગવાનની સાચા સુખની વાત સાંભળી અપરંપાર મહિમા થતાં વ્યસન છોડી તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીના મહિમાનાં ચાર પદ બનાવ્યાં.

●●●

"મુક્તો, આપણામાં એક વાલ જેટલો આજ્ઞાલોપ ન જોઈએ; શ્રીજીમહારાજના આપેલા 'દારૂ', 'માટી', 'ચોરી', 'અવેરી', 'વટલવું નહિ ને વટલાવવું નહીં'

એ પંચવર્તમાન અતિ દૃઢપણે પાળવાં. તેમાં સરતચૂક ન આવવા દેવી. આપણે સત્સંગી થઈ દારૂ કહેતાં કોઈ જ પ્રકારનું વ્યસન ન રાખવું. ચા સરખું પણ વ્યસન ન રાખવું તો બીજું તો રખાય જ કેમ ? બહારનું ગાળ્યા-ચાળ્યા વિનાનું તથા અભક્ષ્ય પણ આપણાથી ન જમાય. વળી, જે કરવું તે નીતિથી અને પ્રામાણિકતાથી કરવું. ભગવાનની બીક રાખવી... પ્રગટપણું રાખવું. વળી, તેમાંય શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે આવકમાંથી ૧૦% ચોખ્ખો ધર્માદો પૂરેપૂરો અચૂક કાઢવો જ... તો જ મહારાજ રાજી થાય. મહારાજને સૌથી વધુ રાજી કરવા પરસ્ત્રીનો કોઈ પ્રકારે સંગ ન રાખવો... ભગવાનનો કોપ થાય.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી ફક્ત મંદિરે આવે તેને જ આવી હિતની વાત કરે તેમ નહિ, વિચરણમાં હોય ત્યારે પણ હિતની વાત કરે. આમ, સાચી વાત કરે અને સંતો-ભક્તોને પાછા વાળી તેમનું જીવન વર્તનશીલ બનાવે.

●●●

એક વાર બાળ સંચાલક તાલીમ હતી. ગુરુવર્ય પ.પૂ. બાપજી આશીર્વાદ આપવા પધાર્યા. સંચાલકોએ પ્રવચન તથા સંવાદ રજૂ કરી બાપજીને વધાવ્યા.

ત્યારબાદ રાજીપાદર્શનનો કાર્યક્રમ ચાલુ થયો. ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બે વેણ વાલપનાં જણાવવાની ઈચ્છા વ્યક્ત કરી.

તેઓએ કહ્યું, ''તમે બાળમંડળના સંચાલક છો. તમારું જીવન વર્તનશીલ જોઈએ. તમે બાળકોને જે ગુણ શીખવો તે ગુણ તમારામાં ઉપદેશ આપવા પૂરતા સીમિત ન હોવા જોઈએ. અમને આવા હિલોળિયા ગમે જ નહીં. જેની વાત ને વર્તન બે જુદાં હોય એવા અમને ગમે જ નહીં. માટે વર્તનવાળા થજો...''

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કાયમ પોતાના સંતો-ભક્તોના વાસ્તવિક જીવન માટે સદાય કડવેરા ક્વાથ પિવડાવીને પરમહિત જ ઈચ્છ્યું છે.

શરણે આવનારની સાચી 'મા' બની દુઃખ લગાડીને પણ સાચા સુખની વાત કરી અનંતને સદા સુખી કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૭

## શ્રીજીસંમત સિદ્ધાંતો માટે સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા

એકલપંડે અનેક કષ્ટોને સહી લેનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીને વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી જેવા શ્રેષ્ઠ શિષ્યની જોડ મળતાં કારણ સત્સંગને વિસ્તારવાનું કાર્ય બમણા વેગથી થતું હતું.

એમાંય ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગર મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ મુક્તમંડળે સહિત બિરાજ્યા તેનાં દસ વર્ષ પૂર્ણ થતાં તેનો દશાબ્દી મહોત્સવ ઊજવવાનો ભવ્ય સંકલ્પ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કર્યો.

દશાબ્દી મહોત્સવ અન્વયે ગામોગામ સત્સંગ કરાવવાની આજ્ઞા કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, “સ્વામી, સદ્. ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીભૂત પાવનભૂમિ પંચમહાલમાં અને બાપાશ્રીએ પાવન કરેલ નળકંઠામાં પણ સત્સંગ કરાવવા અર્થે પ્રયાણ કરો. દશાબ્દી નિમિત્તે સ્વામી ! પંચમહાલ અને નળકંઠાનાં ઓછામાં ઓછા નવાં દસ ગામમાં તો તારે સત્સંગ કરાવવાનો જ છે...”

તે નિમિત્તે નવાં દસ ગામોમાં પ્રચાર કરવાના સંકલ્પે પંચમહાલમાં તથા નળકંઠાનાં તથા અન્ય ગામોમાં પ.પૂ. સ્વામીશ્રીનું અવિરત વિચરણ થતું હતું.

જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી મંદિરની નિકટ રહેતા હેત-રુચિવાળા સમાજને આજ્ઞા અને ઉપાસનાનું જ્ઞાન પીરસતા.

તેમાં માત્ર આઠ દિવસના ટૂંકાગાળામાં પ.પૂ. સ્વામીશ્રીએ કુલ સત્યાવીસ જેટલાં ગામડાંઓમાં વિચરણ કરી, ત્રીસ જેટલી સત્સંગ સભાઓમાં હજારો મુમુક્ષુઓને લાભ આપ્યો. પંચમહાલમાં મહારાજ અને બાપાશ્રીના સિદ્ધાંતોના વિજયવાવટા લહેરાયા.

દશાબ્દી મહોત્સવ ઉપક્રમે ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી પ.પૂ. સ્વામીશ્રીએ પંચમહાલની જેમ અન્ય અનેક ગામો, તાલુકાઓ અને જિલ્લાઓમાં પણ વિચરણ તથા સત્સંગ સભાઓની હારમાળા સર્જી.

એક બાજુ શિષ્યનું અવિરત વિચરણ ચાલતું હતું અને બીજી બાજુ ગુરુવર્ય પ.પૂ. બાપજી હેત-રુચિવાળા સમાજને આજ્ઞા અને ઉપાસનાનું જ્ઞાન પીરસી વધુ નિકટ લઈ રહ્યા હતા.

જોતજોતામાં તો બાપાશ્રીના સિદ્ધાંત માટેની અસ્મિતા રૂંવાડે રૂંવાડે પ્રગટાવનાર ગુરુ અને શિષ્યના અલૌકિક પ્રભાવનો અહેસાસ થવા લાગ્યો.

ટૂંક સમયમાં જ સિદ્ધાંત માટે બલિદાન આપી દેનાર સુસજ્જ સમાજ તૈયાર થઈ ગયો. આ બધું જ વિઘ્નસંતોષીઓને આંખના કણાની જેમ ખૂંચતું હતું.

તેઓ જાણતા હતા કે, “જો આવી જ રીતે તેમના સત્સંગનો વ્યાપ ચાલુ રહેશે તો આ ગુરુ-શિષ્યની જોડી બાપાશ્રીના નામને ગામોગામ ને પછી દેશોદેશ ફેલાવતા વિશ્વના ફલક ઉપર પહોંચાડી દેશે.”

માટે તેઓ કોઈ પણ રીતે આ વધી રહેલા વ્યાપ અને પ્રવૃત્તિ અટકાવવા માગતા હતા.

ઘનશ્યામનગર મંદિરના દશાબ્દી મહોત્સવ ઉપક્રમે સિદ્ધાંતોના પ્રચારના ક્રાંતિકારી કાર્યને બંધ કરાવવાના પ્રયત્નો શરૂ કર્યા.

પરંતુ તમામ પ્રયત્નો છેવટે નિષ્ફળ જતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો કે, “જો તમારે આ દેશમાં રહેવું હોય કે આ ગાદી ને પ્રથામાં રહેવું હોય તો બાપાશ્રીનો મહિમા નહિ ગવાય ને વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો નહિ વંચાય. વળી જેમ અમારા સાધુ વર્તતા હોય તેમ જ તમારે વર્તવું પડશે.”

બેમાંથી એક પસંદગી કરવાની હતી. એક બાજુ સંપ્રદાયની રીતિ-નીતિ મુજબ દેશ, ગાદી કે પ્રથામાં રહેવાનું ને વર્તવાનું હતું અને બીજી બાજુ શ્રીજીસંમત અને

અબજીબાપાશ્રીએ સમજાવેલ સિદ્ધાંતનો પ્રચાર કરવાની નેમ હતી.

આ સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો.

વિરોધ કરનારાને સ્પષ્ટ સંભળાવી દીધું કે, "મેં તમારા માટે મૂંડાવ્યું નથી. મેં બાપાશ્રી સારુ ને બાપાશ્રીએ સમજાવેલા ભગવાન સ્વામિનારાયણના વાસ્તવિક સિદ્ધાંતોના પ્રવર્તન સારુ મૂંડાવ્યું છે. માટે આ મુખે તો એમનો જ મહિમા ગવાશે; ને રહી વાત અન્ય સાધુની બરોબર વર્તવાની, તો એ પણ શક્ય નથી. ભગવાન સ્વામિનારાયણે બાંધેલ નિયમ-ધર્મની બાબતમાં એક અલ્પ આજ્ઞાનો લોપ મેં કદી કર્યો નથી ને કરીશ પણ નહીં. સિદ્ધાંત માટે કોઈથી દબાઈને રહેવું તેના કરતાં નફરત, તિરસ્કાર અને અપમાનો સહીને બાપાશ્રી માટે જીવવું એને હું વધુ ઉત્તમ ગણું છું."

એવો નાદ ગુંજાવી અનેક મુસીબતોને સર કરવા અને સિદ્ધાંતો માટે બધેયથી નિર્બંધ થવા તેઓ તૈયાર જ હતા.

અંતે તા. ૧૧-૨-૧૯૮૪નો એ સમય સુવર્ણ અક્ષરે સંપ્રદાયના ઈતિહાસમાં અંકિત થઈ ગયો કે જ્યારે એ દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજી ભગવાન સ્વામિનારાયણે સમજાવેલા સિદ્ધાંતો અને બાપાશ્રીએ સ્થાપેલ કારણ સત્સંગના પ્રવર્તન માટે સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા.

ત્યારથી એ દિવ્યપુરુષના સિદ્ધાંત પ્રવર્તનના માર્ગમાં મુશ્કેલીઓ, અસહકાર અને વિરોધોના વંટોળોએ વધુ વેગ પકડ્યો.

આવા ઉગ્ર વાતાવરણમાં પણ સિંહ સમા ગુરુવર્ય પ.પૂ. બાપજી ને પ.પૂ. સ્વામીશ્રીએ નિર્ભય બની સત્સંગ વિચરણ કર્યું.

વિચરણ દરમ્યાન દ્વેષીઓ માટે એ દિવ્યપુરુષોનું એક જ સૂત્ર રહેતું : "ભગવાન સ્વામિનારાયણના સમજાવેલા સિદ્ધાંત મુજબ અમે નહિ વિમુખ કે નહિ સન્મુખ પણ અમે તો સદાય છીએ મુખોન્મુખ."

સિદ્ધાંત પ્રવર્તન અને નિયમ-ધર્મ ખાતર અનેક કષ્ટોને સહીને પણ સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થઈ નૂતન ક્રાંતિ સર્જનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૮

## માન-અપમાન મેં સમચિત્ત રે

ઈ.સ. ૧૯૮૪-૮૫ના સમયમાં એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી પંચમહાલમાં સત્સંગ વિચરણ અર્થે પધારી રહ્યા હતા. એ વખતે જીપગાડીમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ બિરાજ્યા હતા.

રસ્તામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ 'શ્રી સ્વામિનારાયણ મંદિર' એવું બોર્ડ વાંચ્યું. તેથી કોઈ પણ પ્રકારના રાગ-દ્વેષ વિના એકમાત્ર ઠાકોરજીનાં દર્શન કરવાના જ ઈશકથી ડ્રાઈવરને મંદિર ભણી ગાડી લઈ જવાની આજ્ઞા કરી.

સાંજનો ચાર વાગ્યાનો સમય થયો હતો. ઠાકોરજીના ઉત્થાપનનો સમય એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતો-ભક્તોને કહ્યું, "ચાલો, ગાડીમાંથી ઊતરી આપણે ઠાકોરજીનાં દર્શન કરી આવીએ."

જીપગાડી મંદિરના પરિસરમાં પ્રવેશી. આ ગાડી ઉપર લખેલું હતું 'સ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગર.' મંદિરના પરિસરમાં કેટલાક સંતો ઓટલા પર બેઠા હતા. જીપગાડી ઉપર લખેલું મંદિરનું નામ વાંચ્યું અને એમાંય વળી ગાડી ઊભી રહે તે પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઓળખી ગયા.

તેથી એક સંતે મોટેથી બૂમ મારી કહ્યું કે, "અલ્યા, મંદિરના દરવાજા બંધ

કરો. આ વિમુખ આવ્યા. તમે તો વિમુખ છો, આમ છો, તેમ છો... આપણું મંદિર અભડાવશે.'' સંતો તરત જ મંદિરનાં મુખ્ય દ્વાર બંધ કરવા દોડ્યા.


માન-અપમાન જેમને સમ વર્તે છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમ છતાં તે સંતોની નજીક ગયા : ''દયાળુ, જય સ્વામિનારાયણ. રાજી રહેજો...'' પણ સામે કોઈ પ્રત્યુત્તર ન મળવા છતાં મંદિર તરફ આગળ વધ્યા.


ત્યારે સાથેના હરિભક્તે કહ્યું, ''દયાળુ, મંદિરનાં દ્વાર તો બંધ છે. ક્યાં જઈશું ? આપણા માટે ભાવ નથી માટે હવે ક્યાંય જવું નથી. ચાલો પાછા જતા રહીએ.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''મંદિરનાં દ્વાર બંધ કર્યાં છે પણ ઠાકોરજી ક્યાં જતા રહ્યા છે ? માટે આપણે ફળિયામાં ઠાકોરજીનાં દર્શન કરી લઈએ.''


પછી તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક પણ શબ્દ બોલ્યા વિના ચોકમાં જ ઠાકોરજીને પાંચ દંડવત કર્યા. પછી સૌ સંતોને ફરી 'જય સ્વામિનારાયણ' કહી ગાડીમાં બેસી ગયા.

અપમાનને પણ સન્માન સમ ગણી ગળી જનારા નિર્માનીપણાના મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









"એવી સામર્થી યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાન
ને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે,
કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ;
એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા." (ગ.પ્ર.- ૨૭)

- ભગવાન શ્રી સ્વામિનારાયણ

# ૨૯

## માન-અપમાન મેં એકતા, સુખ-દુઃખ મેં સમભાવ

ગુરુવર્ય પ.પૂ. બાપજી ચાર-પાંચ વર્ષ પૂર્વે સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા હોવાથી જ્યાં જાય ત્યાં 'વિમુખ... વિમુખ'નો ગોકીરો મચતો હતો. અપમાન, તિરસ્કાર સાથે હડધૂત કરી નખાતા હતા.

ન તો મંદિરમાં પેસવા દે, ન તો ગામમાં ઉતારો કે સભા કરવા દે. આવા વિકટ સમયમાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી હિંમત હાર્યા વિના વિચરણ કરતા હતા.

ઈ.સ. ૧૯૮૯માં ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી જીવનપ્રાણ બાપાશ્રીના પાદસ્પર્શથી પ્રસાદીભૂત થયેલી કચ્છની ધન્ય ધરા પર સત્સંગ વિચરણાર્થે પધાર્યા હતા.

ત્યારે સંતો-હરિભક્તો સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રસાદીના સ્થાનનાં દર્શન કરી નીકળતા હતા. એ વખતે દસ-પંદર હરિભક્તોની સભા ચાલતી હતી.

મોટેરા સંત કથા કરતા હતા. તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાથી પરિચિત હતા તેથી તેમણે આદર સહિત કહ્યું, "જય સ્વામિનારાયણ... સ્વામી, અહીં સભામાં પધારો."

ગુરુવર્ય પ.પૂ. બાપજીને જોતાં જ પેલા મોટેરા સંતને તેમના વિષે ગુણભાવ તથા મહિમા હોવાથી આનંદ થયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વડીલ સંતને ચરણસ્પર્શ કરી સભામાં બિરાજ્યા. વડીલ સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિનંતીના સ્વરૂપમાં કહ્યું, "સ્વામી, વાતું કરો ને !"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બાજુમાં બિરાજેલા પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, "સ્વામી, સભામાં વાતું કરો." ગુરુ બિરાજ્યા હોય ને શિષ્ય થઈ વાત કરતાં પ.પૂ. સ્વામીશ્રીએ થોડો ક્ષોભ અનુભવ્યો, પણ મરજી જાણી વાતું કરવાની ચાલુ કરી દીધી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞા થતાં પ.પૂ. સ્વામીશ્રીએ બાપાશ્રીના મહિમાની વાતો શરૂ કરી. પોતાના સ્થાનમાં કોઈ અન્ય સંતો આવ્યા તે ત્યાંના નાના સંતને ન ગમ્યું. એટલે પ.પૂ. સ્વામીશ્રીને વાતો કરતાં હજુ પાંચ મિનિટ જ થઈ હશે. ત્યાં તો સભાની પાછળ એક તેજોદ્વેષીએ સભામંડપની બહાર જઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીને હાથનો ઈશારો કરી બહાર બોલાવ્યા. તેમની આંખો અને મોં પર આક્રોશના ભાવો વ્યક્ત થતા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી નજીક પહોંચ્યા ત્યાં તો કટુ વચનોનો વરસાદ વરસવા માંડ્યો કે, "તમારા બાપનું મંદિર છે ? વિમુખ થઈ કોને પૂછી અંદર આવ્યા ? અમારું મંદિર અભડાવ્યું. અહીં સભામાં આવીને બેઠા જ કેમ ? જાવ અત્યારે ને અત્યારે અહીંથી ચાલ્યા જાવ. એક મિનિટ ન ઊભા રહો." આવી રીતે ન બોલવાના અનેક અપશબ્દો દ્વારા અપમાન કરી નાખ્યું.

તે તેજોદ્વેષી પોતાના કરતાં ઉંમરમાં નાના હતા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને એક શબ્દ ન કહ્યો. બે હાથ જોડીને માત્ર સાંભળતા જ રહ્યા.

પ.પૂ. સ્વામીશ્રી સભામાં વાત કરતા હતા. પરંતુ તેમની દૃષ્ટિ તો પાછળ આ જે બની રહ્યું હતું તે તરફ જ હતી. તેઓ તુરત સભાને વિરામ આપી ઝડપથી પાછળ આવ્યા. ત્યાં સુધીમાં તો વાર્તાલાપ પૂરો કરી દીધો.

પ.પૂ. સ્વામીશ્રીને અણસાર આવી ગયો હતો એટલે ગુરુમહિમાના નાતે પોતાના ગુરુ માટે કોઈ એક શબ્દ પણ બોલે તે કેમ ખમી શકાય ? આથી પ.પૂ. સ્વામીશ્રી પેલા તેજોદ્વેષીને કંઈક કહેવા જાય તે પહેલાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને રોકી લીધા.

ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું કે, "દયાળુ, બોલો

તે તમને શું કહેતા હતા ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''કાંઈ નહીં. સ્વામી, ખબડદાર જો એક શબ્દ પણ બોલ્યો છું તો ! ચાલો, આપણે આગળ જવાનું મોડું થાય છે માટે ગાડીમાં બેસી જઈએ.''

માન-અપમાનમાં એકતા અને સુખ-દુ:ખમાં જેમને સમભાવ વર્તે છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ.પૂ. સ્વામીશ્રી તથા હરિભક્તોએ પૂછવા અતિશે આગ્રહ કર્યો.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''એ તો ખબરઅંતર પૂછતા હતા અને જમાડીને જજો; એ વિના નીકળતા નહિ એમ કહેતા હતા. પણ મેં કહ્યું, આગળ જવાનું મોડું થાય છે માટે નહિ રોકાઈએ.''

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીના તિરસ્કારને પણ સત્કાર ગણાવતા શબ્દો સાંભળી સૌ ચૂપ થઈ ગયા. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીની પાછળ છેટેથી કોઈ હરિભક્તે બધું સાંભળ્યું હતું.

એટલે પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''પણ... બાપજી, આપના માટે જેમ તેમ 'તું'કારે બોલે તે મારાથી કેમ ખમી લેવાય ??''

''સ્વામી ! નહિ, આપણે એક પણ શબ્દ નહિ બોલવાનો. આપણે તો સહન જ કરવાનું હોય. મહારાજે પણ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, 'સાધુએ તો તુચ્છ જીવોનાં માન-અપમાનને પણ સહન કરવાં અને તેનું હિત થાય તેમ મનમાં સંકલ્પ કરવો પણ ભૂંડું થાય તેવું તો ઈચ્છવું જ નહીં.' તો આ તો ભલે ગમે તે હોય તોપણ શ્રીજીમહારાજના સંત છે. માટે આપણે એક શબ્દ પણ ન બોલાય.'' ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું.

અપમાન કરી હડધૂત કરી દેનાર માટે પણ મહારાજ તેમના પર રાજી થાય એવી પ્રાર્થના કરી કરુણા વરસાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના નિર્માનીપણાને કોટિ કોટિ વંદન હો...

# 30

## જીવનું ફદલ કરે કલ્યાણ

આવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-સમાગમે, સ્પર્શે, અલ્પ સેવાએ, સંબંધે, સંકલ્પે અને તેમને સ્પર્શેલા વાયરાના સ્પંદનથી અનેક જીવનાં ફદલમાં કલ્યાણ થયાં છે જેની અનેક પ્રસંગો ગવાહી પૂરે છે.

ઈ.સ. ૧૯૮૪-૮૫માં ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી નળકંઠા વિચરણ દરમ્યાન એક દિવસ સાંજના સમયે સાંકોદરા ગામના મંદિરે પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કથાવાર્તા કરવાની શરૂ કરી : ‘‘અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણ એક જ છે. એમની મોટપ શું ! તે પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતમાં ‘વડવાનળ અગ્નિ’ના દૃષ્ટાંત દ્વારા સમજાવી છે.’’

થોડી વારમાં આખું મંદિર મુમુક્ષુઓથી ખીચોખીચ ભરાઈ ગયું.

રાત્રિનો ટાઢો પહોર આગળ વધતો જતો હતો તેમાં તેમની ઉષ્માપૂર્ણ અમૃતવાણીનો વહેતો વાક્પ્રવાહ મુમુક્ષુઓને બ્રહ્મપ્રાપ્તિનો અનુભવ કરાવતો હતો. મુમુક્ષુ હરિભક્તો પણ કથામાં થતી પ્રશ્નોત્તરીમાં ઉત્સાહથી જોડાતા હતા.

એથી એમનો અતોલ માલ આપવાનો આગ્રહ અતિ વેગીલો બન્યો.

રાતના અઢી વાગ્યા હતા. પણ એમનો મહારાજ ઓળખાવવાનો અદમ્ય તલસાટ હરિભક્તોને સ્પર્શી ગયો. હરિભક્તો તો આવા સાચા સંતથી ખૂબ જ અભિભૂત થયા.

એમાં એક મુમુક્ષુ ભક્ત હાથ ઊંચો કરી વિવેકથી બોલ્યા : ‘‘સ્વામી, આ વાતુંએ અમને જબરું ઘેલું લગાડ્યું છે. ઊઠવાનું મન થતું જ નથી. માર હાળું એવું થયા કરે છે, આ વાતું હજુયે હાંભળ્યા જ કરું. સ્વામી, આપ થાક્યા હશો. માટે હવે વાતું બંધ રાખો ને થોડો આરામ કરો...’’ ત્યાં બીજા હરિભક્ત વચમાં બોલ્યા : ‘‘સ્વામી, અમે વાતું કરતા સંતો જોયા છે પણ વાતું ને વર્તન એક હોય એવા સાચા સંતો પહેલા જ ભાળ્યા. સ્વામી, અમારે આપની સેવા કરવી છે પણ અત્યારે છેલ્લા પહોરની ઘડીયું હાલી રહી છે. વળી, આપની વાતું હૈયડું ઠારે સે. માટે કાલે સવારે ફરી વાર કથા કરી અહીં ઠાકોરજીના થાળ કરી જમાડીને જ જવાનું છે.’’

વાતું વિરમી. સૌ ભક્તો ઘરે ગયા ને નાહી-ધોઈ-પૂજા કરીને પાછા મંગળા સમયે આરતીમાં આવી પહોંચ્યા. અહીં મંદિરમાં બાપજી-સ્વામીશ્રી પણ પરવારવા ગયા હતા. મંગળા આરતી થઈ ને પાછી વાતુંની રમઝટ શરૂ થઈ. કથાવાર્તા પત્યા પછી હરિભક્તો ખૂબ ભાવથી રસોઈ માટે સીધું લઈ આવ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તોને અંગત લાભ આપી રહ્યા હતા.

પ.પૂ. સ્વામીશ્રી ઠાકોરજીના થાળ બનાવવાની તૈયારી કરતા હતા. એ વખતે ગામના એક વડીલ વાળંદ બાપા બારણે આવીને ઊભા રહ્યા.

તેમણે પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું, ‘‘સ્વામી, હું ગરીબ માણસ છું. સંતોને પાકી રસોઈ આપી શકું તેમ નથી. પણ મુઠ્ઠી ચોખા છે તો તેનો આપ સ્વીકાર કરશો ? આની રસોઈ બનાવી ઠાકોરજીને થાળ કરી મોટા સ્વામીને જમાડજો; તો મારો ભાવ પૂરો થશે અને મને ખૂબ આનંદ થશે કે સંતોએ મારી રસોઈ સ્વીકારી.’’

હરિભક્તનો શુદ્ધ ભાવ અને નિષ્કામ ભક્તિ જોઈ પ.પૂ. સ્વામીશ્રી રાજી થઈ ગયા. તેમની પાસેથી એક મુઠ્ઠી ચોખા લઈ, સાફ કરી મગની દાળમાં ભેળવી તેમાંથી ખીચડી બનાવી.

વ્હાલા હરિકૃષ્ણ મહારાજને થાળ થયા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડવા

બિરાજ્યા. પીરસતી વખતે પ.પૂ. સ્વામીશ્રીએ ગરીબ વાળંદ હરિભક્તે આપેલ ચોખાની સેવાની વાત કરી. "બાપજી, ગામના એક ગરીબ વડીલ વાળંદ બાપા મુઠ્ઠી ચોખા ઠાકોરજીની રસોઈ માટે આપી ગયા હતા. તેમણે પ્રાર્થના કરી હતી કે, મોટા સ્વામીને જમાડજો. મારો ભાવ પૂરો થશે ને મને ખૂબ આનંદ થશે."

ગુરુવર્ય પ.પૂ. બાપજી હરિભક્તની નિષ્કામભક્તિથી રાજી થયા.

એટલે એના બદલામાં તેમનું રૂડું કરવા પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી : "બાપજી, આ ભગતે આપની નિષ્કામભાવે સેવા કરી છે તો એમનું પૂરું કરો ને ! એમને આપ જે સુખમાં છો તે સુખમાં રાખી લો ને !"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પણ વાળંદ હરિભક્તની નિષ્કામભાવની સેવા જોઈ રાજી થઈ ફદલમાં આશીર્વાદ વરસાવતાં કહ્યું, "જાવ, મહારાજને પ્રાર્થના કરીશું કે, હે મહારાજ, આ હરિભક્તને મુઠ્ઠી ચોખાના બદલામાં અક્ષરધામમાં તેડી જજો અને તમારી મૂર્તિનું ખૂબ સુખ આપજો."

એવા આશીર્વાદ આપી ગુરુવર્ય પ.પૂ. બાપજી તે દિવસે આગળ વિચરણમાં નીકળી ગયા.

ચાર-છ મહિના પછી આ વાળંદ હરિભક્ત થોડા બીમાર પડ્યા. બે-ચાર દિવસ થોડી માંદગી રહી અને તેમનો દેહાંત સમો આવી ગયો.

તેમને શ્રીજીમહારાજનાં દિવ્ય તેજોમય દર્શન થવાથી તેઓ અતિ આનંદિત થઈ ગયા અને સગાંસંબંધીને સંબોધીને કહેવા માંડ્યું કે, "જુઓ જુઓ, આ સ્વામિનારાયણ ભગવાન મને અક્ષરધામમાં તેડવા માટે પધાર્યા છે. જોડે ગામમાં કથા કરવા આવ્યા હતા તે મોટા સ્વામી અને સંતો પણ છે. મને મુઠ્ઠી ચોખા બતાવી કહે છે કે, આ ચોખાના બદલામાં અમે તમને અક્ષરધામમાં તેડવા આવ્યા છીએ. માટે લ્યો હું જાઉં છું... જય સ્વામિનારાયણ."

આટલું બોલતાં તેઓ ઢળી પડ્યા. શ્રીજીમહારાજ અને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માખણમાંથી મોવાળો ખેંચે તેમ તેમના ચૈતન્યને ખેંચી મૂર્તિના સુખમાં મૂકી દીધો. ફદલમાં આત્યંતિક કલ્યાણ કરવાની કેવી અજબ રીતિ !!

• • •

ડભોલી (સુરત) મંદિર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપ્યા હતા કે, "હે મહારાજ ! આજે જે કોઈ આપનાં દર્શન કરે, વાત સાંભળે, પ્રસાદી જમે, અરે કોઈ મંદિરના પરિસરમાં આવે તેનો

પણ છેલ્લો જન્મ કરજો.''

આ આશીર્વાદમાં ઘરધણીમુક્ત જીતુભાઈ માધુભાઈ પટેલનાં માતુશ્રી આવી ગયાં હતાં.

ખાખરિયાના મણિપુરા ગામનાં રહેવાસી ૭૦ વર્ષનાં રૂખીબેન માધુભાઈ પટેલ જેઓ બિનસત્સંગી હતાં. સ્વામિનારાયણ ભગવાનની કોઈ ઓળખાણ નહિ કે આસ્થા પણ નહીં.

ચા-છીંકણીના અતિ બંધાણી હતાં. જીવનમાં કદી ભગવાનના નામની પાંચ માળા પણ નહોતી કરી. પરંતુ કુટુંબીજનોના આગ્રહને વશ થઈ તેઓ સુરત મૂર્તિપ્રતિષ્ઠામાં આવ્યાં અને આશીર્વાદનાં સહભાગી થયાં હતાં.

તા. ૨૨-૧૨-૧૫ના રોજ તેઓ સુરતથી પોતાને ગામ મણિપુરા આવ્યાં. તેમને થોડી શ્વાસની તકલીફ થવાથી દવાખાને બે દિવસ દાખલ કર્યાં. તેમને સારું લાગતાં ડૉક્ટરની રજા લઈ ઘરે લાવ્યાં.

તા. ૨૮મીએ વહેલી સવારે ત્રણ વાગ્યે રૂખીબાએ બૂમ પાડી તેમના ભાઈના દીકરાને નજીક બોલાવ્યો અને કહ્યું, ''જો આ સ્વામિનારાયણ ભગવાન અને જીતુના ગુરુજી મને લેવા આવ્યા છે. હું જઉં છું... જય સ્વામિનારાયણ.'' કહેતાં તેમણે આંખો મીંચી દીધી.

આ બાજુ તેમના ભત્રીજા પ્રકાશભાઈ પટેલના ઘરનાં હંસાબેન સ્વામિનારાયણ ધામ પર AYP કૅમ્પમાં લાભ લેવા આવ્યાં હતાં.

તેમને ૨૮મીએ સાંજે ખબર પડતાં તેઓ સીધા કડી ગયાં અને ત્યાંથી તેઓ સવારે મણિપુરા જવા નીકળવાનાં હતાં. કડી મુકામે રાત્રે સાડા બાર વાગ્યે તેઓ સૂતાં અને થોડી જ વારમાં તેમને સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય તેજોમય દર્શન થયાં અને સાથે રૂખીબાનાં પણ દર્શન થયાં.

હંસાબેને પૂછ્યું, ''બા, તમે કેમ આટલાં ખુશ છો ?'' ત્યારે રૂખીબાએ કહ્યું, ''મને મહારાજ અને જીતુના ગુરુ તેડવા આવ્યા હતા. મને ખૂબ મૂર્તિનું સુખ આવે છે તેથી ખૂબ આનંદ થાય છે.''

હંસાબેનને રૂખીબા બિનસત્સંગી હોવાથી સંશય રહેતો કે તેમનું કલ્યાણ થશે કે કેમ ? તો જેમ અલૈયાખાચરના જેહલાએ પહોંચ્યાનાં પરમાણાં આપ્યાં હતાં તેમ રૂખીબાએ હંસાબેનને મહારાજે તેમને મૂર્તિના સુખમાં જ રાખી લીધાં છે તેનો પુરાવો આપ્યો.

બિનસત્સંગી હોવા છતાં કોઈ સાધન કે દાખડા વગર માત્ર આશીર્વાદમાં આવનારનું આવું આત્યંતિક કલ્યાણ કરવું એ ફદલનો માર્ગ છે જે આજે શ્રીજીમહારાજે ગુરુવર્ય પ.પૂ. બાપજી દ્વારા સહજમાં ચલાવ્યો છે.

●●●

વર્તમાનકાળે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીની ફદલમાં કલ્યાણ કરવારૂપી કલ્યાણકારી સરિતામાં અનેક મુમુક્ષુઓ સ્નેહભીનું સ્નાન કરી અનાદિના કોલ પામે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વિચરણમાં પધારતા હોય ત્યારે રસ્તામાં પગપાળા ચાલતા યાત્રિકો તથા પરોક્ષના સાધુ-સંતો કે મહાત્માઓ ઉપર અવશ્ય દૃષ્ટિ કરે જ.

તેમના મુખે મુમુક્ષુઓ માટે કેવળ કરુણાસભર આશીર્વાદ સરી પડે, “હે મહારાજ, આ યાત્રાળુઓ ભલે પરોક્ષના છે પણ મુમુક્ષુ અને શ્રદ્ધાળુ છે. ભલે તેઓ સકામ હોય કે નિષ્કામ; તેમને તમારી સનાતન ભગવાન તરીકેની સર્વોપરી ઉપાસના નથી પણ તેમને કૃપા કરી આપનું સ્વરૂપ ઓળખાવો. આ ને આ જન્મે આ કારણ સત્સંગનો યોગ કરાવી તેમનો છેલ્લો જન્મ કરજો.”

આવા પરોક્ષપણે આશીર્વાદ પામેલા અનેક યાત્રિકો પણ વર્તમાનકાળે કારણ સત્સંગના યોગમાં આવી રહ્યા છે. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરી અનાદિની સ્થિતિના કોલ પામી રહ્યા છે.

અનંતના ફદલમાં આત્યંતિક કલ્યાણ કરવાની કરુણા વરસાવનાર એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૧

## ઠાકોરજીના ધર્માદાનું નુકસાન ન થવું જોઈએ

ઈ.સ. ૧૯૮૭ના જાન્યુઆરી માસમાં વાસણા મંદિર પૂર્ણતાના આરે હતું. ગગનચુંબી શિખરબદ્ધ મંદિરમાં બિરાજમાન કરવા ઘનશ્યામ મહારાજની મૂર્તિ લેવા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી ત્રણ હરિભક્તો સાથે જયપુર ગયા હતા.

પધારતા પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મંદિરે રહેલા સંતોને કહ્યું કે, ‘‘સંતો, અમો ત્રીજા દિવસે સાંજે પાછા આવીશું.’’

જયપુરમાં મૂર્તિનું કામ પૂર્ણ કરવામાં ધાર્યા કરતાં વધારે સમય ગયો. તેથી નિશ્ચિત સમયે તેઓ પાછા ફરી શક્યા નહીં. એ વખતે મંદિરમાં કોઈ ફોનની પણ વ્યવસ્થા ન હતી.

આથી સંતોને મોડા આવવાનું છે એ સમાચાર પણ કેમ અપાય ? મંદિરે રહેલા સંતોએ સાંજે ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે પાંચ સભ્યોની રસોઈ બનાવી હતી.

પરંતુ તેઓ સાંજે ન આવવાથી તે રસોઈ પડી રહી. બીજા દિવસે સવારે ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી ને હરિભક્તો પધાર્યા.

એ દિવસે સંતોએ ઠાકોરજીના થાળ માટે ગરમ રસોઈ બનાવી હતી. ઠાકોરજીને થાળ થયા પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડવા માટે બિરાજ્યા.

સંતો પત્તર પીરસવા જતા હતા ત્યાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "સંતો, આ ગરમ નહિ, ગઈ કાલની ઠંડી રસોઈ લાવો. પહેલાં ઠંડું જમાડીએ. આ રસોઈ સાંજે જમાડીશું."

સંતોએ કહ્યું, "બાપજી, કાલે રોટલા બનાવ્યા હતા; થોડા જ વધ્યા હતા તે અમે એંઠવાડમાં જવા દીધા છે."

ત્યારે રસોડાના દરવાજાની બહાર ઊભા રહેલ પ.ભ. નાથાકાકા, શંકરદાદા અને કીર્તિભાઈ ભાવસાર આ ત્રણેય હરિભક્તો તથા સંતોને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શીખ આપતાં કહ્યું કે,

"સંતો-હરિભક્તો, ગલ્લાપેટીમાં કોઈ ૨૫-૫૦ પૈસા કે એક-બે રૂપિયો નાખે, ધર્માદો લખાવી જાય કે અનાજ, શાકભાજી કે ફ્રૂટ ગમે તે આપી જાય એ ઠાકોરજીના ધર્માદાનું નુકસાન ન થવું જોઈએ. હરિભક્તો મહેનત કરી પરસેવો પાડી સેવા કરે તેને મહારાજ સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે. જો એ સેવાનો બગાડ કરીએ કે મહારાજ સુધી આપણે ન પહોંચાડીએ તો મહારાજના બહુ મોટા ગુનેગાર થવાય. એનું દેવું આપણે ચૂકવવું પડે.

હરિભક્તોના અનાજનો બગાડ કરીએ તો તેમના ખેતરમાં બળદ થઈને હળ હાંકવું પડે માટે ખટકો રાખવો. કદી એક પૈસાનો પણ બગાડ ન કરવો તો જાણીને ઠંડા રોટલા કેમ ફેંકાય ? સુકાઈ ગયા હોય તો ચોળીને છાશ નાખી વઘારી નખાય પણ એક ટુકડોય ન ફેંકાય. માટે આ શીખને કાયમ જીવનમાં વણી લેજો. ફરી આવી ભૂલ ન થવા દેતા. આ ભૂલ બદલ આજે મહારાજ આગળ ક્ષમા માગી લેજો."

વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફરી સંતોને ઉદ્દેશી કહ્યું, "સંસ્થા આર્થિક ભીંસમાં હોય, એક એક રૂપિયો ક્યાંથી સેવામાં લાવવો ? ક્યાંથી ધર્માદાનું અનાજ લાવવું ? એવો વિકટ પ્રશ્ન હોય ત્યારે તો ધર્માદાનું નુકસાન ન થાય તેની આટલી કાળજી લેવાય. પરંતુ જ્યારે હરિભક્તો પાસે જળ માગીએ ને ત્યારે દૂધ આવે; એક વચને હરિભક્તો સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થઈ જતા હોય, એક એક હરિભક્તો આખા મંદિરો કરાવી શકતા હોય, સંસ્થાની આર્થિક સધ્ધરતા થાય ત્યારે પણ આવી કાળજી રાખવી એ માત્ર ધર્માદાનું નહિ પરંતુ હરિભક્તોના અંતરના ભાવનું સાચું જતન છે."

૮૦ વર્ષની ઉંમર સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજી સંસ્થાના કોઈ પણ મંદિરોમાં પધારે ત્યારે કોઠારમાં તથા સંતો-હરિભક્તોના રસોડામાં અચૂક પધારતા. ફ્રિઝ ચેક કરતા.

કોઈ પણ વસ્તુનો બગાડ થતો હોય તો પોતે તરત દુભાઈ જતા અને તેનો યોગ્ય નિકાલ કરાવી સંતો-ભક્તોને એ બાબતનો ખટકો રાખવાની શીખ આપતા : “સંતો, હરિભક્તો ઘરે ફ્રૂટ પણ ન જમાડતા હોય જ્યારે તેઓ ઠાકોરજી અને આપણા માટે ફ્રૂટ તથા વસ્તુઓ લાવતા હોય ત્યારે એનો બગાડ ન થવા દેવાય. તરત તેનો નિકાલ કરવો. ઠાકોરજીના ધર્માદાના એક રૂપિયાનો કે અનાજનો એક કણ પણ જો બગડે તો આપણું કાળજું કપાઈ જાય તેવું દુઃખ થવું જોઈએ.”

ઝોળીસેવામાં આવેલું ફ્રૂટ હોય તોપણ એક બોરાનો પણ બગાડ થવા ન દે. જુદાં જુદાં વકલ પાડી બગડતું ફ્રૂટ પહેલાં સ્ટાફના સભ્યોમાં અપાવે તેમ છતાં વધે તે પ્રસાદીમાં આપી બાળકોને તથા હરિભક્તોને રાજી કરે પણ ધર્માદાના એક કણનું નુકસાન થવા ન દે.

વળી, અનાજના કોથળા ખાલી કરતાં નીચે ઢોળાયેલા ચોખાના એક એક દાણાને હરિભક્તો પાસે વિણાવે ને ક્યારેક તો પોતે પણ વીણી લે. એટલું જ નહિ, એ જગ્યાએ વાળતાં ભેગા થયેલ કચરામાંથી પણ અનાજના દાણા વિણાવી તેને લુછાવી નાખે.

ધર્માદાના એક એક પૈસાને તથા એક એક કણને ઠાકોરજી સુધી પહોંચાડનાર દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૨

## સેવાથી શોભી સાધુતા

ઈ.સ. ૧૯૯૦-૯૧માં વાસણા ‘મૂર્તિધામ’ હૉલનું નિર્માણકાર્ય ચાલતું હતું. એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું શરીર ૧૦૩° તાવથી અંગારાની જેમ તપતું હતું. માથામાં અસહ્ય દુખાવો અને પેટમાં ચૂક આવતી હતી. તાવના કારણે કશું જમાતું પણ ન હતું.

શરીર અશક્ત થઈ ગયું હતું. તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી મૂર્તિધામ હૉલની સેવામાં ઈંટો છોલવા તથા રોડા ભાંગવા ઈંટ પર આસન કરી બિરાજ્યા હતા. હથોડી ઊંચી કરે કે ચક્કર આવી જાય તેવી પરિસ્થિતિમાં સેવા ચાલુ જ રાખી.

પ.પૂ. સ્વામીશ્રી તથા હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “બાપજી, દયા કરીને સેવા રહેવા દો. આપને માથામાં અસહ્ય દુખાવો થાય છે, અશક્તિ ખૂબ જ છે માટે સેવામાં હાથ પણ સાથ આપતા નથી. માટે આપ આરામ કરવા પધારો...”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “ખેડૂતે તાવને હળે જોડ્યો હતો તો જતો રહ્યો. તેમ આપણે સેવા કરવા માંડીએ એટલે તાવ જતો રહે. અમને કશું જ થયું

નથી. જાવ અમારી તમને આજ્ઞા છે : તમે તમારી સેવામાં જોડાઈ જાવ.'' કોઈ કાંઈ બોલી શક્યું નહીં.

પ.પૂ. સ્વામીશ્રીના ચરણ ભારે થઈ ગયા. તેઓનું હૃદય ખૂબ જ રડતું હતું. પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ કેમ બોલવું ?

સવારના દસ વાગ્યાથી ઈંટ ઉપર બિરાજમાન થઈ રોડા ભાંગતા હતા તો સાંજે સાત વાગ્યે તે જગ્યાએથી ઊભા થયા ત્યારે એક ડગલું પણ ચાલવાની શરીરમાં શક્તિ રહી ન હતી.

તેઓનો આવો સેવા કરવાનો આગ્રહ જોઈ સાથે રહેલા સૌ સંતો-હરિભક્તોનાં નેત્ર અશ્રુથી ભરાઈ ગયાં.

''બાપજી, અમે આપના સેવક છીએ એટલે આજે તો તમારે અમારી એક વાત માનવી પડશે. આપને જ્યાં સુધી મંદવાડ ન ટળે ત્યાં સુધી આપે સેવા નથી કરવાની. આપની સેવા અમે કરીશું. અમે ૧૮ કલાક સેવા કરીશું પણ આપે સેવા નથી કરવાની.'' આમ પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી.

''સ્વામી, સાધુથી આરામ ન કરાય. સાધુ સેવાથી શોભે. મહારાજની આ રુચિ અમે લોપી નથી એટલે અમને સેવા કરવા દો.'' ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું.

આહાહા ! કેવી સેવાની મૂર્તિ !!! ગુરુપદનો કોઈ ભાર જ નહીં !!!

●●●

ઈ.સ. ૧૯૯૦-૯૧માં વાસણા મૂર્તિધામ હૉલનું કામ ચાલતું હતું.

આ અરસામાં અન્ય સંસ્થાના કોઈ સંતો ત્યાં પધાર્યા. તેમણે સેવા કરતા હરિભક્તોને પૂછ્યું, ''તમારા ગુરુ ક્યાં છે ?''

ત્યારે હરિભક્તોએ કહ્યું, ''આ પેલા દેખાય એ અમારા ગુરુવર્ય પ.પૂ. બાપજી. તેઓ અહીં પડેલી કપચી જાતે વીણે છે, પહોળી થઈ ગયેલી રેતી ઢગલામાં ભેગી કરે છે, સેન્ટ્રિંગના સળિયા બાંધતાં વેરાઈ ગયેલા તારને ભેગા કરે છે, ખીલીઓ વીણવા જેવી સેવા ઠાકોરજીની વસ્તુનો બગાડ ન થાય તે માટે તેઓ જાતે જ કરે છે. મજૂરો ક્યાંય માલનો, પાણીનો કે રેતી-સિમેન્ટનો બગાડ કરે તો તેમને દુઃખ થાય કે આ ઠાકોરજીની વસ્તુનો બગાડ કરે છે. માટે કોઈ હરિભક્ત કે મજૂરને એક વાર ટોકે અને ન કરે તો તેઓ જાતે જ તે કાર્ય કરી લે. એટલું જ નહિ, સિમેન્ટની ખાલી થેલીની સિલાઈ કાઢી તેને જાતે ધોઈ તેમાંથી પાથરણાં

બનાવડાવે. આ બધું ખૂબ જ મહિમાથી પોતે કરે અને સૌ સંતો-ભક્તો પાસે કરાવે છે. અમારા ગુરુ એટલે સેવાની મૂર્તિ.''

સંસ્થાના ગુરુપદે હોવા છતાં આવી નાની સેવા કરતા જોઈ તે સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું, ''તમે ગુરુ થઈ નાની નાની સેવા કેમ કરો છો ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''સ્વામી, સાધુ તો માળા, પુસ્તક (વાંચન) અને સેવાથી જ શોભે. સેવા કરવી એ તો સાધુનો ધર્મ છે. આવી તનની સેવા તો સ્વયં શ્રીજીમહારાજ અને મોટા મોટા સંતો પણ કરતા. સેવા વગર તો મોટો સદ્‌ગુરુ હોય તોય ન શોભે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીની વાત સાંભળી તે સંતોને અહોભાવ થયો. સાથે તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વંદી રહ્યા અને કહ્યું, ''દેવસ્વામી, આપની સેવા જોઈ અમને નંદસંતો સાંભર્યા. તેઓની હૂબહૂ કૃતિ આપના જીવનમાં ઝિલાઈ છે. સ્વામી, આવી સેવાથી જ આપની સાધુતા સોળે કળાએ શોભે છે.''

સેવાને જ જીવનની શોભા ગણી નાની સેવા પણ નિર્માનીપણે કરી સાધુતાને શોભાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# 33

## સિદ્ધાંતની પ્રચંડ ખુમારી

“મેં સંપ્રદાયમાં સંતો તો ઘણાં જોયા પરંતુ હજુ આપના જેવી શુદ્ધ ઉપાસના પ્રવર્તનની પ્રચંડ ખુમારી ધરાવનારા સિદ્ધાંતવાદી પુરુષ ક્યાંય જોયા નથી...”

આ શબ્દો છે સંપ્રદાયના એક મોટેરા આગેવાન હરિભક્તના.

વાત એમ હતી.

ઈ.સ. ૧૯૮૯માં વાસણા મંદિરનું નિર્માણકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું હતું. ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સંકલ્પ હતો : “શિખરબદ્ધ મંદિરમાં મધ્યખંડને વિષે એકમાત્ર ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવી છે.” પણ આર્થિક ભીંસની વચ્ચે રોજ વેપારીઓ તથા મજૂરોની ઉઘરાણી અનેક મૂંઝવણોમાં સેરવી દેતી હતી.

રોજ બિલ ક્યાંથી ચૂકવવા એ સળગતો પ્રશ્ન હતો. આ સમયમાં કોઈ હરિભક્ત સો રૂપિયાની સેવા કરે તોપણ આનંદ થતો હતો. તેનાથી કેટલાક પ્રશ્નો હલ કરી શકાતા હતા. તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો, મધ્ય શિખરમાં એકમાત્ર ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિર રચવાનો સંકલ્પ પ્રબળ હતો. આવા કપરા સમયમાં એક દિવસ એક સુખી હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા.

એક લોભામણી લાલચ આપતાં કહ્યું, “જો સ્વામી, આપ મધ્યખંડમાં હું કહું તેમ બીજા અવતારની મૂર્તિ પધરાવો તો ૫૧,૦૦૦ રૂપિયાની સેવા તે નિમિત્તે તરત કરું.” આર્થિક ભીંસની વચ્ચે ૧-૧ રૂપિયો ક્યાંથી લાવવો તે પ્રશ્ન હતો તેમાં ૫૧,૦૦૦ રૂપિયાની લાલચ ભલભલાને લલચાવી નાખે તેવી હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની રૂપિયાની મોબતમાં ન આવતાં સિદ્ધાંતની પ્રચંડ ખુમારી પર મુસ્તાક રહ્યા.


તેમણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સ્પષ્ટ જવાબ આપ્યો કે, “તમે ૫૧ હજાર નહિ, ૫૧ લાખ કે તેથી વધુ ૫૧ કરોડની સેવા કરો તોપણ મંદિરના મધ્યખંડમાં તો નહિ પરંતુ મંદિરના પરિસરમાં પણ અન્ય કોઈ અવતારની મૂર્તિ નહિ જ પધરાવું. આ મંદિરમાં તો એક અને માત્ર એક સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તો જ બિરાજમાન થશે. મંદિર સ્વામિનારાયણ ભગવાનનું છે. માટે રૂપિયા તો એ પૂરા પાડશે પણ રૂપિયા માટે થઈ અમે સર્વોપરી સિદ્ધાંતોમાં ફેર પાડતા નથી. હવે જો આપને સેવા કરવી હોય તોય ભલે અને ન કરો તોપણ વાંધો નહીં. પરંતુ આ મંદિરમાં આજે કે કાલે કદી સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તો સિવાય કોઈ નહિ પધરાવાય.” ગુરુવર્ય પ.પૂ. બાપજીની સર્વોપરી ઉપાસના પ્રવર્તનના અજોડ સિદ્ધાંતની પ્રચંડ ખુમારી જોઈ હરિભક્ત દંગ રહી ગયા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં ઝૂકી પડ્યા.

અહોભાવ સાથે હાથ જોડી બોલ્યા, “મેં સંપ્રદાયમાં સંતો તો ઘણા જોયા પરંતુ આપના જેવી શુદ્ધ ઉપાસના પ્રવર્તનની પ્રચંડ ખુમારી ધરાવનારા સિદ્ધાંતવાદી પુરુષ ક્યાંય જોયા નથી. આપનો જોટો આ સંપ્રદાયમાં જડે તેમ નથી. મને ગૌરવ થાય છે કે હજુ પણ આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આપના જેવા સિદ્ધાંતવાદી પુરુષ છે. મને આજે આપનાં દર્શન થયાં તે માટે મારી જાતને બહુ જ કૃપાશાળી સમજું છું. સ્વામિનારાયણ સંપ્રદાય સત્પુરુષવિહોણો વાંઝિયો નથી જ તેની મને આજે પ્રતીતિ થઈ છે.”


આટલું બોલતાં તે હરિભક્તનાં નેત્ર હર્ષાશ્રુથી ભરાઈ આવ્યાં. પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ સ્વસ્થ થઈ પુનઃ બોલ્યા, “આપના જેવા દિવ્ય સિદ્ધાંતવાદી સત્પુરુષના રજમાથી જ સ્વામિનારાયણ સંપ્રદાય ઝળહળી રહ્યો છે. ધન્ય હો આપના જેવા શુદ્ધ ઉપાસના પ્રવર્તનના હિમાયતી ક્રાંતિકારી પુરુષને !!”

શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાના સિદ્ધાંતોની પ્રચંડ ખુમારી જેમના રોમ રોમમાં વ્યાપી રહી છે તેવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે;
બીજું એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે.
– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૩૪

## સો સો જનનીના હેત લાજે

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે સંતો, ભક્તો, બાળકો, કિશોરો... **SMVS**ના સમગ્ર સમાજની મા... એમનો માતૃવાત્સલ્ય પ્રેમ કેવો હોય છે... તે તો નિહાળવા ને અનુભવવા જેવો છે...

પ્રાતઃકાળે ઘડિયાળનો કાંટો પોણા છ ઉપર આવ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા પોતાના આસને વચનામૃત વાંચતા હતા ને એકદમ પોતાના સેવક સંતને એક સંતનું નામ આપી બોલાવવા કહ્યું. એ સંત પૂજામાં મહારાજને અને બાપજીને સાચા ભાવે પ્રાર્થના કરતા હતા.

સેવક સંતે એ સંતને શોધી કહ્યું, “બાપજી તમને યાદ કરે છે.”

પૂજા પૂર્ણ કરી પેલા સંત ઝડપભેર હાંફળા બની ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને પહોંચ્યા. દંડવત કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીની પડખે બે હાથ જોડી એક નજરે તેમની સામું જોઈ રહ્યા.

મરમાળું હાસ્ય કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “અલ્યા, તું રાજી તો છે ને ?! આનંદમાં તો છે ને ?!”

આટલું સાંભળતાં તો પેલા સંત અતિ ગળગળા બની ગયા. ડૂમો ભરાઈ

આવ્યો, આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

આ બાજુ 'પૂજામાં બાપજીને પ્રાર્થના પૂરી થાય એ પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બોલાવી લીધો' આ વિચારે સંતની આંખમાંથી અશ્રુધારા છલકાઈ.

આંખમાં આંસુ જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, "અલ્યા ! તું આમ દુઃખી કેમ ?!!"

એટલું કહેતાં એમનો હાથ ઝાલી એમને છાતીએ ચાંપી દીધા.

"મારા દીકરા, તને કાંઈ ચિંતા છે ?! કંઈ મૂંઝવણ છે ?!"

આટલું પૂછતાં પોતાના ગાતડિયાથી આંસુ લૂછ્યાં. આ જોઈ પેલા સંતની આંખમાં અશ્રુધારા વધુ વહી કે, "આપ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રૂપે પણ અમારી કેટલી ચિંતા રાખો છો !!!"

આટલું વિચારતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત ચોસઠપદીની પંક્તિની સ્મૃતિ થઈ આવી,

"જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે."

"વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે;
બીજું એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફરીથી પૂછ્યું, "અલ્યા તને કંઈ દુઃખ નથી ને ?!"

પેલા સંતે કહ્યું, "બાપજી ! દુઃખ તો કાંઈ નથી પણ આપને અને સ્વામીશ્રીને રાજી નથી કરી શકતો."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ માથે હાથ ફેરવતાં કહ્યું, "જો તને અવરભાવના સ્વભાવ આદિ દોષ પીડે તો તારે ચિંતા ન કરવી. મહારાજ ભેળા છે, નિશ્ચિંત રહેવું. સ્વભાવ આદિ દોષનું બળ નહિ ચાલે અને તારે સ્વામીને રાજી કરી લેવા. સ્વામી સામે દૃષ્ટિ રાખવી. તો તને બીજો વિચાર જ નહિ આવે ને ગુણોનો ઢગલો થઈ જશે."

આટલું કહેતાં ફરી છાતીએ ચાંપી વ્હાલ કર્યું.

દેહની 'મા' દીકરો સાજો-માંદો હોય તો ચિંતા રાખે જ્યારે આ તો આતમની સાચી મા છે ને એટલે દીકરાની હેઠની-ઠેઠની કહેતાં આ લોક ને પરલોકની પણ ચિંતા રાખે છે. કેવળ કરુણા વહાવી એને પોતાના જેવા કરી દે છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ સમર્પિત તાલીમ કેન્દ્ર (એસ.ટી.કે.)ના સમર્પિતમુક્તોને લાભ આપવા પધાર્યા હતા.

સભા બાદ બધા મુક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં નિકટ દર્શનનો લાભ લેતા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌ મુક્તો ઉપર આશિષ વરસાવતાં હસ્ત મસ્તકે મૂકતા હતા.

એમાં એકાએક એક મુક્તનું કાંડું ઝાલી કહ્યું, ‘‘અલ્યા ! તું માંદો છે કે શું ? તને તાવ આવ્યો લાગે છે.’’

પેલા મુક્તરાજ તો બે હસ્ત જોડી દંગ જ બની ગયા કે મેં તાવ આવ્યાની વાત કોઈને નથી જણાવી ને ગુરુવર્ય પ.પૂ. બાપજી તો મને સ્પર્શતાં જ માંદગીને જાણી ગયા.

મુક્તરાજ વિચારતા હતા ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતોને બોલાવ્યા ને કહ્યું, ‘‘આ માંદો પડ્યો છે માટે એની સારવાર કરાવો.’’

અને તે સમર્પિત સેવકને ઓરો બોલાવી કહ્યું, ‘‘તારે તમતમાર જે જમવું હોય તે સંતોને કહેજે ને ટાઇમે ગોળી લઈ લેવી.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી દર્શન આપી ઊભા થયા ને ચાલતાં રસ્તામાં બીજા એક સમર્પિત સેવકને બોલાવી કહ્યું, ‘‘પેલો માંદો છે એની ટાણે ટાણે સેવા કરજે; એને તકલીફ ના પડે.’’

સમર્પિતમુક્ત એ દિવ્યપુરુષની જનની સમ વાત્સલ્યતાથી ભીંજાઈ ગયા.

● ● ●

આજે મોરબી સત્સંગ કાર્યક્રમમાં બપોરે સાડા ત્રણ વાગ્યે પહોંચવાનું હતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રાતઃ સભા બાદ ગાડીમાં જતાં રાજેશભાઈ અબાસણાને કહ્યું કે, ‘‘આજે તારે મોરબી આવવાનું છે.’’

આટલું કહેતાં વળી પાછું પૂછ્યું, ‘‘તમે જમીને આવશો ?’’

ત્યારે રાજેશભાઈ અબાસણાએ કહ્યું, ‘‘બાપજી ! મહારાજે સેવકને નવું ઘર કરાવ્યું તેમાં પ.પૂ. સ્વામીશ્રી અને સંતોની રસોઈ થઈ; આપને જમાડવાના બાકી છે તે આપ ઘરે તો નહિ પધારો પણ વાસણા મંદિરે આજે રસોઈ આપી દઉં અને આપ રાજી હો તો મંદિરે જ પ્રસાદી લઈ લઉં. આપ જમો તો મારો સંકલ્પ પૂરો થાય.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘એમાં કે’વાનું થોડું હોય ?! તારું ઘર છે. તું

તારે મંદિરે જ જમજે. અને રાજુભાઈ ઠક્કર ને ઘનશ્યામભાઈ મિરાણીને પણ જમવા બોલાવી લે.''

સૌ જમાડ્યા પછી મોરબી જવા ગાડીમાં બેઠા.

રસ્તામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, ''અલ્યા, તમે બધા જમ્યા તો ખરા ને ? રસોઈ ફાવી ? શાક ફાવ્યું ? રોટલી ફાવી ?'' એમ પૂછ્યું.

ત્યાં રાજેશભાઈએ કહ્યું, ''બાપજી ! સંતોની રસોઈ તો ફાવે જ ને !'' ઘનશ્યામભાઈ મિરાણી સાથે નહોતા તો માત્ર એક માટે તેમને ગાડીમાંથી ફોન જોડાવી પૂછ્યું, ''અલ્યા, તને રસોઈ તો ફાવી ને ! તેં લાડુ કેટલા જમાડ્યા ? બસ એક ? રોટલી કેટલી જમ્યો ?''

એમ ઘનશ્યામભાઈને અને સૌને પૂછ્યું.

પછી રાજેશભાઈએ પૂછ્યું, ''બાપજી ! આપે દયા કરી રસોઈની સેવાનો લાભ આપ્યો તો આપ તો ઝાઝું જમ્યા ને ?!''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''તમે બધા જમ્યા ને એમાં હું ધરાઈ ગયો. મેં સિદ્ધાંતસ્વામીને કહ્યું કે, 'પે'લાં આ બધાને જમાડજો ને ઝાઝું પીરસજો… પછી મારા માટે લાવજો.' તે તમે બધા જમીને રાજી થાવ એ જ ખરું ભોજન કર્યું કહેવાય.''

માતૃવાત્સલ્યભર્યા સહવાસથી, શબ્દોથી, વર્તનથી અને પ્રેમથી એમની સ્મૃતિને માનસપટમાંથી અળગી કરવી અઘરી છે.

સો સો જનનીના હેત લાજે અર્થાત્ અનંત 'મા'ના સ્નેહને એકત્ર કરો તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સ્નેહ આગળ તે લાજે, ઝાંખો પડે. એવું અનેક સંતો-ભક્તો નિશદિન અનુભવે છે એવા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન…

# ૩૫

## અજાતશત્રુતા

ઈ.સ. ૧૯૯૦માં વાસણા મંદિરના પાટોત્સવનો કાર્યક્રમ હતો. તેમાં અન્ય સંસ્થાના કેટલાક હરિભક્તો પણ આવ્યા હતા.

અન્ય સંસ્થાના એક આગેવાન હરિભક્તએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિનંતી કરી કે, ‘‘મારે પાંચ-દસ મિનિટ બધાને એક વાત કરવી છે.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અનુમતિ મળતાં તેમણે વક્તવ્યનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં મહારાજના મહિમાની વાત કરી. પછી બે મિનિટ ગુરુવર્ય પ.પૂ. બાપજીના મહિમાની વાત કરી.

ત્યારબાદ તેમણે મોટા મંદિર માટે હીણું બોલવાની શરૂઆત કરી.

તેમને મનમાં એવો સંકલ્પ હતો કે, ‘ગુરુવર્ય પ.પૂ. બાપજી અનેક વિકટ સંજોગમાં ત્યાંથી પસાર થયા છે તેથી જો એ લોકો માટે હીણું બોલીશ તો બાપજી રાજી થશે.’

પરંતુ તેમને ક્યાં ખબર હતી કે ગુરુવર્ય પ.પૂ. બાપજી એ કાંઈ સામાન્ય સાધુ ન હતા.

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ જણાવેલ અજાતશત્રુતાના ગુણનું તેઓ સાક્ષાત્ સ્વરૂપ છે.

"સાચા સંત સગાં સૌ જનનાં રે, ઉદાર છે અપાર મનના રે;
જેને શત્રુ મિત્ર સમ તોલે રે, સુખે દુઃખે દિલમાં ન ડોલે રે."

કીર્તનની આ પંક્તિનાં જીવંત દર્શન કરાવતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સભા વચ્ચે તે હરિભક્ત ઉપર અતિ આકરા થઈ ગયા.

ચાલુ વક્તવ્યને અટકાવતાં કહ્યું, "તમારી વાતને હવે અહીં જ પૂરી કરી દો. તમારે વાત કરવી હોય તો મહારાજના મહિમાની અને મોટપની કરો. આ સંસ્થામાં અમને કોઈનાય માટે રાગ-દ્વેષ નથી. માટે મહેરબાની કરીને અહીંયાં કોઈ સંસ્થાનું હીણું કે ઘસાતું બોલશો નહીં. અન્યનું હીણું બોલવા તમને માઈક નથી આપ્યું. જો આમ હીણું બોલવું હોય તો અત્યારે જ માઈક મૂકી દો."

એમ કહી તેમને અન્ય સંસ્થા કે તે સંસ્થાના વડા માટે ઘસાતું બોલતાં અટકાવી દીધા.

સંપ્રદાયની મોટેરી વ્યક્તિ હોવા છતાં પણ તેમની શરમ કે મહોબત રાખ્યા વિના પોતાના આદર્શમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અકબંધ રહ્યા. પરંતુ કોઈની હલકી કે અભાવની વાતમાં લેશમાત્ર ભેળા ન જ ભળ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આવી સાધુતા અને રાગ-દ્વેષથી પરનું વ્યક્તિત્વ જોઈ તે હરિભક્ત અંજાઈ ગયા. તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીની ક્ષમા માગી.

પછી તેમણે કહ્યું, "બાપજી ! જેણે આપને કેવળ અપમાન-તિરસ્કાર આપ્યાં; તેમના માટે પણ આપ આટલો આદર રખાવો છો ! આપના જેવા અજાતશત્રુ પુરુષ આ બ્રહ્માંડમાં શોધ્યા જડે તેમ નથી."

પછી તે હરિભક્ત પોતાના સ્થાને પાછા બેઠા ત્યારે તેમની બાજુવાળા ભાઈ સમક્ષ સહસા બોલી ઊઠ્યા : "ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંતજીવનના પ્રારંભથી અદ્યાપિ કોઈ સામે ગમે તેવું વર્ત્યા હોય તોપણ તેમના પ્રત્યે આંટી કે પૂર્વાગ્રહ તેઓએ નથી રાખ્યો. ક્યારેય કોઈનું ભૂંડું કે અહિત થાય તેવો સંકલ્પ સુધ્ધાંય ઊઠવા દીધો નથી તો એવું કાર્ય તો કર્યું જ ક્યાંથી હોય ?! ધન્ય છે આવા સદ્ગુરુ સંતને !!!"

ગુરુવર્ય પ.પૂ. બાપજી જાહેરમાં તો કોઈના વિષે હીણું બોલવા ન દે કે પોતે

પણ ન બોલે પરંતુ એકાંતમાં પણ કદી કોઈને વિષે વાત કરવામાં પણ શત્રુપણું ન આવવા દે કે તેમના અભાવની વાત કરવા દે જ નહીં.

●●●

ઈ.સ. ૨૦૧૨-૧૩માં એક મુમુક્ષુ વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવા આવ્યા.

તેઓએ પહેલાં એક અન્ય સંસ્થામાં ત્યાગાશ્રમ સ્વીકાર્યો હતો. સંજોગોવશાત્ કોઈ કારણથી તેઓ વર્ષો બાદ ત્યાગાશ્રમ છોડી ગૃહસ્થાશ્રમમાં આવી ગયા હતા.

પરંતુ મુમુક્ષુ હોવાથી સત્સંગમાં જોડાયેલા હતા. તેઓએ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરી પોતે અગાઉ જે સ્થાનમાં હતા તેને વિષે હલકા શબ્દો બોલવા માંડ્યા.

વળી, ત્યાંના ગુરુને વિષે પણ અભાવના શબ્દો બોલવાની શરૂઆત કરી.

તે સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને અટકાવ્યા અને કહ્યું, “મારે તમને મહારાજના રાજીપાની અને તમારા હિતની વાત કરવી છે. તે સાંભળી તે મુજબ રહેશો તો સુખી રહેશો ! તમે જે સ્થાનમાં આટલાં વર્ષ રહ્યા છો, જે ગુરુ જોડે રહી જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેમના માટે એક હલકું વેણ આપણા મુખમાંથી નીકળે કેમ ? હલકું વેણ બોલાય તો નહિ પણ વિચારાય પણ નહીં. માટે ભલા થઈને મારી આગળેય નહિ અને અન્ય કોઈની આગળ પણ એક શબ્દ ઢીલો ન બોલશો. તેમણે આટલાં વર્ષ તમને સાચવ્યા છે માટે તમે એ સંસ્થાના અને ગુરુના ઋણી છો. કોઈનો અલ્પ સરખો પણ ઉપકાર આપણે ભૂલવો ન જોઈએ. માટે મહારાજને હાથ જોડી પ્રાર્થના કરી ક્ષમા માગી લો; તો સુખી થશો.”

આટલું સાંભળી એ હરિભક્ત તો એ દિવ્યપુરુષના અહોહોભાવમાં ડૂબી ગયા : “ઓહોહો... આવી અદ્ભુત સમજણ ! પોતાનું ભૂંડું બોલનાર અન્ય સંસ્થાઓ પ્રત્યે પણ કોઈ શત્રુભાવ નહીં... છતાંય તેમનું હિત જ ઇચ્છવાનું ! ઊલટાનું એમના માટે અન્યને સવળી દૃષ્ટિ જ કરાવવી... આહાહા... આ કોઈ સામાન્ય વ્યક્તિ કે સંત નથી, પણ આ તો અસામાન્ય અને અલૌકિક વ્યક્તિત્વ છે.”

પછી તેઓ બોલ્યા, “બાપજી, તમે મને અજાતશત્રુતાનો અમૂલ્ય ગુણ આજે શીખવી ધન્ય કર્યો. મેં અત્યાર સુધી આ ખોટનો જ ધંધો કર્યો છે. મારે હવે પાછા

વળવું જ છે.''

આમ બોલતાં બોલતાં તેમની આંખો ભીની થઈ ગઈ. પછી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીને નત મસ્તકે વંદી રહ્યા.

એટલું જ નહિ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ક્યારેય 'અપકારનો બદલો અપકારથી' એ નીતિ વાપરી જ નથી. કાયમ 'અપકારનો બદલો ઉપકારથી' એ જ નીતિથી રહ્યા છે.

કોઈ તેઓનું અપમાન કરે કે તિરસ્કાર કરે તોપણ તેઓએ સહન જ કર્યું છે. ક્યારેય તેનો બદલો કે વેર લેવાનો સંકલ્પ પણ નથી કર્યો. અરે, પોતાની જોડે રહેનાર મહિમાવાળા સંતો-હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અપમાન થતું જોઈ ઊકળી ઊઠે.

અને બદલો લેવાની તૈયારી દેખાડે ત્યારે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમને બેસાડીને એ જ શીખવે કે, ''આપણે ક્યારેય કોઈને વિષે દ્વેષભાવ કે શત્રુભાવ ન રાખવો. કોઈનું હીણું થાય તેવો સંકલ્પ પણ ન કરવો. વેરથી વેર શમતું નથી, અવેરથી જ વેર શમે છે. આપણે સાધુતા મૂકવી નહીં. કાયમ સાધુતામાં જ રહેવું અને અન્યનું હિત થાય તેવા જ સંકલ્પ કરવા અને એવી જ પ્રાર્થના કરવી તો મહારાજ રાજી થાય.''

અરે ! ગુરુવર્ય પ.પૂ. બાપજી તો ભરસભામાં પૂ. સંતો તથા હરિભક્તોને અવારનવાર શીખ આપે છે કે, ''આપણા શ્રીજીમહારાજ મોટા ! આપણા ગુરુ મોટા; તો આપણે સંકલ્પ શા માટે નાના કરવા ?! આપણું કોઈ ગમે તેવું વાંકું બોલે, ગાળો દે છતાં આપણે તો મહારાજને એવી પ્રાર્થના કરજો કે, હે મહારાજ ! સૌને સદ્‌બુદ્ધિ આપજો ને આ ને આ જન્મે એમને પણ આપની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરાવી છેલ્લો જન્મ કરજો. પણ આપણે કોઈ સંતો-હરિભક્તો માટે ક્યારેય એક શબ્દ પણ હીણો ન બોલવો.''

જેમનો કોઈ શત્રુ કે દુશ્મન નથી; સૌના અજાતશત્રુ છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૬

## સત્પુરુષ છે અંતર્યામી, જીવોનાં અંતરનું જાણે રે

મોટાપુરુષ છે એ તો સૌનાં અંતરના સંકલ્પો અને ક્રિયાને હસ્તામળ જાણે ને દેખે છે. તેમ છતાં કેટલીક વાર કોઈને જણાવે પણ ખરા અને કેટલીક વાર ન પણ જણાવે.

પરંતુ ન જણાવવાથી એમનાથી કશું જ અજાણ હોતું નથી. આથી મોટા સંતોએ સત્પુરુષના આ ગુણ માટે કહ્યું છે,

“સત્પુરુષ છે અંતર્યામી, જીવોનાં અંતરનું જાણે રે;
અંતર ઉદ્‌ભવતા સંકલ્પો, કહી દેખાડે કોઈ ટાણે રે.”

ઈ.સ. ૧૯૮૨માં ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે બિરાજતા એ વખતે સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ખૂબ દુર્બળ હતી.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી મંદિરમાં પાછળના ફળિયામાં વાલોળ, ગલકાં, તૂરિયાં, દૂધી, ભીંડા જેવાં કેટલાંક શાકભાજી ઉગાડતા.

એક દિવસ બપોરે બે વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી ટેબલ ઉપર ચડી વાલોળ ઉતારી રહ્યા હતા.

ત્યારે એક સંતે મંદિરમાંથી આ દૃશ્ય જોયું તો તેમને સંકલ્પ થયો કે, “પ.પૂ.

બાપજી આવા મોટા દિવ્યપુરુષ છે છતાં આવી નાની સેવા કેમ કરે છે ? આવી સેવા તો હરિભક્તોને આપી દેવી જોઈએ.''

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી અંતર્યામીપણે આ સંકલ્પ જાણી તુરત જ ઉપર પધારી એ સંતની સામે બિરાજી ગયા.

સંતે નેત્ર ખોલી જોયું તો સામે ગુરુવર્ય પ.પૂ. બાપજી બિરાજ્યા હતા.

તેથી સંતે પૂછ્યું કે, ''દયાળુ, તમે કેમ પાછા આવતા રહ્યા ?''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''શું કરીએ અમે વાલોળ ઉતારીએ તોય કેટલાકને સંકલ્પો થાય છે કે આવી સેવા શું કામ કરતા હશે ? પણ કોઈને ક્યાં ખબર છે કે માત્ર વાલોળ નથી તોડતા; એ વાલોળ જે જે જમશે તે કારણ સત્સંગમાં આવશે એવા સંકલ્પ કરીએ છીએ પણ એને કોણ જાણે ?''

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારની એક વાત છે. માગશર માસની પારાયણનો એ સમયગાળો હતો ત્યારે કાંતિભાઈ ભાવસાર તથા જસુભાઈ ભાવસાર આ બે ભાઈઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અનન્ય કૃપાપાત્ર શિષ્યો હતા. તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીની સિઝનેબલ ધંધો કરવા અંગે શું રુચિ છે તે પૂછ્યું. ત્યારે તેઓએ તે ધંધા માટે રજા આપી. તે મુજબ બંને ભાઈઓએ તે સાલ ગૉળના રવા વેચવાનો ધંધો કર્યો અને ગૉળના રવા ઘણા વેચાયા. જેમાં એમને સારો નફો થયો. એવામાં બંને ભાઈઓ એક દિવસ મંદિરે જતા હતા. ને રસ્તામાં બંને ભાઈઓ વચ્ચે વાતો થતી હતી :

''મોટા ભાઈ, આ વખતે બાપજીની રજા મળતાં ધંધો સારો થયો. આમ તો આપણા ધંધામાં સિઝનમાં ચાર જ રવા વેચાય છે. બાપજીના આશીર્વાદથી આ વખતે બસો રવા વેચાયા. એટલે આ વખતે એકસો છન્નું રવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી વેચાયા છે. માટે આપણે મંદિરમાં સેવા કરવી જોઈએ.''

''હા ભાઈ, તમારી વાત સાચી છે. આપણે કેટલી સેવા કરીશું ?''

''મોટા ભાઈ, આપણે એક ગૉળના રવાની સેવા કરીશું.''

''બરોબર, ત્યારે...''

આમ, બંને ભાઈ રસ્તામાં આવો સંકલ્પ કરતાં કરતાં મંદિરે પહોંચ્યા. ને જ્યાં મંદિરમાં તેઓએ પ્રવેશ કર્યો ને બંને ભાઈઓને જોતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી અંતર્યામીપણે બોલ્યા, ''અલ્યા જસ્યા (જશુભાઈ), આ સિઝનમાં મહારાજની દયાથી બસો ગૉળના રવા વેચાયા ને મહારાજને ફક્ત એક જ રવો

આપવાનો...!"

આ વાત સાંભળીને બંને ભાઈઓ આશ્ચર્ય પામી ગયા ને મનોમન વિચારવા લાગ્યા કે, 'આ વાત આપણા બે સિવાય કોઈને ખબર નથી... તો બાપજીને ખબર કેમ પડી ? નક્કી આ દિવ્યપુરુષ આપણા અંતરની વાતને જાણી ગયા છે... ને અંતર્યામીપણે જ આપણને જણાવ્યું છે.' ત્યારે તેઓ ગદ્‌ગદભાવે ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ બે હસ્ત જોડી ઘણી વાર સુધી વંદી રહ્યા ને પછી બોલ્યા, "બાપજી, આપ કહો એટલા રવા આપીએ..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "મહારાજને રાજી કરવા એકના બદલે બે ગૉળના રવાની સેવા કરજો..." ત્યારે તેઓએ મોટાપુરુષનાં વચને બે ગૉળના રવાની સેવા કરી.

●●●

એસ.એમ.વી.એસ. સંસ્થાના વડીલ સંત પૂ. આનંદસ્વામી જેઓને મહાપ્રભુજીએ ઈ.સ. ૨૦૧૩માં પોતાની દિવ્ય મૂર્તિના સુખભોક્તા કર્યા. તેમનું પૂર્વાશ્રમનું નામ બહેચરભાઈ હતું.

તેમને પ્રથમથી જ સંસારને વિષે અનાસક્તિ વર્તતી. તેથી ઈ.સ. ૧૯૮૭માં વાસણા મંદિર બનતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી મંદિરમાં આજીવન સેવામાં આવી ગયા હતા. મંદિરની તમામ નાની-મોટી સેવાઓ તેઓ ઘરધણી થઈને કરતા. મંદિરની ખૂબ સારસંભાળ રાખતા.

તેમની સાથે સોમાભાઈ પટેલ પણ દાનભેટ ઑફિસમાં સેવા બજાવતા. તેમની વફાદારીપૂર્વકની સેવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિશ્વાસ અને ખૂબ રાજીપો પામ્યા હતા.

મંદિરની કોઈ પણ સેવા સોંપવાની હોય તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રથમ દૃષ્ટિ તેમના પર ઠરતી.

એક વખત શ્રાવણ માસમાં પ્રથમ વખત વાસણા ખાતે હિંડોળાનું આયોજન કર્યું હતું. હિંડોળાના દિવસોમાં જ સંસ્થાના તમામ સંતો-હરિભક્તોની એક શિબિરનું આયોજન થયું હતું. સૌ સંતો-હરિભક્તોને શિબિરમાં જવાનો અનેરો ઉમંગ હતો. બધાને જવાની તીવ્ર ઇચ્છા હતી.

મંદિર ખાતે હિંડોળાનું આયોજન કરેલું હોવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નિઃસંકોચપણે બહેચરભાઈ અને સોમાભાઈને મંદિર સાચવવા માટે રહેવાની આજ્ઞા કરી : "તમારે બે મુક્તોએ અહીં જ રહેવાનું છે. સોમાભાઈ, તમારે

એકાઉન્ટ ઑફિસમાં બેસવાનું છે. અને બહેચરભાઈ, તમારે મંદિર સાચવવાનું છે...'' તેમણે આજ્ઞા શિરોમાન્ય કરી.

સંસ્થાના તમામ સંતો-હરિભક્તો શિબિરમાં જવાના હોવાથી તેમને પણ અંતરમાં જવાની ઈચ્છા હતી, પણ કાંઈ બોલ્યા નહીં.

બહેચરભાઈ સાંજે હરિકૃષ્ણ મહારાજને હિંડોળે ઝુલાવતા હતા ત્યારે તેમને મનમાં સંકલ્પ થયો કે, ''કાલે સંસ્થાના સર્વે સંતો-હરિભક્તો બધા જ શિબિરમાં લાભ લેવા જશે. લાભ બહુ મોટો છે. જો ગુરુવર્ય પ.પૂ. બાપજી મને એમની સાથે શિબિરમાં લઈ જાય તો સારું; નહિતર મારો મોટો લાભ જતો રહેશે.''

એ જ વખતે અંતર્યામી સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી ભોંયરામાં હરિભક્તો પાસે બેઠા હતા.

પરંતુ લઘુ કરવાના બહાને ઉપર આવ્યા ને બહેચરભાઈની સામે આવી ઊભા રહી ગયા અને કહ્યું, ''શું બેઠા બેઠા સંકલ્પ કરો છો ? શિબિરમાં આવવાનો સંકલ્પ મૂકી દો. તમે અને સોમાભાઈ ઘરના કહેવાવ; માટે તમારે અહીં મંદિર સાચવવા ને સેવા માટે રોકાવાનું છે. તમને અહીં બેઠા શિબિરનું પૂરેપૂરું ફળ આપી દીધું. હવે બીજો કોઈ સંકલ્પ કરશો નહીં.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અંતર્યામીપણાથી તેઓ અહોભાવમાં ડૂબી ગયા. ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદ સાંભળતાં બહેચરભાઈનો શિબિરમાં જવાનો સંકલ્પમાત્ર ટળી ગયો.

તેઓ રાજી રાજી થઈ ગયા કે, ''મારે તો ઘેર બેઠા સેવા પણ થશે અને મફતમાં શિબિરનું ફળ પણ મળશે. કેટલી કૃપા !!!''

બીજા દિવસે સેવા કરવા છતાં શિબિરમાં જેવો સૌ આનંદ પામ્યા તેવો આનંદ તે પણ બાપજીની કૃપાથી પામ્યા ને બળિયા થયા તેવું આંતરિક બળ તેમને મળ્યું હોય તેવો અનુભવ થયો.

આવી રીતે અનેકાનેક વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રેમી ભક્તોના મનોરથો અંતર્યામીપણે જાણી તેમના સંકલ્પો પૂરા કરી રાજી કર્યા છે.

કેટલાકને અંતર્યામીપણે કસર જણાવી શુદ્ધ પાત્ર કર્યા છે. અનાદિકાળના દોષથી પણ રહિત કર્યા છે.

સદા પરભાવનું અંતર્યામી સ્વરૂપ, અંતર્યામીપણામાં સ્વાધીન એવા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૭

## સાદગાઈનું સાક્ષાત્ સ્વરૂપ

શુદ્ધ કારણ સત્સંગને વિશ્વના ફલક પર વિસ્તારવાનો શ્રીજીમહારાજે વાસણાથી સંકલ્પ કર્યો હતો. ઈ.સ. ૧૯૮૭માં વાસણા મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી હતી.

ઈ.સ. ૧૯૯૨માં વાસણા મંદિરને પાંચ વર્ષ પૂરાં થતાં હોઈ ત્રણ દિવસનો પંચમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઊજવવાનો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંકલ્પ કર્યો હતો.

આ પ્રસંગે 'મૂર્તિધામ' હૉલના ભૂમિપૂજનનો કાર્યક્રમ પણ હતો. સૌ સંતો-ભક્તોએ આ સંકલ્પને અધ્ધરથી ઝીલી લીધો હતો. સંતો-હરિભક્તો પંચમ વાર્ષિક પાટોત્સવના ત્રણ દિવસીય પ્રોગ્રામને સફળ કરવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાએ સેવામાં જોડાયા હતા.

આ પ્રસંગે સંતોએ સ્ટેજ પર નૌકા જેવો સ્પૉટ બનાવ્યો ને એમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આસન રાખવું અને એ આસનની આજુબાજુ બે થર્મોકોલના નાના હાથી મૂકવા એવું વિચાર્યું હતું.

આ અંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખબર પડતાં સંતોને જણાવ્યું, "સંતો,

આપણે સ્ટેજ પર સાદું આસન કરજો. તમે જેવું વિચાર્યું છે તેવું ના કરતા.''

સંતોને એમ કે, ''મોટો કાર્યક્રમ છે. દેશ-વિદેશથી ભક્તો પધારવાના છે ને આસન સાદું યોગ્ય ન લાગે. માટે આપણે બાપજીને મનાવી લઈશું.''

તા. ૨૩-૨-૧૯૯૨ના પ્રોગ્રામના અગાઉના દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજી બધી જ સમિતિના નિરીક્ષણ કાર્ય માટે પધાર્યા હતા.

સંતો-ભક્તોએ જે મુજબ વિચાર્યું હતું તે મુજબ જ આયોજન કર્યું. સૌને અંતરમાં આનંદ હતો.

નિરીક્ષણ કાર્ય માટે પધારેલા ગુરુવર્ય પ.પૂ. બાપજી આ જોતાંની સાથે અતિશે નારાજ થઈ ગયા.

સેવામાં રહેલા સંતો-હરિભક્તોને બોલાવીને ઠપકા સ્વરૂપે શીખ આપતાં કહ્યું હતું કે, ''સાધુનું આસન તો સાદું હોય. વ્યાસપીઠમાં કે વ્યાસપીઠની આજુબાજુમાં ક્યાંય ભપકો ન કરાય. અને આવો હાથી તો ઠાકોરજીના સિંહાસનમાં શોભે. આપણે તો સેવક છીએ. સેવકનું આસન સાદું જ હોય.''

તેમ કહી બંને હાથી પોતાના હાથે જ લઈ ઠાકોરજીના સિંહાસનમાં મૂકી દીધા ને બોલ્યા : ''ચલો, જલદી, આસન પરથી આ ચાદર લઈ લો. આ સ્પૉટ લઈ લો. આસન સાવ સાદું જ જોઈએ.''

સંતોએ સાદું આસન તૈયાર કર્યું. ત્યારપછી એ દિવ્યપુરુષને અંતરમાં હાશ થઈ.

●●●

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીને બાયપાસ સર્જરી કરાવ્યા પછી નીચે બેસીને કથા થઈ શકે નહિ, એટલે અત્યારે તેઓ સોફા ઉપર બેસીને કથાનો લાભ આપે છે.

આ સોફો પણ એમને સાવ સાદો જ જોઈએ. એ સાદા સોફા ઉપર પલાંઠી વાળી સળંગ સાત-આઠ કલાક કથાનો લાભ આપે. અને વિચરણ પણ ખૂબ હોય એટલે થાકી જવાય.

આથી ડૉક્ટરે તેમને વાઈબ્રેટરવાળી ખુરશી પર બેસવાનું કહેલું.

એક હરિભક્તને આ વાતની જાણ થતાં મોંઘા ભાવની સારામાં સારી કીમતી ખુરશી લઈ આવ્યા. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખુરશીમાં બેસવા માટે પ્રાર્થના કરી.

"સંતો, આ ખુરશી બહુ મોંઘીદાટ હોવાને લીધે ખૂબ રજોગુણી લાગે છે. રજોગુણી આપણને ન શોભે. અને અમને આવું ગમતું નથી." આમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અરુચિ જણાવી.

"બાપજી, આપને તકલીફ પડે છે. એક વાર આપ બેસી તો જુઓ." સંતોએ પ્રાર્થના કરતાં કહ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પૂ. સંતોની પ્રાર્થનાને વશ થઈ બેઠા ખરા. પણ તરત જ ઊભા થઈ ગયા.

ને બોલ્યા : "સંતો, એમની સેવા સ્વીકારી. હવે ખુરશી એમને પાછી આપી દો."

પછી બીજી સામાન્ય એક્સરસાઈઝ મળી રહે તેવી ખુરશી લાવ્યા ત્યારે એમણે ઉપયોગ શરૂ કર્યો.

●●●

દેશમાં હોય કે વિદેશમાં પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીની રહેણીકરણી, રીતભાત તદ્દન સાદી અને એકધારી જ હોય; તેમાં કોઈ ફેર ન પડે. ઈ.સ. ૨૦૧૦માં ગુરુવર્ય પ.પૂ. બાપજી જુલાઈ-ઑગસ્ટમાં કૅનેડા નૂતન મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે તથા USAના વિચરણ અર્થે એક મહિનો પધાર્યા હતા.

ભારતમાં ગમે ત્યાં હોય તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજી વિચરણમાંથી પાછા પધારી પોતાના આસને બિરાજે ત્યારે કાયમ એક જીર્ણશીર્ણ થઈ ગયેલી ધોતલી ઓઢીને બિરાજે.

ઘણી વાર સંતો-હરિભક્તો ના પાડતા તોપણ કહેતા કે, "આમાં જ સાધુની શોભા છે. ફાટેલું તો નથી ને ! આવી સાદગીમાં જ મહારાજ રાજી થાય. એમાં જ આપણી શાન વધે, ભપકાથી નહીં."

સંતો એક મહિના માટે વિદેશ જવાનું હોવાથી ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ જર્જરિત ધોતલી સાથે લઈ ગયા નહોતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સભા પ્રસંગ પૂરો થતાં આસને પધાર્યા કે તુરત એ જૂની ધોતલી સંતો પાસે માગી.

સંતોએ કહ્યું, "બાપજી, એ તો અમે લાવ્યા જ નથી. એની અહીં શી જરૂર છે ? એવી જર્જરિત ધોતલી અહીં કેવી લાગે ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતોને શીખ આપતાં કહ્યું, "સંતો, દેશમાં

હોઈએ કે વિદેશમાં હોઈએ પણ આપણી સાધુની રીત એકધારી અને સાવ સાદી જ જોઈએ. વિદેશમાં આવ્યા તો તેના રજોગુણમાં લેવાઈને આપણી સાદગી મૂકી દેવાની નહીં.''

રોજ બપોર પડે ને રાત પડે ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતોને કહેતા કે, ''મને એ જૂની ધોતલી વગર નવું ભગવું વસ્ત્ર ઓઢવું નથી રુચતું.'' એમ કહી તેમના સાદગીભર્યા જીવનનો આગ્રહ દર્શાવતા.

છેવટે થોડા દિવસ પછી ભારતથી સંતો કૅનેડા પ્રતિષ્ઠા પ્રસંગે આવતા હતા; તેઓની પાસે ધોતલી મગાવી.


સંતોએ ધોતલી આપી ત્યારે તેઓ તેને ઓઢીને રાજી થયા.


''બાપજી, આપ રાજી ને !'' સંતોએ હાથ જોડીને કહ્યું.

''હા, અમે સાદગીમાં જ રાજી છીએ. સંતો, હંમેશાં ધ્યાન રાખજો. આપણે દેશમાં હોઈએ કે વિદેશમાં ધોતિયાં-ગાતડિયાં પણ જુદાં ન રખાય. આપણી સાદાઈ તો ક્યારેય ન છોડવી. ''

સંતો પણ અહોભાવ સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આ સાદગીના આગ્રહથી જીવનમાં સાદગીના આગ્રહી રહેવાનો પાઠ શીખ્યા.

આ સાદગીને સોહાવનાર, સાદગાઈના મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







"મોટાપુરુષ આત્મદર્શી પુરુષ છે. તેઓ આત્માને શુદ્ધપાત્ર કરવા જ પધાર્યા છે. તેમ છતાંય કરુણા કરી જીવના અવરભાવનાં દુઃખને ટાળી સુખિયા કરે છે એ જ એમની કરુણા છે." – પ.પૂ. સ્વામીશ્રી

# ૩૮

## દુઃખ ટાળી સુખિયા કર્યાં

ઈ.સ. ૧૯૯૩માં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો નિકટથી લાભ લેનાર હરિભાઈ દયારામભાઈ ઠક્કરના ત્રીજા દીકરા રાકેશભાઈને ૨૦ વર્ષની યુવાન વયે અચાનક છાતીમાં દુખાવો થયો.

નજીકના દવાખાનામાં ડૉક્ટરને બતાવી દવા લીધી પરંતુ કોઈ ફેર ન પડ્યો. છેવટે દુખાવો તથા તાવ અતિશય વધતાં વીસ દિવસ પછી હરિભાઈએ રાકેશભાઈને વાડીલાલ હૉસ્પિટલમાં બતાવ્યું.

હૉસ્પિટલમાં મોટા સર્જન ડૉક્ટરોએ તેમની સોનોગ્રાફી કરાવી. આ ઉપરાંત શરીરના હૃદય આદિક બીજાં અંગોનાં તથા લોહીનાં પરીક્ષણો કરાવ્યાં.

તેમાં ખબર પડી કે રાકેશભાઈને હૃદયમાં એક રૂપિયા જેટલું મોટું કાણું છે. તેમજ કેસ છેલ્લી કક્ષાએ પહોંચી ગયો હતો.

‘‘રાકેશભાઈના જીવવાની આશા બહુ ઓછી લાગે છે. માટે તમે તરત દાખલ થઈ જાવ.’’ ડૉક્ટરના આ સૂચન મુજબ તેઓ તરત દાખલ થઈ ગયા.

થોડી વાર પછી હરિભાઈ રાકેશભાઈને લઘુ કરવા માટે હાથ પકડી લઈ જતા હતા તે જોતાં જ ડૉક્ટરે કહ્યું, ‘‘તમે આ છોકરાને એક ડગલું પણ ન ચલાવો. તે

હવે એક મિનિટ પણ વધારે જીવે તેમ મને લાગતું નથી. માટે તેને તરત સુવાડી દો.''

અંતે મુંબઈ તાત્કાલિક લઈ જઈ ઑપરેશન કરવાનું નક્કી થયું.

પરંતુ ડૉક્ટરની આવી ચેતવણીથી હરિભાઈ ગભરાઈ ગયા હતા. તેમણે તરત જ પ.પૂ. સ્વામીશ્રીને ફોન કરી બધી વિગતે વાત કરી.

અને રડતાં રડતાં તેઓએ પ્રાર્થના કરતાં કહ્યું, ''સ્વામી, મહારાજ ભલે મને લઈ જાય પણ રાકેશને બચાવે તેવી દયા કરો. ગમે તે રીતે રાકેશને બચાવો.''

''હરિભાઈ, તમે ચિંતા ન કરશો. મહારાજ બધાં સારાં વાનાં કરશે. અમે અત્યારે બાપજીને બધી વાત કરીએ છીએ...'' પ.પૂ. સ્વામીશ્રીએ આ વાત ગુરુવર્ય પ.પૂ. બાપજીને કરી.

જેના હૃદયમાં દયાનો દરિયો સદાય વહેતો હોય છે તેવા નિજજનના હિતકારી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, ''સ્વામી, મહારાજને પ્રાર્થના કરો કે રાકેશને કશું ન થાય. અને તમે પણ હરિભાઈને ફોન કરીને કહી દો કે રાકેશને કશું થવાનું નથી. અમારે તો રાકેશની પણ જરૂર છે અને તમારી પણ જરૂર છે. બેય પાસે સત્સંગની બહુ સેવા કરાવવાની છે. માટે મુંબઈ પણ લઈ જવાનો નથી. પ્રસાદીનું જળ લઈ જાવ, ધૂન્ય કરો; મહારાજ સૌ સારાં વાનાં કરશે જ.''

પ.પૂ. સ્વામીશ્રીએ હરિભાઈને ફોન કર્યો : ''હરિભાઈ, બાપજીને રાકેશભાઈ માટે પ્રાર્થના કરી દીધી છે. બાપજીએ કહ્યું છે, રાકેશને કશું જ થવાનું નથી. હરિભાઈને પણ રાખવાના જ છે. તમારા બંને પાસેથી હજુ સત્સંગની ખૂબ સેવા કરાવવાની છે. માટે તમે હવે નિશ્ચિંત થઈ જાવ. મહારાજ ભેળા જ છે.''

હરિભાઈ તો બાપજીના આશીર્વાદ મળતાં સાવ હળવા થઈ ગયા. એમનું દુઃખમાત્ર ટળી ગયું. પછી તેઓ તરત ડૉક્ટર પાસે ગયા ને ડૉક્ટરોને કહ્યું, ''મારા ગુરુએ આશીર્વાદ આપ્યા છે. માટે હવે રાકેશને કશું થવાનું નથી. મને કોઈ ચિંતા નથી.''

ખરેખર એવું જ બન્યું. મોટા મોટા સર્જન ડૉક્ટરોની વચ્ચે એક આશ્ચર્યજનક ઘટના બની ગઈ.

જગત આખું કહે કે, વિધાતાના લખેલા લેખ કદી બદલાતા નથી. ડૉક્ટરોએ પણ જેના જીવવાની આશા છોડી દીધેલી એવા રાકેશના વિધાતાના લેખ પર મેખ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં વચને મરાઈ ગઈ.

વગર સ્પર્શે, વગર દર્શને માત્ર સંકલ્પે કરીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપ્યા. બીજા જ દિવસથી રાકેશભાઈની તબિયતમાં ફેરફાર થવા માંડ્યો.

આગળના દિવસના બધા જ રિપૉર્ટમાં હૃદયમાં એક રૂપિયા જેટલું મોટું કાણું હતું. જ્યારે સાત દિવસ પછીના રિપૉર્ટમાં નાનું કાણું તો નહિ, હૃદયમાં કોઈ કસર જોવા ન મળી.

આ ચમત્કાર જોતાં ડૉક્ટર પણ બોલી ઊઠ્યા કે, “મેં મારા જીવનમાં આવો ચમત્કાર પહેલી વાર જોયો છે. અત્યારે રાકેશનું હૃદય મારા અને તમારા કરતાં પણ સારું ચાલે છે. હવે એને કોઈ પ્રકારની તકલીફ નથી.” બીજા જ દિવસે તો રાકેશભાઈને રજા આપી દીધી.

જે રાકેશભાઈ માટે ડૉક્ટરોએ જીવવાની પણ આશા મૂકી દીધી હતી તેઓ આજે ૪૩ વર્ષની ઉંમરે સંપૂર્ણ સ્વસ્થ છે. એ દિવસ પછી આજદિન સુધી કદી તેમને છાતીમાં સહેજ દુખાવો પણ થયો નથી.

અને આજે ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થતા મંદિરની સેવા પોતે એકલા કરે છે. તેઓ વ્યવહારે પણ સુખી છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ રાકેશભાઈનો માત્ર દેહનો રોગ જ ન ટાળ્યો, અનાદિકાળનાં ખોટનાં ખાતાં ટળાવી અનાદિમુક્તની પ્રાપ્તિ આપી દીધી છે.

આવા તો એક નહિ, મોટો ગ્રંથ રચાય એટલા હરિભક્તોનાં દુઃખ ટાળી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સુખી કર્યા છે.

અનંતનાં દુઃખ ટાળી સુખી કરવારૂપ સાચી સેવા કરનારા, અનેકને નવજીવન દેનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૯

## વિદેશયાત્રા દ્વારા કૃપાવર્ષા

"કરવો પ્રચાર દુનિયા પાર, સંકલ્પ કીધો છે નિરધાર
સુખ દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર."

રંગ-રાગ, ભોગવિલાસ અને ભૌતિક સમૃદ્ધિની છોળ્યો જ્યાં ઊડે છે તેવી પશ્ચિમી સંસ્કૃતિના વાઈન કલ્ચરને ડિવાઈન કલ્ચર કરવાનો ઉમદા સંકલ્પ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વિદેશયાત્રા દ્વારા કર્યો.

તા. ૩૦-૮-૧૯૯૫ના મંગલકારી દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને સંતમંડળ સાથે સૌપ્રથમ વાર વિદેશયાત્રાએ ઇંગ્લેન્ડની ભૂમિ પર પધારી તેને તીર્થત્વ આપ્યું.

રસ્તામાં કુવૈતના હૉલ્ટ (વિરામ) દરમ્યાન ત્યાં સંકલ્પનાં વાવેતર કર્યાં.

ઈંગ્લેન્ડના ગોરા અંગ્રેજો તથા અન્ય કાળિયા, ધોળિયાને તથા સફેદ કબૂતરોને પણ તેમની કૃપાદૃષ્ટિમાં લઈ કૃપાવર્ષા વરસાવતાં આશીર્વાદ આપ્યા કે, "હે મહારાજ ! આપનો સંકલ્પ શિક્ષાપત્રી રૂપે અહીં આવ્યો છે. તો આ દેશના ગોરાઓ, કબૂતરો, પશુ-પક્ષીઓ જે આપની દૃષ્ટિમાં ચડે તે સૌને કારણ સત્સંગના યોગમાં લાવી પૂરું કરજો." આ વિચરણ દરમ્યાન નિર્દોષ પારેવડાંઓનો છેલ્લો

જન્મ કરવાની કૃપાવર્ષા વરસાવી હતી.

જોડેવાળા સેવક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ કરુણાથી ગદ્ગદ થઈ ગયા.

તેથી તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું, “બાપજી, આ સર્વે પર અકારણ કરુણા કેમ ?”

“આ સર્વેનો ક્યારે વારો આવે ? મહારાજ ક્યાં ને આ કાળિયા, ધોળિયા ને પશુ-પંખીઓ ક્યાં ! એમનું કોણ પૂરું કરે ? એ કારણે મહારાજે કરુણા કરી.”

પેલા સંતો બે હસ્ત જોડી કરુણામૂર્તિને ઘણી વાર સુધી નીરખી રહ્યા.

●●●

તા. ૨૪-૬-૧૯૯૬ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ USAની ભૂમિ પર વિદેશ વિચરણમાં જવાનું આયોજન કર્યું. પરંતુ ઉતારો ક્યાં કરવો તે પ્રશ્ન મૂંઝવતો હતો.

કારણ, કોઈ પ્રકારની ઓળખાણ નહિ, ન્યૂયૉર્કના એરપૉર્ટ પરથી ક્યાં જવું તેનું કોઈ ઍડ્રેસ નહીં.

અબજીબાપાશ્રીએ કૃપા કરી રસ્તો કાઢ્યો. અમેરિકાનિવાસી પરેશભાઈ પાસાવાલાનાં ધર્મપત્નીને દર્શન આપી કહ્યું, “અમારા સંતોને આ દેશમાં વિચરણ માટે પધારવું છે માટે તેમના ઉતારાની વ્યવસ્થા કરી આપો.”

અબજીબાપાશ્રીના સંકલ્પે ઉતારાની વ્યવસ્થા થઈ ગઈ. અમેરિકાવાસીઓ પર તેમની કૃપાવર્ષા ખૂબ વરસાવી સંકલ્પનાં વાવેતર કર્યાં.

USA અને કૅનેડાની ભૂમિ પર કૃપાવર્ષા વરસાવી નૂતન મંદિરોનાં સર્જન કર્યાં :

તા. ૨૬-૭-૨૦૦૩ અમેરિકા ન્યૂજર્સી (જર્સીસિટી); તા. ૨૨-૮-૨૦૧૦ કૅનેડા; તા. ૨૯-૮-૨૦૧૦ અમેરિકા ઍટલાન્ટા; તા. ૨૧-૮-૨૦૧૬ અમેરિકા શિકાગો; તા. ૨-૯-૨૦૧૬ અમેરિકા ચેરીહિલ (સ્વામિનારાયણ ધામ).

આવી રીતે નૉર્થ અમેરિકામાં નૂતન પાંચ મંદિરોની સ્થાપના કરી તેના પ્રતિષ્ઠા પ્રસંગોએ તથા યુ.કે ખાતે લંડનમાં સ્થિત મંદિર માટે અને ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, દુબઈ આદિ દેશોમાં કાર્યરત સત્સંગ કેન્દ્રો અંગે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદની કૃપાવર્ષા વરસાવી અનેક જીવોનાં કલ્યાણ કર્યાં હતાં.

પ્રતિષ્ઠા દરમ્યાન નીકળેલી શોભાયાત્રામાં આશીર્વાદની લહાણી કરી હતી કે, “હે મહારાજ, આ તમારી શોભાયાત્રામાં જે કોઈ કાળિયા, ધોળિયા, ભૂરિયા

જે કોઈ દર્શન કરે, ગુણ લે, પ્રસાદી લે, ભાવે કરી માથું નમાવે તે બધાયનું આ ફેરે પૂરું કરજો. આપનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવી કારણ સત્સંગમાં ખેંચી લેજો. આ ફેરે કોઈનું અધૂરું ન રહેવા દેશો.''

તથા ''જોજો તો ખરા આ અમેરિકાના દરેક સ્ટેટમાં કારણ સત્સંગનાં મંદિર થશે. જે કોઈ સંતોનો ગુણ લેશે, કથા સાંભળશે, સેવા કરશે તે બધાયને મહારાજ, તેમના અક્ષરધામની મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.''

આવી રીતે પ્રસંગોપાત્ત ફદલમાં અનેક મુમુક્ષુઓ ફાવી ગયા.

●●●

વિદેશની રજોગુણી ભૂમિ પર વિચરતા કેટલાય મુમુક્ષુ જીવો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાથી, સર્વોપરી નિષ્ઠાની ખુમારીથી ખેંચાતા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપાવર્ષામાં ભીંજાતાં અનેક મુમુક્ષુનાં દિવ્યજીવન બન્યાં છે.

ઍટલાન્ટાના રમેશભાઈ સુહાગિયા જેઓ પ્રથમથી મુમુક્ષુ તથા જૂના સત્સંગી હતા. તેઓ સંપ્રદાયના તમામ સંતોને પોતાના ઘરમાં ઉતારો આપતા.

તેમના ઘરના ભોંયરાને તેઓ મંદિર જેવું બનાવી સંતોને તમામ સગવડ પૂરી પાડતા હતા. તેમને ગળથૂથીમાંથી જ સત્સંગના સંસ્કાર મળ્યા હતા.

તેમને અંતરમાં પ્રશ્ન ઊઠતો કે, ''બધા અવતાર જો એક જ હોય તો પછી શ્રીજીમહારાજે અલગ સંપ્રદાયની શા માટે સ્થાપના કરી ? શા માટે નવાં શાસ્ત્રો રચ્યાં અને રચાવ્યાં ? શા માટે નવા પંચવર્તમાનના નિયમ-ધર્મો કર્યા ?'' તેઓ આ પ્રશ્ન તમામ સંતોને પૂછતા પરંતુ ક્યાંયથી સંતોષકારક જવાબ મળતો ન હતો.

ઈ.સ. ૨૦૦૨માં પ.પૂ. સ્વામીશ્રી સૌપ્રથમ તેમના ઘરે પધાર્યા.

તેમને પ.પૂ. સ્વામીશ્રીએ રાત્રે દસથી સવારના ચાર વાગ્યા સુધી સળંગ લાભ આપ્યો. તેમના તમામ પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર મળ્યો.

પ.પૂ. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા તથા ગુરુવર્ય પ.પૂ. બાપજીનો મહિમા કહ્યો. ત્યારથી તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શનની તલપ જાગી.

ઈ.સ. ૨૦૦૬માં તેઓ સૌપ્રથમ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શને આવ્યા.

એ જ વખતે અનુપમ દિવ્યતાનો અહેસાસ થતાં ખૂબ આકર્ષણ થયું.

તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શન વખતે થયેલ અનુભવ વર્ણવતાં કહેતા હોય છે, ''બાપજીનાં જ્યારે મેં પ્રથમ દર્શન કર્યાં ત્યારે મારા સંકલ્પો-વિકલ્પોનો વિરામ થઈ ગયો. તર્ક-વિતર્કોની સંશયાત્મકતા શમી ગઈ. નરી શીતળતા...શીતળતા જ અનુભવાઈ. આવો અનુભવ મારા જીવનમાં મેં પહેલી વાર જ કર્યો હતો.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પ્રથમ વખતમાં જ બેસાડી અંગત લાભ આપ્યો. શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ વચનામૃત દ્વારા સમજાવ્યું.

''મને ગુરુવર્ય પ.પૂ. બાપજીની ઘણીબધી બાબતો સ્પર્શી ગઈ છે. જેમાં મુખ્ય સ્પર્શતી બાબતોમાં એ દિવ્યપુરુષની ક્ષણે ક્ષણે મહારાજના કર્તાપણામાં રાચવાની વાત બહુ સ્પર્શે છે. એમની નિર્ભેળ-નિર્દંભ સાધુતાનું સોહામણું દર્શન મને ગમે છે. મહારાજના ને પોતાના (મુમુક્ષુના) સ્વ-સ્વરૂપને ઓળખાવવાની અપરિમ્ આગ્રહિતા તો મેં ક્યાંય જોઈ જ નથી. જે મને એમના તરફ ખેંચે છે. મહારાજની સર્વોપરી નિષ્ઠાની ખુમારી એમના સાંનિધ્યમાં નિરંતર અનુભવાય છે. વળી, મુમુક્ષુને મહારાજની પ્રાપ્તિ કરાવવા માટે વાર્ધક્યની મોટી અવસ્થાએ રાત્રિ-દિવસ જોયા વિના અથાક દાખડો એ કરે છે. એ એમની કેવી કૃપા કહેવાય ! એ દિવ્યપુરુષ તો શુદ્ધ સ્વરૂપ છે. એટલે મને પણ એમના જેવો કરવા મંડ્યા છે. એમણે મને શુદ્ધ સર્વોપરી ઉપાસનાની દૃઢતા કરાવી, મારું ઘર ચોખ્ખું કર્યું. અરે, મને પણ મૂર્તિ રૂપે વર્તવાની લટક આપી ચોખ્ખો કર્યો. જે આજ સુધી કોઈએ નહોતું કરાવ્યું.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આવા દિવ્ય પ્રભાવથી તેઓએ તેમની સાથે જીવ જોડ્યો.

સાંપ્રદાયિક બંધનો તોડી એક શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી આત્મબુદ્ધિના નાતે ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે જોડાયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને મૂર્તિસુખના માર્ગે આગળ વધારવા તેમના તમામ અભરખા મુકાવ્યા.

તેઓ USA પટેલ સમાજના પ્રેસિડન્ટ હતા. તે પદવી છોડાવી વ્યવહારમાંથી પાછા વાળી અધ્યાત્મ ભણી દોરી ગયા.

''સત્સંગમાં આવ્યા પછી મહારાજના સ્વરૂપને ઓળખી પછી તેમાં જોડાવું.'' આ સારરૂપ મુદ્દો તેમને સત્સંગમાં ક્યાંય કોઈની પાસેથી મળ્યો ન હતો.

તે ગુરુવર્ય પ.પૂ. બાપજી થકી મળતાં દિવ્ય બળથી અત્યારે તેમને સંસાર

તરફથી અરુચિ થઈ ગઈ છે. સત્સંગ મુખ્ય થઈ ગયો છે.

તેઓએ પોતે ઍટલાન્ટા ખાતે મંદિરની જમીન લઈ કારણ સત્સંગનું શુદ્ધ અજોડ ઉપાસનાયુક્ત મંદિર બનાવ્યું અને અત્યારે તેનું સંચાલન પણ પોતે કરી રહ્યા છે.

સત્સંગના વ્યવહારની સાથે તેઓ સ્વવિકાસ તરફ પણ એટલા જ જાગૃત છે. સ્વનિરીક્ષણ કરી પોતાની કસરો ટાળવા સજાગ રહે છે. ધ્યાન-ભજનભક્તિમાં દિવસના ત્રણ કલાક વિતાવી પ્રભુમય દિવ્યજીવન જીવે છે.

તેમને વિશેષ કરીને કથાવાર્તા શ્રવણનો આગ્રહ રહે છે.

તેઓ કૅસેટ દ્વારા તો લાભ લે જ છે પરંતુ જ્યારે ઈન્ડિયા પંદર દિવસ માટે આવે ત્યારે બે દિવસમાં વ્યવહારિક કામ આટોપી બાકીનો બધો સમય તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી સાથે વિચરણમાં લાભ લે છે.

દિવાળી જ્ઞાનસત્રનો લાભ લેવા સ્પેશ્યલ અમેરિકાથી ભારત આવે, તે પછી પણ પાંચ દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો નિકટથી વચનામૃત પર લાભ લઈ મહારાજમાં જોડાવાના માર્ગે આગળ વધી રહ્યા છે.

અમેરિકામાં આવા અનેક મુમુક્ષુઓ પર ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપાવર્ષા વરસતાં વિદેશની રજોગુણી ભૂમિ પર પણ તેમનાં દિવ્યજીવન બન્યાં છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપાવર્ષા અરેબિયન દેશો પર વરસતાં તા. ૧૭-૯-૧૯૯૬ના રોજ કુવૈત તથા તા. ૧૨-૯-૨૦૧૬ના રોજ દુબઈ ખાતે અનુક્રમે સૌપ્રથમ વાર પધાર્યા હતા. ત્યાં પણ કુવૈત-દુબઈના શેખ તથા અન્ય મુમુક્ષુ જીવો પર કૃપા વરસાવી તેમને કારણ સત્સંગના યોગમાં ખેંચવાના આશીર્વાદ આપ્યા હતા.

આ ઉપરાંત ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં તેમના સંકલ્પ અને દિવ્ય આશીર્વાદથી સત્સંગ વિકસી રહ્યો છે. અનેક મુમુક્ષુઓ કારણ સત્સંગના દિવ્ય યોગમાં ભળી છેલ્લા કોલ પામી રહ્યા છે.

દેશ-વિદેશમાં કૃપાવર્ષા વરસાવી અનેક કષ્ટો વેઠી અનંતને કારણ સત્સંગના યોગમાં ખેંચવાની, અનાદિના છેલ્લા કોલ આપવાની કૃપાવર્ષા વરસાવનાર કલ્યાણકારી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૦

## શ્રીજી સંકલ્પ તો તેને રે કહીએ, જે પ્રગટની પ્રાપ્તિ કરાવે રે

સુરેન્દ્રનગર જિલ્લાના ટુવા ગામના વતની સવદાસભાઈ સિંધવ જેઓ પ્રથમથી જ કાર્ય સત્સંગમાં જોડાયેલા હતા.

તેઓ પ્રગટ ભગવાનને પામી એકમાત્ર મોક્ષ પામવાની ઈચ્છાથી કાર્ય સત્સંગનાં અનેક મંદિરોમાં ફરતા. મોટા મોટા વિદ્વાન સંતોનો સમાગમ કરતા.

તેમ છતાં પ્રગટ ભગવાન મળશે કે નહિ તેનો ક્યાંય વિશ્વાસ બેસતો ન હતો.

ઈ.સ. ૧૯૯૭માં જૂન માસમાં સવદાસભાઈ વ્યવહારિક કામે ટુવાથી સુરેન્દ્રનગર આવ્યા હતા.

જેઠ મહિનાના બળબળતા તાપમાં અતિશે તરસ લાગી હતી. એ વખતે તેમની નજર બસ સ્ટૅન્ડની બાજુમાં **'SMVS** સ્વામિનારાયણ મંદિર - સુરેન્દ્રનગર'ના બોર્ડ પર પડી. તેઓ મંદિરમાં દેહની તૃષા છિપાવવા આવ્યા હતા.

પણ તેમને એ ખબર નહોતી કે આ જ મારી આત્માની તૃષા છિપાવવાનું વિરામસ્થાન છે. તેઓ જળ ધરાવવા આવ્યા ત્યારે મંદિરની સેવામાં રહેલા નાથાકાકાનો યોગ થયો.

નાથાકાકાએ તેમને જળની સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો મહિમા પણ મોડી

રાત સુધી બેસાડીને કહ્યો : "સાચી 'મા' મળે તો સાચા બાપને ઓળખાવે તેમ જેમને પ્રગટ ભગવાન સાથે રોમ રોમપણે એકતા હોય એવા અનાદિમુક્ત સત્પુરુષ મળે તો પ્રગટ ભગવાનની પ્રાપ્તિ સહજમાં કરાવી દે. આજે શ્રીજીમહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં પધારેલ સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના અલ્પ જોગમાં આવનાર મુમુક્ષુને તેઓ સ્વામિનારાયણ ભગવાનનું યથાર્થ સ્વરૂપ ઓળખાવે છે. પ્રત્યક્ષપણે નિશ્ચય કરાવી શ્રીજીમહારાજની પ્રગટપણે પ્રાપ્તિ કરાવે છે. જેથી એમનું આત્યંતિક કલ્યાણ થાય છે." આવી ઘણી વાતો એમને કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના મહિમા વિષે સાંભળતાં સવદાસભાઈની મુમુક્ષુતા જાગી.

તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-સમાગમની તીવ્ર ઈચ્છા જાગી.

થોડા જ દિવસ પછી તા. ૧૩-૬-૧૯૯૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર બ્રહ્મસત્રમાં લાભ આપવા પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પધારે તે પહેલાં દર્શનના પ્યાસી સવદાસભાઈ મંદિરમાં આવી ગયા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં પ્રથમ દર્શને જ અંતરમાં શાંતિનો અનુભવ થયો.

નાથાકાકાએ ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિકટ લઈ જઈ દર્શન કરાવ્યાં અને ઓળખાણ કરાવી.

આ દરમ્યાન જાણે કોઈ અદશ્ય દિવ્ય આભાથી કંઈક આંતરપરિવર્તન થતું હોય તેવો તેમને અનુભવ થતો હતો.

થોડી વારમાં જ કથાનો પ્રારંભ થયો. સવદાસભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીની નજર સમક્ષ આગળ જ બેઠા.

સવારથી સાંજ સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજી એકધારો શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા તથા જ્ઞાનમાર્ગ સમજાવતા હતા.

પરંતુ તેમને કાંઈ ખબર પડતી ન હતી. તેમ છતાં આખા દિવસ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે એકમાત્ર શ્રીજીમહારાજનો જ મહિમા સાંભળી અહોભાવ થયો કે, "આ જ એ સત્પુરુષ છે કે જે મને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરાવશે, મારો મોક્ષ કરશે. તેઓ સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજી કોઈ વાત કરતા નથી માટે મારે તેમની પાસેથી ભગવાન પામવા છે."

તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, "બાપજી ! આપ મને મહારાજનું

સ્વરૂપ જેમ છે તેમ યથાર્થ ઓળખાવો. મારે મહારાજને જેમ છે તેમ ઓળખી લેવા છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમનો મહારાજને યથાર્થ ઓળખવાનો આગ્રહ, મુમુક્ષુતા અને ખરો ખપ જોઈ ખૂબ રાજી થયા અને કહ્યું કે, ''સભામાં જે વાતો થઈ તે તો એક નંબરની હતી પણ મહારાજના સ્વરૂપની જેમ છે તેમ બે નંબરની યથાર્થ વાતો સાંભળવી હોય તો રાત્રે આપણે બંને બેસીશું.''

રાત્રે નવ વાગ્યે 'નિત્ય ચેષ્ટા' બાદ સૌ પોઢવા પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સવદાસભાઈને બોલાવી પોતાની પાસે બેસાડ્યા.

ફક્ત તેમના એક જ માટે સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કરાવવા વાતો શરૂ કરી.

સાચા સત્પુરુષનું પ્રથમ લક્ષણ એ છે કે તેઓ કોઈ પણ મુમુક્ષુને પ્રથમ એક જ પ્રશ્ન પૂછે કે, ''તમે ભગવાનને કેવા જાણો છો ?'' આ મુજબ જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પ્રથમ પ્રશ્ન પૂછ્યો કે, ''સવદાસભાઈ, તમે સ્વામિનારાયણ ભગવાનને કેવા જાણો છો ?''

ત્યારે તેમણે કહ્યું, ''સ્વામિનારાયણ ભગવાન અને બીજા ભગવાન એક જ છે પણ જુદા નથી.''

એ વખતે સુરેન્દ્રનગર મંદિર ન હતું. પતરાવાળો શેડ હતો.

એટલે રાત્રે નવ વાગ્યે ખુલ્લા ચોગાનમાં એક લીમડાના વૃક્ષની નીચે બેસાડી, ઈલેક્ટ્રિકના ઉઘાડા કરંટ જેવો લાભ આપવા માંડ્યો.

સવદાસભાઈને શ્રીજીમહારાજનું સનાતનપણું, અન્વય-વ્યતિરેકપણું, સર્વોપરીપણું, અવતાર-અવતારીનો ભેદ, પ્રગટ-પ્રત્યક્ષપણું, સર્વ કર્તા-હર્તાપણું અને સાત પ્રકારના નિશ્ચયની વાત કેમ સમજવી જરૂરી છે ? તે બધી વાતો વચનામૃતનાં પ્રમાણો આપી સમજાવીને પાકું કરાવી દીધું હતું.

સવારે પાંચ વાગી ગયા તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને કે સવદાસભાઈને સમયનો કોઈ ખ્યાલ ન રહ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સવદાસભાઈને શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવવા એક એક વાત પંદર વખત સમજાવતા. પંદર વખત તેમની પાસે બોલાવી પાકી દૃઢતા કરાવતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ અને સંબંધે સવદાસભાઈની પરોક્ષભાવની ગેરસમજ દૂર થઈ અને શુદ્ધ સર્વોપરી ઉપાસનાની દૃઢતા થઈ.

જીવમાંથી હા પડી ગઈ કે, ''અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈ સનાતન ભગવાન નથી. અને એ જ ભગવાન મને પ્રગટ-પ્રત્યક્ષ મળ્યા છે. મને એમની મૂર્તિમાં રાખ્યો છે.''

આવો પ્રત્યક્ષપણે નિશ્ચય દૃઢ થતાં સવદાસભાઈના અંતરમાં આનંદના ઓઘ ઊતર્યા હતા. તેઓ જૂનાપણાનાં બંધન છોડી ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે કાયમ માટે સમર્પિત થઈ ગયા.

આજે તેમને નિરંતર અહોભાવ વર્તે છે કે, ''શ્રીજીસંકલ્પથી પધારેલા આ દિવ્ય સત્પુરુષે જ મને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરાવી; નહિ તો હું ક્યાંય રખડતો હોત.''

તેઓ આજે પોતે તો પ્રગટ ભગવાન મળ્યાના કૃતાર્થપણામાં રાચે છે. એટલું જ નહિ, પરંતુ જોગમાં આવનાર અનેક મુમુક્ષુઓને પણ આ વાત સમજાવે છે.

મોટાપુરુષના યોગમાં લાવી પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરાવે છે. જેથી તેમને કદી પરોક્ષભાવ થતો જ નથી.

જેમના અલ્પ સમયના સમાગમમાં જ પ્રગટ ભગવાન સ્વામિનારાયણની સહેજે પ્રાપ્તિ થાય છે તેવા શ્રીજીસંકલ્પથી પધારેલા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૧

## દિવ્યજીવનના પ્રેરણામૂર્તિ

ભાવનગરના વતની કિશોર ભગત પ્રથમથી જ ઉત્કૃષ્ટ મુમુક્ષુ હતા. જેમને ત્રણ પેઢીનો સત્સંગ હોવાથી ગળથૂથીમાં સત્સંગના સંસ્કાર મળ્યા હતા.

સંતોની આંગળી ઝાલી ચાલતા શીખ્યા અને તેમના ખોળામાં જ ઊછરીને મોટા થયા એવું કહેવાય. પ્રથમથી જ સત્સંગનું વાતાવરણ હોવાથી અવારનવાર ગઢપુર દર્શને જતા અને સંપ્રદાયના અનેક સંતોના જોગ-સમાગમનું સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું.

પરિણામ સ્વરૂપે જેવો સંગ એવો રંગ એ પ્રમાણે એમનામાં વૈરાગ્યના ગુણો પ્રદીપ્ત થયા. અને સંસારથી અનાસક્તિ વર્તવા લાગી.

૨૧ વર્ષે વૈરાગ્ય ઉદય થતાં સંસારનો ત્યાગ કરી વર્ષો સુધી સંતોના સંગે રહી પોતાના મોક્ષ માર્ગે ચાલ્યા. પરંતુ સર્વોપરી ભગવાનના સ્વરૂપને ઓળખીને પામવાની ઈચ્છા અતૃપ્ત રહી.

આથી તેઓને અંતરે ભારે દુઃખ વર્તતું અને વિચારે ચડી જતા : “જેના માટે ૨૧ વર્ષની વયે સંસાર છોડ્યો છે તે મહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખવાની મારી જીવનયાત્રા અપૂર્ણ તો રહી નહિ જાય ને !

આવા વિચારો સત્સંગની સેવામાં હોવા છતાં એમને સતાવતા.

ચંદ્ર વિના ચકોરી ઝૂરી ઝૂરી સમય પસાર કરે તેમ તેમનું અંતર એવા કોઈ દિવ્ય સત્પુરુષના સાંનિધ્ય માટે તલસતું હતું.

સંતોનો સમાગમ હોવા છતાં એમને દિવ્યજીવન પ્રદાતાની ઝંખના રહેતી.

તેથી કેટલીક વાર પોતાના સંગીઓને જણાવતા : ‘‘મહારાજે દયા કરીને મને વચનામૃતનો ખૂબ અભ્યાસુ કર્યો છે. પણ એમાં મહારાજે જે સત્પુરુષનું વર્ણન કર્યું છે તેમજ સત્પુરુષની જે મહત્તા વર્ણવી છે તે મુજબ મને મહારાજ સત્પુરુષની ભેટ આપશે ને ! કારણ કે સત્પુરુષ વિના અધ્યાત્મ માર્ગમાં કોટિ કલ્પે એક ડગલું પણ આગળ વધી શકાય નહિ એ નિઃશંક વાત છે.’’

પછી તરત તેઓ મહારાજ અને સત્પુરુષની પ્રાપ્તિ થાય તેના માટે મનસા પ્રાર્થના કરી લેતા.

થોડો સમય વીત્યો. પણ અંતરની ઉત્કૃષ્ટ ઇચ્છા તૃપ્ત ન થતાં તેઓ ખૂબ હતાશ થઈ ગયા. સતત વિચાર આવતા કે, ‘‘શું એવા દિવ્ય સત્પુરુષ મને નહિ મળે ?’’

છ માસ સુધી તેઓ નિરંતર મહારાજને આર્તનાદે ગદ્‌ગદ થઈ પ્રાર્થના કરતા હતા કે, ‘‘હે મહારાજ ! મને યોગ્ય રસ્તો બતાવો, સાચા સત્પુરુષનું સાંનિધ્ય આપો કે જે મને આપના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવે. આપ કેવા છો ? આપનું સુખ કેવું છે ? તેને કેમ પામવું ? તે શીખવે.’’

તેમની નિષ્કામ પ્રાર્થનાથી શ્રીજીમહારાજ અતિશે રાજી થયા.

તેથી તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિકટ રહી જોગ-સમાગમ કરનારા છબીલભાઈ આદેશરાનો તથા રાજુભાઈ અબાસણાનો અનાયાસે યોગ મહારાજે જ કરાવ્યો.

તેમની પાસેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીનો મહિમા સાંભળતાં જેમ નદી સાગરને મળવા ઉતાવળી બને તેમ તેઓ દર્શન માટે અધીરા બન્યા.

૪૫ વર્ષની ઉંમરે ઈ.સ. ૨૦૦૬માં વાસણા ખાતે તેમણે પ્રથમ વાર ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કર્યાં.

પ્રથમ દર્શને જ તેમને અલૌકિક અનુભૂતિ થઈ : ‘‘બાપજીનાં પ્રથમ દર્શને મારા અંતરની અતૃપ્ત ઇચ્છાઓનો વિરામ થઈ ગયો. વચનામૃતમાં મહારાજે વર્ણવેલા દિવ્ય સત્પુરુષનાં અનેકવિધ લક્ષણો મને એમનામાં સહેજે જણાઈ આવ્યાં. મને અંતરમાં શાંતિનો શેરડો અનુભવાયો.‘હાશ...’ થઈ ગઈ. મહારાજ હવે

મારી મૂર્તિસુખની યાત્રા પૂર્ણ કરશે. એ સમયે હૃદયસાગરમાં સત્પુરુષ સમા રત્નાકર પામ્યાની ભરતી ચડી. મારો આનંદ સમાતો નહોતો. છેલ્લા છ છ માસના અંધકારની ગર્તા હવે એમના થકી સૂરજ બની ઝળહળી હતી. મહારાજે મારી પ્રાર્થના સાંભળ્યાનો અહેસાસ રોમરોમમાં હરખ બની ઝૂમી રહ્યો હતો. મારો હાથ ઝાલનાર કોઈ ન હતું. ત્યારે એમણે મારો હાથ ઝાલી એમનો કરી દીધો. મને એ ક્ષણે મારી ભવોભવની 'મા' મળ્યાનો જીવસત્તાએ અનુભવ થયો. હું અનાથ મટી સનાથ થયો. અદ્ભુત અપૂર્વ દિવ્ય સુખની ક્ષણ અનુભૂતિ થઈ.'' આ શબ્દો હતા કિશોર ભગતને ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથેના પ્રથમ યોગના.

કિશોર ભગતને સાંપ્રદાયિક શાસ્ત્રોનો ખૂબ અભ્યાસ તેથી તેમણે સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં વાંચેલું કે મુમુક્ષુએ ગુરુ કરતા પહેલાં ત્રણ બાબત જોવી. ગુરુનું જીવન જોવું, ગુરુના ગુરુનું અને એ ગુરુના શિષ્યોનું જીવન જોવું. એમ ત્રણેય પેઢીનાં ઉત્કૃષ્ટ જીવન જોવા મળે તો તેમને સાચા ગુરુ તરીકે સ્વીકારવા.

''પણ મને જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીનું નિર્દંભ સાધુતાસભર જીવન, તેમના ગુરુ સદ્. મુનિસ્વામી જે સંપૂર્ણ પરભાવનું દિવ્ય સ્વરૂપ અને તેમના શિષ્ય પ.પૂ. સ્વામીશ્રી જેમનો જોટો સંપ્રદાયમાં ન જડે આવી એક એકથી સવાઈ પેઢીનાં દર્શન થતાં હું તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત થઈ ગયો. કારણ મેં સંપ્રદાયમાં આવી ઉત્કૃષ્ટ પેઢી જોઈ નહોતી. બસ એ જ દિનથી મેં મારી જીવનનૈયા એમને સોંપી દીધી.''

આમ તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં બધું છોડી આવી ગયા.

તેઓ સ્વમુખે ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનની જે જે બાબતોએ તેમને અતિ પ્રભાવિત કર્યા હતા તેની વાત કરતાં કહેતા હોય છે :

''ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે થતી સ્વરૂપનિષ્ઠાની અજોડ વાતો જે હજુ સુધી સંપ્રદાયમાં ક્યાંય સાંભળી ન હતી. જે સમજણથી મને સાક્ષાત્ પ્રગટપણે મહારાજ મળ્યાની હા પડી. આટલાં વર્ષોમાં મહારાજની સાક્ષાત્ પ્રાપ્તિ થશે કે નહિ તે અનિશ્ચિત હતું; મનમાં અકૃતાર્થપણું હતું તે ગુરુવર્ય પ.પૂ. બાપજીના સમાગમે ને કૃપાએ કૃતાર્થપણું મનાઈ ગયું ને જેનો મને અહોનિશ આનંદ વર્તે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, સાહજિકતા, સ્પષ્ટવક્તાપણું, કોઈની

શેહ-શરમ કે મોબત નહિ આવા અનંત કલ્યાણકારી ગુણો મારા આકર્ષણનું કેન્દ્ર બન્યા અને તેમનામાં અતિશે ખેંચાણ થયું. આજે તેમના સાંનિધ્ય વિના રહેવું મારા માટે અશક્ય છે.

કિશોર ભગતને ગુરુવર્ય પ.પૂ. બાપજી થકી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઓળખાણ થયા પછી એ મૂર્તિના સુખને પામવાની સાચી પ્રેરણા પણ તેમના થકી મળતી ગઈ.

પ્રતિલોમની લટક મળી. વિશેષ આદર્શ વડીલ કૅમ્પમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીના મુખે થતી મૂર્તિસુખની વાતોએ તેમનું હૃદય વીંધી નાખ્યું અને તેમની આંતરદુનિયા બદલાઈ ગઈ અને છતે દેહે મૂર્તિસુખ પામવાની લાલચ જાગી.

અત્યારે તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સહારે અવરભાવમાત્રથી વિરક્ત રહી પરભાવમાં મૂર્તિસુખના માર્ગે આગળ વધી રહ્યા છે.


તેઓ તમામ પ્રકારની વ્યવહારિક વાતોથી દૂર રહી સતત મહારાજમય જીવન વીતાવી રહ્યા છે. દિવસનું ત્રણ કલાક ધ્યાન કરે છે.

આંતરખોજ કરી દેહભાવની દીવાલને ક્ષીણ કરવાના, દોષો ટાળવાના સતત પ્રયત્નમાં રહે છે. પ્રતિલોમભાવે નિરંતર ભજન-પ્રાર્થના કરી સ્થિતિની યાત્રા ટૂંકાવી રહ્યા છે.

સ્થિતિના માર્ગે આગળ વધવા છતાં તેમને નિરંતર આઠે પહોર અંતરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા દિવ્ય સત્પુરુષનું દિવ્ય સાંનિધ્ય મળ્યું તેનો આનંદ વર્ત્યા કરે છે.

“ખામી ભાંગી ખરી ખાય,
ખોયા દી’ની ખોટ્ય ટળી.”

આવા એક નહિ, અનંત મુમુક્ષુઓ જેમના દિવ્યજીવનમાંથી પ્રેરણા પામી દિવ્યજીવન જીવી રહ્યાં છે એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







જેમ નાવનો સ્વભાવ તારવાનો છે.
તેમાં ઊંચ-નીચ જે કોઈ બેસે તેને નાવ તારે છે. સત્પુરુષ નાવ સમાન છે,
તેનો આશ્રય કરે તો અપાર ભવસાગરથી તે જીવને પાર ઉતારે છે.

– પ.પૂ. સ્વામીશ્રી

# ૪૨

## પંચમહાલના બેલી

તા. ૧૧-૬-૨૦૦૦ના રોજ ઝાલોદ ખાતે સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ અન્વયે આદિવાસી સંમેલન યોજાયું હતું.

આ સંમેલનમાં ઉપસ્થિત રહેલ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આદિવાસી ઉત્કર્ષના ભગીરથ કાર્યને બિરદાવ્યું.

વિશેષમાં તેમણે કહ્યું હતું કે, “આદિવાસી ઉત્કર્ષનું જે કાર્ય ગુજરાત સરકાર ન કરી શકી તે ભગીરથ કાર્ય આજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કર્યું છે. તેમના પ્રેમ અને સત્સંગથી અનેક આદિવાસી બંધુઓ જીવનપરિવર્તન કરી આદર્શ ભક્તો બન્યા છે. જે કામ તેઓ જ કરી શકે, સરકાર પણ નહીં. તેઓ ખરેખર ‘પંચમહાલના બેલી’ બન્યા છે, તારણહાર બન્યા છે.”

આ આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિના મૂળમાં ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવ રહ્યો છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પંચમહાલનાં દસ ગામોમાં સત્સંગ કરાવવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પરૂપી આશાનું કિરણ પંચમહાલના ઈતિહાસમાં અમર બની ગયું.

ત્યારથી ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ પંચમહાલનાં ગામડે

ગામડે, ઘરોઘર વિચરી પટેલ સમાજના તથા આદિવાસી સમાજના સામાજિક તેમજ આધ્યાત્મિક ઉત્કર્ષના અનેકવિધ પ્રયત્નો શરૂ કર્યા.

જે અદ્યાપિ પૂરવેગમાં ચાલી રહ્યા છે.

“કેળ ઉપર તો કેળાં આવે પરંતુ થોરિયા ઉપર કેળાં લાવે તે ગુરુવર્ય પ.પૂ. બાપજી. અર્થાત્ મુમુક્ષુનાં કલ્યાણ તો સૌ કરે પરંતુ પશુ કરતાં પણ બદતર અમારા જીવનમાં સત્સંગના પ્રાણ પૂરી અનાદિમુક્તની સ્થિતિ પમાડવી તે થોરિયા પર કેળાં લાવવા સમાન ભગીરથ કાર્ય ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કર્યું છે.” તેમના અથાક દાખડાથી દારૂ આદિક વ્યસન, વિષય અને વહેમમાં ફસાયેલા અમે આજે એક ઉચ્ચ જ્ઞાતિને પણ શરમાવે તેવાં દિવ્ય અને પવિત્ર જીવન જીવતા થયા છીએ. દારૂ તો નહિ પણ ચાને પણ વ્યસન ગણી અમે તેનો ત્યાગ કરી દીધો.”

આવો સૂર પ્રત્યેક આદિવાસી બંધુઓના જીવનમાં ઝિલાયો છે.

‘પારસમણિના સ્પર્શે લોઢું સોનું થાય.’ તેમ જંગલી જાનવર જેવું જીવન જીવતી આદિવાસી પ્રજામાંથી આજે ઉપાસના અને નિયમ-ધર્મની દૃઢતાવાળી સહજાનંદી સિંહ સમી ફોજ તૈયાર થઈ છે.

ઝાંઝરીના જેઠાભાઈનું જીવનપરિવર્તન થતાં તેઓ કહેતા હોય છે, “હું અઠવાડિયે ના’તો. આજે હું રોજ સ્નાન-પૂજા કર્યા વિના પાણીનું ટીપું પણ મોંમાં મૂકતો નથી.”

જૂના કાળીબેલના લાલાભાઈ પગી પોતાની પરિવર્તનગાથા વર્ણવતાં કહેતા હોય છે : “મેં પાણીથી ભરેલા તળાવ જેટલો દારૂ પીધો હતો. આજે હું ચાને પણ વ્યસન માની પીતો નથી કે કોઈને પાતો પણ નથી.”

“પાંત્રીસ ભૂતોથી રિબાતો-પીડાતો હું, મને બાપજીએ ભૂત-પ્રેતના ત્રાસથી છોડાવી નિર્ભય કરી, દિવ્યજીવન જીવતો કર્યો છે.” એમ નાનીરેલના લાલજીભાઈ ચારેલ જણાવતા હોય છે.

સરસવાના સહજભાઈ ડામોર ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપા જણાવતાં કહેતા હોય છે, “અમે વહેમ-અંધશ્રદ્ધાથી પર મુક્તજીવન જીવી રહ્યા છીએ.”

દાભડાના પર્વતભાઈ આદિક હરિભક્તોનો પરિવર્તન સૂર જણાવે છે : “અમારા હાથમાં તીરકામઠાંને બદલે આજે માળા શોભે છે.”

●●●

એમાંય ગાડિયા ગામની તો વાત નોખી છે.

ગાડિયા ગામના હિંમતસિંહ ટપાલી અને નવલસિંહ જેઓ બધા કુલક્ષણેયુક્ત જીવન જીવતા હતા.

ચોરી-લૂંટફાટ, મારામારી કરવામાં તેઓ સંતરામપુરથી ઝાલોદ સુધીના આખા પંથકમાં પંકાયેલા હતા.

તેમનું નામ પડતાં ભલભલા ધ્રૂજી જતા.

તેમાંય હિંમતસિંહ એટલે આખી ટોળીના સરદાર, જાણે કે વર્તમાનકાળના જોબનપગી જ જોઈ લ્યો.

હિંમતસિંહ ટપાલીની નોકરી કરતા હતા. તેઓ આજુબાજુનાં છ ગામોમાં ટપાલ નાખવા જાય ત્યારે જાસૂસી કરતા આવે કે ક્યાંથી કયા ઘરમાં જવાશે ? નીકળાશે ? કોણ ક્યારે ઘરે હોય છે ? વગેરે.

રાત્રે તેમની ટોળીને ભેગી કરી ઠામઠેકાણું આપી ચોરી કરવા મોકલે. જે કાંઈ માલ-મલીદો આવે તેને પોતે લઈ બધાને વહેંચી આપતા.

પોતે ચોરોના સરદાર હોવા છતાં કદી પોલીસના હાથે પકડાય તેવી કોઈ બાતમી મળવા જ ન દે.

ટપાલ આપવા ગયા હોય અને કોઈ વસ્તુ લેવાની ઇચ્છા થાય તો ઉપાડી લે પણ કોઈ કાંઈ કરી શકે નહીં.

તેઓ વીસ વર્ષથી આ ધંધો કરતા હતા. તેમ છતાં કોઈ તેમનું નામ ન લઈ શકે; માગે તે દઈ દે. ક્યારેક પોલીસ પકડવા આવે તો પોલીસ પોતે જ માર ખાઈ પાછી જાય પણ કોઈ તેમને પકડી શકે નહીં.

ગાડિયાની આજુબાજુ સરકારે ડુંગરો ઉપર સાગનાં વૃક્ષ રોપેલાં. હિંમતસિંહ જ્યારે બળતણ માટે કે અન્ય કોઈ કામ માટે જરૂર પડે તો તેમાંથી દાદાગીરીથી લાકડાં કાપી લાવતા.

ઘણી વખત જંગલખાતાના અધિકારીઓ (ફૉરેસ્ટરો) તેમને સરકારનાં લાકડાં લેવાની ના પાડે, ધાકધમકી આપે તેમ છતાં હિંમતસિંહની હિંમત થોડી કાંઈ ઓછી થાય ?

એમની આવી ગેરવર્તણૂકથી ત્રાસી એક દિવસ જંગલખાતાના મોટા અધિકારી ગાડી લઈ સીધા ગાડિયા હિંમતસિંહના પ્રાંગણમાં આવીને સાગના લાકડાના પડેલા ઢગલા પાસે ઊભા રહ્યા.

અને મોટા અવાજે પૂછ્યું, ‘‘શા માટે કોઈને પૂછ્યા વિના લાકડાં કાપો છો ?’’

ત્યારે હિંમતસિંહે હિંમતથી કહ્યું, ‘‘બળતણ માટે જોઈએ તો લાવીએ. જંગલ

અમારા બાપનું છે. એમાં વળી કોને પૂછવાનું ?"

અધિકારી આગળ હજુ કોઈ પગલાં લે તે પહેલાં હિંમતસિંહ અને તેમના સાગરીતોએ ભેગા મળી અધિકારીને એવો માર માર્યો કે ઊભા થવાના હોશ ન રહ્યા.

ડ્રાઈવરે તેમને ગાડીમાં ઊંચકીને નાખ્યા ને લઈને ભાગી ગયો. તે દિવસ પછી પોલીસ કે અધિકારી ગાડિયાનો રસ્તો ભૂલી ગયા.

પંચમહાલના બેલી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ ભોળી પ્રજાને તારવા ઈ.સ. ૧૯૯૩માં લુણાવાડા ખાતે બાપાશ્રી મહોત્સવના પ્રથમ તબક્કાનું ભવ્ય આયોજન કર્યું હતું.

તેમાં આ હિંમતસિંહની ટોળી માત્ર મહોત્સવ જોવા-જાણવા ને પોતાનું કામ સાધી લેવા આવી હતી. પરંતુ તેમને ખબર નહોતી કે આ મહોત્સવ તેમના જીવનપરિવર્તનનો મહોત્સવ હતો.

શ્રીજી ઇચ્છાનુસાર અનાયાસે હિંમતસિંહ વડીલ સંત પૂ. નિર્ગુણસ્વામીના યોગમાં આવ્યા. તેઓએ સત્સંગની વાત કરી, ગુરુવર્ય પ.પૂ. બાપજીનો મહિમા કહ્યો : "ગુરુવર્ય પ.પૂ. બાપજી બહુ મોટા સત્પુરુષ છે. એમનાં દર્શને, સ્પર્શે ને આશીર્વાદે અનેકનાં જીવન મૂળગા જ બદલાયાં છે. સર્વે સુખી થયા છે. માટે એમનાં દર્શને જઈએ ત્યારે એમનો છેડો ઝાલી લેજો... છોડતા નહીં..."

આમ કહી તેમનાં દર્શન કરાવવા લઈ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને વર્તમાન ધરાવી કંઠી બાંધી. એ જ ક્ષણે તેમના આંતરજીવનનું પરિવર્તન થઈ ગયું. સ્વભાવગત હિંસક કુલક્ષણો નાશ થઈ ગયાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, "કાંઈ વ્યસન છે ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્યદૃષ્ટિથી વીંધાઈ ગયેલા હિંમતસિંહ બોલ્યા, "સ્વામી, બધાં લક્ષણે પૂરો છું. દારૂ-માંસ ખાવું, ચોરી-લૂંટફાટ કરવી, મારામારી કરવી એ જ મારો ધંધો છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એ જ દિવસે આ બધું બંધ કરવાનો નિયમ આપ્યો : "આજથી હવે તમે મહારાજના સંબંધમાં આવ્યા. માટે આપણે ભગવાનને ન ગમે એવાં એકેય કુલક્ષણ ન રાખવાં. દારૂ, માંસ, ચોરી, લૂંટફાટ અને મારામારી આદિક હિંસક પ્રવૃત્તિઓ નહિ જ કરવાની. અમે મહારાજને પ્રાર્થના કરીશું. તમારી ભેળા ભળશે. તમને આ બધાં પાપથી બચાવશે..."

બસ, એ જ ક્ષણે તેમના જીવનનું સમૂળગું પરિવર્તન થઈ ગયું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી પોતાના જીવનપરિવર્તનની વાત કરતાં તેઓ કહેતા હોય છે, ‘‘આજે હું દારૂ તો શું બિનસત્સંગીના ઘરે પાણીનું ટીપું પણ પીતો નથી. રસ્તામાં પડેલી કોઈની પારકી વસ્તુને લેવાનો મને સંકલ્પ સુધ્ધાંય થતો નથી. પંચવર્તમાન પૂરેપૂરા શિર સાટે હું પાળું છું અને મારી ટોળીમાં રહેલા મારાં મિત્રો-સગાંને પણ મારા જેવા જ સત્સંગી મેં કર્યા છે.’’

જે ટોળી ભેળી મળી ચોરી-લૂંટફાટ કરતી, તેમનાં આજે દિવ્યજીવન બન્યાં છે.

એટલું જ નહિ, ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી તેઓ કોઈને પણ ભૂત-પ્રેતાદિકનો વળગાડ હોય તો ગામોગામ જઈ ધૂન કરે છે. અને તેમની ધૂનથી બધાંયનાં દુઃખ ટળી જાય છે એવા આદર્શ હરિભક્ત બન્યા છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી હિંસક ટોળી આજે મુક્તમંડળી બની ગઈ છે. જેઓ સત્સંગની સમૈયા પ્રસંગની બધી જ સેવામાં અગ્રેસર રહી સેવા બજાવે છે.

આવા તો એક નહિ પરંતુ મોટો ગ્રંથ રચાય એવા લકડીપોરડાના દીપસિંહ, દાંતિયાના રામસીંગ જેવા અનેક જેલની સજા ભોગવનારા ખૂનખાર ડાકુ જેવા ગણાતા આજે દિવ્યજીવન જીવી, સત્સંગના કાર્યકર બની અનંતનાં જીવન બદલાવી રહ્યા છે. આવી જીવનપરિવર્તનની ગાથા પંચમહાલના ઈતિહાસમાં કંડારાઈ છે.

અનંત પામર-પતિત એવા પંચમહાલના આદિવાસીના બેલી, સાચા સ્વજન બની તેમનાં દિવ્યજીવન કરનાર કરુણામૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૩

## કથાવાર્તા એ તો ચારો છે

ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ સદ્. મુનિસ્વામી સરસપુર પધારે ત્યારે સામે નિકટમાં બિરાજીને જ લાભ લેતા.

એક વખત સદ્. મુનિસ્વામી સરસપુર પધાર્યા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની સામે જ લાભ લેવા બિરાજ્યા હતા.

સભા બે-ત્રણ કલાક સળંગ ચાલી તેથી લઘુશંકા થઈ.

“અરે, જો લઘુ કરવા જઈશ તો મારી કથા જતી રહેશે. કથા જાય એ તો મને એક ટકો પણ ન જ પોષાય. માટે લઘુ કરવા જવું નથી.” આવો દૃઢ સંકલ્પ કરી ગુરુવર્ય પ.પૂ. બાપજી ઊભા જ ન થયા.

બીજી એક કલાક કથા વધુ ચાલી. હવે રહેવાય નહિ તેવી પરિસ્થિતિ થઈ ગઈ હતી.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મનોમન સદ્. મુનિસ્વામીને પ્રાર્થના કરી કે, “દયાળુ, દયા કરો. જો ઊભો થઈશ તો મારી કથા જતી રહેશે માટે દયા કરો.”

તરત જ સદ્. મુનિસ્વામીએ અંતર્યામીપણે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સંકલ્પ જાણી કથાને વિરામ આપ્યો. બે મિનિટ નેત્ર મીંચી બિરાજ્યા અને જેવા ગુરુવર્ય

પ.પૂ. બાપજી પાછા પધાર્યા કે તુરત કથાવાર્તા શરૂ કરી દીધી.

આવું તો આ એક વાર નહિ, જ્યારે જ્યારે કથા સમયે આવો પ્રસંગ થાય ત્યારે સદ્. મુનિસ્વામીને મનોમન પ્રાર્થના કરે કે તુરત કથાને બે મિનિટ વિરામ આપે. બે મિનિટ પછી કથા ચાલુ કરે. તેમનો કથા પરત્વેનો આગ્રહ જોઈ સદ્. મુનિસ્વામી પણ તેમને વશ વર્તતા.

કથાવાર્તારૂપી ચારો કેવો આગ્રહપૂર્વક ચરવો જોઈએ તેની રીત મુમુક્ષુને શીખવવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતે વર્તીને બતાવ્યું છે.

●●●

"સ્વામી, અહીં આવો. એક સેવા છે." હાથનો ઈશારો કરી સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઈર્ષ્યાને લીધે ભંડારમાં બોલાવે.

એટલે મહિમાની મૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીને બે હાથ જોડી મનોમન પ્રાર્થના કરી ઊભા થાય : "દયાળુ, રાજી રહેજો. સંતો સેવામાં બોલાવે છે માટે જઉં છું."

"શું કથામાં જઈને બેસી જાવ છો ! આટલાં વાસણ ઘસી નાખો."

એમ કહી આખી ચોકડી ભરી ગાંહડો વાસણ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે ધોવડાવતા.

કેટલીક વાર તો ઈર્ષ્યાને લીધે તેઓ ચોખ્ખાં વાસણ પણ એઠાં કરી; ફરી એ દિવ્યપુરુષને ઘસવા આપી દેતા.

છતાંય એ દિવ્યપુરુષ સંતોની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા જ નહીં.

તેઓ કથાનો એક શબ્દ પણ જવા ન દે. માત્ર એકાગ્રતાપૂર્વક કથા સાંભળવી એટલું જ નહિ, તેઓ સાંભળતાંની સાથે સાથે મનન કરતા જાય. વાત જીવસટોસટ વણતા જાય.

●●●

"સ્વામી, ક્યાં જાવ છો ?"

"મુનિબાપાની કથાનો લાભ લેવા જઉં છું."

"સ્વામી, એક સેવા હતી; કરશો ?"

"શું સેવા છે કહો ને !"

"લો, આટલા લાડવાનાં મૂઠિયાં ખાંડી નાખો." એમ કહી વીસ કિલો લાડુનાં

મૂઠિયાં તેમને એકલાને ખાંડવા બેસાડી દીધા.

સંતોની આજ્ઞાએ ગુરુવર્ય પ.પૂ. બાપજી મૂઠિયાં ખાંડતા હોય પણ તેમના કાન તો કથામાં જ હોય.

ગમે તેવા સંજોગ હોય પણ કથા અતિ આગ્રહી થઈ સાંભળતા.

આજે ૫૦ વર્ષ પહેલાં સદ્. મુનિસ્વામી થકી સાંભળેલી વાતો વિષે વાત કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે કે, "સદ્. મુનિસ્વામીએ કયા દિવસે, કયા સ્થળે, કયા સમયે, કઈ વાત કરી હતી તે મને આજે પણ બેઠી યાદ છે. અને આજે જે કાંઈ કથા કરીએ છીએ તેમાં હજુ એક શબ્દનો પણ ફેર પડ્યો નથી. જેવી વાત સદ્. મુનિસ્વામી થકી સાંભળી હતી તેવી જ બેઠી કરીએ છીએ."

કેવો કથાવાર્તા શ્રવણ કરવાનો આગ્રહ ! અનોખી રીત !!

●●●

ઈ.સ. ૧૯૮૨-૮૩ના અરસામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે બિરાજમાન હતા. એ વખતે અન્ય સંસ્થાના એક વડીલ સંત મંદિરે દર્શન કરવા આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે તેઓ બેઠા. ગુરુવર્ય પ.પૂ. બાપજી એ વખતે કથાવાર્તાનો લાભ આપી રહ્યા હતા. તેઓ માત્ર દર્શન કરવા આવેલા, પરંતુ ત્રણ ત્રણ કલાક સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજીની પાસે બેસી રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથા પૂરી થતાં તેઓ અહોભાવમાં ડૂબી ગયા અને કહ્યું, "અમે આજ સુધી સદ્. ગુણાતીતાનંદ સ્વામીની તથા નંદસંતોની વાતો વાંચી હતી પણ આજે પ્રત્યક્ષ સાંભળી એવો અનુભવ થયો."

●●●

૨૪મી જાન્યુઆરી ૨૦૦૩ની પ્રભાત હતી. ગુરુવર્ય પ.પૂ. બાપજી ચાર-પાંચ હરિભક્તોને સાથે લઈ સુરેન્દ્રનગર બ્રહ્મસત્રમાં લાભ આપવા માટે પધારી રહ્યા હતા.

સરખેજથી આગળ હાઈવે ઉપર એક ટ્રેલર અથડાતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી જે ગાડીમાં બિરાજ્યા હતા તેનો ઍક્સિડન્ટ થયો. ગાડીનો આગળનો કાચ ફૂટી ગયો. ગાડીના આગળના બોનેટને પણ ભારે નુકસાન થયું

ગુરુવર્ય પ.પૂ. બાપજીના ભાલમાં તથા મસ્તકમાં કાચના કટકા ઘૂસી ગયા

તથા બ્રેકની પછડાટ વાગતાં તમ્મર આવી ગઈ હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાંથી બહાર પધાર્યા. તેમના મસ્તકેથી ખૂબ લોહી વહી રહ્યું હતું. ગાડીને ઘણું નુકસાન થયું હતું. તેથી ગાડી આગળ જઈ શકે તેમ નહોતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હરિભક્તોને કહ્યું કે, ‘‘વાસણા મંદિરે ફોન કરી બીજી ગાડી મગાવો; આપણે અહીંથી સીધા સુરેન્દ્રનગર નીકળી જઈએ. મંદિરે ઍક્સિડન્ટની કોઈ વાત કરશો નહીં. ગાડી બગડી છે એટલું જ કહો; નહિ તો પાછા આપણને કોઈ જવા નહિ દે.’’

વાસણાથી બીજી ગાડી મગાવી એટલે સંતોને થયું કે કંઈક થયું હોય તો જ બીજી ગાડી મગાવે. તેથી બે સંતો ગાડીમાં બેસી ઘટના સ્થળે પહોંચ્યા.

સંતોએ જઈને જોયું તો ગાતડિયાનો છેડો ફાડીને મસ્તકે બાંધેલો કકડો લોહીથી લથપથ થઈ ગયો હતો.

છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સુરેન્દ્રનગર જવાનો આગ્રહ ચાલુ જ હતો. સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીને ઘણા મનાવી, આગ્રહભરી પ્રાર્થના કરી વાસણા મંદિરે લાવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને થયેલી ગંભીર ઈજા જોઈ પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતોએ ડૉક્ટર પાસે જવાની પ્રાર્થના કરી.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘ડૉક્ટર, ટાઈમ બગાડશે; માટે એક પાટો બાંધી દો. અમારે સુરેન્દ્રનગર જવા નીકળવું છે.’’

પ.પૂ. સ્વામીશ્રી ખૂબ આગ્રહભરી વિનંતી કરી પરાણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને હૉસ્પિટલ લઈ ગયા. ડૉક્ટર વાગેલા ઊંડા ઘાને સાફ કરી કાચના કણ બહાર કાઢી રહ્યા હતા ત્યારે તેમણે પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું કે, ‘‘માથામાં વાગ્યું છે તેથી સિટીસ્કેન અથવા MRI કરાવવો પડશે. બીજા કેટલાક રિપૉર્ટ પણ કરાવવા પડશે.’’

પરંતુ આ બાજુ ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો સુરેન્દ્રનગર કથાવાર્તાનો લાભ આપવા જવાની એક એક પળ કપાતી હતી તે તેમને કેવી રીતે પોષાય ? એમાંય ડૉક્ટરે જુદા જુદા રિપૉર્ટ કરાવવાની વાત કરી.

તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી નારાજ થઈ ગયા અને કહ્યું, ‘‘ઘા સાફ કરી જલદી પાટો બાંધી દો તો કશું નહિ થાય. અને જો રિપૉર્ટ કરાવશો તો નક્કી કંઈક આવશે.’’

સાડા બાર વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજી સારવાર લઈ વાસણા મંદિરે પધાર્યા. ઠાકોરજી જમાડી એક વાગ્યે સુરેન્દ્રનગર જવા માટે તૈયાર થઈ ગયા.

મસ્તક ઉપર ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખૂબ સોજો હતો તેથી ડૉક્ટરે આરામ કરવાનું કહ્યું હતું.

તેથી પ.પૂ. સ્વામીશ્રી, પૂ. સંતો, હરિભક્તોએ ખૂબ પ્રાર્થના કરી કે, ‘‘દયાળુ, આટલો બધો સોજો છે તો આપ ન પધારો. આ બે દિવસ પૂરતો બીજા કોઈ સંતો લાભ આપી દેશે.’’

પરંતુ કથાવાર્તાના અતિશે આગ્રહી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી કેવી રીતે રહી શકે ? ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત બોલી ઊઠ્યા, ‘‘હરિભક્તો સવારના રાહ જોઈને બેઠા છે. એક સેશન તો ગયું. હવે બીજું ન જવા દેવાય. મહારાજની કથા અધિક કે આ દેહ અધિક ? માટે કોઈ માથાકૂટ કરશો નહિ, મને જવા દો. સ્વામી, કથાવાર્તા એ જ મારી દવા છે. એ કરવા દો તો કશું નહિ થાય અને ના પાડશો તો ઉપરથી વધુ તકલીફ થશે.’’

કથાવાર્તાના આગ્રહની સામે ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાના વ્હાલા શિષ્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રાર્થના પ્રત્યે પણ દુર્લક્ષ સેવી સુરેન્દ્રનગર જવા નીકળી ગયા.

ચાર વાગ્યાના સેશનમાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનો કથાવાર્તાનો અવિરત પ્રવાહ વહેવા માંડ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી જેમ જેમ કથા કરતા જાય એમ માથામાં ઝાટકા વધતા જાય, સોજો વધતો જાય તેથી દુખાવો પણ વધતો હતો.

છતાંય કોઈને પણ એ વાતનો અણસાર ન આવવા દીધો.

સોજો વધતો જોઈ સંતોએ પ્રાર્થના કરી કે, ‘‘બાપા, આજનું રાત્રિ સેશન વહેલું પૂરું કરી આપ આરામ ગ્રહણ કરો.’’

છતાંય ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમના કથાના સમયમાં એક મિનિટની પણ છૂટ ન મૂકી. સાડા અગિયાર વાગ્યે કથા પૂરી કરી, ચેષ્ટા કરી રાત્રે સાડા બાર વાગ્યે પોઢ્યા.

બીજા દિવસે સવારે સાતથી નવ, દસથી એક, ચારથી સાત અને સાડા આઠથી સાડા અગિયાર એમ ચાર સેશનમાં એક મિનિટનો પણ કાપ મૂક્યા વિના એક દિવસમાં અગિયાર કલાક લાભ આપ્યો.

જેમ જેમ સેશનમાં લાભ આપતા જાય તેમ તેમ સોજો વધતો જાય.

છેવટે આખું ભાલ, મુખારવિંદ બધું લાલચોળ થઈ ગયું હતું. આંખો સૂજી ગઈ હતી. છતાંય બંને દિવસ મસ્તકે પાટો બાંધીને પણ અખંડ કથાવાર્તાનો લાભ આપ્યો.

એટલું જ નહિ, ૨૬મીએ સવારે વાસણા પહોંચી નવ વાગ્યે કથાવાર્તા શરૂ કરી દીધી. કથાવાર્તા કરી એક એક જીવમાં મહારાજ પધરાવવાનો ગુરુવર્ય પ.પૂ. બાપજીનો આગ્રહ અકલ્પનીય છે.

કથાવાર્તા માટે થઈ તેમણે કદી રાત-દિવસ કે દેહ સામું પણ જોયું નથી.

●●●

ઈ.સ. ૨૦૧૦ની સાલમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને અવરભાવમાં દંત કઢાવીને દાંતનું નવું ચોકઠું ફિટ કરાવ્યું હતું.

એક દિવસ ભાવનગરના તથા સુરતના ચાર-પાંચ હરિભક્તો વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવાં માટે આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને તો સામે લેનાર કોઈ ઘરાક મળ્યા એટલે કથાવાર્તાનો પ્રવાહ ચાલુ થઈ ગયો.

સળંગ ચાર-પાંચ કલાક લાભ આપી રહ્યા હતા અને અચાનક મુખારવિંદમાંથી ચોકઠું નીકળી ગયું. ફરી બેસાડવાનો પ્રયત્ન કર્યો.

પણ ફિટ ન બેસતાં લોહી નીકળી ગયું છતાં કથા ચાલુ રાખી. છેવટે બોલતાં ન ફાવે એવી પરિસ્થિતિ થઈ ત્યારે કથાવાર્તા રાખી.

●●●

માત્ર અત્યારે વર્તમાનકાળે જ કથાવાર્તાનો આવો આગ્રહ છે એવું નથી. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અવરભાવમાં સાધુદીક્ષા ગ્રહણ કરી ત્યારથી તેમનો કથાવાર્તાનો આગ્રહ આવો જ રહ્યો છે.

આજે ખાખરિયા-કડી વિસ્તારના કેટલાય હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીના આ આગ્રહની વાત કરતાં કહે છે કે, "અમે જ્યારે કડી કૉલેજ કરતા ત્યારે સવારો સવાર સુધી તેમનો લાભ લીધો છે. એકલા હાથે થાળની સેવા કરતા, મંદિરનો વહીવટ કરતા, ઠાકોરજીની સેવા કરતા છતાં કથાવાર્તામાં કદી એક મિનિટનો કાપ નથી મૂક્યો."

અત્યારે વર્તમાનકાળે કેટલાય એવા વડીલો એની સાક્ષી પૂરે છે કે, ‘‘અમે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો ખાખરિયાના, ઝાલાવાડના ગામડામાં તથા મૂળીમાં આખી આખી રાત સુધી જે કથાવાર્તાનો રસ ચાખ્યો છે તેને આજે પણ અમે ભૂલી શકતા નથી.’’

●●●

વર્તમાનકાળે ૮૫ વર્ષની અવરભાવની ઉંમરે તેમનો કથાવાર્તા કરવાનો આગ્રહ રંચમાત્ર ઓછો થયો નથી.

તેઓ પ.પૂ. સ્વામીશ્રીને તથા સંતોને કહેતા હોય છે કે, ‘‘મારા ૨૪ કલાકના કથાવાર્તાના પ્રોગ્રામ ગોઠવો. શું અમે બેસી રહેવા આવ્યા છીએ ?’’

અવરભાવમાં ડાયાબિટીસની લીલાને કારણે શરીર ખૂબ ક્ષીણ થઈ ગયું હોવાથી સંતો-હરિભક્તો કથાવાર્તામાં થોડો કાપ મૂકવા પ્રાર્થના કરે ત્યારે કહેતા હોય છે, ‘‘કથાવાર્તા તો અમારો ખોરાક છે. એને લઈને તો અવરભાવમાં અમે ટકીએ છીએ; નહિ તો અમારું અવરભાવનું અસ્તિત્વ જ ન રહે.’’

‘કથાવાર્તા એ ચારો છે.’ શ્રીજીમહારાજના એ અભિપ્રાયને સાંગોપાંગ જીવનમાં વણી અનંતને કથાવાર્તારૂપી ચારો અવિરતપણે ચરાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૪

## ગુરુ મળ્યા છે ગુણવાળા, મળ્યા જી મુને

એક વખત આપણા ઘરના હરિભક્ત જી.ડી. બારોટના વેપારીમિત્ર બિપિનભાઈ ગોડા કે જેઓ મુંબઈ રહે છે.

તેમને જી.ડી. બારોટ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવાં લઈ ગયા.

રસ્તામાં તેમણે બિપિનભાઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીનો ખૂબ મહિમા વર્ણવતાં કહ્યું, ‘‘અમારા ગુરુવર્ય પ.પૂ. બાપજી સમર્થ દિવ્ય સત્પુરુષ છે. એમનાં દર્શનમાત્રથી મુમુક્ષુઓનાં પાપમાત્ર બળી જાય છે. મુમુક્ષુને ભગવાન મળ્યાની દિવ્ય અનુભૂતિ સહેજે સહેજે થાય છે...’’

બિપિનભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના મહિમાની વાત સાંભળી ખૂબ ભાવવિભોર બન્યા. એમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શનની તાલાવેલી જાગી.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આસને પધાર્યા. બિપિનભાઈએ તો પ.પૂ. બાપજીનાં દર્શન ખૂબ ભાવથી કર્યાં. પછી ઘણી વાર સુધી પ.પૂ. બાપજીની સૌમ્ય મૂર્તિ નીરખી રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને જી.ડી. બારોટે તેમની ઓળખાણ કરાવી : ‘‘બાપજી, આ ‘બિપિનભાઈ ગોડા’ છે. મારા મિત્ર છે. તેઓ જૈન ધર્મના ચુસ્ત અનુયાયી

છતાં ખૂબ મુમુક્ષુ છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કેવળ કૃપા કરી તેમની પર રાજી થઈ વર્તમાન ધરાવી કોલ આપ્યા કે, ''બિપિનભાઈ, જાવ આજથી તમારા અનંત જન્મનાં કર્મ માફ અને આજે છેલ્લા જન્મના કોલ. કારણ, આજે તમે અમારી પાસે આવ્યા છો ત્યારે અમે ભગવાન સ્વામિનારાયણને તમારા વતી ખૂબ પ્રાર્થના કરીશું. પણ હવે તમે એટલો નક્કી વિશ્વાસ રાખજો કે તમારો મોક્ષ હવે થઈ ચૂક્યો છે.''

આ સાંભળતાં જ બિપિનભાઈની આંખમાં આંસુ આવી ગયાં.

એમને અહોભાવ થઈ ગયો : ''અહોહો... મારાં કર્મોને બાળી દીધાં, માફ કરી દીધાં.''

તેઓ તો આનંદમાં આવી ગયા. હરખાઈ ઊઠ્યા ને બોલ્યા, ''બાપજી, અમારા સંપ્રદાયના ધર્મગ્રંથો - ગુરુ મહારાજસાહેબો એમ કહે છે કે કરેલાં કર્મનાં ફળ જન્માંતરો સુધી ભોગવવાં જ પડે. કર્મનાં બંધનમાંથી કોઈ મુક્ત થયા નથી, થઈ શકે જ નહીં. પરંતુ આપ, ભગવાનના સંબંધવાળા ને આપે ભગવાનની સાક્ષીએ મારાં સર્વે કર્મો બાળવાના આશીર્વાદ આપી દીધા !!! આહાહા... કેવી આપની કરુણા ! આ ક્ષણે મને અનુભૂતિ થાય છે કે તમે મારાં સઘળાં કર્મો બાળી નાખ્યાં છે. બાપજી, આવું તમે જ બોલી શકો અને આવું તમે જ કરી શકો એવી મને આત્મસત્તાએ પ્રતીતિ થઈ રહી છે. મારી પર ખૂબ કરુણા કરી. જે અનંત જન્મે ન થાય તે આજે તમે મને સાવ સહજમાં કરી આપ્યું. જે મારા માટે અશક્ય જ હતું પણ આપે શક્ય કર્યું.''

આમ બોલતાં બોલતાં તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ હરખભેર નાચવા-કૂદવા લાગ્યા. એમના અતિ આનંદની સીમા ન રહી.

''જી.ડી. બારોટ તમે સાચું જ કહેતા હતા. તમારા ગુરુ... બહુ સમર્થ છે. એમણે પ્રથમ મિલને જ મારાં કર્મમાત્ર બાળી નાખ્યાં. જેની અનુભૂતિએ મને મહીંથી ટાઢો ટાઢો કરી દીધો છે.'' આમ બોલતાં બોલતાં તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં આવી બેસી ગયા.

●●●

છબીલભાઈ આદેશરા બહુ જૂના સત્સંગી ગણાય. સંપ્રદાયમાં ઘણા મોટેરા સંતોના યોગમાં આવેલા. તેમનું જીવન પરગજુ અને સાત્ત્વિક.

ભગવાન ભજવાના ખૂબ ભૂખ્યા-ગરજુ અને જ્ઞાન પ્રાપ્તિની ખૂબ મુમુક્ષુતા એમના જીવનમાં જોવા મળતી.

નિરાભિમાની અને સાવ સરળ એમનું વ્યક્તિત્વ. સત્સંગમાં સેવા કરવી, ભજનભક્તિ કરવી અને સુખેથી ભગવાનનાં સ્વરૂપમાં જોડાવું એ જ એમનાં જીવનનું લક્ષ્ય.

વહેવારની કોઈ ઝાઝી લપનછપન કરવાની ટેવ નહીં. એટલે તમામ સંતો-હરિભક્તોનો એ સહેજે રાજીપો પ્રાપ્ત કરી શકે.

તેઓ પ્રથમ સત્સંગમાં અન્ય સારા સંતોના યોગમાં હતા. એમણે ખૂબ નિઃસ્વાર્થભાવે તન-મન-ધનથી સેવા કરીને રાજીપો પ્રાપ્ત કરેલો. અને સંતોએ એમનું ઘડતર પણ ખૂબ સારું કરેલું.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીના યોગમાં તેઓ આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિખાલસતા, સ્પષ્ટ વક્તાપણું અને દિવ્ય સાધુતા જોઈને છબીલભાઈનો અંતરાત્મા વીંધાઈ ગયો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું એટલું બધું પ્રચંડ આકર્ષણ થયું કે તેઓ ત્યાંથી ખસી શક્યા નહીં. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ છબીલભાઈને સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવ્યું, સર્વોપરી નિષ્ઠા દૃઢ કરાવી તેમજ અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન આપ્યું. તેમજ છતે દેહે મોક્ષની જીવમાંથી હા પડાવી દીધી.

છબીલભાઈની અત્યાર સુધીની સત્સંગની તથા સંતોની સેવાનું ફળ જાણે શ્રીજીમહારાજ ગુરુવર્ય પ.પૂ. બાપજી દ્વારા આપી રહ્યા હોય એવી અનુભૂતિ થઈ.

તેઓ આજે ખૂબ કૃતાર્થપણું અનુભવે છે. તેમને તમામ સંતો પ્રત્યે સમત્વભાવ છે. એમને કોઈ પ્રત્યે કશો રાગ-દ્વેષ નથી.

તેઓ કહે છે, “સંપ્રદાયના સંતોએ મને ઘણું જ્ઞાન આપ્યું છે, મારું ઘણું ઘડતર કર્યું છે પણ જે મને ઊણપ વર્તતી હતી, મોક્ષની હા પડતી નહોતી. આ વાતની ખામી હતી તે ગુરુવર્ય પ.પૂ. બાપજીના યોગમાં આવતાં જ ટળી ગઈ. મને અદ્ભુત દિવ્ય આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ અહીંથી લાધ્યો છે. આજે મને સંપૂર્ણપણે પૂર્ણકામપણું વર્તે છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રચંડ સિદ્ધાંતવાદિતા અને દિવ્ય સાધુતાનું મને એવું તો ઘેલું લાગ્યું છે કે હું એમને છોડી શકતો નથી. અને એટલે જ જ્યારથી ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યો ત્યારથી આજદિન સુધી સતત એમની સાથે જ છું. એમની સાથે જ વિચરણનો અલભ્ય લાભ મળે છે. હું ખૂબ કૃતાર્થ છું કે આવા દિવ્યપુરુષનું સાંનિધ્ય મને સતત મળ્યું છે. આવા ગુરુ મને મળે જ ક્યાંથી !!”

થોડા સમય પહેલાં છબીલભાઈના ભાઈ ધામમાં ગયા હતા તેથી તેઓ વડોદરા મુકામે ગયા હતા.

ત્યાં તેમને કાર્ય સત્સંગના જૂના સત્સંગીઓ મળવા આવ્યા હતા.

ઔપચારિક વાતો થઈ પછી તરત જ એ બધા એકીસાથે બોલ્યા કે, “આવી શ્રેષ્ઠ પ્રાપ્તિ (કાર્ય સત્સંગ), અનેક સંતો - ગુરુનિષ્ઠાવાળા અનેક હરિભક્તોનો સમુદાય એ છોડીને આપ એસ.એમ.વી.એસ.માં ગયા એ તમારી ભયંકર ભૂલ તમને નથી લાગતી !”

પછી છબીલભાઈએ તરત જ પ્રત્યુત્તર આપ્યો કે, “મને દિવ્ય કારણ સત્સંગની પ્રાપ્તિ થઈ. શ્રેષ્ઠતમ અને અજોડ ગુરુવર્ય પ.પૂ. બાપજી મળ્યા છે. તેમને લઈ મને મહીંથી કલ્યાણની હા પડી છે. કારણ સત્સંગમાં આવતાંની સાથે જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વર્તમાન ધરાવી મારા અનંત જન્મની ખોટ ટાળીને મારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિના સુખમાં મૂકી દીધો. ઉપરાંત અનંત જન્મનાં ખાતાં બાળીને મને ચોખ્ખો કરી દીધો. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અથાક દાખડો કરી દેહની ચિંતા કર્યા વગર મને શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવ્યું કહેતાં સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કરાવી દીધી અને અનાદિની સ્થિતિની અને બીજા નંબરની પ્રાપ્તિની હા પડાવી દીધી અને કોઈનો ભાર, પ્રતીતિ, સારપ, મહત્તા રહેવા ન દીધાં. ગુરુવર્ય પ.પૂ. બાપજી અખંડ મૂર્તિના સુખમાં રાચતા હોય છે. અને તે સુખ મને કેમેય કરીને મળે એ માટે સતત પ્રયત્ન કરી અખંડ કથાવાર્તાનો લાભ આપે છે.

મેં નિષ્કપટ થઈને નડતા દેહાદિક દોષો, કામાદિક દોષ કહ્યા હશે તો તેમાંથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મને રહિત કરીને, ચોખ્ખો કરીને મહારાજની મૂર્તિમાં હેત કરાવ્યું છે કહેતાં એ માર્ગે ચાલતો કર્યો જ છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મારા પર અનંત ઉપકાર કર્યા છે. એમણે મને ન્યાલ કર્યો છે.”

પ્રથમ દર્શને જ અનંતને અહોભાવ પ્રગટે કે,

‘ગુરુ મળ્યા છે ગુણવાળા, મળ્યા જી મુને ગુરુ મળ્યા છે ગુણવાળા.’

એવી દિવ્ય પ્રતિભા ધરાવતા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







એક દિવ્યપુરુષની વાત કરું, પ્રાણપ્યારા ગુરુ બાપજીની કરું;
એક દિવ્યપુરુષની વાત કરું, દિવ્યભાવ મહિમા સાથે કરું.

## પરિશિષ્ટ-૧ (ભાગ-૧) : પ્રકરણની વિષયવાર સૂચિ


| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| **સામર્થ્ય** | | |
| અસાધારણ પ્રતિભા | ૬ | ૨ |
| હું તો અનંતને મૂર્તિ વહેંચવા આવ્યો છું | ૧૭ | ૪ |
| અદ્ભુત વ્યક્તિત્વ | ૩૬ | ૯ |
| અપૂર્વ ખુમારીથી શોભતું એ દિવ્ય સ્વરૂપ | ૬૮ | ૧૯ |
| અંતર્યામીપણાથી દર્શાવી મહારાજ અને મુક્તની એકતા | ૯૧ | ૨૪ |
| જીવનું ફદલ કરે કલ્યાણ | ૧૧૬ | ૩૦ |
| સત્પુરુષ છે અંતર્યામી, જીવોનાં અંતરનું જાણે રે | ૧૩૭ | ૩૬ |
| દુઃખ ટાળી સુખિયા કર્યા | ૧૪૫ | ૩૮ |
| વિદેશયાત્રા દ્વારા કૃપાવર્ષા | ૧૪૮ | ૩૯ |
| **પંચવર્તમાન** | | |
| આજ્ઞા એટલે આજ્ઞા | ૨૯ | ૭ |
| જેના નિર્માની હોય ભગવાન, તેના જનને જોઈએ કેમ માન ? | ૩૮ | ૧૦ |
| ત્યાગે તીખા તમતમા રસના ભોગવિલાસ | ૪૧ | ૧૧ |
| અષ્ટ પ્રકારે અબળા કેરો ત્યાગ કરે તે ત્યાગી | ૪૪ | ૧૨ |
| નારદ ઐસી સાચે સંતન કી રીતિ | ૭૨ | ૨૦ |
| માન-અપમાન મેં સમચિત્ત રે | ૧૧૧ | ૨૮ |
| માન-અપમાન મેં એકતા, સુખ-દુઃખ મેં સમભાવ | ૧૧૩ | ૨૯ |
| **સાધુતા** | | |
| સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે | ૩૩ | ૮ |
| મનના ભીડાની પરાકાષ્ઠામાંય શ્રદ્ધા | ૫૨ | ૧૪ |
| પોતે દુઃખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે | ૭૬ | ૨૧ |
| સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત | ૧૦૫ | ૨૬ |
| ઠાકોરજીના ધર્માદાનું નુકસાન ન થવું જોઈએ | ૧૨૧ | ૩૧ |
| સેવાથી શોભી સાધુતા | ૧૨૪ | ૩૨ |

| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| અજાતશત્રુતા | ૧૩૩ | ૩૫ |
| સાદગાઈનું સાક્ષાત્ સ્વરૂપ | ૧૪૧ | ૩૭ |
| કથાવાર્તા એ તો ચારો છે | ૧૬૬ | ૪૩ |
| **કાર્યો (સિદ્ધાંત પ્રવર્તન કાર્ય)** | | |
| નિશાન સ્વરૂપે ફરકાવ્યો ભગવો ઝંડો | ૫૬ | ૧૫ |
| મંદિર માટે જમીન તો ૧૫૦૦ વાર જ લેવી છે | ૫૮ | ૧૬ |
| દુર્ભેદ કષ્ટો વેઠી અજોડ ઉપાસનાનું સુવર્ણ સ્થાપન કર્યું | ૬૧ | ૧૭ |
| બાપાશ્રી સારુ તો મૂંડાવ્યું છે | ૬૫ | ૧૮ |
| સર્વશ્રેષ્ઠ સાધુની ભેટ આપજો... એ સંકલ્પ સાકાર થયો | ૯૭ | ૨૫ |
| શ્રીજીસંમત સિદ્ધાંતો માટે સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા | ૧૦૮ | ૨૭ |
| પંચમહાલના બેલી | ૧૬૧ | ૪૨ |
| દિવ્યજીવનના પ્રેરણામૂર્તિ | ૧૫૭ | ૪૧ |
| **ઉપાસના** | | |
| નિષ્ઠા એક નાથની બીજું કાંઈ ન જોઈએ | ૧૩ | ૩ |
| હમ તો એક સહજાનંદ, સહજાનંદ ગાવે | ૭૮ | ૨૨ |
| સિદ્ધાંતની પ્રચંડ ખુમારી | ૧૨૭ | ૩૩ |
| શ્રીજી સંકલ્પ તો તેને રે કહીએ, જે પ્રગટની પ્રાપ્તિ કરાવે રે | ૧૫૩ | ૪૦ |
| **મહિમા** | | |
| આધા તુમ્હારા... આધા હમારા | ૧ | ૧ |
| ગુરુમહિમાનું મૂર્તિમંત સ્વરૂપ | ૨૧ | ૫ |
| મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી | ૨૫ | ૬ |
| વણવિચારે વાતું રે નીકળે એના અંતરથી | ૪૯ | ૧૩ |
| વાત્સલ્યમૂર્તિ સત્પુરુષ | ૮૧ | ૨૩ |
| સો સો જનનીના હેત લાજે | ૧૨૯ | ૩૪ |
| ગુરુ મળ્યા છે ગુણવાળા, મળ્યા જી મુને | ૧૭૩ | ૪૪ |

# પરિશિષ્ટ-૨ (ભાગ-૧) : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧ | અબજીબાપાશ્રીએ 'આધા તુમ્હારા, આધા હમારા' આશીર્વાદ આપ્યા. | ૩ | |
| ૨ | જીવનપ્રાણ બાપાશ્રીના સંકલ્પે પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય થયું. | ૪ | ૧ |
| ૩ | દેવુભાઈ એક વારમાં જ ઘડિયા ને કક્કો શીખી ગયા. | ૬ | |
| ૪ | દેવુભાઈ સ્વતઃ વચનામૃત આદિ મોટા ગ્રંથોના અભ્યાસી બની ગ્રંથો સરળતાથી સમજાવતા. | ૮ | |
| ૫ | દેવુભાઈએ ડરણ ગામના રસિકભાઈને ફરી જીવનદાન આપ્યું. | ૮ | ૨ |
| ૬ | દેવુભાઈનું ભગવદ્ પરાયણ બાળજીવન. | ૧૦ | |
| ૭ | બાળપણથી દેવુભાઈનો મુક્ત તરીકે સૌ પર પ્રભાવ. | ૧૦ | |
| ૮ | દેવુભાઈએ ચોરે બેઠેલા વડીલોને આપ્યો જ્ઞાનોપદેશ. | ૧૧ | |
| ૯ | વાસણ ગામના બાવાજી સાથે નિષ્ઠા અંગે દેવુભાઈએ દર્શાવી ખુમારી. | ૧૩ | |
| ૧૦ | સંપ્રદાયના અગ્રગણ્ય હરિભક્તની મોબત ન રાખતાં પરોક્ષના દેવને બદલે સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરી. | ૧૫ | ૩ |
| ૧૧ | 'હું તમારું પાશેર તેલ કે બટાકા વેચવા નથી આવ્યો' એમ કહી વ્યવહારમાં ઉદાસીનતા જણાવી. | ૧૭ | |
| ૧૨ | ધોળીબાનો દેવુભાઈ પ્રત્યેનો સ્નેહ અને દિવ્યભાવ. | ૧૮ | ૪ |
| ૧૩ | દેવુભાઈ ગૃહ ત્યાગવા અંગે વારંવાર અભિપ્રાય જણાવતા. | ૧૮ | |
| ૧૪ | દેવુભાઈનું ગુરુ સદ્. મુનિસ્વામી સાથે પ્રથમ મિલન થયું. | ૧૯ | |
| ૧૫ | દેવુભાઈએ ગૃહત્યાગ કર્યો. | ૨૦ | |
| ૧૬ | સદ્. મુનિસ્વામીએ કડી મંદિરે ગુરુવર્ય પ.પૂ. બાપજીને આશીર્વાદરૂપ ચિઠ્ઠી મોકલી. | ૨૧ | |
| ૧૭ | સદ્. મુનિસ્વામીએ પ.પૂ. બાપજીને જ્ઞાન-સિદ્ધાંતનો વારસો આપ્યો. | ૨૨ | |
| ૧૮ | સદ્. મુનિસ્વામી પાસે હરિભક્તોને પાટડી વર્તમાન ધરાવવા મોકલવાનો આગ્રહ. | ૨૩ | ૫ |
| ૧૯ | સભા, ઉત્સવ, સમૈયા કે મહોત્સવમાં સદ્. મુનિસ્વામીનો પ.પૂ. બાપજી દ્વારા ગવાતો અસ્ખલિત મહિમા. | ૨૩ | |
| ૨૦ | સદ્. મુનિસ્વામીની સર્વે ક્રિયાઓમાં દિવ્યભાવ. | ૨૫ | |
| ૨૧ | પ.પૂ. બાપજી આસને અને પૂજામાં સદ્. મુનિસ્વામીની બે મૂર્તિ રાખતા. | ૨૬ | ૬ |
| ૨૨ | પ.પૂ. બાપજીને સદ્. મુનિસ્વામીનો સંકલ્પ સ્વરૂપ તરીકે અનુભવ. | ૨૬ | |
| ૨૩ | પ.પૂ. બાપજી માટે અન્ય શિષ્યોએ સદ્. મુનિસ્વામીને ફરિયાદ કરી. | ૨૭ | |


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૨૪ | કોઠારી અને આચાર્ય મહારાજશ્રીએ પ.પૂ. બાપજીનો મહિમા ગાયો. | ૨૯ | |
| ૨૫ | પૈસાના આધારે નહિ, મહારાજના આધારે જીવન. | ૩૦ | ૭ |
| ૨૬ | ટાઈફૉઈડમાં કોઈ ફ્રૂટ લાવી આપનાર નહિ છતાં તેઓ પૈસાને ન અડ્યા. | ૩૧ | |
| ૨૭ | એકાદશીએ મંદવાડ હોવા છતાં ન પોઢ્યા. | ૩૨ | |
| ૨૮ | દર્શનાર્થી મુમુક્ષુ પ.પૂ. બાપજીની સાધુતા જોઈ નમન કરતા. | ૩૩ | |
| ૨૯ | વિરોધ કરનારે પણ રમણભાઈને પ.પૂ. બાપજીનો મહિમા સમજાવ્યો. | ૩૪ | ૮ |
| ૩૦ | મોટા મંદિરમાં રહી રહસ્યાર્થ વચનામૃત અને બાપાની વાતોનો છડેચોક પ્રચાર કર્યો. | ૩૫ | |
| ૩૧ | સાગરદાનભાઈના ૧૨૫ પ્રશ્નોના ઉત્તર દસ દિવસના સમાગમ દરમ્યાન આપ્યા. | ૩૬ | ૯ |
| ૩૨ | મૂળી સમૈયા માટે ભાડા માટેની વ્યવસ્થા માગતા હરિભક્તે હળહળતું અપમાન કર્યું. | ૩૮ | ૧૦ |
| ૩૩ | પ.પૂ. બાપજીએ એક મૂર્તિસુખ સિવાય બીજો કોઈ સ્વાદ ચાખ્યો નથી. | ૪૧ | |
| ૩૪ | જોડમાં રહેલ સાધુ માટે સારી મીઠાઈ બનાવી, પણ પોતે તો ન જમાડી. | ૪૨ | ૧૧ |
| ૩૫ | રીંગણાનું શાક રજોગુણી દેખાતાં ન જમાડ્યું. | ૪૩ | |
| ૩૬ | કાલાવાડમાં સ્ત્રીઓને ઉદ્દેશીને કથા ન કરી. | ૪૪ | |
| ૩૭ | ઝુલાસાહેબ સાથેની મુલાકાતમાં પણ સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ. | ૪૬ | |
| ૩૮ | અમેરિકન વિઝા ઑફિસમાં પ.પૂ. બાપજીની નિષ્કામ ધર્મની દૃઢતા જોઈ મહિલા ઑફિસરનું પરિવર્તન. | ૪૬ | ૧૨ |
| ૩૯ | મહિલાઓ દૂર ઊભાં છે તેવો અણસાર આવતાં પ.પૂ. બાપજી ફરી વ્હીલ ચેરમાં બેસી ગયા. | ૪૮ | |
| ૪૦ | કડી તાલુકાના દેવુસણા ગામે રાત્રે સળંગ સાડા આઠ કલાક કથાવાર્તાનો પ્રવાહ વહાવ્યો. | ૪૯ | ૧૩ |
| ૪૧ | વિચરણ માટે જોડના સાધુનાં અપમાનો-તિરસ્કારો ખૂબ વેઠ્યાં. | ૫૨ | |
| ૪૨ | જોષીપુરા ગામે જોડમાં રહેલા સંતે સભામાં કીર્તન ગાઈ સભા ન કરવા દીધી અને કંકાસ કર્યો. | ૫૨ | |
| ૪૩ | જોડના સાધુને બે શબ્દો કહ્યા તો તે હઠી ઊભા રહ્યા. | ૫૪ | ૧૪ |
| ૪૪ | વામજ ગામે જોડના સંતથી બસમાં પડેલા તથા ગામમાં પડેલો માનસિક ત્રાસ. | ૫૪ | |
| ૪૫ | મલેકસાબાન સ્ટેડિયમની પાળ પર ભગવું કપડું ફરકાવી સત્સંગની | | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| | શરૂઆત કરી. | ૫૬ | ૧૫ |
| ૪૬ | સદ્. ઈશ્વરબાપાના સંકલ્પે બાપુનગરના ઘનશ્યામનગર વિસ્તારમાં મંદિર માટે ૧૫૦૦ વાર જમીન લીધી. | ૫૮ | ૧૬ |
| ૪૭ | હરિભક્તો પ.પૂ. બાપજીની ઉપાસનાની દૃઢતા જોઈ દિગ્મૂઢ બન્યા. | ૬૧ | |
| ૪૮ | અપાર કષ્ટો વેઠી ઘનશ્યામનગર મંદિરનું બાંધકામ કરાવ્યું. | ૬૨ | ૧૭ |
| ૪૯ | બાપાશ્રીનું ઘસાતું બોલનારને જડબાતોડ જવાબ દીધો. | ૬૫ | |
| ૫૦ | બાપાશ્રીના સિદ્ધાંતો મુકાવવા શરત મુકાઈ છતાં પ.પૂ. બાપજીએ બાપાશ્રીને ન મૂક્યા. | ૬૬ | ૧૮ |
| ૫૧ | શ્રીજીમહારાજનો ૧૫૨ વર્ષ પછી અપૂર્ણ સંકલ્પ ઘનશ્યામનગર મંદિરની પ્રતિષ્ઠાથી પૂર્ણ કર્યો. | ૬૬ | |
| ૫૨ | પ.પૂ. બાપજીને ધોળા પહેરાવવાના પ્રયત્નની ગંધ આવતાં મોટા મંદિરનું આસન છોડ્યું. | ૬૮ | |
| ૫૩ | શહેર વિસ્તારના હરિભક્તોને સત્સંગની પુષ્ટિ માટે પ.પૂ. બાપજીએ ભૂતિયું મકાન ખરીદ્યું. | ૬૯ | ૧૯ |
| ૫૪ | એક માથાભારે ગુંડાતત્ત્વ સાથે થયેલો ક્લેશ ને પ.પૂ. બાપજીની ખુમારી. | ૭૦ | |
| ૫૫ | સોરઠની પંચતીર્થી દરમ્યાન નિષ્કામી વર્તમાનની દૃઢતા. | ૭૨ | |
| ૫૬ | ધોરાજી ખાતે શિયાળાની કડકડતી ઠંડીમાંય ઠંડા પાણીથી સ્નાન. | ૭૪ | ૨૦ |
| ૫૭ | કાંતિભાઈનો ટી.બી.નો રોગ પોતે ગ્રહણ કરી તેમને સાધુ કર્યા. | ૭૬ | |
| ૫૮ | નિત્ય પ્રત્યે ત્રણ વાગ્યે ઊઠી સમગ્ર સમાજની રક્ષા માટે પ્રાર્થના. | ૭૭ | ૨૧ |
| ૫૯ | પરાણે પરોક્ષનું નામ બોલાવવાના પ્રયત્ન કરતા છતાં ન બોલ્યા. | ૭૮ | |
| ૬૦ | વિરમગામમાં પરોક્ષની પારાયણ સાંભળવા જવાની ના પાડી. | ૭૯ | ૨૨ |
| ૬૧ | જોગ-સમાગમમાં આવતા યુવકોને વ્હાલ-પ્રેમ આપી સ્નેહના તંતુથી બાંધી દીધા. | ૮૧ | |
| ૬૨ | યુવકોના ઘડતર માટે પ.પૂ. બાપજીએ રવિસભા અને એકાદશી સભાનું આયોજન કર્યું. | ૮૨ | |
| ૬૩ | પ.પૂ. બાપજીએ સહૃદયી બની યુવકોને વિષમ દેશકાળથી બચાવ્યા છે. | ૮૪ | ૨૩ |
| ૬૪ | પ.પૂ. બાપજીએ પનુભાઈને સો સો વાર કહી સભામાં લાવતા કર્યા. | ૮૫ | |
| ૬૫ | પ.પૂ. બાપજી યુવકોને આગવા નામથી સંબોધતા. | ૮૬ | |
| ૬૬ | પ.પૂ. બાપજીએ ગોટલીની પ્રસાદી આપી યુવાસેના રચી. | ૮૭ | |
| ૬૭ | પ.પૂ. બાપજીએ રજવાડી મંડળને બ્રહ્મસત્રો દ્વારા માતૃવાત્સલ્ય | | |


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| | સ્નેહ આપ્યો. | ૮૮ | |
| ૬૮ | પ.પૂ. બાપજીએ યુવકોને પીરહણું આપી આર્દ્ર (ભીના) કર્યા. | ૮૯ | |
| ૬૯ | પ.પૂ. બાપજીએ યુવકોને નિયમ-ધર્મમાં શૂરા-પૂરા કર્યા. | ૮૯ | |
| ૭૦ | ગરમીનું અંગ હોવા છતાં ઠંડી લાગવાની લીલાથી મહારાજ સાથે એકતા જણાવી. | ૯૧ | |
| ૭૧ | પ.પૂ. સ્વામીશ્રીનો બે સ્વરૂપે એકસાથે દેખાવાનો સંકલ્પ પૂર્ણ કર્યો. | ૯૨ | ૨૪ |
| ૭૨ | ઘનશ્યામભાઈ (પ.પૂ. સ્વામીશ્રી)ને અંતર્યામીપણાનાં તથા મહારાજ સાથે એકતાનાં દર્શન કરાવ્યાં. | ૯૩ | |
| ૭૩ | સર્વશ્રેષ્ઠ સાધુની જોડ માટેની પ્રાર્થના માટે સદ્. મુનિસ્વામી દ્વારા આશીર્વાદ. | ૯૭ | |
| ૭૪ | પ.પૂ. બાપજીએ સદ્. મુનિસ્વામીને કેશવલાલભાઈને પુત્રરત્નની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. | ૯૮ | |
| ૭૫ | સદ્. મુનિસ્વામીના આશીર્વાદથી ઘનશ્યામભાઈ (પ.પૂ. સ્વામીશ્રી)નું | | |
| | પ્રાગટ્ય થયું. | ૯૯ | |
| ૭૬ | ઘનશ્યામભાઈનું પ.પૂ. બાપજી સાથે પ્રથમ મિલન થયું. | ૯૯ | |
| ૭૭ | પ.પૂ. બાપજીએ જગદીશભાઈને ઘનશ્યામભાઈને સાધુ કરવાનો સંકલ્પ જણાવ્યો. | ૧૦૦ | ૨૫ |
| ૭૮ | પ.પૂ. બાપજીએ ઘનશ્યામભાઈ (પ.પૂ. સ્વામીશ્રી)ને સાધુ થવા આજ્ઞા કરી. | ૧૦૧ | |
| ૭૯ | શ્રીજીમહારાજે પ.પૂ. સ્વામીશ્રીને સ્વયં દીક્ષા આપી સાધુ કર્યા. | ૧૦૨ | |
| ૮૦ | પ.પૂ. બાપજીના સ્વમુખે પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ મહિમા. | ૧૦૩ | |
| ૮૧ | પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને અનુગામી સત્પુરુષ ઘોષિત કર્યા. | ૧૦૪ | |
| ૮૨ | શીઘ્રકવિ જબરદાનજીને સાચી વાત કરી વ્યસન છોડાવ્યું. | ૧૦૫ | |
| ૮૩ | બાળ-સંચાલક તાલીમમાં સંચાલકોને કડવેરા ક્વાથ પિવડાવ્યા. | ૧૦૭ | ૨૬ |
| ૮૪ | દશાબ્દી મહોત્સવ નિમિત્તે કારણ સત્સંગનો પ્રચાર-પ્રસાર કરતાં વિરોધીઓને ન ગમ્યું. | ૧૦૮ | ૨૭ |
| ૮૫ | સિદ્ધાંત માટે થઈ સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા. | ૧૧૦ | |
| ૮૬ | પંચમહાલ સત્સંગ વિચરણ દરમ્યાન વિમુખ કહ્યા છતાં નિર્માની રહ્યા. | ૧૧૧ | ૨૮ |
| ૮૭ | કચ્છ વિચરણ દરમ્યાન તેજોદ્વેષીએ ખૂબ અપમાનિત કર્યા છતાં વિરોધીનું હિત ઇચ્છ્યું. | ૧૧૩ | ૨૯ |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૮૮ | સાંકોદરા ગામના વણિક હરિભક્તનું મુઠ્ઠી ચોખામાં કલ્યાણ કર્યું. | ૧૧૭ | |
| ૮૯ | સુરત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે બિનસત્સંગી બેનને મહારાજ સાથે દિવ્ય રૂપે દર્શન આપી ધામમાં તેડી ગયા. | ૧૧૮ | ૩૦ |
| ૯૦ | પૂ. સંતોને ધર્માદાના દાનની ઉપયોગિતામાં કરકસર માટે શીખ આપી. | ૧૨૧ | |
| ૯૧ | ઠાકોરજીના ધર્માદાની વસ્તુનું જતન કરવા બાબતે પૂ. સંતો-હરિભક્તોને શીખ આપી. | ૧૨૨ | ૩૧ |
| ૯૨ | વાસણા મૂર્તિધામ હૉલના બાંધકામ વખતે ૧૦૩° તાવ છતાં સખત સેવા. | ૧૨૪ | |
| ૯૩ | પ.પૂ. બાપજીની નીચી ટેલની સેવા જોઈ અન્ય સંસ્થાના સંતોને ગુણ આવ્યો. | ૧૨૫ | ૩૨ |
| ૯૪ | વાસણામાં પરોક્ષ મૂર્તિ પધરાવવા બદલ ૫૧,૦૦૦ રૂપિયાના દાનની પ્રલોભનભરી રજૂઆતને ઠુકરાવી દીધી. | ૧૨૭ | ૩૩ |
| ૯૫ | અંતર્યામીપણે પ્રાર્થના સાંભળી એક સંતને બોલાવી 'મા' સરીખું વ્હાલ કર્યું. | ૧૨૯ | |
| ૯૬ | સમર્પિતમુક્તની માંદગી જણાવી 'મા'ની જેમ હેત કરી દવા લેવા કહ્યું. | ૧૩૦ | ૩૪ |
| ૯૭ | હરિભક્તોને જમાડી પોતે ધરાઈ ગયા એવો માતૃવાત્સલ્ય સ્નેહ આપ્યો. | ૧૩૧ | |
| ૯૮ | મોટા મંદિરનું વાંકું બોલનારને પ્રવચન બંધ કરાવી બેસવા કહ્યું. | ૧૩૩ | |
| ૯૯ | અન્ય સંસ્થામાંથી નીકળી ગયેલા એક સંતને જૂના ગુરુનું હીણું બોલતા અટકાવ્યા ને શિખામણના શબ્દો કહ્યા. | ૧૩૫ | ૩૫ |
| ૧૦૦ | અંતર્યામીપણે એક સંતનો સંકલ્પ જણાવી દિવ્યભાવ સમજાવ્યો. | ૧૩૭ | |
| ૧૦૧ | જસુભાઈ ભાવસારને "બસો રવા વેચાયા ને એક રવાની જ સેવા કરીશ ?" એમ અંતર્યામીપણે જણાવ્યું. | ૧૩૮ | ૩૬ |
| ૧૦૨ | બહેચરભાઈને શિબિરમાં જવાનો સંકલ્પ અંતર્યામીપણે જાણી, શિબિરનું ફળ આપ્યું. | ૧૩૯ | |
| ૧૦૩ | વ્યાસપીઠની શોભામાં મૂકેલ હાથીને મહારાજના સિંહાસનમાં મુકાવી સાદગીનો પાઠ શીખવ્યો. | ૧૪૧ | |
| ૧૦૪ | મોંઘીદાટ વાઈબ્રેટરવાળી ખુરશી સ્વીકારી નહીં. | ૧૪૨ | ૩૭ |
| ૧૦૫ | વિદેશ વિચરણમાં જીર્ણશીર્ણ ધોતલીનો આગ્રહ રાખ્યો. | ૧૪૩ | |
| ૧૦૬ | રાકેશભાઈ હરિભાઈ ઠક્કરના હૃદયનું કાણું સંકલ્પે મટાડ્યું. | ૧૪૫ | ૩૮ |
| ૧૦૭ | વિદેશ વિચરણ દરમ્યાન કાળિયા-ધોળિયા પર આશીર્વાદની હેલી વરસાવી. | ૧૪૮ | ૩૯ |
| ૧૦૮ | ઍટલાન્ટાના રમેશભાઈ સુહાગિયાને નિષ્ઠા કરાવી દિવ્યજીવન બક્ષ્યું. | ૧૫૦ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧૦૯ | ટુવા ગામના સવદાસભાઈ સિંધવને પ્રગટ ભગવાનના સ્વરૂપની ઓળખાણ કરાવી. | ૧૫૩ | ૪૦ |
| ૧૧૦ | પ.પૂ. બાપજીના જીવનથી ભાવનગરના વતની કિશોર ભગતે દિવ્યજીવનની પ્રેરણા લીધી. | ૧૫૭ | ૪૧ |
| ૧૧૧ | પૂર્વ માનનીય મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પ.પૂ. બાપજીનાં રચનાત્મક કાર્યને બિરદાવ્યાં. | ૧૬૧ | |
| ૧૧૨ | ઝાંઝરીના જેઠાભાઈ, જૂના કાળીબેલના લાલાભાઈ, નાનીરેલના લાલજીભાઈ તથા સરસવાના સહજભાઈ વગેરે પંચમહાલવાસીનાં જીવનપરિવર્તન કર્યાં. | ૧૬૨ | ૪૨ |
| ૧૧૩ | પ.પૂ. બાપજીએ કૃપા કરી ગાડિયા ગામના હિંમતસિંહનું જીવન પરિવર્તન કર્યું. | ૧૬૩ | |
| ૧૧૪ | સરસપુર મંદિરે કથાવાર્તા માટે કલાકો સુધી લઘુ કરવા ન ગયા. | ૧૬૬ | |
| ૧૧૫ | ગાંહડો ભરી વાસણ ધોવા છતાં કથાનો એક શબ્દ ન જવા દીધો. | ૧૬૭ | |
| ૧૧૬ | મૂઠિયાં ખાંડતાં ખાંડતાં પણ કાન તો કથાવાર્તામાં જ રાખ્યા. | ૧૬૭ | |
| ૧૧૭ | ઘનશ્યામનગર સળંગ ત્રણ કલાક કથા કરી, નંદસંતોની કથા જેવો અનુભવ કરાવ્યો. | ૧૬૮ | |
| ૧૧૮ | સુરેન્દ્રનગર જતાં ઍક્સિડન્ટ થયો, ઘણું વાગ્યું છતાં દેહનો કારસો વેઠી સુરેન્દ્રનગર બે દિવસ કથાનો લાભ આપ્યો. | ૧૬૮ | ૪૩ |
| ૧૧૯ | પ.પૂ. બાપજીને કથા કરતાં લોહી નીકળવા માંડ્યું ત્યાં સુધી અખંડ લાભ આપ્યો. | ૧૭૧ | |
| ૧૨૦ | ખાખરિયા ઝાલાવાડના હરિભક્તો બાપજીની કથાનો સ્વાદ અદ્યાપિ સંભારે છે. | ૧૭૧ | |
| ૧૨૧ | ૮૫ વર્ષની વયે સ્વાસ્થ્ય સારું ન હોવા છતાંય ૨૪ કલાકની કથા ગોઠવવાનો આગ્રહ. | ૧૭૨ | |
| ૧૨૨ | જૈન ધર્મના અનુયાયી બિપીનભાઈ ગોડાને છેલ્લા જન્મના કોલ આપી કૃતાર્થ કર્યા. | ૧૭૩ | |
| ૧૨૩ | પ.પૂ. બાપજીના જોગથી છબીલભાઈ આદેશરાને મોક્ષની મહીંથી ‘હા’ પડી. | ૧૭૪ | ૪૪ |
| ૧૨૪ | છબીલભાઈ આદેશરાએ કાર્ય સત્સંગના સત્સંગીઓને પ.પૂ. બાપજીનો મહિમા કહ્યો. | ૧૭૬ | |



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી



વ્હાલા
પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." – આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના-મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનનાં દીવડાં પ્રકાશ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં, મનનાં ને જનનાં સર્વે દુ:ખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજનાં સ્વરૂપને જેમ છે તેમ ઓળખાયાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ પામ્યાની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્યદૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૫ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓ અવિરત વિચરણ કર્યા કરે છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે – 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઇતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓનાં ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

શ્રીજીના ને મુક્તના મહિમાનો પાર પામવો તે રમતવાત નથી. સાત સમુદ્રની શાહી કરે, પૃથ્વીનો કાગળ કરે ને વૃક્ષમાત્રની કલમો કરે ને કલ્પની આયુષ્ય કરે ને લખે તોપણ પાર આવે તેમ નથી. તોય મહિમા લખાય તેમ નથી.

હે બાપજી ! અમારા ઉપર સદૈવ રાજી રહેજો... આપના મહિમાને આ પુસ્તકમાં લખવાની અમારી ભૂલ બદલ ક્ષમા કરજો.

કારણ અમે અમારાં બુદ્ધિ-જ્ઞાનથી આપની ચેષ્ટાને, આપની દિવ્ય પળોને અને દિવ્ય અનુભવોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

આપ તો સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છો... આપના સ્વરૂપને અમારી અલ્પ મતિથી કેમ સમજવું ?

માટે આપ જ કેવળ કૃપા કરી આપના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવો. આપના ખરા મહાત્મ્યની દિવ્યાનુભૂતિ કરાવો.

આપે અમને સદાય સર્વોપરી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનની
જ એક નિષ્ઠા રોમરોમમાં પ્રગટાવી છે;
ધ્યાન-ભજન-ઉપાસના એકમાત્ર શ્રીજીમહારાજનું જ થાય;
સ્વામી-દાતા-નિયંતા એકમાત્ર શ્રીજીમહારાજ જ છે;
અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપ હોવા છતાં એ સેવક જ છે,
ભોક્તા જ છે - એવું શુદ્ધ જ્ઞાન જ પ્રગટાવ્યું છે.
બસ અમે આપનાં દિવ્ય ચરિત્રોને, આગ્રહો અને આદર્શોને,
વર્તનને દિવ્યભાવે જોતા શીખીએ અને
લેતા શીખીએ એવી પ્રાર્થના...

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ Email : ssd@in.smvs.org